પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર


સંસ્થાપક : ર. મ. સ.

તંત્રી : ધીરુ પરીખ

જુલાઇ ૨૦૦૨

સળંગ અંક ૮૯૫

વર્ષ ૭૫મું



વરસાદ-વાયરાની ઝડી
સામે ઝીંક ઝીલતું વૃક્ષ



ચિત્રકાર] મેઘ અને વૃષ્ટિ [કનુ દેસાઈ

'કુમાર'ના વાચકોના લાડીલા ચિત્રકાર કનુ દેસાઈની આ અપ્રકટ ચિત્રકૃતિમાં એમની કલાશૈલીએ શીતળ રંગો દ્વારા મેઘને વાદળમાં પુરુષ રૂપે અને વરસતી ઝડીને વૃષ્ટિની નારી-આકૃતિ રૂપે નિરૂપી મેઘ અને વૃષ્ટિના સનાતન સખ્યને નિરૂપ્યું છે.

'કુમાર' : અમૃતપર્વ

ગરવી ગુજરાતના આવતી કાલના નાગરિકના ઘડતરના ઉમદા હેતુથી ૧૯૨૪માં કલાગુરુ રવિશંકર રાવળે બચુભાઈ રાવતના સહયોગથી શરૂ કરેલું **'કુમાર'** માસિક ગુજરાતના યુવાધનને સંસ્કારશ્રી બક્ષવાનો તેનો ઉદ્દેશ ઉત્કૃષ્ટતાપૂર્વક પાર પાડવા મથતું રહ્યું છે. ૧૯૮૭થી ૧૯૯૦ દરમ્યાનનાં ત્રણ વર્ષો બાદ કરતાં પોણી સદી ઉપરાંતની 'કુમાર'ની સૂચિત દીર્ઘ સાહિત્ય-સંસ્કાર સેવા વિરલ છે.

કોઈ પણ સંસ્કારી પ્રજા ગૌરવ અનુભવે એવું આ માસિક અણથક યાત્રા કરતું રહે તેવી શુભેચ્છા અને તે ફળવતી બને તેવું આયોજન કરવું એ આપણી, એટલે કે કુમારે જેમનું ઘડતર કર્યું છે એ સૌ ગુજરાતીઓની ઉમદા ફરજ બનવી જોઈએ.

'કુમાર'ના વાચક-ચાહક સૌને, આપણું 'કુમાર' ચિર 'કુમાર' રહે એ માટે અગિયાર લાખ રૂપિયાનું એક ભંડોળ ઊભું કરવાની હાર્દિક વિનંતી કરીએ છીએ.

'કુમાર'ના આજે **૩૫૦૦ ગ્રાહકો** છે. ગુણવંતી ગુજરાતને માટે આ સંખ્યા કંઈ માતબર ન ગણાય. આ સંદર્ભે આપણે સૌ એવો શુભસંકલ્પ કરીને ગુજરાતનાં ગામેગામની શાળા-મહાશાળા અને ગ્રંથાલયો દ્વારા 'કુમાર'નો એવો જબરદસ્ત પ્રચાર-પ્રસાર કરીએ કે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં મ્હોરે સદાકાળ 'કુમાર'; પછી એ ગુજરાતી ગુજરાતમાં વસતો હોય કે એ વસતો હોય સાત સમંદર પાર!

ટૂંકમાં **૩૧ ડિસેમ્બર ૨૦૦૨** સુધીમાં 'કુમાર'ની ગ્રાહક સંખ્યા **૭૫૦૦** થઈ જાય એવી લોકલહર આપણે સરજીએ!

'કુમાર ટ્રસ્ટ'ને અપાતાં દાન કલમ ૮૦-જી અન્વયે આયકરરાહતને પાત્ર છે તે આપની જાણ સારુ સહજ. આપના ઉમદા સક્રિય સહયોગની અપેક્ષા સહ.

૧. 'કુમાર' માટે દાનનો ડ્રાફ્ટ/ચેક **'કુમાર ટ્રસ્ટ'**ના નામનો જ લખવો અને 'કુમાર કાર્યાલય લિ.', ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલવો.

૨. 'કુમાર'નું લવાજમ (વાર્ષિક રૂ. ૧૫૦, ત્રિવાર્ષિક રૂ. ૪૦૦, પંચવાર્ષિક રૂ. ૬૭૫) 'કુમાર કાર્યાલય લિ.'ના નામે જ ચેક/ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલવું. બહારગામની બેંક પરના ચેકમાં બેન્ક કમિશનના રૂ. ૨૫ ઉમેરવા.

આપના

રઘુવીર ચૌધરી
જે. એસ. સેવક
જયન્ત પંડ્યા
ભોળાભાઈ પટેલ
પ્રકાશ ન. શાહ
બકુલ ત્રિપાઠી
રાજેન્દ્ર શાહ
નિરંજન ભગત
વિનોદ ભટ્ટ
ધીરુભાઈ ઠાકર
અનિલા દલાલ
વસુબહેન
ગીતા પરીખ
હરિકૃષ્ણ પાઠક
કુલીનચંદ્ર યાજ્ઞિક
જિતેન્દ્ર દેસાઈ

રજનીકુમાર પંડ્યા
પી.સી.વૈદ્ય
કુમારપાળ દેસાઈ
લાભશંકર ઠાકર
ચિનુ મોદી
ચંદ્રકાન્ત શેઠ
મનહર મોદી
મધુસૂદન પારેખ
મધુસૂદન ઢાંકી
કનુભાઈ જાની
ચિમનલાલ ત્રિવેદી
ચંદ્રકાન્ત ટોપીવાળા
નૌતમભાઈ વખારિયા
કૃષ્ણકાંત વખારિયા
જગન મહેતા
પ્રાણલાલ પટેલ

બંસીલાલ વર્મા 'ચકોર'
ગજેન્દ્ર શાહ
નટુ પરીખ
અનિલ રેલિયા
રાધેશ્યામ શર્મા
જોરાવરસિંહ જાદવ
હસમુખ બારાડી
ક્ષેમુ દિવેટિયા
રાસબિહારી દેસાઈ
અશોક હર્ષ
હસુ યાજ્ઞિક
મહેશ દવે (ઇમેજ પબ્લિકેશન)
મનુભાઈ શાહ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય)
ભગતભાઈ શેઠ (આર.આર.શેઠની કંપની)
મહેન્દ્ર શાહ (નવભારત સાહિત્ય મંદિર)
હંમેશ મોદી (રન્નાદે પ્રકાશન)
દિલાવરસિંહ જાડેજા (વ.વિ.નગર)

ભગીરથ બ્રહ્મભટ્ટ (વ.વિ.નગર)
ઉશનસ્ (વલસાડ)
મહેન્દ્ર મેઘાણી (ભાવનગર)
ખોડીદાસ પરમાર (ભાવનગર)
બલવન્ત કે. પારેખ (મુંબઈ)
સુરેશ દલાલ (મુંબઈ)
રમણલાલ ચી. શાહ (મુંબઈ)
યશવન્ત ત્રિવેદી (મુંબઈ)
મનોજ ખંડેરિયા (જૂનાગઢ)
દુષ્યન્ત પંડ્યા (જામનગર)
બલવન્ત જાની (પાટણ)
રમેશ પારેખ (રાજકોટ)
ભાનુપ્રસાદ પંડ્યા (રાજકોટ)
જ્યોતિ ભટ્ટ (વડોદરા)
કાન્તિ કાપડિયા (વડોદરા)
ધીરેન્દ્ર મહેતા (ભૂજ)
ચંદ્રકાન્ત મહેતા (દિલ્હી)

વાચકો લખે છે

'કુમાર ૮૮૮' : પસ્તીનાં પાનાંની હળવાશભરી લેખિની ચિત્તમાં આનંદ અને સમજણનો ઉત્કર્ષ જન્માવે છે. ડૉ. પ્ર.ચુ. વૈદ્ય જેવા વિજ્ઞાની-ગણિતજ્ઞ પોતાની જાતને કેવી હળવાશથી લે છે! 'અમે... મેંટલ હૉસ્પિટલનો નંબર નોંધી રાખીએ છીએ. સાંજ પડે ઘેર ન પહોંચીએ તો ત્યાં પૃચ્છા કરી શકાય?'

'પિતા તરીકે ગૌરવશાળી નોંધ'માં વહેતું વાત્સલ્યનું ઝરણું મીઠાશભરી શીતલતાનો અનુભવ કરાવે છે. પોતાની ભાષા વિશે પણ તેઓ ગૌરવ ધરાવે છે. પોતાની ઓળખ તેઓ પી.સી.વૈદ્યને બદલે પ્ર.ચુ.વૈદ્ય રાખે છે એ તેમનો સ્વભાષા-પ્રેમ દર્શાવે છે.

'જાણીતા માણસની અજાણી વાતો'માં આ વખતની વાત સ્વમાન અને સ્વતેજની પ્રતીતિ જન્માવે છે. શિક્ષણક્ષેત્રે જેઓ ત્યાગ અને તપ દ્વારા તેજસ્વિતા દાખવે છે તેઓ કોઈની પણ શેહમાં અંજાઈ જતા નથી, તેનું આ અજોડ અને સચોટ દૃષ્ટાંત છે. જ્વલંત અને જીવંત શિક્ષકનું કર્તવ્ય પાઠ આપવાનું છે અને અહીં તો માનનીય અતિથિ પણ પાઠ પામે છે.

વિષ્ણુ પટેલની ગઝલની છેલ્લી બે પંક્તિ વારંવાર મમળાવવાનું મન થયા કરે છે : કહે છે ફૂંક શબ્દની જાદુઈ હોય છે/ સળવળતું થાય સર્વ જે નિષ્પ્રાણ હોય છે!'

-લલિત શાહ (સુરેન્દ્રનગર)

•

મે ૨૦૦૨ના ગણિતગમ્મતમાં વિભાગમાં છેલ્લા ફકરામાં જણાવ્યું છે કે 'છેલ્લો અંક જો ૨,૩,૮ કે ૯ હોય તો તે સંખ્યા પણ પૂર્ણવર્ગ ન જ હોઈ શકે.'

આ બાબતે લખવાનું કે કોઈ પણ રકમના અંતે ૩ કે ૭ આવતો હોય અને તેનો વર્ગ કરીએ તો છેલ્લે ૯ આવશે જ. આમ, છેલ્લે ૯ આવે છે છતાં એ સંખ્યા પૂર્ણવર્ગ છે. આમ આવી અનેક સંખ્યાઓ મળી શકે છે. તો ઉપરોક્ત વાક્યમાંથી ૯ સંખ્યાને રદ કરવી જોઈએ. એટલે વાક્ય આમ બનશે : 'છેલ્લો અંક જો ૨, ૩ કે ૮ હોય તો તે સંખ્યા પૂર્ણવર્ગ ન જ હોઈ શકે.

'વાચકો લખે છે' વિભાગમાં પાન ૨૩૨ પરના મારા છપાયેલા પત્રમાં તદ્દન છેલ્લો શબ્દ (સ્જ.) એમ છપાયો છે. હકીકતમાં તે અંગ્રેજી કેપીટલ M અને નાનો s જોઈએ અને એનો ઉચ્ચાર મીઝ કરાય છે.

રજનીકુમાર પંડ્યાની લેખમાળા 'ફિલ્માકાશ' જમાવટ કરે છે.

- દોલતકુમાર નથુભાઈ પરીખ (બીલીમોરા)

•

શ્રી રજનીકુમારની ફિલ્માંકન કડીના લેખો ધારદાર અને રોચક રહ્યા છે. એ જ રીતે મે-૮૯૩મા અંકમાં કે.એલ. સાયગલની ફિલ્મોને આવરી લેતો લેખ પણ રસપ્રદ રહ્યો. પરંતુ લેખકે ફિલ્મ - કારવાને હયાત - નાં ગીતના (ગઝલ) શબ્દો - હૈરતે નજારા આખિર - લખીને મને હૈરતમાં નાખી દીધો છે. ગીતના શબ્દો આ પ્રમાણે હોઈ શકે : 'હૈરતે નજર આખિર બન ગઈ રાનાઈયા (સૌંદર્ય), ખાક કે જર્રેમેં આતી હૈ નજર ગુલકારિયા (ફૂલનું ભરતકામ)' આમ, નજર શબ્દ પ્રથમ અને બીજી પંક્તિમાં સ્પષ્ટપણે લેવાયો છે. એ શક્ય છે કે 'કારવાને હયાત'ની આ ગઝલના શબ્દોની શરૂઆતમાં જ કે.એલ. સાયગલનો ઉચ્ચાર નજારા જેવો સંભળાતો હતો, પરંતુ આ જ ગઝલની પંક્તિને કાન દઈ સાંભળીએ તો સ્પષ્ટ -નજર- શબ્દ સાંભળી શકાય છે. આમેય વાચ્યાર્થમાં નજર શબ્દ પ્રમાણિત થતો રહે છે. નજર (દૃષ્ટિ) અને નજારા (દૃશ્ય) માં નજર શબ્દ પ્રમાણભૂત શબ્દ બની રહે છે. નજર સ્ત્રીલિંગ છે જ્યારે નજારા પુલ્લિંગ.

'આનંદ બક્ષી'ના લેખ પાન ૮૯૩ ઉપર જે ગીતના શબ્દો 'માધુકરી' કટારમાં તે -બોલ ગોરી બોલ તેરા કૌન પિયા- હોવું જોઈએ તેમજ એ જ પાન ૮૯૩ નીચેથી ત્રીજી લીટીમાં -સમા યે સુહાના- હોવું જોઈએ. વળી, એક આખી લીટી - જિંદગીકે સફરમે ગુજર જાતે હૈ જો મકામ, વો ફિર નહીં આતે - એમ હોવું જોઈએ. કદાચ, 'માધુકરી'માં આનંદ બક્ષીની વાતના લેખમાં થોડી ઉતાવળમાં ઉપરોક્ત ભૂલો રહી જવાનો સંભવ લાગે છે.

- પ્રબોધ કાપડિયા (ભાવનગર)

•

એક અનોખી ગણિતગમ્મત : આંકડાઓની આંટીઘૂંટીથી કેટલાંક હંમેશાં દૂર જ રહેવાનું પસંદ કરે છે, તો કેટલાંક એની સાથે સંકળાયેલ નવી નવી શક્યતાઓ શોધવાની કોઈ પણ તક જવા દેતા નથી. કેવળ નિર્દોષ આનંદને માટે જ ગણિત-ગમ્મત માણનારાઓ હોય છે, તો સટ્ટા-ખોરી દ્વારા જુગારી વૃત્તિથી આંકડાઓમાં રસ ધરાવનારાઓની સંખ્યા પણ સારી એવી જોવા મળે છે.

વરલી મટકાનો જુગાર, સરકારી સહિત વિવિધ સ્તરે ચાલતી જાત-જાતની લૉટરી તથા ટી.વી.ના માધ્યમ દ્વારા 'ખેલો નંબર ખેલો' જેવી લોકોને ભરખી ખાતી અંકજોગણિયુંથી આપણે તદ્દન અપરિચિત નથી.

હાલમાં કોરીઆ તથા જપાનમાં રમાઈ રહેલ વર્લ્ડ ફૂટબોલ સ્પર્ધામાં ક્યો દેશ વિજેતા થશે કે હારશે એવાં અનુમાનો કરવાવાળાઓથી કેટલાંક ગાણિતિક 'આંકડાબાજી'નો સહારો પણ લેવા લાગ્યા છે. એ માટે ઉપયોગમાં લેવાતા સરવાળા-બાદબાકી ઉપરાંત એમનો એક આગવો તર્ક પણ આ ગમ્મતમાં ઉમેરો કરે છે.

આજકાલ ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ હોઈ આવી ગમ્મતપૂર્ણ માહિતી સહેલાઈથી સ્થળે સ્થળે પહોંચી જવા લાગી છે. એ પ્રમાણે મને મળેલી એક ગણિત-ગમ્મતમાં 'કુમાર'ના વાચકોને રસ પડવા સંભવ છે. આ પત્ર જૂન-૧૬, ૨૦૦૨ના રોજ લખાયો છે. નીચેની 'ગમ્મત'ની વિગત વાંચતી સમયે એ હકીકત ધ્યાનમાં રાખવી જરૂરી છે.

• બ્રાઝિલ ૧૯૯૪માં છેલ્લી વાર વર્લ્ડકપ

(અનુસંધાન પૃ. ૪૭૧ ઉપર)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૫મું — અંક ૭

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

જુલાઈ ○ ૭૫મું વર્ષ ○ ૨૦૦૨

અનુક્રમણિકા

'કુમાર' સળંગ અંક ૮૯૫

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

સૂત્રસાર

મનનું સરનામું મળતું નથી!

રાધેશ્યામ શર્મા

મનુજ કહેતાં મનુષ્યને ત્રણ વસ મહત્ત્વની મળી છે : મન, વચન અને કાયા.

મનનું દર્શન બહાર સગી આંખે થઈ શકતું નથી. વચન મુખથી સરે ત્યારે બહાર પડીને પોતાનો પ્રભાવ પ્રસરાવે છે. કાયા બહાર છે, કપડામાં ઢાંકી રાખી હોય તોય પરખાઈ આવે.

કાયા કહેતાં દેહ, વચન કહેતાં વાક્‌શક્તિ આમ બહિર્વર્તી છે. પરંતુ મન વિશે એવું નહિ કહી શકાય. મન અંતરવર્તી છે. મનનો આવાસ, મનનો માળો બહાર નથી. જેમ મનનો નિવાસ સંપૂર્ણપણે જાણી શકાતો નથી તેમ મનનો પ્રવાસ પણ પ્રમાણી શકાય નહીં.

શરીરનાં સરનામાં શોધી શકાશે પણ મનનું પાકું સરનામું વ્યક્તિને પોતાને જ ઘણી વાર જડતું નથી!

મનોપચારકો મનના જાણકાર દાક્તરો મનાય. મનનું વિશ્લેષણ કરી મનોરોગનું નિદાન કરવા તેઓ સેવાતત્પર હોય છતાં ઘણી વાર નિષ્ફળ નીવડે છે. કારણ એટલું જ કે મન નામનો દર્દી જ પકડાતો નથી. દર્દી પકડાય તો ઉપાય-ઉપચાર થાય ને!

મન જેવી છટકણી અને છટકિયાળ કોઈ વસ્તુ નથી અને મનને વસ્તુ પણ કહેવી યોગ્ય નથી કેમ કે તે અવસ્તુ છે. મન જો વસ્તુ કે પદાર્થ હોય તો પકડી શકાત.

ચિંતકો મનસ્‌વિદોને પણ શંકાની દૃષ્ટિથી જુએ છે, કેમ કે મનના કહેવાતા નિષ્ણાતો પણ એમના પોતાના મનની ગ્રંથિપકડમાંથી મુક્ત થયા નથી હોતા તો તેઓ બીજા માણસના માનસનું સમાધાન ક્યાંથી કરી શકવાના? બંધનમુક્ત તેવા જ કરી શકે જે પોતાના મનના બંધનમાંથી સ્વતંત્ર થયા હોય. માનસસાગરનાં ભરતી-ઓટને તટસ્થ રહી જે અવલોકી શકે અથવા તો મનથી પર થઈ, મનની પાર રહી સમગ્ર ગતિવિધિમાં આંતરદૃષ્ટિનો વિનિયોગ કરી શકે એવા મરજીવાનું જ અહીં કામ છે. મનના જળમાં ખાબકી, માંહ્ય પડી મહાસુખ તે જ માણી શકે જે જળમાંના કમળની જેમ નિર્લેપ નિર્મમ રહી શકે.

અંતઃકરણની સર્વ પ્રવૃત્તિ, મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર દ્વારા ચાલે છે. મનોવૃત્તિ, ચિત્તવૃત્તિ, અહંકારવૃત્તિ મનુષ્યના બાહ્ય આચરણ અને સામાજિક વર્તનમાં પ્રતિબિંબિત થાય છે. પણ જગતનો કોઈ વિજ્ઞાની કે જાદુગર, યોગી કે સંશોધક માણસના મનને બહાર દર્શન-ગ્રહણમાં આવે એમ રજૂ કરી શકતો નથી. બહુબહુ તો 'મનઃ પર્યાય જ્ઞાન' મારફત સામી વ્યક્તિના મનમાં શા વિચાર ચાલે છે એનો પડઘો ઝીલી અન્યનાં વિચારોને વાંચી-પામી શકે.

મન વિચારોનું સંગ્રહસ્થાન છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ અને નિકૃષ્ટમાં નિકૃષ્ટ વિચારની વખાર મન છે. માઠામીઠા, સારાખોટા, રાગદ્વેષના વિચારો મનની વખારમાં આવન-જાવન કરતા હોવાથી ભ્રાંતિ એવી થાય છે કે મન જ ભટક્યા કરે છે. આ ક્ષણે અહીં, બીજી ઘડીએ નહીં. અહીં, નહીં, તહીં! હકીકતે જાણકાર મર્મીઓના મત મુજબ ચગડોળે તો ચિત્ત ચઢે છે, મન નહીં! મનની ગ્રંથિઓ, ગાંઠો એટલી બધી જાતની હોય છે કે ભારે બોજાવાળું મન બહાર જવાને શક્તિમાન નથી. ભટકે છે ચિત્ત જે અહીં રહ્યે રહ્યે ટેલિવિઝનની માફક દૂરદૂરના દેશ-પરદેશ દેખાડે છે! મોટે ભાગે ચિત્ત અને મનને સામાન્ય લોકમાનસ એક જ ધારીને વર્તે છે. એથી ચગડોળે ચિત્ત ચઢ્યું હોય ત્યારે એને માત્ર મનોવિહાર માની લે છે!

મનોવિહાર કે મનોપહાર જે કહો તે આ મન શું છે? શાસ્ત્રએ તો સ્પષ્ટ સૂચવ્યું છે કે બંધન અને મોક્ષનું કારણ તે મન છે. મન જ મનુના સંતાનને બાંધી પાડે અને મન જ મોહથી મુક્તિ અપાવી શકે. મન મોહી પડે છે એ પાછું આત્મદ્રોહી બનવાનો ખેલ પણ ખેલી શકે છે. રિઝી જવા માટે, ખિજાઈ જવા માટે મનને કારણ આપવાની જરૂર નથી. એક કવિએ યોગ્ય જ કહ્યું છે :

અકારણે આજ મારું મન ઘેલું ઘેલું થાય,
મૂંગુ રહેવા જેમ મનાવું તેમ એ વહેલું ગાય!

મન ભલાભોળા ભૂલકા જેવું છે. ભોળાનાથ શિવ જેવું આશુરોષ છે તેમ આશુતોષ છે. સકારણ કે નિષ્કારણ તે ઘેલું થઈ જાય છે. ચૂપ રહેવા કહીએ ત્યારે તે ગાવા લાગી જાય. મન અ-નિયમમાં માને છે. અન્ય કોઈ નિયમને વશ ના રહેતા મનને નિયમનના નિયમમાં કોઈ વીરલા જ રાખી શક્યા છે.

મનનું દમન કરનારા મનનો પાર પામવામાં સફળ થયા નથી. મનનું માત્ર દર્શન કરનારા, નિરીક્ષક સાક્ષીઓ જ ઉન્મની અને અ-મનની સ્થિતિએ પહોંચ્યા છે. જે મનને શત્રુની પેઠે નહીં, મિત્રની રીતે અપનાવે છે એને જ મન વશ વર્તે છે. જે મનના સંમોહનમાં આવી જતો નથી એના જેવા પર જ મન મોહી પડી એવાને નિર્ગ્રંથપદ અર્પે છે! ❐

તૂટતા સંબંધે / *ઉશનસ્*

(પૃથ્વી • સૉનેટ)

કશું જ પછી ના બન્યું, પછી કશું જ ના વિસ્તર્યું,
સુકાઈ ગયું ત્યાંનું ત્યાં જ પછી ટીપું જે ત્યાં ઠર્યું;
વહ્યું જ નહીં આમતેમ, નહીં ઊંડુંયે ઊતર્યું,
ન એ શિશિર શીત-માં પરણ પીત શું એ ખર્યું.

થયું નજર સંમુખે જ બધું, ને દીઠું જાય ના;
અને ઊતરતી જતી ભરતીનોય ઉપાય ના,
કશુંક જતું જતું દૂર દૂર, જરી રોક્યું રોકાય ના,
સરે સમય ઢાળપે સરકતો, કશું થાય ના;

નિહાળી નિયતિ રહું અમીટઃ કોઈ આવ્યું, ગમ્યું,
પ્રવાહમહીં કાષ્ઠ બે મળી ગયાથી જોડું રમ્યું,
પ્રવાહમહીં એ જ સ્હેજ, પછી ભાગ્ય એવું ભમ્યું,
કશા વમળ-વાયરા વગર વેગળું થૈ ક્રમ્યું!

કશી ન ઘટના ઘટી, વધ્યું-ઘટ્યું ક્યાં કૈં સ્ખલ્યું,
નિહાળી રહું માત્ર દૂર જતું કોઈ,
ભૂરુંભૂરું થતું કોઈ
પરમપૂર્ણતામાં ભળ્યું...

હાણ વસમી / *ભગવતીકુમાર શર્મા*

(શિખરિણી • સૉનેટ)

હવે ઝાંખુંપાંખું સઘળું દીસતું ગોધૂલિ સમું;
હતું થોડું-ઝાઝું કિરણમય તે યે ડૂબી રહ્યું.
સુદૂરે નક્ષત્રો દૃગપટલથી ઓઝલ થયાં;
વિહંગોના રંગો, કુસુમ પરનાં ઝાકળટીપાં,
મકાનોની ઝીણી નકશી, છબિની બારીક છટા,
મનુષ્યોને ચ્હેરે કરચલી બધુંયે અરુપરુ.

હજી વ્યોમે ભાનુ, ઝગમગ થતી બત્તી ઘરની,
પલંગો, હિંડોળો, ખુરશી, તકિયા, ચાંદની શીળી,
શકું પેખી મૂર્તિ નિકટ ઝગતી જ્યોત નમણી,
અરીસે મારું હું નીરખી શકું છું બિમ્બ ધૂંધળું.

પરંતુ મોંઘેરા, દળસભર, નાનાવિધ, રૂડા
ઉરે શાતા દેતા તિમિરમય અજ્ઞાન હરતા,
હયાતી જેવા કે સુહૃદ સરખા ગ્રન્થમણિનાં
રિસાયાં શબ્દોનાં અયુત ઝૂમખાંઃહાણ વસમી!

ઘઉં અને કાંકરા / *ધીરુ પરીખ*

(વનવેલી)

યાદ આવે છે કે ઓશરીમાં બેઠી બેઠી
થાળીમાં ઘઉં લૈ, ચશમાં પ્હેરી, કાંકરા વીણે બાઃ
ખાદ્ય ઘણું ને અખાદ્ય થોડું.

સમયની તાસકમાં સદીઓથી
વીણવાને મથી રહ્યા હાથ—
દ્વેષ, હિંસા, તિરસ્કાર
બુદ્ધ, મહાવીર, ઈસુ, નાનક ને ગાંધી.
કાંકરાઓ કેમ હજુ ઓછા નથી થતા?

આવનારી સદીઓના મહાનુભાવો કહેશેઃ
ઘઉં જ્યાંથી લાવ્યા
ત્યાંથી કાંકરાઓ સાથે આવ્યા!
તોય કાંકરાઓ વીણવાના થતા રહેશે પ્રયત્નોઃ

બદલાશે બા ને વળી બદલાશે થાળી.
બદલાશે ઘઉં અને બદલાશે રખેવાળી.
છતાંયે જ્યાં જોશો તમે ઘઉં
ત્યાં ત્યાં કાંકરાઓ રહેવાના ભાળી!

તૂટતા સંબંધે • કાવ્યનાયકની નજર સામે જ પરિવર્તનો થતાં રહે છે, જર્જરિત બને, ભરતી ઊતરે, સમય સરકે અને છતાંય કશું જ અટકાવી શકાતું નથી. છતાં જે દૂર-સુદૂર વધ્યું-ઘટ્યું જઈ રહ્યું છે એ પરમ-પૂર્ણતામાં ભળી રહ્યું છે તેનો પરિતોષ કાવ્યાન્તે પ્રકટ થતો જણાય છે. *હાણ વસમી* • નયનનાં તેજ વિલાતાં કાવ્યનાયકને સૃષ્ટિનાં સર્વ પદાર્થો ઝાંખા-પાંખા થતા જણાય છે. આ વેદનામાં વિશ્વના ઉત્તમ ગ્રંથોના વાચનની ઘટતી જતી નયનક્ષમતા ઑર ઉમેરો કરે છે. *ઘઉં અને કાંકરા* • ઘઉં સાથે જ કાંકરાનું અસ્તિત્વ છે એવી પ્રતીક યોજનાથી સદીઓથી માનવજાતના જીવનમાં જે કાંકરા સમાન દુર્ગુણો છે તેના નિવારણની પ્રક્રિયા સતત ચાલુ રહી છે, ચાલુ રહેશે અને તો ય ... *સપનામાં* • મધ્યકાલીન પદશૈલીએ કાવ્યનાયિકાના કૃષ્ણપ્રેમનું ઉત્કટ ચિત્ર આંકતું ગીત. *પાલવે તેવું નથી* • આ વિશ્વમાં માનવજીવનમાં કંઈક અવનવું ઘટ્યા કરતું હોય છે, પરંતુ કેટલુંક એવું હોય છે જે ગુમાવવું પાલવે નહિં તે ભાવને વિવિધ શેરોમાં રજૂ કરતી ગઝલ. - ધી.પ.

સપનામાં / *હરીશ પંડ્યા*

(ગાન)

સપનામાં મેં જોયા હરિવર
વાત કોઈ ના માને.
નિશ-દિન એનું ધ્યાન ધરું
ને નામ રટણ બસ હોઠે,
રંગ જગતના ફિક્કા લાગે
ક્યાંય કશું ના ગોઠે;
દરદ ભીતરે વધતું જ્યારે
રડતી જઈને રાને.

ડાળ ફૂલ ને પાંખડીઓ પર
હરિચરણોની છાપ,
બંધન ગમતાં ના સંસારી
વહાલાં તું એ કાપ;
મુજ અંતરની આરત શાને
કેમ ન ધરતા કાને?
સપનામાં મેં જોયા હરિવર
વાત કોઈ ના માને.

પાલવે તેવું નથી / *નીતિન વડગામા*

(ગઝલ)

આંખને ગુમાવવાનું પાલવે તેવું નથી.
આભને ગુમાવવાનું પાલવે તેવું નથી.

આવતી કાલે રચીશું રેશમી કિસ્સા ભલેને,
આજને ગુમાવવાનું પાલવે તેવું નથી.

મૂળનુંયે મૂલ અદકું આંકીએ ચાહે છતાંયે,
ડાળને ગુમાવવાનું પાલવે તેવું નથી.

સૂર્ય ડૂબી ક્યાં જશે ને શું થશે એવા વિચારે,
સાંજને ગુમાવવાનું પાલવે તેવું નથી.

પીંજરું સોને મઢેલું હોય પંખીનું પરંતુ,
પાંખને ગુમાવવાનું પાલવે તેવું નથી.

હાઈકુ / *પરાગ ત્રિવેદી*

મોજું તૂટતું
જે પાણીનું - એનું જ
બનતું બીજું!

આ માસે જેમની ૭૮મી જન્મતિથિ છે તે માનવતાના સીધા સાદા વિનમ્ર ઉપાસક



વિઠ્ઠલભાઈ પટેલ

— કમલા પરીખ —

'કહતે હૈ સબ ગ્રંથ વો ચાહે ગીતા યા રામાયણ
શુભ કર્મોસે ધીરે ધીરે નર બનતા નારાયણ.
બડે ભાગસે મીલા હૈ હમકો યહ માનવકા તન
પર-હિત પર-સેવામેં કર દો જીવનકા અર્પન.
રામ કી ભાંતિ જન જનકે કલ્યાણકા વ્રત લો
કૃષ્ણકી ભાંતિ નીતિ ધર્મ ઔર ન્યાયકા વ્રત લો'.

આ પંક્તિઓમાં વર્ણવેલા ગુણોથી સંપન્ન હોવું એ માનવજીવનનો એક અનુપમ લ્હાવો છે. તો આવો આપણે આજે એક એવી વ્યક્તિને મળવું છે જે આ ઉત્તમ ગુણોથી સંપન્ન થવા પ્રયત્નશીલ છે. તેમનું નામ છે શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, જેઓ વી.પી. નામથી ઓળખાય છે. ૧૯૨૪માં ખેડા જિલ્લાનું ઉત્તરસંડા ગામ તેમનું જન્મસ્થળ. આમ તો ચરોતરે ઘણાં રત્નો આપ્યાં છે તેમાંના એક આ વિઠ્ઠલભાઈ છે. જ્યાં જાય ત્યાં હીરાની જેમ ચમકી ઊઠે છે. શરૂઆતથી જ કંઈક અદ્વિતીય કાર્ય કરવા તરફ તેમના આંતરમનનો ઝોક રહ્યો છે. પિતાનું નામ પુરુષોત્તમ અને માતાનું નામ કાશીબા. માતાપિતાએ પુત્રનું વિઠ્ઠલભાઈ નામાભિધાન કર્યું હશે ત્યારે ખયાલ નહીં હોય કે મથુરાના પેલા વિઠ્ઠલની જેમ પુત્ર કંઈક ઉત્તમ કાર્યો કરશે. પિતાએ પુત્રમાં સરળ પ્રભુમય જીવન અને પ્રપંચોથી દૂર રહેવાના સંસ્કારોનું સિંચન કર્યું જ્યારે માતાએ ઉદ્યમ, કરકસર અને પરગજુપણાના પાઠોનું આરોપણ કર્યું. બાળકની પ્રથમ શાળાનો તેના ઘરમાંથી અને કુટુંબમાંથી પ્રારંભ થાય છે, તે વાત વિઠ્ઠલભાઈએ પુરવાર કરી બતાવી છે. એમણે જીવનમાં ધીકતી કમાણી કરી પણ ભેગું કરવાની વૃત્તિથી અલિપ્ત રહ્યા અને સેવાકાર્યમાં ઘણું ધન વાપર્યું છે, આ માટે તેઓ ખરેખર અભિનંદનને પાત્ર છે.

વિદ્યાર્થીકાળથી જ તેમનું હીર ઝળકી ઊઠ્યું હતું. ૧૯૪૨ની 'હિંદ છોડો'ની ચળવળમાં તેઓ જોડાવા ઉત્સુક હતા. એ સમય જ એવો હતો કે વિદ્યાર્થીઓ, યુવાનો રાષ્ટ્રિય રંગે રંગાતા કારણ કે તેમના નેતા હતા મહાત્મા ગાંધી. આ યુવકને પણ એ રાષ્ટ્રિય ચળવળનો રંગ લાગ્યો અને હેડમાસ્તરે સમજાવ્યા છતાં મૅટ્રિકની પરીક્ષાનું ફૉર્મ ન ભર્યું અને જોડાયા રાષ્ટ્રિય લડતમાં. આ ચળવળમાં સરઘસની આગેવાની સંભાળી ધ્વજ લઈ ચાલતા હતા ત્યારે કડીયાળી ડાંગના ફટકાથી બચી ગયા. ફોજદારને બંદૂકની ગોળીઓ ભરતો જોયો છતાં ગભરાયા વગર આગેકૂચ કરી. એમનામાં રહેલી શહીદીની ભાવનાએ એમને ડરપોક બનાવ્યા નહોતા. એ જંગમાં ફક્ત એક જ સૂત્ર હતું, 'કરેંગે યા મરેંગે'. રાષ્ટ્રધ્વજનું રક્ષણ કરવા આવા નવલોહિયા યુવાનોએ ગજબની હિંમત દાખવી હતી. સરકારી તંત્ર નિષ્ફળ બનાવવા માટે રેલવેના તાર કાપવાની પ્રવૃત્તિઓમાં બીજા સાથીઓ સાથે વી.પી. સામેલ થયા હતા અને તેઓ પર થયેલા ગોળીબારથી બચી ગયા. ત્યાર બાદ ભૂગર્ભમાં રહી તેમણે પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી. આમ, તેઓ અન્યાય સામે અને મા ભોમની આઝાદી માટે પ્રતિકાર કરતા. ઘરમાં એક વખત વર્ટિગો (ચક્કર)ના ભયંકર હુમલાથી પણ બચી ગયા હતા. આ બધી બાબતોને તેઓ ઈશ્વરકૃપા જ સમજે છે. તેમને ઈશ્વર પર પૂર્ણ શ્રદ્ધા છે. આગળ જતાં તેઓ સુંદર, અજોડ કામો કરવા માટે સર્જાયા હશે તે હવે આપણે જાણી શકીએ છીએ.

વાચનના તેઓ ભારે શૉખીન છે. ગુજરાતી પાંચમી ચોપડીમાં હતા ત્યારથી પુસ્તકાલયોમાં જતા થઈ ગયેલા. નવલકથાઓ તથા વાર્તાઓ વાંચતા; પણ સમય જતાં તેમને સમજાયું કે આત્માની ઉન્નતિ માટે ચારિત્ર્યઘડતર અને મનન કરવા જેવાં પુસ્તકો વાંચવાં વધારે શ્રેયસ્કર છે. એટલે મહાન વ્યક્તિઓનાં જીવનચરિત્રો પ્રત્યે તેમનો ઝોક વધ્યો. આવાં

પુસ્તકોએ તેમના જીવન-ઘડતરમાં મોટો ફાળો આપ્યો છે. તેમણે કોઈનો ગુરુ તરીકે સ્વીકાર કર્યો નથી કે કોઈ ધર્મની કંઠી પણ બાંધી નથી. તેમણે તો ગુરુપદે સ્થાપ્યાં છે ઉત્તમ પુસ્તકોને. તેમની નોંધપોથીમાં આત્માને છેતરે તેવું ક્યારેય લખ્યું નથી. પણ જે લખ્યું છે તે સત્ય જ લખ્યું છે. તેઓ પર લક્ષ્મીની કૃપા તો ઊતરી છે, પણ સાથે સાથે સરસ્વતીનો સંગાથ પણ એટલો જ સુમેળભર્યો છે. લક્ષ્મી સરસ્વતીની જોડી એકસાથે તો કોઈક ભાગ્યવાનને જ પ્રાપ્ત થાય છે. આ રીતે આપણા વી.પી. ખરેખર ભાગ્યશાળી ગણાય. વડોદરામાં તેમના નિવાસસ્થાને તમે જાવ તો પુસ્તકોથી ભર્યું-ભર્યું ઘર જોવા મળે. તેમના પર લક્ષ્મીની કૃપા કેવી રીતે ઊતરી તે હવે આપણે જોઈએ.

અમદાવાદની એચ.એલ.કૉમર્સ કૉલેજમાંથી તેઓ સ્નાતક થયા. ત્યાર બાદ ૧૯૫૨માં લંડનની રૉયલ ઈકોનોમિક સોસાયટીના ફેલો તરીકે કામ કર્યું અને ૧૯૫૩માં આફ્રિકા તરફ પ્રયાણ કર્યું. ત્યાં મોમ્બાસામાં અકાઉન્ટન્ટ અને ઑડિટર તરીકે પ્રૅક્ટિસ શરૂ કરી. મોગરાના ફૂલની જેમ જ્યાં ગયા ત્યાં સુવાસ ફેલાવતા જ રહ્યા છે. પ્રામાણિકતા અને દાનવીરતા આ બે તેમના મહામૂલા ગુણો છે. જ્યારે ચીને ભારત પર આક્રમણ કર્યું ત્યારે દેશ માટે ફાળો મોકલાવનારાઓમાં તેઓ પણ એક હતા. યુવાન વયથી તેઓ સામાજિક કાર્યકર અને સેવાભાવી હતા. આફ્રિકામાં નર્સરી સ્કૂલ માટે તેમણે ૨૦,૦૦૦ શિલિંગનું દાન આપ્યું હતું, એટલું જ નહીં પણ મોમ્બાસામાં સ્મશાનમાં બેસવા માટે વ્યવસ્થા કરવા માટે તેમના પિતાના સ્મરણાર્થે ૧૦,૦૦૦ શિલિંગની સખાવત કરી હતી. આફ્રિકામાં પહેલી વખત ભૂદાન કરી વિનોબાજીના ભૂમિદાનના વિચારોનો પ્રસાર કર્યો છે. ભારતમાં પણ તેમણે સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ઉદાર હાથે મદદ કરી છે. પણ આ ઉદારતાનો ઢંઢેરો ક્યારેય પીટાવ્યો નથી.

૧૯૬૯માં તેઓ ૪૫ વર્ષની ઉંમરે આફ્રિકાથી ધીકતી કમાણી છોડી ભારત આવ્યા. આપણને લાગે કે તેઓ નિવૃત્ત જીવન જીવવાના ઈરાદાથી ભારત પાછા ફર્યા હશે. પણ ના, વી.પી. માટે એ શક્ય જ નહોતું. તેમણે તો સમજી-વિચારીને પરદેશને અલવિદા કરી હતી. ભારતમાં આવી તેમણે પ્રવૃત્તિમય નિવૃત્તિનો આરંભ કર્યો. આ છે ચરોતરનો સપૂત કે જે ધારે તે કરી શકે છે. વડોદરામાં તેમણે સ્થાયી થવાનું નક્કી કર્યું. તેઓ આજે ત્યાં 'જીવનદીપ' નામના મકાનમાં રહે છે અને આ નામ પ્રમાણે જીવન દીપાવી રહ્યા છે. ૧૯૭૩ના માર્ચ મહિનાની ૧૮મી તારીખે વડોદરામાં તેમણે 'સંસ્કાર પરિવાર'ની સ્થાપના કરી, જેનું ધ્યેય છે જનસેવા. તેઓ સંસ્કાર પરિવારના વનમૅન પ્રણેતા રહ્યા છે. તેમણે સંસ્કાર ઍવૉર્ડ આપવાનું નક્કી કર્યું જેમાં બહેરા, બોબડા, લંગડા જેવા માનવીઓએ કરેલાં ઉદાત્ત એવાં કાર્યોને બિરદાવવાની શરૂઆત કરી.



પત્ની શાંતાબહેન અને વિઠ્ઠલભાઈ પટેલ

એમણે કેવી કેવી વ્યક્તિઓને એ સંસ્કાર ઍવૉર્ડ થકી સન્માનિત કરી છે તે જાણવા જેવું છે. તાજી પરણાવેલી એક માત્ર દીકરી અવસાન પામતાં તેના ચક્ષુનું અને ચામડીનું દાન કરનાર પિતાને, પુત્રના ચાંલ્લાના પ્રસંગે જતા પિતાને અઢાર તોલાના દાગીના રસ્તામાંથી મળી આવતાં પુત્રના ચાંલ્લામાં જવાનું માંડી વાળી દાગીનાના સાચા માલિકને શોધી દાગીના પરત કરનારને, સમયસૂચકતા વાપરી મહામહેનતે ટ્રેનને રોકી મોટી હોનારત થતી અટકાવનાર ડ્રાઈવરને, એકલે હાથે સ્કૂટર પર પુસ્તકોની દુકાન લઈ ફરતા પ્રકાશક અને પુસ્તક-વિક્રેતા, અકિંચન સેવકના મૃત્યુ બાદ તેની વિધવાને મરણોત્તર ઍવૉર્ડ આપ્યો. ૧૫૦૦ સ્પર્ધકોમાંથી પ્રથમ નંબરે ચિત્ર-સ્પર્ધામાં આવનાર પાંચ વર્ષની બાલિકાને સન્માની, અમદાવાદના કાંકરિયા તળાવને કિનારે કુલ્ફીની લારી ચલાવનાર એક વ્યક્તિ કે જેણે આત્મહત્યા કરવા આવનાર ૮૦ વ્યક્તિઓને જીવનનું મહત્ત્વ સમજાવી બચાવી તથા પાંચમા ધોરણમાં અભ્યાસ કરતી ગીતાનો મુખપાઠ કરનાર છોકરીનું સન્માન કર્યું. દરિયામાંથી ૨૭ વ્યક્તિઓને ડૂબતી બચાવનાર પંપાભાઈને સન્માન્યા, અમદાવાદના અસારવા વિસ્તારમાં લાગેલી આગમાં પોતે દાઝી જઈને ૧૫ વ્યક્તિઓના જાન બચાવનાર કનુભાઈ કે જેમના આ કાર્યની નોંધ વર્તમાનપત્રોએ નહોતી લીધી, તેમને સંસ્કાર ઍવૉર્ડ એનાયત કર્યો. રાજકોટમાં બૅંકમાં લૂંટાતી રકમ બચાવનાર બૅંક કૅશિયર રશ્મિબહેન પણ આ ઍવૉર્ડ પ્રાપ્ત કરવાનાં સદ્ભાગી બન્યાં. તદ્ઉપરાંત અનેક સેવાભાવી સંસ્થાઓને તેમણે દાન આપ્યું છે. ગુજરાતી સાહિત્ય પરિષદને સ્થાયી ભંડોળ માટે તેમણે રકમ આપી છે. સૌથી મોટી વાત તો એ છે કે નાના-મોટાનો ભેદ ગણ્યા વગર એક જ મંચ પર સર્વશ્રી કે.કા.શાસ્ત્રી, યશવંત શુક્લ જેવા વિદ્યાપુરુષો સાથે લકવાથી પીડાતા શિક્ષક, પ્રામાણિક પટાવાળો યોગેશ, સફાઈ



પિતા પુરુષોત્તમદાસ દેસાઈભાઈ પટેલ અને માતા કાશીબા

કામદારને એકસાથે બેસાડી સંસ્કાર ઍવૉર્ડથી સન્માન્યા છે. આમ, માનવીનું માનવી તરીકે ગૌરવ કર્યું છે. સાહિત્યકારો, કલાકારો, ચિત્રકારો, તસ્વીરકારો, બાળલેખકો, તેજસ્વી અનાથો, વ્યંગ ચિત્રકારો - શોધીશોધીને કદર કરી સન્માન કરવાનું તેઓ ચૂક્યા નથી. તેમને માટે તો ઉત્તમ કામ કરનાર માનવી જ શ્રેષ્ઠ છે. જ્યાં ત્યાંથી તેમની છૂપી નજર આવાં રત્નોને શોધી કાઢે છે. આમ, તેઓ સત્કાર્યને ઓળખનાર સાચા ઝવેરી છે. બાબુભાઈ જશભાઈ પટેલના મંતવ્ય પ્રમાણે ગુજરાતના ખૂણેખૂણેથી આગવી પ્રતિભાઓને શોધીને સન્માનનાર વી.પી.ને આ શોધ માટે અલગ ઍવૉર્ડ આપવો જોઈએ. તેમને હૉસ્પિટલો, દવાખાનાં, મંદિરો કે ધર્મશાળાઓ બાંધી પોતાના નામનાં દાનેશ્વરી પાટિયાં ચઢાવવામાં જરા પણ રસ નથી. એમનો માંહ્યલો તો માનવતાનો પૂજારી છે. કોઈની પાસે આ કાર્યો માટે તેઓ પૈસા સ્વીકારવાની સ્પષ્ટ ના પાડે છે. પોતાની આવકમાંથી નક્કી કરેલો હિસ્સો નિષ્કામ ભાવે ખર્ચવો એ તેમનો જીવનમંત્ર છે. તેમની દૃષ્ટિએ માત્ર કમાવું તે પૂરતું નથી, પણ તેનો સદુપયોગ કરવો એ અગત્યનું છે. તેમણે 'સંસ્કાર' નામનું માસિક થોડો સમય ચલાવ્યું હતું. આજના ભ્રષ્ટાચારથી ખરડાયેલા વાતાવરણમાં તેઓ આધુનિક પેઢીનું ઘડતર કરવાના પ્રયાસ કરી રહ્યા છે તે માટે ખરેખર અભિનંદનને પાત્ર છે. તેમના જીવનનું સૂત્ર છે 'ઉન્નતિ મારો જન્મસિદ્ધ હક્ક છે અને ચારિત્ર્યઘડતર મારું રચનાત્મક કાર્ય છે.' તેમણે લખેલ 'યૌવનનું પ્રભાત' પુસ્તકમાં તેમનું ઉજ્જ્વલ વ્યક્તિત્વ પ્રતિબિંબિત થાય છે.

આવો, આપણે તેમના દામ્પત્ય જીવનની ઝલક જોઈએ. તેમનાં લગ્ન પીજ ગામના વલ્લભભાઈનાં દીકરી શાંતાબહેન સાથે ૧૯૪૭ના મે મહિનાની ત્રીજી તારીખે થયાં હતાં. પરમાત્માની કૃપાથી પત્ની શાંતાબહેન નામ પ્રમાણે શાંત સ્વભાવનાં, શીલવાન અને ગુણવાન હતાં. આવાં સુપાત્ર જીવનસંગિની મળતાં વી.પી.ને આનંદ થાય તે સ્વાભાવિક છે. તે જમાનામાં વરરાજા મોટરમાં બેસી ઊઘલતા (વરઘોડો કાઢતા) ત્યારે આ વરરાજા કંઈક જુદી માટીના ઘડાયેલા હતા તેથી મોટરનો વ્યર્થ ખર્ચ કરવાને બદલે ચાલતા ઊઘલ્યા. તેમના આદર્શો પત્નીએ સહર્ષ સ્વીકાર્યા. આ લગ્નની પરિણતિ રૂપે ચાર સંતાનોના - ત્રણ પુત્રો અને એક પુત્રીનાં - શાંતાબહેન માતા બન્યાં. હરેક પગલે તેમણે પતિને સંપૂર્ણ સહકાર આપ્યો. તેમના લગ્નજીવનની સુવર્ણજયંતી ઊજવવાનો તેમણે વિચાર કર્યો. તેમનો પુત્ર પરિવારસહ વિદેશથી આ પ્રસંગે તા. ૧૫-૧૨-૯૬ના રોજ ભારત આવવાનો હતો તેથી ઉજવણી ૧૫મી તારીખે રાખવાનું નક્કી કર્યું. માતાને પુત્ર પરિવારને મળવાની હોંશથી માતાનું હૈયું છલકાઈ ગયું હતું. આ સુવર્ણજયંતી ઊજવતાં પહેલાં તા. ૧૨-૧૨-૯૬ની રાત્રે પતિપત્નીએ જીવનસફરનાં સંસ્મરણો યાદ કર્યા અને સંકલ્પ કર્યો કે બન્નેની પી.પી.એફ. અકાઉન્ટની બધી રકમ મુદત પાકતાં એક અથવા બીજાની ઇચ્છા મુજબ ગુણવત્તાના ધોરણે માનવતાની પ્રવૃત્તિઓમાં અને તેના વિકાસાર્થે વાપરવી. આમ, ૧૨-૧૨-૯૬ના રોજ સંકલ્પ કર્યા બાદ ત્રણ દિવસે એટલે કે ૧૫-૧૨-૯૬ના રોજ શાંતાબહેન ભારે હૃદયરોગના હુમલાથી મૃત્યુ પામ્યાં. આ તે કેવી વિધિની વિચિત્રતા હતી! શાંતાબહેન પરલોક સીધાવ્યાં પણ આલોક તો જરૂર ઉજ્જ્વળ કરતાં ગયાં. પુત્ર- પરિવારને મળવાની ઇચ્છા પૂર્ણ ના થઈ શકી. તેમનું જીવન ઘડવામાં વી.પી.નો અમૂલ્ય ફાળો હતો. નક્કી કર્યા મુજબ, શાંતાબહેનનાં ચક્ષુદાન અને દેહદાન કરવામાં આવ્યાં. તેમણે સૂચવેલ સંસ્થાઓ માટે પી.પી.એફ. અકાઉન્ટની લગભગ આઠેક લાખ રૂપિયાની પાકતી રકમનો પત્નીની ઇચ્છા મુજબ સદુપયોગ કર્યો. સામાજિક ઋણ ચૂકવવાની આ તે કેવી અદ્ભુત વિચારસરણી! મૃત્યુ નિમિત્તે બેસણા જેવી લૌકિક ક્રિયા પણ રાખી નહોતી. શાંતાબહેન સુવાસમય જીવન જીવી ગયાં અને મૃત્યુને મંગલ બનાવતાં ગયાં. પતિની સાથે કાંટાળી કેડીએ આનંદથી ચાલ્યાં, પતિને સંપૂર્ણ સહકાર આપી માનવજીવન દીપાવ્યું. વી.પી.એ 'તારે ચરણે ધરું ધૂપ' નામની પુસ્તિકા પત્નીના સ્મરણાર્થે અર્પણ કરી જીવનસંગિનીની યોગ્ય કદર કરી છે. તેમના કુટુંબનાં બધાં સભ્યોએ મરણ બાદ નેત્રદાન કરવાનો સંકલ્પ કર્યો છે. વી.પી.એ પોતે પણ જણાવ્યું છે કે તેમના મૃત્યુ બાદ શબ પર ફૂલહાર કે સુખડના હાર ચઢાવવા નહીં. શાલ પણ ઓઢાડવી નહીં તેમજ મૃત્યુનો શોક પણ કરવો નહીં અને શોકસભા ભરવી નહીં. મૃત્યુ બાદ શબને અગ્નિદાહ દેવાને બદલે દેહદાન કરવું જેથી તબીબી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માનવદેહની રચના સમજીને શીખવા મળે અને ચક્ષુદાન દ્વારા અંધજનોને દૃષ્ટિદાન મળે. આમ, વી.પી.એ પોતાના મૃત્યુ બાદ શું કરવું તે સ્પષ્ટપણે જણાવી દીધું છે. તેમના બે દીકરા અને એક દીકરી અમેરિકા છે અને એક પુત્ર તેમની સાથે રહે છે. કુટુંબનાં સભ્યો માટે તેમણે અલગ અલગ વ્યવસ્થા કરી

છે. તેમનાં સંતાનોએ તેમનાં કાર્યોનો ક્યારેય વિરોધ કર્યો નથી, પરંતુ સંપૂર્ણ સહકાર આપ્યો છે. આ વાત આજના યુગમાં થોડી વિચિત્ર લાગે પણ મા-બાપના સંસ્કારોને વી.પી.ના પરિવારે સંપૂર્ણ રીતે પચાવ્યા છે.

તેમના જીવનની ડિક્ષનરીમાં 'અહમ્' શબ્દને ક્યાંય સ્થાન નથી. ગીતાનો ઉપદેશ 'કર્મણ્યેવાધિકારસ્તે, મા ફલેષુ કદાચન' તેમણે જીવી બતાવ્યો છે. તેમની આંતરવીણા પેલા ગીતના શબ્દો જાણે ગુંજતી હોય તેવું લાગે છે :

'અપને લીયે જીયે તો ક્યા જીયે,
એ દિલ તું જી જમાનેકે લીયે.'

આમ સ્વયંને ભૂલી જઈ અન્યને કાજે જીવી બતાવવું તે કપરું કામ છે. પરંતુ વી.પી. તો જાણે આવા પરહિત, પરસેવાના કાર્ય માટે જન્મ્યા હોય તેવું લાગ્યા વગર રહેતું નથી. તેમણે અપંગોની સુષુપ્ત શક્તિઓને બિરદાવવાનું કામ કર્યું છે. કેદીઓના જીવનમાં પણ ડોકિયું કરવાનું ભૂલ્યા નથી. જેલોના બધા કાર્યક્રમોમાં ભાગ લેવાનું તેમને ગમે છે. કોઈક કારણસર સજા ભોગવી રહેલા કેદીઓ પણ માણસ છે તેવું તેમનું માનવું છે. જેલમાં થતા કાર્યક્રમોમાં સુકાર્યો કરનારા કેદીઓને પારિતોષિક અને સંસ્કાર ઍવૉર્ડ આપ્યા છે. કિરણ બેદીની જેમ તેઓ માનવીમાં રહેલા ઉજ્જ્વલ શક્તિના પારખુ છે તેથી જ તેનામાં રહેલી શક્તિને પ્રોત્સાહિત કરવામાં રસ લે છે. કિરણ બેદીએ તિહાર જેલની કાયાપલટ આ રીતે જ કરી હતી ને? આપણા વી.પી.એ આમ જેલમાં માનવતાનું ઝરણું વહાવ્યું છે.

તા. ૨૫-૭-૯૮ના રોજ તેમના ૭૫મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે ઘણા વડીલો તરફથી 'અમૃત મહોત્સવ' ઊજવવાનો પ્રસ્તાવ મુકાયો, કારણ કે એ નિમિત્તે દેશ-પરદેશના સંબંધોને લીધે સારું એવું ફંડ એકઠું થઈ શકે. પણ વી.પી. એ વાતનો સ્વીકાર કરે તેવા ક્યાં હતા? તેઓ તો સંસ્કાર પરિવારની સમગ્ર પ્રવૃતિઓ માટે પોતાની અંગત મહેનતથી કમાયેલી મૂડીમાંથી પૈસા ખર્ચતા. અન્યની મદદની કોઈ લાલસા તેમણે રાખી જ નથી. ત્યારે યાદ આવી જાય છે નરસિંહ મહેતાની પંક્તિ 'પરધન નવ ઝાલે હાથ રે'. તેઓ પોતાના સંકલ્પનો ભંગ કરવા માગતા નહોતા. તેઓ ત્યાગીને ભોગવી જાણવાનું જ સમજ્યા છે.

પહેલાં તો જેની પાસે વિદ્યા હોય અને સરસ્વતીની કૃપા હોય તેઓ વિદ્વાન કહેવાતા અને સમાજમાં તેઓ સન્માનના અધિકારી બનતા. આપણા ઋષિમુનિઓ આ બાબતનાં જ્વલંત ઉદાહરણ છે. પરંતુ આધુનિક સમાજમાં તો માન-મોભો વિદ્યાહીનને પણ મળે છે ત્યારે વી.પી. જેવા વિદ્યાના ઉપાસક અને લક્ષ્મીના કૃપાવંત બન્ને રીતે આગવી પ્રતિભા ઉપસાવી રહ્યા છે. લક્ષ્મીનો સદુપયોગ કરી સમાજમાં તેમણે એક ઉત્તમ



વિઠ્ઠલભાઈ પટેલ સાથ પરિવાર

ઉદાહરણ પૂરું પાડ્યું છે. સંસ્કાર પરિવારને ઉજ્જ્વલ બનાવવા તેઓ હંમેશાં અડગ રહ્યા છે. ગાંધીજી પાસેથી વિચાર, વાણી અને વર્તન શીખીને જીવનમાં ઉતારી દંભરહિત ઉચ્ચ જીવન જીવી રહ્યા છે. સરદાર વલ્લભભાઈ પાસેથી મિતભાષીપણું શીખીને જીવનમાં ઉતાર્યું છે. આમ, સદ્‌ગુણોને તેમણે પૂરેપૂરા પચાવ્યા છે. પરમાત્મા પર અમાપ શ્રદ્ધા ધરાવતા આ માનવી સીધા, સાત્ત્વિક, નિરાડંબરી, નમ્ર, નિર્લોભી છે.

જ્યાં જ્યાં પ્રકાશનું કિરણ નજરે પડે ત્યાં તેઓ અચૂક પહોંચી જાય છે અને સમાજમાં એ કિરણને ખ્યાતિ આપી વધુ તેજોમય બનાવે છે. તેઓ હંમેશાં સંસ્કાર-પ્રવૃત્તિમાં ઓતપ્રોત રહી ગુજરાતની ગરિમા વધારી રહ્યા છે. આ પ્રવૃત્તિમાં ક્યાંય ધર્મ કે કોમવાદને સ્થાન નથી આપ્યું. તેમને માટે તો સત્કાર્ય જ મહત્ત્વનું રહ્યું છે. ત્રણ દાયકાથી તેઓ સદ્‌ગુણો, સત્કાર્યો અને સારસ્વતોને ખૂણે-ખાંચરેથી શોધીને સન્માની રહ્યા છે ને આ છે તેમની આગવી પ્રતિભા.

આપણે હવે તેમણે લખેલાં કેટલાંક પુસ્તકોનો પરિચય પામીએ. 'યૌવનનું પ્રભાત' નામના પુસ્તકના પ્રથમ ખંડમાં જગતભરની મહાન વિભૂતિઓનાં ૨૦૫ ઉત્તમ વિચાર-રત્નોનો સંગ્રહ છે. આમાં વિવિધ તત્ત્વચિંતકો, વિદ્વાનો, સાહિત્યકારો અને રાજકારણીઓના વિવિધ વિષયક બોધપ્રદ અને ચિંતનાત્મક વિચારો સમાયેલા છે. આ વિચારરત્નોની એક અલગ પુસ્તિકા પણ બહાર પાડી છે. આ પુસ્તિકા વાંચવા જેવી છે. આમાં સંગ્રહાયેલાં વિચાર-રત્નોમાંથી થોડાંક આપણે જોઈએ જેથી ખયાલ આવે કે નાની ઉંમરથી તેમણે ઉત્તમ પુસ્તકોનું વાચન કર્યું હશે. દા.ત. 'સંપત્તિ મગજને પુષ્ટિ આપે છે અને વિપત્તિ તેને મજબૂત કરે છે.' (હેઝલિટ), 'સરળતા કરતાં બીજું કોઈ જ મહાન નથી. ખરેખર સરળ બનવું એમાં જ સાચી મહત્તા સમાયેલી છે' (ઈમર્સન), 'સફળતા પ્રાપ્ત કરાવી આપનાર મુખ્ય ત્રણ તત્ત્વો છે : શ્રમ, ધૈર્ય અને ખંત.

તેમાં સૌથી મોટું તત્ત્વ ખંત છે.' (જોન રસ્કિન). આવાં તો કેટલાંયે વિચાર-રત્નો આ પુસ્તકમાં સચવાયેલાં છે. બીજા ખંડમાં ૧૯૪૨થી ૧૯૪૮ના ગાળામાં લખાયેલી નોંધપોથી છે, જેના અંતમાં ગાંધીજીને વિશ્વવિખ્યાત વ્યક્તિઓએ આપેલી અંજલી તથા લેખકે લખેલા કેટલાક નિબંધોનો સમાવેશ થાય છે. તૃતીય ખંડમાં આ વર્ષો દરમિયાન વિખ્યાત વ્યક્તિઓના તેમને મળેલા પત્રોનું સંકલન કર્યું છે. તેમનું બીજું પુસ્તક છે 'અંતરની વાત', જેમાં વી.પી.નું વિચારદર્શન તથા જીવન વિશેના ચિંતનલક્ષી લેખો છે. આ પુસ્તક સરળ ભાષામાં લખાયેલું છે. 'તારે ચરણે ધરું ધૂપ દેહના' એ પત્નીને શ્રદ્ધાંજલિ રૂપે લખેલી પુસ્તિકા છે, જે શાંતાબહેનની સુવાસથી ભરપૂર છે. શાંતાબહેન સાચા અર્થમાં સહધર્મચારિણી બની સુવાસ પ્રસરાવી સ્વર્ગે સીધાવ્યાં તેની પ્રતીતિ આ પુસ્તિકામાં પ્રકટ થાય છે અને છેલ્લે, 'અંતરને અજવાળે' પુસ્તકમાં વી.પી.નાં જીવન અને પ્રવૃત્તિનો પરિચય પામી શકાય છે.

આમ, તેઓ પોતાની વિચારસરણી પ્રમાણે જીવન જીવી રહ્યા છે. સદ્‌વિચારો, સદાચાર, વિશુદ્ધ વાણી, ઓછી જરૂરિયાત, સેવાના પ્રદર્શનથી દૂર રહી ફરજ સમજી સેવા કરનાર, ઉત્તમ ગ્રંથોનું વાચન કરનાર, આચાર, વિચાર અને વાણી ત્રણેની એકાત્મતા સાધનાર, મંદિરમાં પ્રભુને શોધવા કરતાં આત્મામાં રહેલા પ્રભુને ઓળખી લક્ષ્મીનો સદુપયોગ કરનાર, મિતભાષી, નિરાડંબરી વી.પી.એ ગુજરાતનું નામ ઉજ્જ્વલ કર્યું છે. તેમને માટે અંતમાં આ એક પંક્તિ લખવી યોગ્ય લાગે છે. 'જલી જાતી છોને જીવન ધૂપસળી, મહેકતી મહેકતી આ.' ❐

લઘુકથા

સહજ

રમેશ ત્રિવેદી

'શક્તિ કૉટન ઈન્ડસ્ટ્રી'ની ઑફિસની બારી આગળ ઊભો હોઉં ત્યારે જિનિંગ અને પ્રેસિંગના ઑટોમેટિક મશિનો વચ્ચે કામ કરતાં માણસો, વિશાળા કમ્પાઉન્ડમાં શેડ્ઝ, કાલાં-કપાસના ઢગલા, ગોડાઉનની અંદર-બહાર પડેલી રૂની ગાંસડિયો, આવતી-જતી ટ્રકો, લીમડો, લીમડાની ઘટાદાર છાયાની ટાઢકની જેમ નજરને બધું ગમ્યા કરે, પણ ઓણ સાલનું વરસ એવું કાઠું છે કે–

ઑફિસનું બારણું ખૂલ્યું. હાથમાં ફાઈલ લઈને યોગેશ પ્રવેશ્યો. એનું ઊતરી ગયેલું મોં જોતાં જ વહેમ તો ગયો કે આ વરસના સરવૈયામાં કસના નામે સાવ મીંડુ...

આવતાંની સાથે યોગેશ ખુરશી પર બેસી પડ્યો. એને જાણીજોઈને થોડીક વાર એમ ચૂપચાપ બેસવા દીધો, ને પછી ધીમેથી પૂછ્યું : 'કેમ નુકસાન બહુ મોટું છે?'

એણે હકારમાં માથું હલાવી, ઉદાસ નજરે તાક્યા કર્યું. ખાસ્સી વારે એ ડૂમાતા સાદે બોલી શક્યો : 'બાપુજી, ડેફિસિટ. કરોડો ઉપર...'

ઘડીક તો હાથપગ પાણી પાણી થઈ ગયા હોય તેમ લાગ્યું. એ.સી. ચાલુ હોવા છતાં પરસેવો... પણ તરત સ્વસ્થ થઈને કહ્યું : 'જો કે આ વરસે તો ભાઈ બધે જ મંદીની હવા... પણ શું થઈ ગયું એમાં!... જો, ગામડેથી અહીં આવ્યા ત્યારે શું હતું આપણી પાસે?... એ,... હજુ તો બાપ-દાદાનું ઘર, ને બે વીઘા ભોંય તો છે, હોં!...'

યોગેશ સામે જોયું. મારા શબ્દોની અસર થઈ હોય તેમ એનો માંદલો લાગતો ચહેરો હસ્યો ને આંખોમાં ય થોડીક ચમક કદાચ... યોગેશ થોડીક વાર ચૂપચાપ બેસીને ગયો.

મનમાં થયું : છોકરો હૈયાટી જાય એટલો મોટો ખાડો પડ્યો છે. એમાંથી એકદમ બહાર નીકળવું એ રાંડીરાંડના ખેલ નથી, પણ થાયે ય શું હવે?... આગળ આગળ જોયું જશે... ફરી ઑફિસનું બારણું ખૂલ્યું.

ગામના બેચાર આગેવાનોને પ્રવેશેલા જોયા કે ધ્રાસ્કો પડ્યા જેવું લાગ્યું. નક્કી ઉઘરાણું કરવા જ... દુકાળમાં અધિક માસ કે'છે તે આનું નામ!... 'આવો, પધારો!...' મોં હસતું રાખી સૌને આવકાર આપ્યો, થોડીક વાર પછી ચા-પાણીનું ય પૂછ્યું, પણ એ લોકોએ એની તરત ના કહી અને કઈ રીતે વાત મૂકવી એની મૂંઝવણમાં મુકાઈ ગયા હોય તેમ એકબીજાં સામે જોઈ રહ્યા હોય તેમ લાગ્યું. એટલે સામે ચાલીને જ પૂછ્યું : 'પાંજરાપોળનું કેવું ચાલે છે?...'

'શેઠ... દુકાળ બહુ કારમો છે હોં... મૂંગાં ઢોર ટપોટપ મરે છે ને બીજી બાજુ ઢોરવાડો ય નાનો પડતો જાય એટલાં રોજેરોજનાં ઢોર આવશે.' આવેલા માણસો બોલી રહ્યા હતા... ને એ જ ક્ષણે મારી નજર જાણે સૂનકારને ભેદતી... લંબાતી... જતી હતી—ગામ... ઘર... ઓસરી... ઓસરીમાં બેસી કાલાં ફોલી રહેલો ફાટી-તૂટી ચડ્ડીવાળો છોકરો... ધુમાડિયાથી ગોટમોટ રાંધણિયામાં રોટલા ટીપતી દમિયલ માની ખાંસી, આંગણે પડેલી ઢોલડી પર લમણે હાથ દઈ બેઠેલા સાવ ચાડિયા જેવા લાગતા બાપુ... અને...

'શેઠ, મોટી આશા લઈને... શ્રી ગણેશ તમારાથી જ...' તૂટક તૂટક શબ્દો બોલાતા જતા હતા, ને અચાનક જ કૉલબેલ તરફ હાથ પહોંચી ગયો! ને પછી ક્યારે બેલ વાગ્યો, ને ક્યારે મુનીમ હાજર થઈ ગયો, એનું ભાન જ ન રહ્યું, જાણે પાધરું બોલાઈ ગયું : 'મુનીમજી, યોગેશને કહીને લાખ રૂપિયાનો ચેક...' શબ્દો કાને પડ્યા ને મુનીમ તો ઘડીક સ્તબ્ધ-પૂતળું બની ગયો, ટીપ કરવા આવેલા માણસોની જેમ સ્તો!... ❐

વારસો

મૂળ મરાઠી લેખિકા:શીલા ભંડારી/અનુ.: પૂર્ણિમા કાનડે

રોજની જેમ આજે સવારે પણ ટીવી ઉપર સમાચાર ચાલુ હતા. છેલ્લે હવામાનના સમાચાર સાંભળીને શરદરાવે કોટ પહેર્યો અને ટેવ પ્રમાણે ડાઇનિંગ ટેબલ પાસે આવ્યા. ટેબલ ઉપર પ્લેટમાં બે ટોસ્ટ, બાજુમાં ચાનો કપ અને એક કેળું એમના નાસ્તા માટે મૂકેલું હતું. એમણે ખુરશી નજીક ખેંચી અને બેસતાં બેસતાં ઉતાવળે ચા પીવા માંડી.

સુનંદાબહેન રસોડાના કાઉન્ટર ઉપર રોટલી ઍલ્યુમિનિયમ ફોઈલમાં વીંટી, ડબ્બામાં શાક ભરી રહ્યાં હતાં.

ઉદાસપણે શરદરાવ હસ્યા અને બોલ્યા :

'ચાલો... હવે બે અઠવાડિયાં પછી આ રીતે ઘડિયાળના કાંટે ઊઠીને દોડાદોડ નહીં કરવી પડે. આપણે આપણા રાજા. તું પણ પછી તો મોડી ઊઠીશ તો ચાલશે. પાંચ વાગ્યાનું અલાર્મ તારે નહીં મૂકવું પડે.'

સુનંદાબહેને જાણીજોઈને એમની આ વાત સાંભળી ન સાંભળી કરી. શરદરાવનો હાથ ચાનો કપ પકડતાં થોડો કંપે છે એ તરફ સુનંદાબહેનનું ધ્યાન ગયું. જ્યારે જ્યારે શરદરાવનું મન અસ્વસ્થ થાય છે ત્યારે ત્યારે એમનું અંગ કંપે છે એ સુનંદાબહેનને ખબર હતી. શરદરાવના હાથમાંથી ખાલી થયેલો ચાનો કપ લઈને, સાથે લઈ જવાનો લંચનો ડબો ટેબલ ઉપર મૂક્યો.

'તમે આગળનાં બે અઠવાડિયાંની ચિંતા અત્યારથી શું કામ કરો છો? આજની અત્યારની ઘડી આપણી છે એમ સમજીને ચાલવું જોઈએ. કાલનું કાલે જોયું જશે.' આ બધું બોલતાં સુનંદાબહેન શરદરાવની સામે જોવાનું ટાળતાં હતાં, કારણ એમને ખબર હતી કે એમ કરતાં પોતે જ હિંમત હારી જશે અને પોતે જ પોતાનાં આંસુ ખાળી નહીં શકે.

શરદરાવે ઘડિયાળ સામે જોયું. સાડા છ વાગ્યા હતા. એમણે મોજાં પહેર્યાં. મોજાં અંગુઠા પાસે થોડાં ફાટી ગયાં હતાં. પણ કંઈ નહીં. ઑફિસમાં બૂટની અંદર કોણ જોવાનું છે? એમણે બૂટ પહેરવા માંડ્યા. બૂટની એડી પણ ઘસાઈને ફાટવાની તૈયારીમાં હતી. ચાલો... બે અઠવાડિયાં નીકળી જશે.

શરદરાવ લંચબૅગ લઈને બહાર નીકળી ગયા. થોડે પહોંચ્યા ને તરત પાછા આવ્યા અને બારણું ખટખટાવ્યું.

'કહું છું... મારો રૂમાલ રહી ગયો.' અમેરિકામાં તો પેપર નૅપકિન્સ ઠેર ઠેર હોય છે. તો પણ સુનંદાબહેન પાસેથી ખિસ્સામાં રૂમાલ લેવાની શરદરાવની વર્ષોજૂની આદત હતી.

સુનંદાબહેને તરત બારણું ખોલ્યું.

'બળ્યું... હું ય ભૂલી ગઈ.' તે તરત દોડીને બેડરૂમમાંથી રૂમાલ લઈ આવ્યાં. શરદરાવને આ રીતે રૂમાલ આપવાની એમની આ રૂઢિ પાંત્રીસ-સાડત્રીસ વર્ષથી ચાલી આવતી હતી.

'પહેલાં તું આવું બધું તૈયાર રાખતી હતી!' હસતાં હસતાં શરદરાવે રૂમાલ લીધો. 'હવે ભૂલવા માંડી છે. હું ઘરડો થતો જાઉં છું તો તુ કાંઈ થોડી જુવાન રહેવાની છે! એમાંય પાછી આ પાછલી ઉમ્મરે તારે માથે કેટલી વેઠ આવી પડી છે! અમીત અને લીનાના બ્રેકફાસ્ટથી માંડીને રસોઈ, ઘરની બધી સફાઈ... આ બધું તારે જ કરવું પડે છે!' દર્દભર્યા અવાજે આટલું બોલીને એ પાછા ઘરની બહાર નીકળ્યા.

'જરા ઉતાવળે પગ ઉપાડજો નહીંતર બસ ચૂકી જશો. આજ સુધી કોઈ દિવસ મોડા પડ્યા નથી તો હવે બે અઠવાડિયાં માટે શું કામ...' સુનંદાબહેનના જવાબમાં પીઠ ફેરવ્યા સિવાય શરદરાવે માત્ર હાથ ઊંચો કરી હલાવ્યો. સુનંદાબહેન એમની પીઠ પાછળ જોતાં રહ્યાં. શરદરાવની ચાલ પણ હવે ધીમી પડી ગઈ હતી એનો સુનંદાબહેનને ખયાલ આવ્યો. ઢીલા હૈયે બારણું બંધ કરી અંદર આવ્યાં.

અમેરિકા આવ્યાં પછી બહુ મહેનતને અંતે શરદરાવને એક ઇન્સ્યોરન્સ કંપનીમાં નોકરી મળી હતી. અને હવે ત્યાંથી પણ એમને 'લે-ઑફ'ની નોટિસ મળી હતી. બે અઠવાડિયાંમાં એમની આ નોકરી જતી રહેવાની હતી.

અધૂરામાં પૂરું ગઈ કાલે સવારે નાસ્તો કરતી વખતે અમીતે સુનંદાબહેનને એક જબરો ઘા તો માર્યો જ હતો. નાસ્તો કરતાં કરતાં અમીત અને લીના અંદરોઅંદર એકબીજાંને કાંઈક ઈશારા કરતાં હોય એવું સુનંદાબહેનને લાગેલું. શું હશે એ એમને સમજાતું નહોતું. અંતે અમીતે ધડાકો કરેલો.

'મમ્મી, આવતી પહેલી તારીખથી હું અને લીના જુદા અપાર્ટમેન્ટમાં રહેવા જવાનાં છીએ. હવે અઠવાડિયું બાકી છે. અહીં બેડરૂમ ઓછા પડે છે.'

ક્ષણભર માટે સુનંદાબહેનના પગ નીચેથી જાણે ધરતી ખસવા માંડી હોય એવું લાગેલું. એમને પોતાના કાન ઉપર વિશ્વાસ બેસતો નહોતો. 'આ ભાસ તો નથી ને' એવું એમને થવા લાગ્યું. આ નિર્ણય લેતાં પહેલાં આ લોકોએ એમનાં ઘરડાં જન્મદાતાને પૂછવું પણ ના જોઈએ! અમારી કોઈ કિમ્મત જ નહીં!

સુનંદાબહેને પોતાનો ડૂમો રોકીને મૌન જાળવી રાખેલું. ભારત પાછા જવાની પણ શક્યતા ગુમાવી દીધી હતી. જઈને રહેવું ક્યાં! હવે તો જે પરિસ્થિતિ આવી પડી છે એની સામે ટક્કર લેવી જ રહી.

અમીતના જુદા રહેવા જવાની વાત સુનંદાબહેને

શરદરાવને કરી જ નહીં. એમની ચિંતામાં પાછો વધારે ભડકો થાય. આ બધું શું બની રહ્યું છે? કેમ બની રહ્યું છે? એ બિચારા મૂંઝાઈ ગયા હતા. ગઈ કાલનો એ દિવસ અને રાત એમણે જેમ તેમ પસાર કરેલાં.

આજે અત્યારે શરદરાવને વિદાય આપીને એ પાછાં રસોડામાં આવ્યાં. અમીત અને લીનાના નાસ્તાની તૈયારી કરવા લાગ્યાં. એટલામાં અમીત અને લીના તૈયાર થઈને બેડરૂમમાંથી બહાર આવ્યાં. સુનંદાબહેને એમનો ગરમ ગરમ નાસ્તો અને કૉફી તૈયાર જ રાખ્યાં હતાં. રેસ્ટોરાંમાં જમતા હોય એમ નાસ્તો કરીને, પ્લેટો પણ ત્યાં ને ત્યાં જ રહેવા દઈને, એ બંને જણાં પણ કામે જવા નીકળી ગયાં.

હવે સુનંદાબહેન એકલાં પડ્યાં. એમણે બધાં વાસણો સાફ કરી નાખ્યાં. રસોડાનું પ્લૅટફૉર્મ લૂછી નાખ્યું. મરીમસાલાના ડબ્બા-ડૂબ્બી પાછા કૅબિનેટમાં ગોઠવી દીધાં. સાડલાના છેડે હાથ કોરા કરતાં એ બબડ્યાં : 'આ બધાનું કરવામાં બિચારા ભગવાનની સેવા કરવાનું રહી જાય છે.' જલદી નાહીને હવે દીવો-અગરબત્તી કરવા માટે એ બાથરૂમ તરફ વળ્યાં. નાહીપરવારીને એ પૂજાપાઠમાં બેઠાં. રોજના એમના શ્લોક બોલવા શરૂ કર્યા. પણ આજે પૂજાપાઠમાં એમનું ધ્યાન ચોંટતું નહોતું. એમનું મન ચકરાવે ચઢી જતું...

'બે અઠવાડિયાં પછી એમની નોકરી જતી રહેશે. એક આવક બંધ થશે. અમીત જુદો રહેવા ચાલ્યો જશે. પછી શું? આ અપાર્ટમેન્ટનું ભાડું કેવી રીતે ભરાશે? નાની બચત છે એ તો ચાર-પાંચ મહિનાના ભાડામાં જ હડપ થઈ જશે. પછી શું? ચાનું દૂધ કેવી રીતે લાવીશું? પેટમાં નાખવા રોટલાનો લોટ કેવી રીતે લાવીશું? રસ્તા ઉપર રહેવાનો વારો આવશે?! શું થશે? કેવા ઓશિયાળા દિવસો આવી પડ્યા છે!'

અમીત મદદ કરશે ખરો? આમેય વહુના નાકનું ટેરવું તો ઊંચું રહે જ છે. હવે એમનાં મોજાં કે એવી કોઈ નાની-મોટી વસ્તુ માટે વહુ-દીકરા પાસે અમારે હાથ લાંબો તો નહીં કરવો પડેને? અરે ભગવાન... હવે આ ઉમ્મરે એમને ફરી ક્યાં નોકરી મળવાની હતી! નવી નોકરીઓ માટે તો 'યુવાન' લોકોને જ શોધતા હોય છે. એમને તો ડ્રાઈવિંગ પણ બહુ ફાવતું નથી. એટલે તો બિચારા રોજ બસના હડદોલા આ ઉમ્મરે ખાય છે. આ ઘડપણ અને તે પણ ગરીબીવાળું તો એક શાપરૂપ જ હોય છે. ભારતમાંનો પોતાનો ફ્લૅટ અમીતને અમેરિકા મોકલવા વેચી નાખ્યો... ઉપરથી નિવૃત્ત થઈને પોતે પણ અમેરિકા આવી પડ્યા... આ બધી કેવી ભૂલો કરી નાખી! બધો ભૂતકાળ સુનંદાબહેનની નજર આગળ ફિલ્મની પટ્ટી માફક તરવરવા લાગ્યો.

એકના એક દીકરા અમીત માટે આ બધું કર્યું. અમીત પાછો પરણ્યો પણ પોતાની પસંદગીથી આ લીનાને. લીના અહીં અમેરિકામાં જ ઊછરેલી છોકરી છે. એને ઇન્ડિયા સાથે કાંઈ ખાસ લેવાદેવા નથી. એનાં મા-બાપ સાથે એકાદ-બે વખત ત્યાં ફરી આવી છે એટલું જ. હવે અમીત તો અહીં જ રહેવાનો. કેવાં ભરાઈ પડ્યાં જેવી કરુણ દશા થઈ છે!

કરકસર કરીને પૈસે પૈસૌ બચાવીને અમે અમારો સંસાર કેવો પૂરો કર્યો! એમાંથી અમે અમારો ફ્લૅટ બાંધી શક્યાં. પણ આ અમીત કરકસરમાં કાંઈ સમજતો જ નથી. સંસારની જવાબદારી ઉપાડવામાં સમજ્યો જ નથી. અને 'આ' પણ એને કશું કહેતા નથી. અમીત તો બસ લીનાની આંગળીએ જ નાચે છે. અમે પણ આ લીનાને કેટલાં લાડ-પ્રેમ કરીએ છીએ! પણ એને એની કાંઈ કદર જ નથી.

લગ્ન કરીને લીના આ અપાર્ટમેન્ટમાં આવી ત્યારે અવાર-નવાર એને માટે નાની-મોટી વસ્તુઓ અમે કેટલા પ્રેમથી લાવતાં! ક્યારેક કોઈ સાડી કે પંજાબી પણ અમારા ટૂંકા પગારમાંથી એને માટે ખરીદી એને 'સરપ્રાઈઝ' આપતાં. અમારી આ લાગણીનો પડઘો એણે કદી પાડ્યો નથી. એ તો ઊલટાની એનો આખો પગાર, અમને પૂછ્યા સિવાય, સીધો બૅન્કમાં જ મૂકી આવતી. અમે જૂનાં સંસ્કારવાળાં છીએ એટલે હોય કે પછી અમને અમેરિકન સ્વતંત્રતા સમજાતી ન હોય એટલે હોય... પણ અમને લીનાના આ વર્તનથી દુ:ખ થતું જ હતું. અમને પણ કાંઈક 'હોંશ' જેવું તો હોય જ ને! ઘરમાં સાથે રહેતાં હોઈએ તો પોતે બજારમાંથી કોઈ ખૂટતી ચીજવસ્તુ એ ખરીદતી આવે તો કેવું સારું લાગે! પણ ઘરમાં ચીજવસ્તુની જરૂર હોય એ એને દેખાતું જ નહીં હોય! ક્યાંથી દેખાય? 'પોતાનું ઘર' છે એમ માની એ રહેતી જ નથી. સારું ભણેલી અને કમાતી વહુ માટેનાં અમારાં બધાં સપનાં તો બળીને ખાખ થઈ ગયાં છે. આ બંને જણાં હોટેલમાં રહેતાં હોય એમ આ ઘરમાં રહે છે. હું આ હોટેલની ફુલ-ટાઈમ મેડ અને ફુલ ટાઈમ કુક છું.

હું તો સામાન્ય સ્ત્રી છું. બહુ ભણી નથી. જેમ તેમ મૅટ્રિક પાસ કરી. પછી લગન થઈ ગયાં. આખો જન્મારો રાંધો, પીરસો અને વાસણો સાફ કરો... એમાં જ ગયો. ઘાણીના બળદની જેમ ભવિષ્યનો સહેજે વિચાર કર્યો જ નહીં. પણ હવે રોદણાં રડે શું ફાયદો!

પૂજા કરતાં કરતાં એમનું ધ્યાન ગયું કે પોતે શ્લોકની એકની એક લીટી બબડ્યાં કરે છે. વચમાં વચમાં લીટીઓ ભૂલી પણ જાય છે. એમણે જેમતેમ પૂજા પતાવી, અને કામે લાગવાની તૈયાર કરતાં હતાં ત્યાં ડૉર-બેલ વાગ્યો.

હં...! કોણ આવ્યું હશે? એ ઊભાં થયાં. બારીનો પડદો સહેજ ઊંચો કરી એમણે જોયું. સામેના અપાર્ટમેન્ટવાળી કલ્પના

એની બે વર્ષની બેબીને લઈને ઊભી હતી. સુનંદાબહેને બારણું ખોલ્યું અને કલ્પનાને હસીને આવકારી. કલ્પના પણ હસી.

'માશી, આ મારી નેહાને આજનો દિવસ રાખશો? મારી બેબી-સીટર અચાનક માંદી પડી ગઈ છે અને મારે કામે ગયાં વગર છૂટકો નથી. રજા મળે એમ નથી... પ્લીઝ... તમારો બહુ ઉપકાર થશે.'

એક જ અપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં રહેતાં હોવાથી સુનંદાબહેન અને કલ્પનાનો અવારનવાર ભેટો થઈ જ જતો. ક્યારેક લૉન્ડ્રી રૂમમાં તો ક્યારેક ટપાલપેટી પાસે એમ મળી જતાં. ઔપચારિક ઓળખાણ હતી. નેહા પણ ઢીંગલી જેવી છોકરી હતી. 'નમસ્તે', 'હાય', 'બાયબાય' જેવા શબ્દો એ બહુ કાલી કાલી મીઠાશથી બોલતી.

સુનંદાબહેન થોડી વાર માટે નેહાને જોઈ રહ્યાં. એ કલ્પનાને 'ના' પાડી શક્યાં નહીં.

'સારું... ચિંતા ના કરીશ... હું રાખીશ.'

કલ્પનાએ સુનંદાબહેનનો ખૂબ આભાર માન્યો. નેહાનાં થોડાં રમકડાં, દૂધ, એનું ખાવાનું અને ચિત્રોની થોડી ચોપડીઓ મૂકતાં ફરી એણે એમનો એક વાર આભાર માન્યો અને ખુશ થતી કામે નીકળી ગઈ.

સુનંદાબહેને નેહાને અંદર લીધી. આમેય સુનંદાબહેનને બાળકો તો બહુ જ ગમતાં. નાનાં હતાં ત્યારે એમનાં બા હંમેશાં કહેતાં કે, 'આ સુનીને છોકરાં એટલાં ગમે છે કે મૂઈ આડોશ-પાડોશનાં બધાં ગંદાં-ગોબરાં છોકરાંને પણ તેડીતેડીને રમાડ્યાં કરે છે.'

આજે આ નેહાની તો વાત જ જુદી હતી. નેહા બોલકણી અને ઢીંગલી જેવી, મોટી મોટી ગોળ ગોળ આંખો, લાલ ઘૂમ સફરજન જેવા ગાલ, એ ગાલ વચ્ચે દબાએલું ચીબકલું નાક, કાળા ભમ્મર વાળ, લાલ લાલ હોઠ... સુનંદાબહેને તરત એને ઉઠાવીને છાતીએ લગાવી અને બે-ત્રણ ચુંબનો લઈ લીધાં. એની હાજરીથી એમની સવારની ચિંતા એમને ઓગળતી લાગી. મન હલકું થવા માંડ્યું. શરદરાવ, અમીત કે લીના કોઈ સાંજના પાંચ પહેલાં આવવાનું હતું જ નહીં. એ એને રસોડામાં લઈ ગયાં. પ્રસાદનો થોડો શીરો હતો એ એને પોતાના હાથે ખવરાવવા લાગ્યાં.

બપોરે લંચ ટાઈમે એમણે નેહાને લંચ ટેબલ ઉપર બેસાડી એને ખવરાવવાનું શરૂ કર્યું. નેહા ખાવા માટે આનાકાની કરે તો ભૂ...ભૂ...તી...તી... જેવી ભુલભુલામણી કરીને એના મોઢામાં કોળિયો સરકાવી દેતાં. સુનંદાબહેનનું મન પચ્ચીસ-સત્તાવીસ વર્ષ પહેલાંનું જુવાન થઈ ગયું. અમીતનું બાળપણ યાદ આવી ગયું.

જમાડી લીધા પછી નેહાને બાથરૂમમાં લઈ જઈને એનાં હાથ-મોં બરાબર સાફ કર્યાં. પછી બંને જણાં પથારીમાં જઈને બેઠાં. સુનંદાબહેને 'ચાંદામામા પોળી... ઘીમાં ઝબોળી...' જેવાં ગીતોથી નેહાનું મનોરંજન શરૂ કર્યું. રમતાં-ગાતાં એમણે નેહાને ધીમે રહીને ઊંઘાડી દીધી. સુનંદાબહેનનું વાત્સલ્ય પાછું ખીલી ઊઠ્યું હતું. સાડા ચાર ક્યાં વાગી ગયા એ ખબરે ય ના પડી.

કલ્પના નેહાને લેવા આવી. નેહા ખૂબ ખુશ હતી.

'માશી, આણે તમને પજવીને ત્રાસ તો નથી આપ્યો ને?'

'અરે... હોય... આ તો મારી બહુ મીઠી... ડાહી દીકરી છે.' સુનંદાબહેને નેહાને ગાલે ચીમટો ભર્યો.

'માશી, આ લો... તમે ખરે ટાઈમે મને મદદરૂપ થયાં છો.. તમે નેહાને સંભાળી તો હું કામે જઈ શકી.' કલ્પનાએ વીસ ડૉલરની નોટ ડાયનિંગ ટેબલ ઉપર મૂકી. સુનંદાબહેન ના પાડતાં રહ્યાં પણ નેહા માની નહીં. નોટ મૂકીને એ નેહાને લઈને નીકળી ગઈ.

સુનંદાબહેન થોડી વાર એ નોટ તરફ જોતાં રહ્યાં. આનંદ અને આશ્ચર્યથી એમનો ચહેરો ખીલી ઊઠ્યો. આ એમની પહેલી કમાઈ!! નોટ ઉપાડીને એ ભગવાનનાં ચરણોમાં ખૂબ ભાવથી મૂકી આવ્યાં.

બીજા દિવસે નેહાને લઈને કલ્પના પાછી આવી. આજે પણ એની બેબી સીટર આવી નહોતી. ઉપરાંત ગઈકાલે નેહા ખૂબ ખુશ હતી એ કલ્પનાએ જોયું હતું.

'માશી, આજે પણ નેહાને...'

'હા... તું તારે જા... ચિંતા ના કરીશ...' સુનંદાબહેને નેહાને તેડી લીધી. એમનું મન પાછું પ્રફુલ્લિત થઈ ગયું.

સુનંદાબહેનના મગજમાં એક વિચાર ચમકી ગયો.... આર્થિક ભીંસ ઓછી કરવા આ બેબી સિટિંગનું કામ કર્યું હોય તો શું ખોટું! એમણે હિસાબ માંડ્યો... રોજ પાંચ છોકરાં આવે તો સો ડૉલર થાય... મહિનાના કેટલા? આંકડા જોઈને એ ઉત્તેજિત થઈ ગયાં. 'એમની' નોકરી જાય તો પણ શું! 'એમને' નોકરી કરવાની જરૂર પણ નહીં. કલ્પના પોતે જ બીજાં બે-ત્રણ છોકરાં લાવી આપશે. હું જો આ નાનાં બાળકોને રાખું તો આ જુવાન માતાઓને વિશ્વાસ અને નિરાંત રહેશે. મારું મન પણ ખુશ રહેશે. પાંચ પૈસા આવશે તો કોઈના ઉપર આધાર નહીં રાખવો પડે. આ માનસિક ત્રાસ પણ ઓછો થશે. સુનંદાબહેન ખુશખુશાલ બની ગયાં.

સાંજે શરદરાવ આવ્યા. એમના મોં ઉપરની ઉદાસીનતા જોઈને સુનંદાબહેન કાંઈ બોલ્યાં નહીં. એમણે એમની રોજની ચા બનાવી અને કપ શરદરાવના હાથમાં મૂક્યો. પછી ધીમે રહી બોલ્યાં :

'સાંભળો છો...? મેં તમને પૂછ્યા વગર એક વાત કરી છે. અમીત અને લીના આવે તે પહેલાં તમને કહી દઉં.'

'શું કરી બેઠી છું? કોઈ નવી આફત તો નથી વ્હોરીને? લીનાવહુ સાથે કોઈ બોલાબોલી કરી છે? અમીતે ફરી તારું અપમાન કર્યું છે?'

'તમેય ખરા છો! કલ્પનાઓ કર્યે રાખો છો... એમાંનું કાંઈ નથી બન્યું.'

'તો શું છે?'?

સુનંદાબહેને ધીમે રહીને ચાલીસ ડૉલર શરદરાવના હાથમાં મૂક્યા.

'લ્યો... જુઓ આ...'

'આ પૈસા ક્યાંથી લાવી?'

'કહું છું... મેં એક નવો વિચાર કર્યો છે. તમને ગમે તો બહુ સરસ થશે. તમને ના ગમે તો પડતો મૂકીશ.'

સુનંદાબહેન બાજુની ખુરશીમાં બેઠાં અને બાજુવાળી નેહાની બેબી સિટિંગમાંથી કેવી રીતે પૈસા મળ્યા અને પોતે હવે બેબી સિટિંગનું આગળ કેવી રીતે, શું કરવા માગે છે એ બધું શરદરાવને આંકડા સાથે સમજાવ્યું. થોડી ક્ષણો માટે શરદરાવનો પુરુષ-અહમ્ ઘવાયો. પાછલી ઉમ્મરમાં પોતાની પત્નીને કામ કરવું પડશે એ જાણીને થોડી નિરાશા પણ થઈ.

શરદરાવની આંખોના ખૂણા ભીના થઈ ગયા.

'હું હવે તારું ભરણ-પોષણ કરી શકું એમ નથી એટલે તારે આ ઘોડિયા-ઘર શરૂ કરવું પડે છે... ખરું ને? કુટુંબનો ભાર ઉપાડી ન શકે એ પુરુષનું જીવતર શા કામનું?'

'આવું કેમ બોલો છો? આ તો સામે ચાલીને આવી પડ્યું છે. બગાસું ખાતાં મોઢામાં પતાસું આવી પડ્યું છે. બહુ સહેલું, મનને આનંદ આપતું કામ છે. અચાનક મને સૂઝ્યું છે. હું ક્યાં બહુ ભણેલી છું? બીજું હું શું કરી શકું? વળી અમેરિકામાં કોઈ પણ કામની નાનમ થોડી છે? તેમ છતાં તમને જો ના ગમતું હોય તો હું આ વિચાર પડતો મૂકીશ.'

'ના... ના... હું તને નિરાશ કરવા નથી માગતો. મારું મન જરા આળું થઈ ગયું છે એટલે બધું બોલાઈ ગયું. પણ અમીત-લીનાને પૂછવું પડશે ને?'

'મને ફક્ત તમારી મંજૂરી જોઈએ. બીજા કોઈની મને પરવા નથી. કોઈની પાસે હાથ લાંબો કરવાનો વારો આવે નહીં, કોઈએ આપણું પેટ ભરવું પડે નહીં એનો આ ઇલાજ છે. તમે મનથી મજબૂત રહો. બસ... બાકીનું બધું હું ફોડી લઈશ. અમીત-લીનાને પૂછવાની કાંઈ જરૂર નથી. હા... બીજી એક વાત તમને કહું... એ લોકો તો બીજે રહેવા જતાં રહેવાનાં છે.'

સુનંદાબહેન જે રીતે ગણતરી કરીને એમનું આખું સોનેરી સપનું શરદરાવને સમજાવ્યું એ સાંભળીને શરદરાવ સંમત થઈ ગયા.

એક અઠવાડિયા પછી અમીત અને વહુ લીના બીજે રહેવા જતાં રહ્યાં. પેટના જણ્યાને આમ દૂર રહેવા જતો જોઈને સુનંદાબહેનનું દિલ ખૂબ ભરાઈ આવ્યું. છૂટા પડતી વખતે દીકરો-વહુ મા કે બાપને પગે લાગશે અને આશીર્વાદ માગશે એવી આદર્શવાદી આશા એ રાખતાં હતાં. પણ એવું કશું બન્યું નહીં. એક અમેરિકન મિત્રની નાની પિક-અપમાં એમનો સામાન ભરી 'બાય' કરીને અમીત ચાલ્યો ગયો. લીના તો સામાન લેવા આવી પણ નહોતી. જતા અમીતને જોઈ સુનંદાબહેન આંસુ ખાળી શક્યાં નહીં. જવા દો... બચ્ચાંને પાંખો આવી. હવે એ એમનો માળો બાંધશે. એમણે મન મનાવ્યું. વળી, જ્યાં મન જ મળતાં ન હોય ત્યાં એક ખૂંટીએ બંધાએલાં ઢોરની જેમ ખેંચાખેંચી કરવાનો અર્થ પણ શો?

જોતજોતામાં બે અઠવાડિયાં પૂરાં થઈ ગયાં. શરદરાવની નોકરી પૂરી થઈ ગઈ. કલ્પનાએ નેહાને હવે કાયમ માટે સુનંદાબહેનની દેખભાળ નીચે મૂકી દીધી હતી. પોતાને હવે બેબી સિટિંગની કેવી નિરાંત થઈ ગઈ છે એની વાતો એ પોતાના મિત્ર મંડળમાં કરવા લાગી હતી... નેહા કેવી સરસ પ્રાર્થના ગાય છે... કેવા સારા સંસ્કાર પકડી રહી છે... કેવી શિસ્તથી વર્તવા માંડી છે... ભારતીય ખોરાક કેવો આરામથી ખાય છે... આ બધી વાતો યુવાન માતાઓમાં પ્રસરવા લાગી. બે દિવસ પછી ઉમા અને નંદિની આવીને સુનંદાબહેનને એમનાં બાળકો સોંપી ગઈ. બીજા બે-ચાર દિવસોમાં કુલ છ બાળકો સુનંદાબહેન પાસે આવતાં થઈ ગયાં અને હજી આવતાં હતાં. શરદરાવ પણ હવે આ બાળ-ઉછેરમાં સુનંદાબહેનની મદદમાં રહેતાં. એમને પણ બાળકો સાથે મજા આવવા માંડી હતી. ઘરમાં બાળકોના મીઠા કલબલાટથી સમય જાણે પંખીઓનાં ઝુંડની જેમ ભરભરાટ ઊડી જતો.

'કહું છું... સાંભળો છો... આપણે હવે કોઈ ઘર ભાડે રાખીએ તો? આ છોકરાં તો ઘણાં આવવા માંડ્યાં છે. પાછળ રમવા માટે મોટી જગ્યા હોય તો એવું કાંઈક કરીએ. તમને કેમ લાગે છે?' એક સાંજે જમતાં જમતાં સુનંદાબહેને વાત કરી.

'તમે જે કહો તે... સુનંદાજી, તમારો આ આઈડિયા સુંદર છે...' શરદરાવ હસ્યા.

'મજાક છોડો... અને....'

'સામે જ એક મોટું ઘર છે. કાંઈક સાઈન પણ લગાડેલી છે. કાલે જ તપાસ કરીએ.'

સવારે શરદરાવે ફોન કર્યો અને ચાર બેડરૂમ, બે બાથરૂમવાળું ઘર ભાડે લઈ લીધું. પાછળ મોટું ઝાડ હતું. એના ઉપર શરદરાવે મજબૂત હીંચકો બાંધ્યો. સંતાકૂકડી રમવા માટે

છોકરાં માટે પ્લાઈવૂડનાં નાનાં નાનાં ઘર બાંધ્યાં. ક્રિડાંગણનાં બીજાં સાધનો વસાવ્યાં. હવે તો સરકારી વિધિ કરીને લાઈસન્સ પણ લઈ લીધું અને એક નમૂનેદાર, વીસેક બાળકોનું 'ડે-કૅર સેન્ટર' ઊભું કરી દીધું. હવે તો દાખલ થવા માટે છોકરાંઓનો ધસારો થવા માંડ્યો હતો.

સુનંદાબહેન પોતાના સેન્ટરનું વાતારવણ બને એટલું ભારતીય રાખતાં. પાંચ વાગ્યાના એલાર્મથી વહેલાં ઊઠવાની ટેવ તો એમને હતી જ. વહેલાં ઊઠીને એ બાળકો માટે પૂર્ણ ભારતીય રસોઈ બનાવી નાખતાં. બીજી બધી સફાઈને પહોંચી વળવા એક બાઈ પણ ફુલ-ટાઈમ રાખી લીધી હતી. બાળકો આવે એટલે પ્રાર્થનાથી એમનો દિવસ શરૂ થતો. પંચતંત્રની વાર્તાઓ અને બીજી સંસ્કારી વાર્તાઓ અંગ્રેજીમાં વાંચતાં. શરદરાવ તો એ વાર્તાનું પાત્ર બનીને વાર્તા નાટકની જેમ ભજવી નાખતા. છોકરાંને હસવાની મઝા આવતી... ગમ્મત સાથે જ્ઞાન મળતું... પોતાનો દીકરો અમીત નાનો હતો ત્યારે એની સાથે જેટલો સમય ગાળવા નહોતો મળતો એ બધાનો બદલો જાણે શરદરાવ હવે વાળતા હતા. છોકરાંને પીઠ ઉપર બેસાડીને 'ઘોડો ઘોડો' રમાડી એમની સાથે ધીંગા મસ્તી કરતાં કરતાં થાકતા નહીં.

સાંજે છોકરાંને લેવા આવતાં વાલીઓને અવાર-નવાર સુનંદાબહેનની હાથની બનાવેલી મીઠાઈ ચાખવા મળતી. કોઈ કોઈ વાર સુનંદાબહેન બાળકો માટે બહુ હોંશથી મીઠાઈ બનાવતાં. એમાંથી ઘરે જતી વખતે, વાલીઓના હાથમાં પોતે બનાવેલી મીઠાઈનો પેંડો અથવા મગસનું કે બરફીનું ચકતું કે કોઈ નવી મીઠાઈ ચાખવા આપતાં. બાળપણમાં સુનંદાબહેન બહુ ગરીબીમાં ઊછર્યાં હતાં. ખાંડણી-પરાઈથી મરચાં ખાંડ્યાં હતાં, ઘંટી ઉપર દળણાં દળ્યાં હતાં, અરધા રોટલે પાણી પીને ચલાવી લીધું હતું. હવે અમેરિકાની આ કમાણીની મીઠાશ એ સૌને હૈયાના ઊંડા પ્રેમથી વહેંચતાં.

આ યુવાન વાલીઓને સુનંદાબહેન બેબીસીટર નહીં પણ આપ્તજન લાગતાં. આ બંને જણાં બાળકોને નિર્વ્યાજ પ્રેમ આપતાં હતાં.

અઠવાડિયું ક્યાં નીકળી જતું એની સુનંદાબહેનને અને શરદરાવને ખબર પડતી નહીં. શનિ-રવિમાં બીજાં અનેક કામ રહેતાં.

એક ઉનાળાની સાંજે બંને જણાં સ્ટ્રીટ ઉપર, ધીમેધીમે લટાર મારતાં ચાલવા નીકળ્યાં.

'કહું છું...' સુનંદાબેન બોલ્યાં, 'આપણા સેવિંગ ખાતામાં અત્યારે કેટલા પૈસા હશે?'

'ચૌદેક હજાર તો હશે... કેમ...?'

'મને એક વિચાર આવે છે.'

'પાછો કંઈ નવો બીઝનેસ કરવાનો બ્રિલિયન્ટ આઈડિયા આવ્યો છે...?'

'ના... હવે મજાક શું કરો છો?'

'મજાક નથી કરતો. આ ડે-કૅર સેન્ટરનો તારો પ્લાન કેટલો સરસ નીકળ્યો! તેં આપણું ઘડપણ સુધારી નાખ્યું.'

'મેં એકલીએ કંઈ નથી કર્યું. તમારા વગર મારાથી કશું થાય નહીં. ગાડાનાં બે પૈડાં સરખાં ચાલે એટલે બધું બરાબર ચાલે.'

'એ બધું બરાબર ... પણ એ માટે તું અભિનંદનને પાત્ર છું.'

'બહુ સારું... ચાલો... પાણીમાં ફેંકાઈ જઈએ અને તરતાં ના આવડતું હોય એટલે આપોઆપ હાથપગ હાલવા માંડે અને કાંઈક પકડવાનું જોર આવે... આવું આ થયું છે... અને એમાંથી આપણું સેન્ટર શરૂ થઈ ગયું.'

'ઠીક... તારો બીજો આઇડિયા શો છે?'

'સેવિંગ ખાતાના પૈસાથી આપણે ડે-કૅરવાળું ઘર ખરીદી લઈએ તો! ભાડું આપવું મટે...'

શરદરાવ સુનંદાબહેન તરફ થોડી વાર તાકી રહ્યા. પછી હસીને બોલ્યા :

'બીજો બ્રિલિયન્ટ આઈડિયા... હું કાલે જ મકાનમાલિકને મળું છું.'

થોડા દિવસમાં મકાનનો સોદો પતી ગયો. લોન પણ મળી ગઈ અને સુનંદાબહેન તથા શરદરાવ મકાનમાલિક બની ગયાં. આખું ઘર રંગરોગાન કરાવીને નવા જેવું કરી નાખ્યું. તરત ઘરનું વાસ્તુ પણ ગોઠવ્યું. મિત્રોને આમંત્રણ મોકલ્યાં. બાળકોનાં બધાં વાલીઓને બોલાવ્યાં હતાં. સો જેટલાં માણસોની રસોઈ સુનંદાબહેને એકલા હાથે બહુ હોંશથી કરી. અમીત અને લીનાને પણ મદદ માટે આવવા ફોન કરેલો પણ કોઈક કામ અંગે એ આવી શક્યાં નહીં.

વાસ્તુને દિવસે મહેમાનોની ભીડ શરૂ થઈ ગઈ.

અમીત અને લીના પણ આવ્યાં. સુનંદાબહેન અહીંના એક ઇન્ડિયન સાડી સ્ટોરમાંથી લીના માટે હોંશે હોંશે કીમતી સાડી લઈ આવ્યાં હતાં.

'બેટા લીના, આ પહેરી લે અને તમે જ બંને પૂજા કરવા બેસો. આ ઘરના ટ્રસ્ટ-ડીડમાં તમારાં નામ પણ છે જ. અમીત અમારો એકનો એક દીકરો છે અને તું એકની એક વહુ છે. હું મા છું અને મા તો હંમેશા આપી જાણે. વળી, અમે તો હવે પાકાં પાંદડાં...'

સુનંદાબહેનનું આ વર્તન અમીત અને લીનાની કલ્પના બહારનું નીકળ્યું. પસ્તાવાની શરમથી બંનેના ગળે ડૂમો ભરાઈ આવ્યો. બંને સુનંદાબહેનને પગે લાગ્યાં.

સુનંદાબહેન હજુ આગળ કાંઈક કહેવા જતાં હતાં એટલામાં નાનકડી નેહા આવી અને એમની સાડીનો છેડો ખેંચીને 'માછી માછી' કરતી એમને કાંઈક બતાવવા બહાર બૅક-યાર્ડમાં લઈ ગઈ. ❐

ફિલ્માકાશ-૧૯

નબળી-સબળી ફિલ્મો સાથે ન્યૂ થીએટર્સનું ૧૯૩૬નું વર્ષ

— રજનીકુમાર પંડ્યા —

જેમ જેમ આપણે વર્ષવાર આગળ વધતા જઈએ છીએ તેમ તેમ ભારતીય હિંદી ફિલ્મોદ્યોગના સંદર્ભે ન્યૂ થીએટર્સની વિકાસયાત્રાને તુલનાત્મક પદ્ધતિથી મૂલવવાને વાસ્તે બીજા નિર્માતાઓની ફિલ્મો વિશે પણ સંક્ષિપ્તમાં જાણકારી મેળવવી અનિવાર્ય બની રહે છે. કારણે કે કોઈ પણ વૃક્ષના વિકાસ, જીવનશક્તિ (ટેનેસિટી), સૌંદર્ય, ફળદ્રૂપતાનું મૂલ્યાંકન બીજાં તે જ ક્યારીમાં, કે આજુબાજુની ક્યારીમાં ઊગેલાં વૃક્ષોના તેવા અભ્યાસની તુલનામાં જ થઈ શકે.

આમ તો ફિલ્મનું માધ્યમ જ કોઈ અનોખી સોગાત જેવું ગણાય. એને આપણી આ હયાત સૃષ્ટિની છાતી પર બીજી જીવંત સૃષ્ટિના નિર્માણની કક્ષાએ મૂકી શકાય. ૧૯૩૬ની ન્યૂ થીએટર્સની ફિલ્મોની વાત કરતાં પહેલાં આપણે વિખ્યાત રશિયન ફિલ્મ નિર્માતા (એને સર્જક જ કહી શકાય) જીગા વર્તોવનું એ વિશેનું મંતવ્ય જાણી લેવું જોઈએ. ૧૮૯૬માં જન્મેલા જીગા વર્તોવ ૧૯૫૪માં અવસાન પામ્યા પણ માત્ર અઠ્ઠાવન વર્ષના આયુષ્યકાળમાં જગતના ફિલ્મનિર્માણના ક્ષેત્રમાં પોતાનાં અમીટ પદચિહ્નો મૂકી ગયા. તેમણે ૧૯૨૯માં 'ધ મૅન વિથ અ મુવી કૅમરા' નામની ફિલ્મ બનાવી જેમાં માણસ કરતાં તો વિશેષ મુવી કૅમરા નાયકપદે હતો. એમાં કૅમરા શું કહેવા માગે છે તેનું બયાન જીગા વર્તોવ જાતે બોલીને કરતા. જાણે કે મુવી કૅમરા કહે છે : 'હું આંખ છું - હું યંત્રચક્ષુ છું. હું એક યંત્ર આપને એક એવી સૃષ્ટિનું દર્શન કરાવું છું કે જે દર્શન માત્ર મારા દ્વારા જ થઈ શકે છે. હું મારી જાતને માત્ર વર્તમાનની કેદમાંથી મુક્ત કરું છું અને મનુષ્ય તરીકેના તમારી નજરની મર્યાદાઓમાંથી પણ તમને મુક્ત કરું છું. હું મુવી કૅમરા, હંમેશાં ચલાયમાન રહું છું. હું દૂરના પદાર્થોને જોઈ શકું છું. હું એમને એમની નીચે સરકી જઈને પણ જોઈ શકું છું. પ્રચંડ વેગથી દોડતા અશ્વના મોંને ચિત્રાંકિત કરતાં કરતાં હું એની સાથોસાથ દોડી શકું છું. હું ગમે તેવી ભીડમાં પેસી શકું છું. હું ત્યાંથી પીઠ પણ ફેરવી શકું છું. હું વિમાનની સાથોસાથ ઉપર 'ટેક ઑફ' કરી શકું છું. હું ઊભા થતા, પડી જતા, દેહોની સાથોસાથ ઊઠી શકું છું ને પડી શકું છું.'


આ દર્શનને એના સ્થૂળ અર્થમાં લેવાની જરૂર નથી એ સુજ્ઞો સમજી શકશે. સૃષ્ટિનાં દર્શનમાંથી પણ વણજોયેલા પ્રદેશનું આગવું દર્શન એ માત્ર મુવી કૅમરા અને એનો અર્થવિસ્તાર માધ્યમને જ આભારી છે. જીગા વર્તોવનું આ વિધાન એ રીતે અમર બની ગયું છે.

મજાની વાત તો એ છે કે આ સૂક્ષ્મ સત્યને સમજનાર, પચાવનાર અને ફિલ્મના માધ્યમમાં યથાર્થ બનાવનાર ન્યૂ થીએટર્સ જ હતું. પાછળથી બીજા પણ એ યાત્રામાં સામેલ થયા એ વાત પણ સ્વીકારવી રહી

*

માત્ર સાહિત્યકારો જ પોતાનાં પ્રતિભાચક્ષુ દ્વારા સૃષ્ટિની સમાંતરે અને અવાંતરે જીવતી-ધબકતી સૃષ્ટિનો કલમના માધ્યમથી આપણને પરિચય કરાવી શકે છે. આસ્વાદ અને તેમાંથી પણ સૌંદર્યબોધ નિપજાવી બતાવે છે. તે સિદ્ધાંતને દીવાદાંડીરૂપે સ્થાપીને બી.એન.સરકારે મોટા ભાગે સાહિત્ય-કૃતિઓ ઉપરથી જ ચલચિત્રો બનાવ્યાં હતાં.


અગાઉ લખ્યું તેમ તેમનો વિશેષ અનુરાગ સાહિત્ય- સ્વામી શરદચંદ્ર ચૅટરજીની નવલકથાઓ ઉપર હતો. ૧૯૩૬માં પણ તેમણે તેમની અતિ વિખ્યાત અને બહુચર્ચિત નવલકથા 'ગૃહદાહ' ઉપરથી બંગાળીમાં તે જ નામે અને હિંદીમાં 'મંઝીલ'ના નામે ફિલ્મ બનાવી. બન્નેમાં દિગ્દર્શન પ્રથમેશચંદ્ર બરુઆને સોંપ્યું ને તેમણે તેમાં પોતાની પૂરી સર્જકતા નીચોવીને કામ કર્યું. એમણે અગાઉ એ નવલકથા એક વાચક તરીકે વાંચી હોવા છતાં ફરી વાર એ વાંચતાં સવા મહિનો લીધો અને પછી જાતે જ એનો કથાસાર અને પાત્રાલેખનની ઝીણી-ઝીણી વિગતો કાગળ પર લખી (એનો નમૂનો આ લેખ સાથે આપવામાં આવ્યો છે જે એમના હસ્તાક્ષરમાં છે) તેમાં એમણે ઉપર લખ્યું છે 'સિસોપ્સિસ ઑફ ધ સ્ટોરી ગૃહદાહ' અને પછી 'કૅરેક્ટર્સ' લખીને 'સુરેશ'ના



જમુના, બરુઆ અને ઉમાશશી ફિલ્મ 'ગૃહદાહ' (મંઝીલ)માં

પાત્રલેખનની પોતે તારવેલી વિગતો લખી છે. એમણે આવી ઘણી નોટબુકો, પેન્સિલ-સ્કેચીસ, નોંધો અને અવતરણોથી ભરી દીધી. તેમને અમસ્તું પણ અમીર-ગરીબ પાત્રો વચ્ચેના ઇંટરએક્શન અને વિરોધાભાસો નિરૂપવા ગમતા અને તેમાં સર્જાતી પરિસ્થિતિજન્ય દ્વિધાઓ પણ તેમનો પ્રિય આલેખ્ય વિષય હતી. 'ગૃહદાહ' વાર્તામાં એ બધું ચિક્કાર પ્રમાણમાં હતું. વાર્તા એ પ્રકારની હતી કે ગરીબ છતાં કેળવાયેલો મહિમ અને એનો શ્રીમંત બાળગોઠિયો સુરેશ બન્ને અચલાના પ્રેમમાં છે. પણ છેવટે અચલા (જમુના)નાં લગ્ન તો મહિમ સાથે જ થાય છે અને તે લોકો પછી ગામડે રહેવા ચાલ્યાં જાય છે. ત્યાં ગયા પછી અચલા, કે જે સ્વતંત્ર મિજાજની બ્રાહ્મોસમાજી (પરંપરાભંજક) યુવતી છે તે સુરેશને વિસરી શકતી નથી. મનોમન તેની વેદના ઘૂંટાયા કરે છે, જે મહિમના પિતા દ્વારા ઉછેરવામાં આવતા બાળક મૃણાલ પ્રતિ વધતી જતી નારાજગીનું રૂપ ધારણ કરે છે. આ પછી અનેક નાટકીય ઘટનાઓ બને છે - તેમના ઘરને આગ લાગે છે, મહિમ બીમાર પડે છે, સુરેશ તેની મદદે આવે છે. અચલા તેની સેવાચાકરી તો કરે છે પણ એક વરસાદી રાતે તે સુરેશ સાથે ઘર છોડી દેવાનો નિર્ણય કરે છે અને એનો અમલ પણ કરે છે. એ પછી થોડા સંઘર્ષને અંતે અનિશ્ચિત, સંદિગ્ધ એવું સમાધાન પણ થાય છે અને ફિલ્મના અંતે અચલાને અંધારઘેરા રસ્તે મહિમને અનુસરતી દર્શાવવામાં આવે છે. તરત જ જણાઈ આવે છે કે સુરેશના પાત્રની સાદગી અને પરંપરાગતતાને સામે છેડે શરદબાબુએ અચલાના પ્રમાણમાં સ્વતંત્ર, સ્વચ્છંદ, બ્રાહ્મોસમાજી ઉછેર દર્શાવીને એ વખતના બંગાળી સમાજમાં પ્રવર્તમાન એવા સામાજિક અને માનસિક વિરોધાભાસને જ ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે.

આર. સી. બોરાલ (સહાયક પંકજ મલિક)ના સંગીત નિર્દેશનવાળી આ ફિલ્મનું સંગીતપાસું બહુ સબળ હતું. એમાં પણ પંકજ મલિકે ગાયેલું અમર ગીત 'સુંદર નારી, પ્રીતમ પ્યારી'એ ધૂમ મચાવી, જે આજ સુધી જૂની પેઢીનાં લોકો ગણગણે છે. એના લખનારા હતા આરઝુ લખનવી. પણ નવાઈની વાત એ છે કે ફિલ્મનાં બીજાં ગીતો ભલે અમુક વર્ગના લોકોને ગમ્યાં હતાં પણ કાળના પ્રવાહમાં સ્મરણ પર ટકી રહે તેવાં ના બન્યાં. આજે પણ લોકો એ ફિલ્મને યાદ કરે છે તો આ ગીત 'સુંદર નારી, પ્રીતમ પ્યારી'થી જ. એ ફિલ્મનાં બીજાં કેટલાંક ગીતો અસગર હુસૈન શોરએ લખ્યાં હતાં. આરઝુ લખનવીએ તેમની કારકિર્દી દરમ્યાન સાયગલ અને પંકજ મલિક માટે અનેક સુપર-હિટ ગીતો લખ્યાં હતાં. વિશેષતઃ ૧૯૪૧ની સાલ સુધીની ફિલ્મો 'મુક્તિ', 'અધિકાર', 'કપાલકુંડલા', 'આંધી', અને 'નર્તકી' તથા 'ડૉક્ટર'નાં જ પ્રખ્યાત થયેલાં ગીતો તેમની દેણગી હતાં.


Synopsis of the Story
Grihadaha

Character

Suresh - Young man - rich - loving nature. temperamental. kind hearted. conscientious. never does anything unless he is convinced, impulsive, easily excitable if approached from weakness.
Has enough money - & lives comfortably though not luxuriously - never brags or swanks. Neat in appearance & habits.

બરુઆના હસ્તાક્ષરમાં 'ગૃહદાહ'નું પેપરવર્ક

આ ફિલ્મની બંગાળી આવૃત્તિ 'ગૃહદાહ' પણ ઘણી સફળ રહી. એમાંની એક નોંધપાત્ર વાત એ હતી કે આગળ ઉપર મશહૂર ઇતિહાસપ્રસિદ્ધ દિગ્દર્શક તરીકે બહાર આવનારા બિમલ રૉય, જેમને ફિલ્મ 'દેવદાસ' (હિંદી)થી સ્વતંત્ર કૅમરામૅન તરીકે પહેલી વાર તક મળી હતી, તેઓ આ બન્ને ફિલ્મોથી એકદમ પ્રસ્થાપિત થઈ ગયા. તેઓ બરુઆ પાસેથી અગાઉથી જ શૉટડિવિઝન સમજી લેવા માંડ્યા અને બરુઆની જેમ જ કાગળ ઉપર અનેક ચિત્રો દોરીને કૅમરાની સુયોગ્ય સ્થિતિ (પ્લેસમેંટ) નક્કી કરવા માંડ્યા. બી. એન. સરકાર આથી બહુ રાજી થયા, કારણ કે પછી ઍક્ટરોની ભૂલ સિવાયના પ્રસંગોએ રિટેક કરવાની બહુ જરૂર રહેતી નહીં. પરિણામે એ યુગમાં બહુ મોંઘી ગણાતી કાચી ફિલ્મોનો ભાગ્યે જ બગાડ થતો. બી. એન. સરકાર કહેતા કે 'આ માણસે કાગળ અને કચકડાની વચ્ચેનો ફર્ક ભૂંસી નાખ્યો છે'. કાનનદેવી કે જેમનો પ્રવેશ ન્યૂ થીએટર્સની 'મુક્તિ'માં ૧૯૩૭માં થયો તે હંમેશાં કહેતાં કે 'સ્ત્રીઓ તો પોતાની તસ્વીર (સ્થિર કે ચલિત મુવી) બિમલબાબુ પાસે ખેંચાવવા માટે હંમેશાં આતુર રહે છે. હું 'મુક્તિ'માં એમના દ્વારા કરાયેલા ચિત્રાંકનના કારણે જેટલી સુંદર લાગું છું તેવી અગાઉ ક્યારેય લાગી નહોતી.

આ ફિલ્મ 'મંઝીલ'માં બરુઆએ પોતે મુખ્ય પાત્ર લીધું હતું તો બીજા અગત્યના પાત્રમાં પૃથ્વીરાજ કપુર હતા. આ ઉપરાંત કે.સી.ડે, નેમો, વિક્રમ કપુર (ગાયિકા મીના-કપુરના પિતા) બોકેન ચેટરજી, જમુના, મોલીના અને સિતારા હતાં. ૧૯૧૯ની ત્રીજી જુલાઈએ જન્મેલાં સિતારાદેવી તો હજુ હયાત છે અને મુંબઈમાં આજે પણ નૃત્યની તાલીમ આપે છે. હમણાં


સિતારાદેવી - ભર યુવાનવયે

જ પદ્મભૂષણ અને પદ્મવિભૂષણના ઈલ્કાબના સંદર્ભે તેમણે વિવાદ ઊભો કર્યો હતો. એ વખતે નેપાલ સ્ટેટના ગણાતા ગઢવાલમાં જન્મેલાં સિતારાદેવીએ માત્ર બાર વર્ષની ઉંમરે મૂક ફિલ્મ 'દિગ્વિજય'માં કામ કર્યું હતું. બનારસના વિખ્યાત સુખદેવ મહારાજ કે જેઓ અગાઉ નેપાળના રાજ્ય સંગીતકાર હતા, તેમની પુત્રી એવાં સિતારાદેવીએ પોતાના પિતા, અને અચ્છન મહારાજ પાસેથી લીધેલી તાલીમનો પરચો પહેલી જ ફિલ્મમાં બતાવી દીધો. તે પછી લચ્છુ મહારાજ પાસેથી વિશેષ તાલીમ લઈને તેઓ સાગર ફિલ્મ્સમાં બાળકલાકાર તરીકે જોડાયાં હતાં, જ્યાં તેમને પહેલી વાર મહેબુબના દિગ્દર્શનમાં કામ કર્યું. ન્યૂ થીએટર્સની આ 'મંઝીલ'માં સામાન્ય ભૂમિકા નિભાવ્યા પછી આગળ ઉપર તેઓ 'વતન' (૧૯૩૮) માં યાકુબ જેવા સહનાયક સાથે સહનાયિકા બન્યાં હતાં. છેલ્લે તેઓ ૧૯૫૭ની ફિલ્મ 'અંજલિ'માં દેખાયાં હતાં. આ બધું જાણવું એટલા માટે જરૂરી બની રહે છે કે ન્યૂ થીએટર્સમાં કેવાં કેવાં ઉચ્ચ તાલીમબદ્ધ કલાકારો સામાન્ય ભૂમિકા પણ લેવા તલસતાં હતાં.

૧૯૩૬માં ન્યૂ થીએટર્સની બીજી અને અગત્યની હિંદી ફિલ્મ આવી તે 'માયા' જેની બંગાળી આવૃત્તિ પણ એ જ વર્ષમાં બની. આ હિંદી ફિલ્મનાં કલાકારો હતાં પહાડી સન્યાલ, જમુના, નવાબ, નેમો, કે.સી.ડે, અજુરી, વૈદ્ય, જગદીશ સેઠી અને બાબુલાલ. ઉમાશશી અને હરિમતિ આમ ભલે અભિનેત્રીઓ હતી પણ આ ફિલ્મમાં તેમની કોઈ ભૂમિકા નહોતી, પણ તેમણે પાર્શ્વગાયક તરીકે એક જ ગીત ગાયું હતું ને તે 'આજ સખી આઈ મિલનકી રાત, કાહે કહું હૃદયકી બાત'. મઝાની વાત એ છે કે બન્નેએ અલગ અલગ ગાયેલાં આ એકલ ગીત આ ફિલ્મની એચ.એમ.વી.એ અને ન્યૂ થીએટર્સ એમ બન્ને ગ્રામોફોન કંપની દ્વારા બહાર પડાયેલી અલગ અલગ રેકોર્ડ્ઝમાં, અલગ અલગ ગીતોની પાછળ મૂકવામાં આવ્યાં હતાં. વધુ સ્પષ્ટતાથી સમજીએ તો એચ.એમ.વી.ની જે રેકોર્ડની એક તરફ 'ક્યા હૈ, તુઝે હૂઆ યહ... બેકરાર દિલ ગાયે જા' એ કે.સી.ડે.ના ગીતની પાછળ શશીવાળું ગીત મૂકવામાં આવ્યું હતું, જ્યારે ન્યૂ થીએટર્સે ગ્રામોફોન કંપની દ્વારા ફિલ્મ 'મંઝીલ'ના 'આવત કામનિયા ડગર ડગર'ના ગીતની પાછળ 'માયા'નું આ જ ગીત પણ હરિમતિના સ્વરમાં ગવાયેલું રાખવામાં આવ્યું હતું. ('મંઝીલ'માં હરિમતિએ અભિનય પણ આપ્યો હતો તેથી આમ કરવામાં આવ્યું હોય એવી મારી ધારણા છે.)

આ ફિલ્મના દિગ્દર્શક પણ બરુઆ જ હતા. પણ તેમને આ વાર્તા બહુ રુચિ નહોતી, તેથી કે ગમે તે કારણસર તેમની પ્રતિભા આ ફિલ્મમાં બહુ ઝળકી શકી નહોતી.

વાર્તા સુકુમાર દાસગુપ્તાની હતી અને એમાં સત્ત્વ બહુ ઓછું અને નાટકીયતા વધારે હતી. શ્રીમંત સામાજિકા શાંતા (અઝુરી) એના જેવા જ ધનવાન પ્રતાપ (પહાડી સન્યાલ)ને પરણવાની હોય છે. પણ પ્રતાપ તો શાંતાની પિતરાઈ બહેન માયા (જમુના)ના પ્રેમમાં છે એટલું જ નહીં, તેના થનાર બાળકનો પિતા પણ બનવાનો હોય છે. શાંતા ઈર્ષાથી જલે છે, અને વિદેશ ગયેલા પ્રતાપના પત્રોને માયા સુધી પહોંચવા દેતી નથી. વિદેશથી બૅરિસ્ટર બનીને પાછો ફરેલો પ્રતાપ માયાને શોધવાના નિષ્ફળ પ્રયત્નો કરે છે અને આ પ્રશ્ને માયા પણ તેને શોધી શકતી નથી. આ પછી અનેક નાટકીય ઘટનાઓ પછી એક હત્યાના આરોપમાં સંડોવાય છે ને પ્રતાપ જ તેની સામે ફરિયાદપક્ષના વકીલના રૂપમાં પેશ થાય છે. આ પછી કોર્ટરૂમમાં જ સમાધાન થાય છે અને વાર્તાનો અંત આવે છે.

કોઈ પણ વિશેષતા વગરની આ ફિલ્મનું સંગીત રાબેતા મુજબ બોરાલ અને પંકજ મલિકનું હતું, પણ પંકજ મલિકનું ગાયેલું એક પણ ગીત તેમાં નહોતું. એક ગીત પહાડી સન્યાલનું 'ગાયેજા, ગાયેજા, બેકરાર દિલ ગાયેજા' કંઈ ઠીક પ્રસિદ્ધ થયું હતું. અને કે.સી.ડેનું ગાયેલું 'આયેગી તાજી બહાર મેરે બાગમેં' કંઈક શ્રવણીય હતું. બીજાં ગીતો નોંધપાત્ર બન્યાં નહોતાં. એક રેકોર્ડમાં 'સાકી પિલાએ જો' જેવા ગીતની પાછળ હરિમતિનું 'આજ જાગે હૈ ભાગ' જેવું બિનફિલ્મી ગીત સામેલ કરવામાં આવ્યું હતું જેથી વેચાણ વધે.

આ ઉપરાંત ન્યૂ થીએટર્સે એ વર્ષમાં 'દેવદાસ'ની તમિલ આવૃત્તિ બનાવી જેમાં સાયગલે બે ગીતો તમિલ ભાષામાં ગાયાં હતાં.

બંગાળીમાં પણ બીજી બે ફિલ્મો ન્યૂ થીએટર્સે ૧૯૩૬માં આપી અને તે હતી 'મોંડો કી' અને 'ભારત નૃત્યમ્'. બંને પૂર્ણ લંબાઈની નહોતી, લઘુ ફિલ્મો હતી. જ્યારે બીજી સંસ્થાઓએ ૧૯૩૬માં સારું એવું જોર કર્યું હતું. (ક્રમશઃ)

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

જાનકી જીવનયાત્રા કરી, જે તે સ્થળોએ જાતે જઈ, ત્યાર પછી 'અજ્ઞેય'જી-વાત્સાયનજી શ્રી કૃષ્ણજીવનયાત્રાએ નીકળ્યા. જ્યાં જ્યાં શ્રી કૃષ્ણ પધાર્યા હતા તે તે સ્થળની જાતે મુલાકાત લઈ તે વિષયક લખવાના હતા. તેમાં સુશ્રી ઈલા દાલમીઆ, શ્રી રઘુવીર ચૌધરી અન્ય મિત્રો સાથે દ્વારકા આવ્યાં. શ્રી રઘુવીરે દ્વારકા/નાગેશ્વર/બેટ વગેરે સ્થળો દેખાડવા મારો સહકાર માગ્યો. બહુ ખુશી સાથે તેઓને દ્વારકાદર્શનનો પરિચય આપવાનું મને ગમ્યું. તેઓના પિતા સ્વ. હીરાલાલ શાસ્ત્રી વડોદરા રાજ્યમાં મહારાજા સયાજીરાવે નિમંત્રેલું અણમોલ રત્ન હતા. એટલે અજ્ઞેયજી ગુજરાતી સહજ સમજી શકતા હતા પણ સાથે હિંદીભાષી મિત્રો હોઈ તેની સુવિધા માટે મહત્ત્વની વાતો હિંદી/અંગ્રેજીમાં અને વધારાની વાતો ગુજરાતીમાં કરતો હતો. તેમણે કહેલ એક-બે દ્વિપદી ઝાંખી યાદ છે :

સાપ તૂ રાજકારણી તો નહિ, ન તુઝે શહરમેં બસના આયા.
ફિર તુને કહાંસે ડંસના શીખા, કહાં સે ઈતના વિષ પાયા?

*

શહેરી અને રાજકારણીઓ ઉપરનો વ્યંગ બહુ સચોટ છે:

ફિર યુદ્ધ હોગા, મારે જાયેંગે રાવણ, જીતેંગે રામ,
ઔર જો પુલ બનાયેંગે, બંદર કહેલાયેંગે.

લવાદી કરનાર બીજા પક્ષની કેવી નારાજગી વ્હોરી લે છે તે અહીં સચોટ દર્શાવાયું છે.

અમે ફરતા ફરતા બેટ આવ્યાં. ત્યાં એમણે એક જગ્યાએ વિવિધ શંખ-છીપની બનાવટો, માળા વગેરે ખરીદ્યાં. નાની રેકડીવાળાએ તેની બસો છોંતેર રૂપિયા કુલ કિંમત જણાવી. બસો સિત્તેર આપવા જણાવ્યું. ત્યાં હું આવ્યો. તે રેંકડીવાળો મારો જાણીતો હતો, એટલે મેં તેને કહ્યું : 'ભાઈ, આ લોકો મારાં મહેમાન છે. વાજબી લેજે. થોડું ઓછું કમાઈશ તો ચાલશે.'

તરત રેકડીવાળો બોલી ઊઠ્યો : 'તો આપ દો સો રૂપિયાહી દીજીએ. પુષ્કરભાઈ હમારે બહોત નીકટકે વડીલ હૈ!'

વેધક દૃષ્ટિથી મારી સામે જોઈ અજ્ઞેયજી બોલી ઊઠ્યા: 'પુષ્કરભાઈ! અમે તમારાં મહેમાન છીએ, એનો અર્થ એવો નથી કે તમારી બધી જોહુકમી અમે ચલાવી લઈએ. આ નાનો રેકડીવાળો યાત્રીઓ પાસેથી ન કમાય તે કેમ ચાલે? ભાઈ, તું બસો ને છોંતેર રૂપિયા પૂરા લઈ લે.'

રેકડીવાળો કહે : 'સાહેબ, પુષ્કરભાઈના મહેમાન તો અમારાયે મહેમાન. તમે આગ્રહ ન રાખો. ચાલો, તમારું માન રાખવા બસો ને પચ્ચીસ રૂપિયા લઈ લઉં છું.'

અજ્ઞેયજી કહે : 'પુષ્કરભાઈ, તને ઠપકો નહીં આપે. હવે તો બસો સિત્તેર નહીં, પૂરેપૂરા બસો છોંતેર લઈ લે, હું તને કહું છું ને!'

તેણે મારી આંખમાં સંમતિ વાંચી પૈસા લીધા, ત્યારે તે ગળગળો થઈ ગયો. મને અજ્ઞેયજીની આંતરિક ઉદારતા સ્પર્શી ગઈ. આ એ જ માણસ હતા, જેમને પકડવા અંગ્રેજ હકૂમતે ઈનામ કાઢ્યું હતું. - કેવું ઋજુ તેમનું હૃદય! હું અંતરથી તેમને વંદી રહ્યો. ❒

ચાનકા

ખાનગી વાત

બહાદુરભાઈ જ. વાંક

સૂફી ફકીર બુધાજી પાસે કેટલાક સત્સંગીઓ તેમનાં દર્શન માટે આવ્યાં. આમાંથી એક સત્સંગીએ બુધાજીને કહ્યું, 'અમે જ્યારે પણ આપનાં દર્શને આવીએ છીએ ત્યારે અમને આપની આંખો લાલચોળ જોવા મળી છે. આજે પણ આપની આંખો લાલઘૂમ છે તો આપની આંખો લાલ થઈ જવાનું કારણ?'

બુધાજી હસી પડ્યા : 'હું તમને તમારા પ્રશ્નનો શું જવાબ આપું? મારી આંખો લાલ રહે કે સફેદ, એથી તમારા માટે શું ફેર પડવાનો હતો?'

'આપની આંખો લાલ છે એટલું જ નહીં, પણ એમાં એક પ્રકારનો નશો પણ અમને જોવા મળે છે, ને એ નશો અમને પણ સ્પર્શી જાય છે. એટલે જ આપને પૂછીએ છીએ...' એક સત્સંગીએ સ્પષ્ટતા કરી.

'વાહ! તો તો ઘણી સારી વાત ગણાય.' ને હસતાં હસતાં બુધાજીએ ઉમેર્યું : 'ભીતરની માશૂકા સાથે આખી રાત જાગરણ કરીને ગુફતેગો કરતો રહું છું. એટલે પછી તો આંખો પણ લાલ થઈ જ જાય ને?'

હસતાં હસતાં એક સત્સંગીએ પૂછ્યું : 'ભીતરની માશૂકા સાથે શી ગુફતેગો કરો છો?'

'ના; એ ખાનગી વાત છે. એટલે હું તમારી સમક્ષ ખુલ્લી ન કરી શકું.' હસતાં હસતાં બુધાજીએ કહ્યું.

'તો આપનાં બેગમને આપની આ ખાનગી વાત ક્યારેય કરો છો ખરા?'

'ના, સાચું કહું તો હું ખુદાને ચાહું છું, એની પણ એને ખબર પડવા દેતો નથી... પછી આવી વાત એને કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.'

'પણ બેગમ તો આપનું અર્ધું અંગ ગણાય, તો એમને આપની ખાનગી વાત કરવામાં શું વાંધો હોય?' ફરી એક સત્સંગીએ હસતાં હસતાં પૂછ્યું.

'તમારી વાત સાચી છે. પણ સાચું કહું? હું મારા જમણા કાને જે કાંઈ સાંભળું છું, એની મારા ડાબા કાનને પણ ખબર પડવા દેતો નથી.' ને બુધાજી હસી પડ્યા. 'આમ શા માટે?'

ને બુધાજી હસતાં હસતાં બોલ્યા : 'ખુદા સાથેની ખાનગી વાત હું મારા માટે પણ ખાનગી રાખવા માગું છું એટલે...' ❒

૧૭મો કૉમનવેલ્થ રમતોત્સવ

ડૉ. પી. ડી. શર્મા

ઑલિમ્પિક રમતોત્સવ પછી દુનિયાનો મોટામાં મોટો રમતોત્સવ 'કૉમલવેલ્થ રમતોત્સવ' ગણાય છે, કારણ કે આ રમતોત્સવમાં દુનિયાના ૭૦થી વધુ દેશોના હજારો ખેલાડીઓ ૧૬થી વધુ રમતોમાં ભાગ લેતા હોય છે. જે રાષ્ટ્રો ઉપરાંત અંગ્રેજ લોકોનું શાસન હતું એટલે કે 'રાષ્ટ્રસમૂહ'ના દેશો જ આ રમતોત્સવમાં ભાગ લઈ શકે છે. ઑલિમ્પિક રમતોત્સવની જેમ આ રમતોત્સવ પણ દર ચાર વર્ષે યોજાય છે. પરંતુ બે ઑલિમ્પિક્સની વચ્ચે તેનું આયોજન કરવામાં આવે છે. આ રીતે 'રાષ્ટ્રસમૂહ'ના દેશો દર ચાર વર્ષે આ રમતોત્સવમાં પોતાની સર્વોપરિતા બતાવવા માટે ભેગા થાય છે.

આ વખતે સતત ૧૭મો પરંતુ ૨૧મી સદીના પ્રથમ કૉમનવેલ્થ રમતોત્સવનું આયોજન ઈંગ્લન્ડ (યુનાઈટેડ કિંગડમ)માં માનચેસ્ટર મુકામે ૨૫મી જુલાઈથી ૪ ઑગસ્ટ દરમ્યાન થશે. આ રમતોત્સવ માટેની સંપૂર્ણ તૈયારીઓ થઈ ગઈ છે અને માનચેસ્ટરવાસીઓ ખૂબ જ આતુરતાથી ૨૫મી જુલાઈની રાહ જોઈ રહ્યાં છે. ૩૧મી મેથી ૩૦મી જૂન સુધી 'ફૂટબોલ વિશ્વકપ'ને કારણે ઘણાં રમતપ્રેમીઓનું ધ્યાન આ રમતોત્સવની તૈયારીઓ તરફ ઓછું હોય તે સ્વાભાવિક છે. રાષ્ટ્રસમૂહના દેશો આ રમતોત્સવ માટે સતત ચાર વર્ષ મહેનત કરતા હોય છે, કારણ કે એની અંદર સરસ દેખાવ કરનાર ખેલાડીઓ ૨૦૦૪માં ઍથેન્સ મુકામે યોજાનાર 'ઑલિમ્પિક્સ રમતોત્સવ'માં સારો દેખાવ કરી શકે. આ કૉમનવેલ્થ રમતોત્સવમાં સારો દેખાવ કરનાર તથા એશિયા ખંડની અંદર આવનાર દેશોને તો આ વર્ષે જ સપ્ટેમ્બરની ૨૯મીથી ૧૪મી ઑક્ટોબર સુધી રમાનાર 'એશિયન રમતોત્સવ'માં પણ પોતાની આવડત બતાવવાની તક મળશે. કેટલીક વાર તો એશિયાખંડના દેશો આ બે રમતોત્સના દેખાવને આધારે આગામી ઑલિમ્પિક રમતોત્સવ માટે ખેલાડીઓની પસંદગી કરી તેઓને સતત બે વર્ષ તાલીમ આપે છે, જેથી આ ખેલાડીઓ આગામી ઑલિમ્પિક રમતોત્સવમાં સારો દેખાવ કરી શકે.

કૉમનવેલ્થ રમતોત્સવની શરૂઆત : આ રમતોત્સવની વિધિવત્ શરૂઆત ૧૯૩૦માં કૅનૅડાના હૅમિલ્ટન શહેરમાં થઈ હતી. તે વખતે તેમાં ૧૧ દેશોએ ૬ રમતોમાં ભાગ લીધો હતો. ત્યારથી આજદિન સુધી આ રમતોત્સવ દર ચાર વર્ષે (બીજા વિશ્વયુદ્ધને કારણે ૧૯૪૨ અને ૧૯૪૬ને બાદ કરીને) નિયમિતપણે વિવિધ દેશોમાં યોજાય છે. આ રમતોત્સવમાં ધીમે ધીમે ભાગ લેનાર દેશો, ખેલાડીઓ અને રમતોની સંખ્યા વધતી રહી છે અને આજે તેનું મહત્ત્વ ઑલિમ્પિક જેટલું અંકાય છે. આ રમતોત્સવનું સમગ્ર સંચાલન 'કૉમનવેલ્થ ગેમ્સ ફેડરેશન' કરે છે. આ રમતોત્સવની આગેકૂચ આ લેખમાં અન્યત્ર કોઠામાં દર્શાવવામાં આવી છે.

કૉમનવેલ્થ રમતોત્સવના અમર ખેલાડીઓ : કૉમનવેલ્થ રમતોત્સવમાં 'રાષ્ટ્રસમૂહ' દેશોના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ખેલાડીઓ ભાગ લેતા હોય છે. દા.ત. ઈંગ્લન્ડના ડેકેથ્લોનના મહાન ખેલાડી ડેલી થામ્પસને સતત ત્રણ કૉમનવેલ્થ ગેમ્સમાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યા હતા અને તેઓએ ૧૯૮૦ અને ૧૯૮૪માં ઑલિમ્પિક રમતોત્સવમાં પણ ડેકેથ્લોનની અંદર સુવર્ણચંદ્રક મેળવ્યા હતા. એવી જ રીતે બહેનોમાં ઈંગ્લન્ડ એઈલીન હિઝકોકે ઍથ્લેટિક્સમાં ત્રણ સુવર્ણચંદ્રકો પ્રાપ્ત કર્યા હતા. આ રીતે જ કૅનૅડાની ફિલિસ ડેવટેએ ૧૯૩૪માં તરણ સ્પર્ધાઓમાં ચાર સુવર્ણચંદ્રકો પ્રાપ્ત કર્યા હતા. કૅનૅડાની જ એલાઇન ટેનરે ૧૯૬૬ના કૉમનવેલ્થ ગેમ્સમાં કુલ સાત




લીલારામ (કુસ્તી)



પ્રકાશ પાદુકોણ (બેડમિન્ટન)




જશપાલ રાણા (શૂટિંગ)




મિલ્ખાસિંઘ (દોડવીર)

ચંદ્રકો પ્રાપ્ત કર્યા હતા. એવી રીતે જ ઑસ્ટ્રેલિયાની રેઈલેન બોયલોએ ઍથ્લેટિક્સની અંદર દોડમાં ૧૯૭૦, ૧૯૭૪ તથા ૧૯૭૮ની કૉમનવેલ્થ ગેમ્સમાં સારો દેખાવ કર્યો હતો તથા સાત સુવર્ણચંદ્રકો મેળવ્યા હતા. ઑસ્ટ્રેલિયાની મહાન દોડ વીરાંગના મરજોરી જેક્સને સાત સુવર્ણચંદ્રક ૧૯૫૦ અને ૧૯૫૪ના કૉમનવેલ્થ ગેમ્સમાં પ્રાપ્ત કર્યા હતા. મરજોરી જેક્સને તો ૧૯૫૨ના ઑલિમ્પિક્સમાં ૧૦૦ મીટર તથા ૨૦૦ મીટર દોડમાં સુવર્ણચંદ્રકો પણ મેળવ્યા હતા. એવી રીતે જ જમૈકાના મહાન દોડવીર ડૉન કમેરીએ ૧૯૭૦ તથા ૧૯૭૪ની કૉમનવેલ્થ ગેમ્સમાં ભાગ લઈ ૬ સુવર્ણચંદ્રકો મેળવ્યા હતા. આ રીતે જ કેટલાક ખેલાડીઓએ કૉમનવેલ્થ ગેમ્સમાં સ્વિમિંગ, વેઈટલિફ્ટિંગ, કુસ્તી, બેડમિન્ટન વગેરેમાં પણ સારો દેખાવ કર્યો છે.

ભારતનો સારો દેખાવ : કૉમનવેલ્થ ગેમ્સમાં અત્યાર સુધી ભારતનો દેખાવ પણ સારો રહ્યો છે. કૉમનવેલ્થ ગેમ્સમાં સૌથી પહેલા સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરવાનું શ્રેય ભારતના મહાન દોડવીર મિલ્ખાસિંઘને ફાળે જાય છે. તેઓએ ૧૯૫૮માં કાર્ડિફ મુકામે આયોજિત કૉમનવેલ્થ ગેમ્સમાં ૪૦૦ મીટરની દોડ જીતીને આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. કૉમનવેલ્થ ગેમ્સમાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરનાર પ્રમુખ ભારતીય ખેલાડીઓ આ પ્રમાણે છે : બેડમિન્ટનમાં પ્રકાશ પાદુકોણ અને સૈયદ મોદી; વેઈટલિફ્ટિંગમાં ઈ. કરુણાકરણ, અરુમુગન પાંડિઅન, ધર્મરાજ વિલ્સમ તથા સતીષ રાય; કુસ્તીમાં લીલારામ, વિશંભરસિંઘ, ભીમસિંઘ, વેદપ્રકાશ, સુદેશકુમાર, ઉદયચંદ, પ્રેમનાથ, જગરૂપસિંઘ, અશોકકુમાર, સતબીરસિંઘ, રાજિન્દરસિંઘ, મહાવીરસિંઘ, જગમિંદરસિંઘ વગેરે તથા શૂટિંગમાં જસપાલ રાણા, અશોક પંડિત, મનશેરસિંઘ અને માનવજિતસિંઘ તથા બહેનોમાં રૂપા ઉન્નિકૃષ્ણ વગેરે. આ ઉપરાંત રજત તથા કાંસ્ય ચંદ્રક વિજેતાઓમાં ઍથ્લેટિક્સમાં મોહિન્દરસિંઘ ગિલ, કુસ્તીમાં સતપાલસિંઘ, બેડમિન્ટનમાં બી. ગોપીચંદ, બૉક્સિંગમાં જિતેન્દ્રકુમાર જેવા ખેલાડીઓ નોંધપાત્ર રહ્યા છે. ભારતના કુસ્તીબાજ વેદપ્રકાશે તો ફક્ત ૧૩ વર્ષની નાજુક ઉંમરે ૧૯૭૦માં એડિનબર્ગ મુકામે યોજાયેલ કૉમનવેલ્થ



ગોપીચંદ (બેડમિન્ટન)



ઉદયચંદ (કુસ્તી)

કૉમનવેલ્થ રમતોત્સવની આગેકૂચ

અ.નં.	વર્ષ	સ્થળ	યજમાન દેશ	ભાગ લેનાર દેશોની સંખ્યા	રમતોની સંખ્યા
૧.	૧૯૩૦	હૅમિલ્ટન	કૅનેડા	૧૧	૬
૨.	૧૯૩૪	લંડન	યુ.કે.	૧૬	૬
૩.	૧૯૩૮	સિડની	ઑસ્ટ્રેલિયા	૧૫	૭
૪.	૧૯૫૦	ઑકલૅન્ડ	ન્યૂઝીલૅન્ડ	૧૨	૯
૫.	૧૯૫૪	વાનકુંવર	કૅનેડા	૨૪	૯
૬.	૧૯૫૮	કાર્ડિફ	યુ.કે.	૩૫	૯
૭.	૧૯૬૨	પર્થ	ઑસ્ટ્રેલિયા	૩૫	૯
૮.	૧૯૬૬	કિંગસ્ટન	જમૈકા	૩૪	૯
૯.	૧૯૭૦	એડિનબર્ગ	યુ.કે.	૪૨	૯
૧૦.	૧૯૭૪	ક્રાઈસ્ટચર્ચ	ન્યૂઝીલૅન્ડ	૩૯	૯
૧૧.	૧૯૭૮	એડમાન્ટન	કૅનેડા	૪૬	૧૦
૧૨.	૧૯૮૨	બ્રિસ્બેન	ઑસ્ટ્રેલિયા	૪૬	૧૦
૧૩.	૧૯૮૬	એડિનબર્ગ	યુ.કે.	૨૬	૧૦
૧૪.	૧૯૯૦	ઑકલૅન્ડ	ન્યૂઝીલૅન્ડ	૨૯	૧૦
૧૫.	૧૯૯૪	વિક્ટોરિયા	કૅનેડા	૬૪	૧૦
૧૬.	૧૯૯૮	કુઆલાલુમ્પર	મલેશિયા	૭૦	૧૬
૧૭.	૨૦૦૨	માનચેસ્ટર	યુ.કે.	---	---

રમતોત્સવમાં લાઈટ ફ્લાઈ વેઈટ વર્ગની કુસ્તીમાં સુવર્ણચંદ્રક જીતવાને લીધે તેમનું નામ 'ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝ'માં નોંધાયું હતું. આ રીતે કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતના ખેલાડીઓએ સારો દેખાવ કર્યો છે. દા.ત. ૧૯૯૮માં ૧૬મો કૉમનવેલ્થ રમતોત્સવ મલેશિયામાં કુઆલાલુમ્પર મુકામે યોજાયો હતો, જેમાં ૭૦ દેશોમાં ભારત ૭ સુવર્ણ, ૧૦ રજત અને ૮ કાંસ્ય ચંદ્રક મેળવીને મેડલટેલીમાં સાતમા સ્થાને રહ્યું હતું.

દર વખતની જેમ આ વખતે પણ ભારતની ટુકડી ઍથ્લેટિક્સ, બેડમિન્ટન, શૂટિંગ, વેઈટલિફ્ટિંગ, કુસ્તી, જુડો, બૉક્સિંગ વગેરેમાં સારો દેખાવ કરશે અને ૧૬મા કૉમનવેલ્થ રમતોત્સવમાં મેળવેલ સાતમા સ્થાન કરતાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરશે. જો ભારતના ખેલાડીઓની પસંદગી અગાઉથી કરવામાં આવે અને લાંબા ગાળાની સતત અને વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવામાં આવે તો ભારતના ખેલાડીઓ સારો દેખાવ કરી શકે તેમ છે; કારણ કે વિદેશોમાં ઑલિમ્પિક ગેમ્સ, કૉમનવેલ્થ ગેમ્સ, એશિયન ગેમ્સ વગેરે માટે ખેલાડીઓની પસંદગી ત્રણથી ચાર વર્ષ અગાઉ કરી તેઓને સતત ત્રણથી ચાર વર્ષ સુધી વૈજ્ઞાનિક તેમજ મનોવૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવામાં આવે છે. અને તેથી જ તેઓ સારો દેખાવ કરી શકતા હોય છે. ❐

ભારતનાં ભીંતચિત્રો

નટુ પરીખ



નાર ગામનું શિકારદૃશ્ય - ભીંતચિત્ર

ભીંત ચિત્રની પરંપરા સદીઓ પુરાણી છે. ઐતિહાસિક અને પ્રાક્ ઐતિહાસિક કાળમાં અનેક દેશોમાં ચિત્રો થયાં છે. માનવીને કોરી ભીંતો કદી ગમી નથી. ઇતિહાસ-કાળમાં ઇજિપ્તના પિરામિડોની ભીંતો ખેતીકાર માનવીની યથાવત્ કથા કહે છે. આવાં ચિત્રો કળાના ઇતિહાસનાં જીવતાં પાનાં છે.

અંગ્રેજીમાં **Natural** અને **Murel Paintings** એમ બન્ને શબ્દો વપરાયા છે. આ શબ્દો ભીંત કે મકાનના સુશોભનને પૂર્ણપણે આવરી લે છે. ભારતીય પરંપરામાં ભીંતચિત્ર શબ્દ વપરાય છે. શબ્દની વ્યંજના ભીંતને લગતું, ભીંતને અનુકૂળ, ભીંત પર ઉપસાવેલું દ્વિપરિમાણયુક્ત, જે તે સમય સાથે જતું લોકભોગ્ય ચિત્રણ કે આલેખન થાય છે. છત અને થાંભલા પણ તેમાં આવી જાય.

ભીંત પર રંગ આવતાં તે દૃષ્ટિ મધુર બને છે. સ્પેસનો અનુભવ થાય છે. આવાં ચિત્રોની વાર્તા ખૂબ પરિચિત હોઈ સમજાવવી પડતી નથી. આવાં ચિત્રો આપણા દેશમાં અને પરદેશમાં થયાં છે. પુરાતન કાળમાં શિકારી માનવીની કથા છે. પછીના કાળમાં ખેતીકાર માનવી અને તે પછીના કાળમાં જીવન - પ્રસ્તુત જીવન અને ધર્મની વાત છે. જગતની સૌથી જૂની ગુફાઓ ફ્રાન્સની લાસ્કા અને સ્પેનની અલ્તામીરા છે. તેમાં ભરી ભરી સાદગી છે. વેધકતા છે. પ્રાણીઓને ગતિબદ્ધ રજૂ કર્યાં છે. આ તેનો આદિમ આવિષ્કાર છે. લાસ્કાની ગુફાઓ ૩૦,૦૦૦ વર્ષ જૂની ગણાય છે. તે સેંકડો પાત્રો ધરાવે છે. તેની છતો પણ ચિત્રાંકિત છે. આ ગુફાઓમાં ચીતરેલાં પ્રાણીઓ લગભગ મૂળ કદનાં છે. ગુફાઓમાંથી તેના નાના કદના સ્કેચીઝ પણ મળેલા. એ સમયનો ચિત્રકાર રંગોને પ્રાણીની ચરબીમાં ઓગાળી શીંગડાંમાં ભરી રાખતો. સ્પેનમાં આવી ૫૦૦ ગુફાઓ મળી છે, જેમાંથી ૨૦૦ ચિત્રિત છે. તે સૌમાં અલ્તામીરા ખૂબ જાણીતી છે.

ભારતમાં પણ પ્રાક્ ઐતિહાસિક ગુફાઓ મળી છે. ૧૮૮૦માં કાર્લાઈલ અને કોક બર્ને ઉત્તર પ્રદેશમાં મીરઝાપુર જિલ્લાની કૈમુર ઘાટીની પર્વતમાળામાં પ્રાચીન ગુફાચિત્ર શોધ્યાં. મધ્ય પ્રદેશની પર્વતમાળામાં હોશંગાબાદ, પંચમઢી, સીંગનપુર અને કાબરા પહાડમાં પણ ચિત્રો મળ્યાં છે. ઉત્તર પ્રદેશમાં સોન નદીને કાંઠે મીરઝાપુરમાં લિખનિયા, કોહબાર, મહરિયા અને ભલદરિયા નદી પર વિજયગઢમાં તથા માણેકપુર અને પડોશમાં બાંદા જિલ્લામાં પ્રાચીન અવશેષો મળ્યા છે. આંધ્ર, તામિલનાડુ, છોટાનાગપુર તથા ઓરિસ્સા વગેરેમાં પણ આવાં પ્રાક્ ઐતિહાસિક ભીંતચિત્રો છે. સૌમાં મધ્ય પ્રદેશમાંથી મળેલાં ભીમબેટકાનાં ચિત્રો વધુ મહત્ત્વનાં છે. શ્રી વાકણકરે આના પર સંશોધન અને તેનું પ્રકાશન પણ કર્યું છે. તેમના મતે તે ખૂબ પુરાતન છે.

અજંતાનાં ચિત્રો ઇતિહાસકાલીન છે. તેની શૈલી પ્રશિષ્ટ છે. ઈ.સ. પૂર્વે ૧લી સદીથી તેની શરૂઆત છે. આ બુદ્ધકાલીન ચિત્રોમાં કલાદૃષ્ટિ અને રેખાસિદ્ધિ છે. આ લોકકલા નથી, તેમાં લોકજીવન છે. પણ તેનો કલાકાર તો શિખર પર બેઠેલો છે, અભ્યાસુ છે. અજંતાનું સ્થાન જગતની કલામાં માગ મુકાવે તેવું છે.

બાઘ, સીતનવાસલ, બાદામી અને ઇલોરાનાં ચિત્રો ગુફાની અંદર થયાં છે. તેની ટેકનિક પણ એટલી ઊંચી છે કે તે આજ સુધી ટકી શક્યાં છે. આ ચિત્રોમાં તત્કાલીન ધર્મ અને જીવન છે. નારીસૌંદર્ય તો અદ્‌ભુત છે. ઈ.સ.ની સાતમી સદી સુધી આ શૈલીમાં કામ થયું. આ ચિત્ર ફ્રેસ્કો સેકો છે. એટલે સૂકી ભોંય પર રંગો પૂર્યા છે.

ગુફાકાળ પછી બાંધેલાં સ્થાપત્યોનો કાળ આવે છે. શૈવકાલીન ઇલોરા પણ તેમાં આવી જાય. આ મંદિરો પર્વત-માંથી કોરી કાઢેલાં છે. તેનો દેખાવ બાંધેલાં સ્થાપત્ય જેવો છે. તેમાં થયેલાં ભીંતચિત્રોની ટેકનિક ને પ્રણાલી અજંતા જેવી છતાં શૈલી પરિવર્તિત છે. તેમાં કેટલાંક ચિત્રોમાં જૈન કલાનાં



વસો ગામનું હાથીની સવારીનું ભીંતચિત્ર



કૈલાસનાથ મંદિર - ઈલોરા (તસ્વીર : નટુ પરીખ)

એંધાણ દેખાય છે : પાર્શ્વચહેરા, બહાર પડતી આંખ, લાંબું નાક. ઈલોરામાં જૈન, બુદ્ધ અને શૈવ ગુફામંદિરો છે. અહીં ચિત્રોનો સારો ખજાનો છે. ઈલોરાનું આધાર સમું મંદિર (Prototype) કૈલાસનાથ કાંચીનો સમય ૮મી સદી ગણાય છે. હવે શૈવ મંદિરોનો કાળ આવે છે. જ્યાં પણ ખૂબ ચિત્રો થયાં ને ધાતુશિલ્પો પણ થવા માંડ્યાં.

દક્ષિણ ભારત દેવમંદિરોથી ભરેલું છે. તેના દરવાજા, ભવ્ય દરવાજા એટલે ગોપુરમ્. ૧૦મી સદી પછીની કલા દક્ષિણમાં ખીલી ઊઠે છે. ભીંતચિત્રોની આખી નવી પરંપરા ઊભી થાય છે. બૃહદેશ્વરનાં ચિત્રો (ચોલવંશ)માં ઘણી વિગતો છે. શિવકાંચી અને વિષ્ણુકાંચીમાં ગર્ભગૃહની આસપાસ ભીંત-ચિત્રો છે. મદ્રાસથી તાંજોર માર્ગે ચિદંબરમ્નું મંદિર છે. તેમાં પણ શિવકામ સુંદરી (પાર્વતી) અને દેવતાઓનાં ચિત્રો છે. વિજયનગરના વિરૂપાક્ષ મંદિરનાં ભીંતચિત્રો ચાલુક્ય અને ચૌલ કલાશૈલીના ઉત્તમ નમૂના છે. આ મંદિરનાં રંગ મંડપની છતમાં થયેલું ચિત્રકામ સારી હાલતમાં છે. હવેનાં ચિત્રોમાં અજંતાની છાપ ભૂંસાઈ ગઈ છે. વિષય પણ શિવ, વિષ્ણુ વગેરે છે. મુગટ તથા અન્ય આભૂષણો તે કાળના રાજાઓનાં છે. કર્ણાટક રાજ્યના અનંતપુર જિલ્લામાં લેપાક્ષી નામે એક નાનું ગામ છે. ત્યાં શિવ અને વિષ્ણુનાં મંદિરો છે. આ ચિત્રોમાં પાત્રો છટાદાર છે. તેમાં અલંકરણ વધુ દેખાય છે. મુગટ અને કેશગુંફન ન્યારાં છે.

બુંદેલી કળાનાં ખંડિયેરો ઓચ્છા અને દતિયામાં છે. બુંદેલા રાજાઓની રાજધાની ઓચ્છા. ત્યાંના લક્ષ્મી મંદિરની ભીંતો પર કૃષ્ણલીલાનાં ચિત્રો આવે છે. દતિયાના મહેલનાં આ ચિત્રો રાજપૂત અને મુઘલ શૈલીની અસરવાળાં છે. ચંબા, નૂરપુર (ઠાકુરદ્વારા મંદિર) વગેરે સ્થળોએ થયેલાં ચિત્રો પૂરી પકવશૈલીનાં, રાધાકૃષ્ણ મુખ્ય વિષયવાળાં ચિત્રો છે. ચંબાના રંગમહેલનાં ભીંતચિત્રો કોણે કર્યાં હશે તેની ખબર પડતી નથી. આ રાણીવાસ હતો.

રાજસ્થાની કલા રાજસ્થાની રાજવીઓના સમયમાં વિકસી. ૧૫મી સદીમાં એનો રાણા કુંભાના હાથે સારો વિકાસ થયો. જોધપુર, ઉદયપુર, બિકાનેર, બુંદી, નાગોર વગેરેમાં અખૂટ કલાભંડારો છે. હવે, ભીંતચિત્રો ઉપરાંત પટચિત્રો ને પીછવાઈઓ થવા માંડી. વિષયો બદલાયા. રાગમાળા, બારમાસા, મહાભારત વગેરે પર ચિત્રો થયાં. નાયિકાભેદ, કૃષ્ણલીલા, ભાગવત, રામાયણ, મહાભારત વગેરે પર પણ ચિત્રો થયાં. બીજી બાજુ કાગળ આવતાં કાગળ પર ચિત્રો થવા માંડ્યાં. જયપુરી ફ્રેસ્કો ટેક્નિકની રીતે ખૂબ વિકસ્યાં. રાજસ્થાનમાં આજે આવાં અસંખ્ય ફ્રેસ્કો મળે છે. જયપુર પાસે પુંડરિકજીની હવેલીમાં સંખ્યાબંધ પાત્રોવાળાં ચિત્રો છે. આનો સવિસ્તર ખયાલ શ્રી વાસુદેવ સ્માર્તે તેમના પુસ્તક 'ભારતનાં ભીંતચિત્રો'માં આપ્યો છે.

શ્રી વાસુદેવ સ્માર્તે દક્ષિણ ગુજરાતનાં જૈન મંદિરોનું સર્વેક્ષણ કરી તેનાં પટચિત્રો, ભીંતચિત્રો વગેરેનાં આલેખન કર્યાં છે. ગુજરાતની કલામાં જૈનોનો ઘણો ફાળો છે. સુરતના ચિંતામણિ પાર્શ્વનાથના દહેરાસરમાં કાષ્ઠશિલ્પ સાથે ચિત્રકામ અને પટચિત્રો પણ થયાં. ગુજરાતના જૈન કલાભંડારો ચિત્રોથી ભરેલાં છે. જૈન કલાશૈલી એ તો ગુજરાતની કલામાં કલગીરૂપ છે. ડૉ. કુમારસ્વામી લખે છે કે 'મધ્ય યુગની પાસે જૈન ચિત્રકલા કરતાં સુંદર કાંઈ નથી.' ખરેખર ગુજરાતનું આ કલાધન છે. ડૉ. ઉમાકાન્ત શાહે આના પર ખૂબ પ્રકાશ પાડ્યો છે.

જૈનચિત્રો એ તો કાગળ પરનો, તાડપત્રો પરનો કલા-વારસો છે. પરંતુ તે સાથે ગુજરાતમાં ભીંતચિત્રોનો પ્રવાહ પણ ચાલુ હતો, જેના વિષે હજુ પૂરું સંશોધન થયું નથી. જૂનાં મકાનો તૂટતાં જાય છે ને કલાવારસો ભૂંસાતો જાય છે. કચ્છ અને કાઠિયાવાડનાં શીલાવત શૈલીનાં કચ્છના કમાગરોના હાથે થયેલાં ચિત્રો નોંધપાત્ર છે. ઈ.સ. ૧૮૧૮માં અંજારમાં પરદેશી મૅકમાર્ડોએ પોતાનો એકમાળિયો બંગલો બનાવ્યો. તેમાં કચ્છી કમાગરોએ કામ કર્યું. કમાગરો મુસ્લિમ હતા. તેઓ હિન્દુઓના ધર્મગ્રંથથી પરિચિત હતા. શ્રી ખોડીદાસ પરમાર તથા રામસિંહજી રાઠોડે આના પર ઘણું કામ કરી પ્રકાશિત કર્યું છે.

ગુજરાતમાં મધ્યકાલીન જૈન કલા પછી મહારાષ્ટ્રીયન અસરવાળી ભીંતચિત્રોની કળાશૈલીનો પ્રવાહ વહેતો રહ્યો છે. એમાં રાજસ્થાની કળાની અસર મુખ્ય છે. આને સલાટી શૈલી પણ કહેવાય છે. તેના કામ કરનાર કડિયા હતા. તે ચણે પણ ખરા અને ચીતરે પણ ખરા. આ કળા લોકકલા કહી શકાય. તે પ્રશિષ્ટ નથી. દેહાતી હોવાને કારણે બળકટ છે. પાત્રો શાસ્ત્રોક્ત પ્રમાણવાળાં નથી, પરંતુ અભિવ્યક્તિ સારી છે. આના વિષયો છે રામાયણ, મહાભારત, દેવદેવીઓ, લોકકથાઓ, લોકજાતિઓ, કૃષ્ણલીલા. પ્રાણીઓમાં હાથીનું નિરૂપણ ખૂબ સારું છે. વાઘ પણ બલિષ્ઠ છે. રાજાશાહી ને ઠાકોરશાહીનો ઠાઠ છે. બાપુ ડેલીએ હુક્કો ગગડાવે છે. તહેનાતીઆઓ બાપુની તહેનાત કરે છે. પરિચારિકાઓ પણ દેખાય છે. પંખીઓ પણ ખૂબ છે-મોર સવિશેષ. શિકાર દશ્યો તો ખૂબ સબળ છે. શિકારી કૂતરાઓ અને ઘોડાની આકૃતિઓ ખૂબ ચેતનવંતી, વેગવાળી છે. મેમસાહેબા હાથી પર શિકાર કરવા નીકળે છે. વાહનમાં પાલખી દેખાય છે. ભોઈ લોકો તેને ઊંચકે છે. પાત્રો ટૂંકાં છે પણ જૈન શૈલીથી જુદાં છે. શૈલીની રીતે એમ કહી શકાય કે રાજસ્થાની શૈલીમાં મહારાષ્ટ્રીયન છાંટ છે.

આ ચિત્રોમાં ભાતભાતની પાઘડીઓ છે. ગોરા સાહેબો ને યુદ્ધ પણ છે. ટોપો ને પાઘડી મુખ્ય છે. કૃષ્ણ મુછાળા ને દેવીઓ સુરૂપ છે. લગભગ ૧૫૦ વર્ષ જૂનાં મકાનો પર આ ચિત્રો તાપ, તડકો ને વરસાદ વેઠી હજી હયાત રહ્યાં છે. તે કઈ સાલમાં થયાં તેની નોંધ ચિત્રોમાં (સંવત) મળે છે. રંગો તેજસ્વી રહ્યા છે. એનું પ્રમાણ ખેડા જિલ્લામાં સવિશેષ છે. તળ ચરોતરમાં વસો, સોજિત્રા, પીજ, વડતાલ, કરોલી, પેટલાદ, નાર, તારાપુર, કરમસદ, ધર્મજ, વીરસદ, રૂદેલ ગામે છે. દેસાઈઓની હવેલીઓ અને રામજી મંદિરો તથા



સંગીતવૃંદ - અજંતા (તસ્વીર : નટુ પરીખ)

સ્વામિનારાયણ મંદિરો આ કલાથી મંડિત છે.

આ ચિત્રોમાં લોકજીવન છે. તે સમયમાં રેલગાડી આવી, ઘડિયાળ પણ આવ્યું, તે પણ ચિત્રિત છે. આ ચિત્રો બન્ને પદ્ધતિથી થયાં છે. ફ્રેસ્કો ને સેકો. આ ભીંતચિત્રો તો ખુલ્લાં મ્યૂઝીઅમો છે. એના પર ચિત્રિત લોકજીવન જે દેખાય છે તે આજે લુપ્ત થયેલું છે. ચાંદોદ અને વડોદરામાં પણ ભીંતચિત્રો છે.

આ ચિત્રો લાકડાંનાં મકાનો પર છે તે હવે તૂટવા માંડ્યાં છે. તે સાચવવાની જવાબદારી જનતાની છે. તેનું સંશોધન ગુજરાતની કલાનું એક નવું પાનું છે. એમાં ભારતીય પરંપરા અને દેહાતી જીવન સચવાયેલું છે. આવાં મકાનો, મંદિરો કે હવેલીઓ ન તૂટે તે બાબતે સરકારે પણ જાગૃત થવું જોઈએ. આવાં મકાનોની કોતરણી પણ એટલી જ સુંદર હોય છે. આવાં મકાનો જોતાં ભૂતકાળમાં સરી જવાય છે ને કલાકારની ધીરજ માટે માથું નમે છે. એક ભીંત એટલે કે ૩૦ થી ૪૦ ફૂટ અને તે પર અનેક વિષયો છે.

છેલ્લે, ગુજરાતમાં આવી નંદબાબુએ વડોદરાના કીર્તિ-મંદિરમાં ચિત્રો કર્યાં. શાંતિનિકેતને ભીંતચિત્રની પ્રણાલીને ખૂબ વિકસાવી. શાંતિ શાહે નવી ઢબનાં મકાનો પર ઘણાં મોઝેક કર્યાં. વડોદરાની કલાશાળામાં શ્રી બેન્દ્રે સાહેબ રાજસ્થાની કસબી ગ્યાસેલાલ વર્માને લાવ્યા. એ કસબીએ ગુજરાતને ઘણું આપ્યું. શાંતિ શાહ તેમની પાસેથી મોજેક શીખેલા. કલાનો પ્રવાહ વહેતો રહે ને જીવનમાં તેની ફોરમ ફેલાય તો જ જીવન મઘમઘતું રહે. આમ, ભીંતચિત્રોની કલાશૈલી જનસમુદાય સુધી કલાને પહોંચાડવામાં ઘણી ઉપકારક રહી છે. ❒

માછરડાની લડાઈ

પ્રા. પ્રદ્યુમ્ન બી. ખાચર

માનવ સામાજિક પ્રાણી છે અને તેને પણ પશુઓની જેમ ક્યારેક ઝઘડવું જાણે કે ગમે છે. આ પૃથ્વીની રચના થયાની સાથે જ થોડા જ સમયમાં ઝઘડાનો જન્મ થયો હતો અને માનવ પોતાની લાગણી દુભાય કે પોતે કાંઈક વધુ મેળવી લેવા કે વચનો કે મહેણાં ખાતર લડ્યો છે. એટલે કે પ્રાચીનકાળથી સતત આ જગતમાં યુદ્ધો થતાં જ રહ્યાં છે. પરંતુ પછીથી ધીરે ધીરે માનવમાં જેમ જેમ સંસ્કારિતા, શિક્ષણ અને વિજ્ઞાન આવવા માંડ્યું ત્યારે થોડાંક યુદ્ધો ઘટ્યાં છે. મધ્યકાળનો સમય એવો હતો કે કોઈ દિવસ નાની નાની લડાઈઓ માટે ખાલી ન હોય. અંગ્રેજો ભારતમાં આવ્યા પછી અને વૉક સેટલમેન્ટ (૧૮૦૭) થયા પછી સૌરાષ્ટ્રમાં યુદ્ધો ઉપર સંપૂર્ણપણે કહી શકાય એવો અંકુશ આવી ગયો હતો. તેમ છતાં માનવની પ્રકૃતિને ડામી તો શકાય જ નહીં. તેથી નાના-મોટા ઝઘડાઓ તો થતા જ રહેતા હતા. પરંતુ મોટી લડાઈઓ થતી બંધ થઈ તેમાં સૌરાષ્ટ્રની કદાચ મોટી એવી આ છેલ્લી લડાઈ માછરડા (તા. કાલાવાડ, જિ. જામનગર) મુકામે ૨૯ ડિસેમ્બર ૧૮૬૭ના રોજ વાઘેરો અને અંગ્રેજો તથા દેશીરાજ્યોની ફોજ વચ્ચે થઈ હતી.

આ લડાઈની યાદગીરી અને અંગ્રેજોએ જાણે કે બહુ મોટું પરાક્રમ કર્યું હોય તેવી વાતને યાદ રાખવા માટે તે ટેકરી ઉપર આશરે ૫૭ ફુટ જેટલો ઊંચો રણસ્તંભ કે વિજયસ્તંભ કે કીર્તિસ્તંભ ઊભો કર્યો છે. સૌરાષ્ટ્રમાં આવા બે કીર્તિસ્તંભ છે. બીજો આવો કીર્તિસ્તંભ દ્વારકા પાસે ઈ.સ. ૧૮૨૦નો વાઘેર મૂળુ માણેકના હાથે મરાયેલ કૅપ્ટન મેરીએટનો સ્મૃતિસ્તંભ છે.

માછરડાના આ સ્તંભનો ઈ.સ. ૧૯૭૫ના વાવાઝોડામાં ઉપરનો થોડો ભાગ તૂટી પડ્યો હતો. બાકી હું ત્યાં રૂબરૂ મારા સંશોધન-પ્રવાસમાં જોવા ગયો ત્યારે ૩૫ ફુટ જેટલો ઊભો જોયો છે. જો આ ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના ધરતીકંપે ન તોડ્યો હોય તો હજુ છે.

વાઘેરનો ઈતિહાસ : ઓખામંડળમાં વાઘેરોની વસ્તી છે. તેનું નામ ઓખામંડળ પડ્યું તે વિશે એક દંતકથા છે કે અહીં ઓખા નામનો દૈત્ય રહેતો હતો. તેથી તેનું એ નામ પડ્યું છે. અન્ય કથાઓ કહે છે કે શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધ બાણાસુરની કન્યા ઓખાને પરણી લાવીને અહીં રહ્યો માટે ઓખામંડળ કહેવાય છે. આ વાઘેર પ્રજાના ઈતિહાસ માટે એવી દંતકથા છે કે ભગવાનના અંગના મેલમાંથી વાઘેરો ઉત્પન્ન થયા છે. ખભાના મેલમાંથી ઉત્પન્ન થયા તે કાબા, મોઢાના મેલમાંથી ઉત્પન્ન થયા તે મોડા અને કાનના મેલમાંથી ઉત્પન્ન થયા તે કાળા કહેવાયા. આ કાળા અને મોડા નામની શાખાઓમાં અન્ય દેશોમાંથી લડાયક વૃત્તિના માણસો નાસીને આવ્યા હતા તે આમાં ભળ્યા. તેમાંથી અનેક શાખાઓ પછી થઈ. તે બધા આજે વાઘેર તરીકે ઓળખાય છે. વાઘેરોની ઉત્પત્તિની આ દંતકથા નવાઈ પમાડે તેવી છે. તેથી તે બાબતે યોગ્ય વિચાર કરવો ઘટે. યાદવોના નાશ પછી ખભામાંથી ઉત્પન્ન થયેલા કાબા નામના વાઘેરની પાંચ જાત થઈ હતી : (૧) ગજણિયા, (૨) સેથાણિયા, (૩) ડાંગિયા, (૪) વરણાકિયા, (૫) કોટડિયા.

રાજસત્તા સાથે બહારવટું : ઓખા અને દ્વારકાના આ લડાકુ મિજાજના વાઘેરો સ્વાતંત્ર્યપ્રેમી હતા જે દ્વારકા અને ઓખામંડળનો પ્રદેશ વાઘેરો પાસેથી છીનવી લઈ કંપની સરકાર વડોદરાના ગાયકવાડને તાબે કરી દીધો હતો. ત્યારે વાઘેરો બ્રિટિશ સરકાર સામે ઈ.સ. ૧૮૨૦થી બંડ ખેલી રહ્યા હતા. આ વાઘેરો મોટી ફોજ સામે પણ ઘણા સમય સુધી ઝઝૂમ્યા હતા. તેઓની બહાદુરી અસાધારણ હતી. તેઓ થોડા હતા છતાં મોટી ફોજ સામે બાથ ભીડતા અને શાબાશી પડકારાથી ભલભલા લડવૈયાઓનાં હાજાં ગગડાવી નાખતા કારણ કે તે મરણિયા હતા. તેઓના સારા સારા નેતાઓ લડાઈ, ધીંગાણામાં જ મૃત્યુ પામ્યા. તેઓ ગાયકવાડ સામે બહારવટે હતા. જો અંગ્રેજોએ ઓખા મહાલ વાઘેરો પાસેથી લઈ ગાયકવાડને ન સોંપ્યો હોત અને પોતાની પાસે રાખ્યો હોત તો કદાચ વાઘેરોના આવા મોટા બહારવટાનો ભોગ સૌરાષ્ટ્રની જનતાને ન બનવું પડ્યું હોત. વાઘેરો ઉપર ગાયકવાડે જુલમો કર્યા હતા.



માછરડાનો રણસ્તંભ
૨૯ ડિસેમ્બર ૧૮૬૭

એક વાર તો વાઘેરોએ દ્વારકાને ઘેરો ઘાલ્યો હતો. એ સમયે કંપની સરકારે કરાચીથી કર્નલ સ્ટેનહોપની નેતાગીરી હેઠળ એક લશ્કર મોકલ્યું હતું. તેમાં કૅપ્ટન મેરીએટ દ્વારકાના

કિલ્લા ઉપર સીડીથી ચડી ગયો હતો. ત્યાં મૂળુ માણેકે તલવારના એક જ ઝાટકે ૨૬ નવેમ્બર, ૧૮૨૦ના રોજ તેને મારી નાખ્યો.

આ વાઘેર બહારવટિયાઓમાં જોધો માણેક અને તેનો ભત્રીજો મૂળુ માણેક મુખ્ય હતા. મૂળુ માણેકનો ભાઈ દેવો માણેક હતો. જોધા માણેકે ઈ.સ. ૧૮૫૮ સુધીમાં ઓખા અને દ્વારકાના પ્રદેશ ઉપર પોતાનો કબજો જમાવી દીધો હતો. જાણે કે આ પંથકમાંથી ગાયકવાડ અને બ્રિટિશ સરકારનું મૂળ નીકળી ગયું!

આવા સમયે ગાયકવાડે બ્રિટિશ લશ્કરની મદદ માગી ત્યારે કર્નલ ડોનોવાલ અને ગાયકવાડનું લશ્કર આવ્યું જેમણે ઈ.સ. ૧૮૫૯માં બેટ અને દ્વારકા ઉપર હુમલા કર્યા અને ત્યારે આ બહારવટિઆઓ ગામ છોડી ચાલ્યા ગયા. ત્યારે કર્નલ ડોનોવાલના લશ્કરે કિલ્લાને જમીનદોસ્ત કર્યો અને બેટનાં મંદિરો તોડી નાખી ત્યાંથી ચાર લાખનું ઝવેરાત લૂંટ્યું હતું. એ જ રીતે દ્વારકાના મંદિરને પણ લૂંટ્યું. પછી આ મંદિર તોડવા-લૂંટવાની આખા ઈલાકામાં જબરી ટીકા થઈ હતી. દરેક રજવાડાએ ઊહાપોહ મચાવ્યો હતો ત્યારે આજનાં બેટનાં મંદિરો ગાયકવાડે પછીથી ફરી બંધાવ્યાં છે.

પછી ૨૯ માર્ચ ૧૮૬૦ના રોજ જોધો માણેક બારટન સાહેબની હજૂરમાં આવી શરણે થયો હતો. જે જોધા માણેકનું પછી તાવથી ગિરમાં મૃત્યુ થયું હતું. ત્યાર બાદ મૂળુ માણેક અમરેલી કોર્ટમાં હાજર થયો હતો. ૧૨ જૂન ૧૮૬૦ના રોજ અમરેલી કોર્ટ બેસાડવામાં આવી તેમાં ૪૭ કેદીઓના કેસ ચલાવી મૂળુ માણેકને ૧૪ વર્ષની, બાપુ માણેકને ૭ વર્ષ, સાંગને ૫ વર્ષ, ધાંધાને ૫ વર્ષની અને બાકીનાને ૨ થી ૫ વર્ષની અંદરની સજા પડી હતી.

આ પછી ૨૬ સપ્ટેમ્બર ૧૮૬૨ના રોજ મૂળુ માણેક સહિત ૨૨ વાઘેર બેનેટથી સિપાઈને મારીને રેવાકાંઠાની જેલમાંથી ભાગ્યા. આ સિવાય ઈ.સ. ૧૮૬૫ના મે માસમાં વડોદરાની જેલમાંથી ખેતો છબાણી અને ૨૯ જણ ભાગ્યા હતા. એક વાર તો વાઘેર કેદી કાળાપાણીએથી પણ ભાગ્યા હતા. આ એ સમયની જેલની પરિસ્થિતિ અને બંદોબસ્તનો ખયાલ આપે છે. મૂળુ માણેકે જેલમાંથી ભાગ્યા પછી પોતાના મરણ સુધી એટલે કે પાંચ-છ વર્ષ સુધી બહારવટું ચાલું રાખ્યું હતું.

લડાઈનું સ્થળ : સૌરાષ્ટ્રની આ કદાચ છેલ્લી ગણાતી લડાઈનું સ્થળ જામનગર જિલ્લાના કાલાવાડ શીતલા પાસેના માછરડા ગામ પાસે આવેલા ટોબરા ડુંગર ઉપર ૨૯ ડિસેમ્બર ૧૮૬૭ના રોજ થઈ હતી, જે ડુંગર આશરે ૧૧૦ ફુટ ઊંચો છે. જેમણે સૌરાષ્ટ્રનાં સ્થળનામો વિશે અભ્યાસ કર્યો છે એવા ધોરાજીના શ્રી હસમુખભાઈ વ્યાસ માછરડાનું નામ મચ્છરડીધાર અને ગુરુ મત્સ્યેન્દ્રનાથ ઉપરથી પડ્યાનું જણાવે છે.

આ ડુંગર ઉપર માણેક મૂળુ, દેવો માણેક અને તેના સાથીદારો છુપાયા હતા. પરંતુ અંતે બધા સાથે ન પકડાઈ જઈએ કે મરી જઈએ એમ ગણી થોડાક જતા રહ્યા હતા.

શુકનાવળી અને લડાઈ : વાઘેર બહારવટિયાઓ પાસે મુબારક સીદી નામનો એક પહેલવાન હતો જે એક સારો શુકનાવળી હતો. તે પક્ષીઓના બોલવા ઉપરથી સારા-નરસાનો શુકનભેદ સમજી શકતો હતો. જ્યારે બહારવટિયાઓ ફગાશિયા ડુંગર ઉપર હતા ત્યારે આ શુકનાવળીની સલાહ માન્યા નહીં અને તે ડુંગર છોડીને ટોબરા ડુંગર ઉપર આવ્યા કે ત્યાં ચારે બાજુથી એવા ફસાયા કે બધાના પ્રાણ ગયા.

લડાઈનો વ્યૂહ અને લડાઈ કઈ રીતે થઈ : વાઘેરો સ્થળ-પસંદગીમાં ભૂલ ખાઈ ગયા હતા તેથી ચારે તરફથી માછરડાની ટેકરી કે ટોબરો ડુંગર ઘેરાઈ ગયો હતો. શરૂઆતમાં વાઘેરોને હતું કે રાત્રે ભાગી જઈશું, પણ ન ભાગી શક્યા. રાત્રી થઈ ગઈ ત્યાં વળી દારૂગોળો પડ્યો હતો તેમાં અંગારો પડતાં તે સળગ્યો. આ બધું નીચે ઊભેલી ફોજે જોઈ લીધું હતું કે આ લોકો પાસે પૂરતા પ્રમાણમાં દારૂગોળો નથી તેથી ફોજ ઉત્સાહમાં આવીને આગળ ચડવા પ્રયાણ કરે છે.

આ ટોબરા ડુંગરને ત્રણ બાજુએથી આ પ્રકારે ઘેરી લીધો હતો. પશ્ચિમ બાજુ કાઠિયાવાડના ત્રીજા પોલિટિકલ આસિસ્ટંટ કૅપ્ટન એચ.ટી.હેબર્ટ અને શિવરામ ગારદીના માણસો હતા. જ્યારે પૂર્વ બાજુમાં નવાનગરની ફોજ અને જાલમસિંહ જાડેજા હતા. પરંતુ જાલમસિંહને પોતાના માણસો ઉપર અંતે વિશ્વાસ ન રહેતાં તેઓ ત્યાંથી ખસી પશ્ચિમ બાજુ હેબર્ટ પાસે આવી ગયા હતા; જ્યારે દક્ષિણ બાજુ કૅપ્ટન સી.બી.લાટુચ અને મિયાં અલવી, સાલે હિંદી તથા જૂનાગઢ લોકલ ફોજના માણસો હતા.

જ્યારે કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કર્નલ ડબ્લ્યુ.ડબ્લ્યુ.એન્ડરસન ડુંગર ફરતા સુપરવિઝનમાં રહ્યા હતા. પછી દક્ષિણપૂર્વની ટુકડીએ પ્રથમ ચડાઈ શરૂ કરી ત્યારે બહારવટિયા ડુંગરના પૂર્વવિભાગમાં એક ખાડામાં છુપાઈને ગોળીબાર કરતા હતા. તેમાંથી એક ગોળી હેબર્ટને વાગી અને બીજી અન્ય એક લશ્કરી અમલદારને ચરકતી ગઈ. હવે વાઘેરોની બંદૂકો ખાલી હતી ત્યારે અંગ્રેજ ફોજે

ગોળીબાર કરી શંકર તથા એક વાઘેરને ઘાયલ કર્યો, ત્યારે અન્ય બહારવટિયા ભાગ્યા અને અંગ્રેજ ફોજ પૂર્વ તરફના ખાડા તરફ આવી ગઈ અને ત્યાં ૮ વાઘેરને ઢાળી દીધા. આ પૂર્વના ખાડાથી થોડેક દૂર દેવો માણેક મરાયો. પછી થોડા નીચે એક સૈયદ અને તેની નીચે ભોજિયો મેર પડ્યો હતો. બીજા તેર વાઘેર ભાગતા જતા હતા ત્યાં નગરની ફોજ હતી, પણ તેઓ તો ઊલટો રસ્તો દઈ ગયા. જુઓ આ લોકોની બેવફાઈ. આ બાબત જ જાલમસિંહ જાડેજા કળી ગયા હતા. તેરમાંથી એક ઊભો રહ્યો તેને બે જણ પાછા આવી મળ્યા અને ઊભા રહ્યા ત્યાં જમાદાર સાલેહિંદી કહે, 'ઊભા છો કેમ? નામરદ છો કે શું?' ત્યારે લાટુચ નગરની ફોજનો ઘોડો લઈ દોડ્યો. આગળ એક બાવાને પડેલો જોઈ સિપાઈએ તેનું માથું કાપી લઈ તેના દાગીના ઉતારી લીધા.

બીજી બાજુ શંકર પડ્યો હતો તેને એક ભીશ્તી કુહાડાથી મારતો હતો તેને મનાઈ કરી અને ઈશ્વરિયાના સીંધીના ચોફાળની ઝોળીમાં નાખીને ઉતારે લાવ્યા હતા. ત્યારે લાટુચે રસ્તામાં એક વાઘેરને જોયો. તેને મારવા જતા તે વાઘેરે તેની પાસેની બંદૂકમાંથી ગોળી છોડી અને લાટૂચ મરણ પામ્યો. મિયાં અલવી કહે છે કે, 'હું ત્યાં પહોંચ્યો ત્યાં લાટૂચ જીવતો હતો. મેં તેને પાણી પાયા પછી તે મર્યો. પછી તેનું શબ પણ ઉતારે લાવવામાં આવ્યું.'

રાત્રે અન્ય લાશો લેવા ડુંગર ઉપર ગયા ત્યારે તે ખાડામાં એક ચારણ જીવતો હતો. તેને આ લોકોએ મારી નાખ્યો. આથી આગળ ભોજિયો મેર પડ્યો હતો. તે પણ ઘાયલરૂપે જીવિત હતો. તેને પણ ઉતારે લાવ્યા. ત્યાં ભોજિયા તથા શંકરને પાસે રાખી બધાની લાશો ઓળખાવી. દેવા માણેકની લાશ પણ સવારે ઓળખવામાં આવી. હેબર્ટ તો તે લડાઈની રાત્રે ૧૨ વાગ્યે જ મૃત્યુ પામ્યો હતો. આ લડાઈમાં ૧૭ જણા મરાયાનું લખાણ છે. પરંતુ શિલાલેખમાં લખ્યું છે કે ૨૬ જણા વાઘેરોના હતા તેમાંથી ૭ ભાગી ગયા તે હિસાબે બે વ્યક્તિનો મેળ બેસતો નથી.

આ લડાઈ પછી ત્રીજા દિવસે એટલે કે ૧ જાન્યુઆરી ૧૮૬૮ના રોજ શંકર જે બચી ગયો હતો તેને પણ ફાંસી આપવામાં આવી હતી. આ લડાઈમાં અંગ્રેજોની ફોજ, ગાયકવાડની ફોજ, જામનગર, જૂનાગઢ, પોરબંદર બધાંની સંયુક્ત ફોજ આ બહારવટિયાઓ સામે લડી હતી. આ બધા મળીને હજારેક માણસો આ લડાઈમાં હતા. જ્યારે સામે પક્ષે માત્ર ૨૬ જણા જ હતા.

લડાઈમાં અન્યાય : આ લડાઈમાં જાલમસિંહ જાડેજા, જૂનાગઢના સાલેહિંદી અને અલવી જમાદારનો સારો એવો ફાળો હતો. છતાં તેઓને જોઈએ એવો જશ મળ્યો નથી. માત્ર અંગ્રેજોના શિરે જ બધા જશનો ટોપલો ઢોળી દેવામાં આવ્યો છે. જો કે મૃત્યુ પામેલા સૈનિકોનાં નામ તે ટેકરી ઉપરના રણસ્તંભના શિલાલેખમાં કોતરવામાં આવ્યાં જરૂર છે.

મૂળુ માણેકનું મોત : મૂળુ માણેક ઊંચો કદાવર હતો. તેની દાઢીના નમણા વાળથી સિંહ જેવો લાગતો હતો. તે હંમેશા માથા ઉપર લગભગ એક આખા તાકા જેટલી, લાંબા સફેદ કાપડની પાઘડી બાંધતો હતો, જેમાં અંદર તાંસળીનો હેલ્મેટ તરીકે ઉપયોગ કરતો હતો. તે શરીરે સફેદ ઝૂલવાળી આંગડી, કેડ સુધીનું કેડિયું, અંગરખું પહેરતો હતો. કમર નીચે સફેદ કાપડનો કસકસતો ચૂડીદાર પાયજામો પહેરતો હતો અને પછેડીની ભેટ બાંધતો હતો. પગમાં ઓખાઈ જોડા પહેરતો હતો. લોકો એમ કહેતા કે મૂળુ માણેકના કપાળમાં જોગણી બિરાજતી તેથી મૂળુ જ્યાં જાય ત્યાં સૌ તેની છાયામાં દબાઈ જતા હતા.

દેવો માણેક માછરડાના ડુંગર ઉપર મરાઈ ગયો, પરંતુ મૂળુ જીવતો ભાગી ગયો હતો, પછી તે ખૂબ જ હેરાન થયો હતો. પોતાનો ભાઈ અને સાગરીતો મર્યાનું દુઃખ પણ ખરું અને સતત રઝળપાટના હિસાબે શરીર પણ લથડી ગયું હતું. કેટલાય દિવસો લાંઘણ ખેંચવી પડતી હતી. સાતસાત દિવસ સુધી રાંધેલું અનાજ ન મળે ત્યારે શેરડી અને કાચા અનાજથી ચલાવી લેવું પડતું હતું. આવા સમયે મૂળુ, વેરશી, જગતિયો અને હાદો કુરાણી તથા નાગશી ચારણ અને મુંગર સંધિ ફરી રહ્યા હતા. એક દિવસ પોરબંદર રાજ્યના વનચરડા ગામમાં (ક્યાંક વાછરા લખ્યું છે) એક હરિજનના ઘરમાં ભરાયા ત્યારે પોરબંદરના જમાદાર મુબારક તથા લખુ અને જમાદાર નંદા સાથે લડાઈ થઈ અને હરિજનનું ઘર સળગાવ્યું ત્યારે બધા બહાર નીકળ્યા અને મૂળુ માણેક જખ્મી થયો અને જમાદાર મુબારકે તેનું માથું ૭ મે ૧૮૬૮ના રોજ ઉતારી લીધું.


કેપ્ટન મેરીએટનો કીર્તિસ્તંભ

જે મૂળુ માણેક દ્વારકા, બેટની લડાઈ વખતે દોઢ હજાર માણસનું ઉપરીપણું ભોગવતો હતો તે છેલ્લે પાંચસાત આદમીઓ સાથે રહ્યો અને

મરાયો. દેવા માણેકનાં કામો એવાં નહોતાં. મૂળુ માણેક વિશેની અંગ્રેજી ભાષાની કવિતા ઓખામંડળના વાઘેર પુસ્તકમાં કલ્યાણરાય જોશી પૃષ્ઠ-૨૮૬ ઉપર આપે છે અને લખે છે કે આ કાવ્ય 'આઉટ-લૉઝ ઑફ કાઠિયાવાડ' કિનકેઈડમાં છે.

આજ સુધીમાં માછરડા વિશે લખેલ લેખકોની ભૂલો: (૧) 'ભાગુ તો ભોમકા લાજે'માં જયમલ્લ પરમારે માછરડાના આ સ્તંભને આરસનો કહ્યો છે. તે આરસનો નથી. માત્ર શિલાલેખ જ આરસનો છે. એ ગ્રંથમાં જ જયમલ પરમાર આ લડાઈની સાલ ૨૯ ડિસેમ્બર ૧૮૫૯ લખે છે, હકીકતે લડાઈ ૨૯ ડિસેમ્બર ૧૮૬૭ના રોજ થઈ હતી. વળી આગળ જતાં પરમાર લખે છે કે આ રણસ્તંભમાં વાઘેરોની વીરતાનાં વખાણ કરવામાં આવ્યાં છે, પરંતુ હકીકતે તે શિલાલેખમાં વાઘેરોની વીરતાનાં વખાણ નથી તેના માટે તો 'બદમાસ' શબ્દ વાપર્યો છે. બાકી અંગ્રેજોની વીરતા બતાવી છે. એ જ રીતે પરમારે આ ગ્રંથમાં તે લેખમાં ૨૭ ડિસેમ્બર ૧૮૬૫ હેબર્ટે રોધડા ગામ સળગાવ્યું હતું અને ત્યાં ઢાંકના પાદરમાં ફોજને મહેતા મંગળજી બુચે ખબર આપ્યા હતા કે મૂળુ માણેક પાટણવાવના ડુંગરામાં છે. તે વાતને પરમારે માછરડા સાથે જોડી દીધી છે કે અંગ્રેજ અધિકારીઓ શિકાર કરવા માટે ઢાંક આવ્યા હતા ત્યારે કોઈએ આવીને બાતમી આપી કે માછરડાના ડુંગરમાં બહારવટિયા છુપાયા છે તેથી આ બધા અમલદારો માછરડા જવા ઊપડ્યા. હકીકતે આ ઘટના તો ૨૭ ડિસેમ્બર ૧૮૬૫ની છે. આમ, 'ભાગુ તો ભોમકા લાજે'નું આખું પ્રકરણ ગૂંચવાયું છે. આ ગ્રંથના લેખકે પણ જોધો, મૂળુ અને દેવાને ભાઈ કહ્યા છે. હકીકતે જોધા માણેક, દેવા અને મૂળુનો કાકો હતો.

(૨) 'યદુવંશપ્રકાશ'ના લેખક કવિ માવદાનજી રત્નુએ આ લડાઈનું વિવરણ લડાઈ પછી ૬૬ વર્ષે પોતે માછરડા ગયા ત્યારે તેમને માછરડાના ચૉરામાં તે ગામના એક ક્ષત્રિયે કહ્યું હતું કે 'હું તે લડાઈ વખતે પંદર વર્ષની ઉંમરનો હતો.' આ ક્ષત્રિયની વાત નોંધેલ હોવાથી તેમાં પણ સ્વાભાવિક ભૂલો થવા પામી છે. 'યદુવંશપ્રકાશ'માં માવદાનજી માછરડાના ડુંગર ઉપર જોધો માણેક, દેવો માણેક અને મૂળુ માણેકને ૧૮૬૭માં બતાવે છે અને તેને ભાઈઓ કહે છે. હકીકતે દેવો માણેક અને મૂળુ માણેક સગા ભાઈ હતા, જ્યારે જોધો માણેક તો તે બન્નેનો કાકો હતો અને આ ધીંગાણા વખતે જોધો માણેક તો ગિરના જંગલમાં તાવની બીમારીથી ઘણા સમય પહેલાં મૃત્યુ પામ્યો હતો. તેને આ લડાઈમાં 'યદુવંશપ્રકાશે' બતાવ્યો છે તે ખોટું છે.

વળી, 'યદુવંશપ્રકાશ' માછરડાની ધાર ઉપર જ દેવા માણેક અને મૂળુ માણેકને મરતા બતાવ્યા છે, જે પણ ભૂલભરેલું છે. મૂળુ માણેક તો પછી વિકમાતજીની પોરબંદરની ફોજના હાથે ૭ મે ૧૮૬૮માં વાછોડા પાસે મરાયો હતો.

(૩) શ્રી શંભુપ્રસાદ દેસાઈ 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ'માં લખે છે કે મૂળુ માણેક પકડાઈ જતાં વાઘેરો વેર-વિખેર થઈ ગયા. હકીકતે મૂળુ માણેક પકડાયો નહોતો પણ અમરેલીની કોર્ટમાં સામેથી હાજર થયો હતો. જો કે શ્રી શંભુપ્રસાદ અહીં વધારે કાંઈ લખતા નથી. માત્ર એક લીટી જ છે તેથી કદાચ તેમનો એમ કહેવાનો ભાવ હોઈ શકે છે કે હાજર થઈ ગયો તે તો ક્ષમ્ય છે.

(૪) શ્રી કલ્યાણરાય જોશી ઓખામંડલના વાઘેર પુસ્તકમાં માછરડાની ધારના એ શિલાલેખની નકલ આપે છે. તેમાં ૨૩ ડિસેમ્બર ૧૮૬૭ તારીખ આપે છે. સાચી તારીખ ૨૯ ડિસેમ્બર, ૧૮૬૭ છે તે કદાચ મુદ્રણદોષ હશે.

(૫) 'દ્વારકાને લગતા ઉત્કીર્ણ લેખો' નામનું પુસ્તક મોતીભાઈ પટેલે સંપાદિત કર્યું છે, જેમાં તેઓએ માછરડાની ધારના શિલાલેખનું ગુજરાતી ભાષાંતર'આપ્યું છે. તેમાં લેખના નં.૩ સવાર મહમદ ઉસ્માન અને નં.૪ સવાર રઘુવીરસિંહનાં નામ જ લખતાં ભૂલી ગયા છે જેથી આ બે સૈનિકોને જબરો અન્યાય થાય છે. જ્યારે દફેદારને બદલે દહેદાર લખાયું છે.

(૬) આ લડાઈ વિશેની છઠ્ઠી ભૂલ 'ગોંડલની ભૂગોળ' નામના પુસ્તકમાં થઈ છે, જેમાં હેબર્ટ અને લાટુચની કબરો એ ડુંગરા ઉપર બતાવવામાં આવી છે, પરંતુ હકીકતે તેની કબરો તો માછરડાના પાદરમાં ડુંગર અને રણસ્તંભથી દોઢ કિ.મી દૂર ગામમાં આવેલી છે.

જો આવી ભૂલો દરેક વિદ્વાન કરતા રહે તો પછી વર્ષો બાદ ઈતિહાસ આખો બદલાઈ જવાની પૂરી સંભાવના છે. માટે ઈતિહાસમાં રૂબરૂ મુલાકાત અને બધું જ ચકાસીને લખાવું જોઈએ, એવું આ લડાઈની ભૂલો જોયા પછી લાગે છે.

શહીદ અંગ્રેજ અધિકારીઓની યાદગીરી : માછરડાની લડાઈમાં હેબર્ટ અને લાટુચ વાઘેરો સાથે લડતા શહીદ થયા તેની યાદગીરી રૂપે તે ડુંગર ઉપર રણસ્તંભ તો ઊભો કર્યો પરંતુ તેની હેબર્ટની યાદગીરી માટે નવાનગરના જામસાહેબે રૂ. ૫,૦૦૦ની રકમ થાપણ તરીકે મૂકી તેના વ્યાજમાંથી હાઈસ્કૂલમાં હાલારના વિદ્યાર્થીને સ્કૉલરશિપ આપતા હતા જ્યારે જૂનાગઢના નવાબ મહોબતખાન બીજાએ પણ રૂ. ૫,૦૦૦ની રકમ થાપણ તરીકે મૂકી તેના

વ્યાજમાંથી વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ રૂ. ૨૦ મળતી હતી, જે સ્કૉલરશિપ લાટુચની યાદગીરી માટે અપાઈ હતી.

વાઘેર બહારવટિયાનો શોક : જે રીતે અંગ્રેજ અધિકારીઓની યાદગીરી માટે કાંઈ રચાયું તે રીતે વાઘેરો માટે પણ બન્યું અને તે રીતે તેમને માન મળ્યું. જોધા માણેકનું મૃત્યુ થયા પછી ખબર આવતાં દ્વારકાની બજારો બંધ રાખી હતી. બ્રાહ્મણોએ એક માસ સુધી મિષ્ટાન્નો આરોગ્યાં નહોતાં. દ્વારકાની બહેનોએ તાંબા-પિત્તળનાં બેડાંને બદલે ઠીકરાંનાં વાસણોથી ૧ માસ સુધી પાણી ભર્યું અને મહાજનોએ ૧ વર્ષ સુધી લગ્નસંબંધો બંધ રાખી શોક પાળ્યો હતો, જ્યારે રૂપેણ બંદર ઉપર જોધા માણેકની મેડી ઉપર કાળો વાવટો ચડાવ્યો હતો. માણેકના ઘર પાસે ચૉકમાં દ્વારકાની સ્ત્રીઓએ ઢોલ વગાડી જોધા માણેકનાં કરુણતા-સભર મરસિયાં ગાયાં હતાં. ભલે તે હવે ઓખાનો રાજા રહ્યો નહોતો પણ છતાં તેવી જ તેની અમન્યા અને શોક લોકોએ જાળવ્યાં હતાં.

માછરડાના ડુંગર ઉપરના સ્તંભનો શિલાલેખ : નકલ આ રણસ્તંભ કાઠિયાવાડના રાજસ્થાનો તરફથી તા. ૨૯ ડિસેમ્બર ૧૮૬૭ના રોજ લડાઈ પૂરી થઈ તેની યાદગીરી માટે ઊભો કરવામાં આવ્યો છે. તે દિવસે મલિકે મુઆઝિમની સત્તરમી કાળી પલટણના મૅજર જે. એચ. રેન્ડોલ સાહેબની રાહદારી તળેની સરકારી ફોજ આ ટેકરી ઉપર 'બદમાસ' વાઘેર લોકોની ટોળી તેના નામાંકિત મુખી ઓખાના દેવા માણેકના હાથ નીચે હતી. તેની ઉપર બહાદુરીથી હલ્લો કરી એ ટોળીના ઘણાખરા લોકોનો નાશ કર્યો. આ ટેકરી ઉપર સાહસિક હલ્લો કરવામાં કાઠિયાવાડના ત્રીજા પૉલિટિકલ આસિસ્ટંટ કપ્તાન એચ.ટી. હેબર્ટ સાહેબ તેને મથાળે મરણતુલ્ય જખમી થઈ પડ્યા. ત્યાં એક બહાદુર અને ધૈર્યવાન શૂરવીર સરદાર પડ્યો. કપ્તાન સી.બી.લાટુચ સાહેબ, આસિસ્ટંટ પૉલિટિકલ એજન્ટ સાહેબ મોસુફના ભાઈ જેવા અને ઘણા દિવસના સોબતી અને દોસ્ત, લડાઈમાંથી થોડા જીવતા રહેલા બદમાસ લોકો ભાગેલ તેનો પીછો લેતા પડ્યા. નિર્ભયપણે પોતે એકલા જ બદાદુરીથી જઈ મોતને શરણ થયા. આ બન્ને સાહેબો તેમની હયાતીમાં પ્રિયકર તથા ખુશબખ્ત હતા. તેમ મોતમાં પણ આ યોદ્ધા એકબીજાથી જુદા પડ્યા નહીં. મૅજર જે.એચ. રેન્ડોલ સાહેબ પોતાના લોકોને ધીરજ તથા હિંમતથી જે પથ્થરની ઓથે હરામખોરોએ આશરો લીધેલ ત્યાં થઈને જતાં બંદૂકની ગોળીથી માથામાં ભારે જખમી થયા. પણ તેઓ સાહેબ તથા તેમની સાથેના કાઠિયાવાડના પૉલિટિકલ એજન્ટ કર્નલ ડબ્લ્યુ.ડબ્લ્યુ. અન્ડરસન સાહેબ, મહારાણી સાહેબના મુંબઈ ખાતેના પહેલા ભાલાવાવાળા રસાલાના કમાન એચ.ડબ્લ્યુ હેરીસ સાહેબ એટલા જ અમલદારો, બ્રિટિશ સરકારના, આ વખતે હાજર હતા, તેઓ આ નામાંકિત લડાઈની ગવાહી દેવા સુખરૂપ બચ્યા છે. સંદરહુ ટોળીમાં ૨૬ બદમાસ હતા તેમાંથી અંધારાને લઈને ફક્ત ૭ આસામી ભાગી બચ્યા અને તેમનો મુખી દેવો માણેક બીજા લોકો સાથે માર્યો ગયો. બ્રિટિશ સરકાની ફોજ પૈકી નીચે લખેલા આસામીઓનું માનભરેલું મૃત્યુ થયું. સ્વાર સખારામ મોરે ચોથી ટ્રૂપ પહેલો રસાલો, સ્વાર નારાયણ ખંડે, ત્રીજી ટ્રૂપ પહેલો રસાલો, સ્વાર મહંમદ ઉસ્માન ત્રીજી ટ્રૂપ પહેલો રસાલો, સ્વાર રઘુવરસિંહ ત્રીજી ટ્રૂપ પહેલો રસાલો, સિપાઈ સાહેબદ્દીન ભાઈલિયા પાંચમી ટ્રૂપ, ૧૭મી કાળી પલટનના સિપાઈ બહાદુર જમાદાર સૈયદ અલવીના હુકમ નીચેની ફિલ્ડર (તાલુકદારી) સીરબંદી પૈકી નીચે લખ્યા લોકો માર્યા ગયા : દફેદાર ગંગાસિંગ માનગર, નાયક મદતખાન, સિપાઈ આસરખાન, સિપાઈ મહેરામબક્ષ, સિપાઈ હામદ જામસાહેબની સિબંદીનો, પરમેશ્વર મહિમા આપે.

આ લેખ તે ડુંગર ઉપરના સ્તંભમાં નીચે બંને બાજુ એક બાજુ અંગ્રેજી અને બીજી બાજુ ગુજરાતીમાં કોતર્યો છે, જેમાં ગુજરાતી ભાગ વચ્ચે વચ્ચે ઘસાઈ ગયો છે.

ઉપસંહાર : વાઘેરોના સમુદાયને ખરેખર અન્યાય થયો હતો. તેથી તેઓ એવું ધારી બેઠા હતા કે કંપની સરકારને હેરાન-પરેશાન કરવાથી અને જૂનાગઢ, જામનગર, પોરબંદર રાજ્યની વસ્તીને હેરાન કરવાથી તેઓ વચ્ચે પડીને સમાધાન કરાવશે. પરંતુ તેથી ઊલટું બન્યું કે કંપની સરકારને તો આ ત્રણ રાજ્યો ઉપર જ શંકા પડી કે આ રાજ્યો જ આ લોકોને મદદ કરે છે તેથી ત્રણેય રાજ્યોને કહેવામાં આવ્યું કે આ બહારવટિયાને દાબી નહીં દેવામાં આવે તો ખાસ મોટી લશ્કરી ફોજ જે તે રાજ્યમાં રાખવામાં આવશે. આ ધમકીથી રાજ્યોએ જ આ બહારવટું ખતમ થાય તે માટે સાચા અર્થમાં પ્રયત્નો કર્યા હતા.

આ વાઘેરોના બહારવટાના પડઘા છેક ઈંગ્લન્ડ સુધી પડ્યા હતા અને ત્યાંથી ઓખામંડળની પરિસ્થિતિને સુધારવા હુકમો થયા હતા. વાઘેરોના બહારવટા દરમિયાન આખું કાઠિયાવાડ ફફડતું હતું. રાતની આવનજાવન તો બિલકુલ બંધ થઈ ગઈ હતી. જેવા દીવા પ્રગટે કે તરત જ દુકાનો બંધ થઈ જતી હતી. પાછળથી અમરેલીમાં વાઘેરોનો જે કેસ ચાલ્યો તેમાં જે જુબાનીઓ થઈ હતી, તે જોતાં એમ લાગે છે કે વાઘેરોને ખરેખર અન્યાય થયો હતો. ❒

અતીતમાં
અવગાહન

તમને હસતાં આવડે છે ?

તમે કહેશો, 'આ તે કેવો સવાલ? કંઈક મજાક કરો છો કે શું? આવડા મોટા થયા છીએ ને હસતાં નહિ આવડતું હોય?'

પણ હું ખરૂં કહું છું. તમારામાંથી ઘણાને હસતાં નહિ આવડતું હોય.

તમારી પરીક્ષાને માટે તમે અથાગ મહેનત લીધી હોય, તેમાં પાસ થવાની ગણતરીઓ કરી હોય, તમને પાકી ખાતરી હોય કે તમે પાસ થવાના જ છો;- અને છેવટની ઘડીએ તમારી મહેનત બધી ફોક જાય, ગણતરીઓ બધી જૂઠ્ઠી પડે, તમે નાપાસ થાઓ; તો તે ઘડીએ મનને જરા પણ આંચકો આવવા દીધા વિના તમે હસી શકો?

તમે તમારૂં કોઈ માનીતું કામ કરી રહ્યા હો—કોઈ રસભરી વાર્તા વાંચતા હો કે તમને મનગમતું કોઈ ચિત્ર ચિતરતા હો, નીશાળના પાઠ કરતા હો કે દાખલો ગણતા હો; તે વખતે તમારો નાનો ભાઈ કે બહેન આવી તમને હેરાન કરી ચીડવે, તમારી ચોપડી ફાડી નાખે, સ્લેટ પરનું લખાણ ભૂંસી નાખે કે ચિત્ર પર રંગ ઢોળે; તે ઘડીએ જરા પણ ખીજવાટ લાવ્યા વિના તમે એના તરફ પ્રેમથી મીઠું હસી શક્યા?

એક કામ અમુક મુદતમાં પૂરૂં કરી આપવા તમે બંધાયા હો; તે પાર પાડવા મહા મંથન કરી રહ્યા હો; તમને પુરી આશા હોય કે ધારેલા વખતમાં તમે તે પાર પાડી શકશો; એવામાં છેવટે પહોંચતાં, અચાનક, ડગલે ને પગલે અડચણો નડવા માંડે, માર્ગમાં પારાવાર મુશ્કેલીઓ આવી પડે, નિરાશા તમને ઘેરી વળે અને તમારી સ્થિતિ એવી કફોડી થઈ જાય કે તે કામ ધારેલી મુદતમાં પુરૂં પાડવું અશક્ય બની રહે, તે તે ઘડીએ તમે જરા પણ ગભરાટ વિના ખુલ્લું હસી શકો?

તમે સુખચેનમાં જીંદગી ગાળતા હો, એવામાં તમારા પર કોઈ આફત આવી પડે કે કોઈ અકસ્માત નડે, તોફાન, આગ કે ચોરીથી તમારા જાન કે માલ-મિલકતને નુકશાન પહોંચે તે ઘડીએ, ઈશ્વરમાં અખંડ શ્રદ્ધા ધરાવનાર ભક્તના જેવું નિર્મળ તમે હસી શકો?

મુંબઈમાં મારી જોડે એક મિત્ર રહેતા. સેંકડો મુસીબતો વચ્ચે એ જીવન ગાળતા. એવામાં અચાનક એમના વતનમાં એમના ઘરમાં ભયંકર આગ લાગી અને એમનું ઘર, દુકાન, સરસામાન, રાચરચીલું અને સૌથી પ્રિય એવા શોખથી એકઠાં કરેલાં એમનાં મોંઘા પુસ્તકો—બધું બળીને ખાખ થઈ ગયું. એ ભાઈના હૃદયમાં આથી કેવો ઘા લાગ્યો હશે એની કલ્પના તમારાથી થાય તો કરજો. પણ એ વિષે વાત કરતાં મારી આગળ ખુલ્લું હસીને એ કહે, 'હેં... હેં... હેં... ભાઈ, શું કહું? બધું ય બળી ગયું. કાંઈ ન બચ્યું.' હું ઈચ્છું છું કે તમને અને મને એ ભાઈના જેવું હસતાં આવડે.

ઉપલા અને એના જેવા બીજા પ્રસંગોએ, જરા પણ ઉચાટ, ઉદ્વેગ કે આંચકો અંતરમાં આણ્યા વિના, એક માત્ર ઈશ્વરને આશરે રહી, ખુલ્લું, મીઠું, નિર્મળ, શ્રદ્ધાભર્યું, હાસ્ય તમે હસી શકતા હો તો હું કબુલ કરૂં કે તમને હસતાં આવડે છે.

તમારાથી બને તેટલું, તન તોડીને, મરીમથીને કામ કરો. તમારી જાતમાં આત્મવિશ્વાસ રાખો અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખો કે તમને વિજય મળવો જોઈએ. તમારા કામમાં તમે નિષ્ફળ થાઓ તો તેનો લેશમાત્ર આંચકો તમારા અંતરને આવવા ન દેતા. એવે વખતે 'જીવ બાળવો' એ જરાયે સારૂં નથી. ખાતરીથી માનજો કે એ કામના કરતાં તમારો જીવ વધારે કિંમતી છે. માટે 'જીવ બાળવા' કરતાં એની નકામી 'ચિંતાને બાળી નાંખજો.'

તમને નડતી મુશ્કેલીઓ વિષે, તમારા પર આવી પડેલી આફતો સંબંધે, કે તમને ઘેરી વળતી નિરાશાનાં, કોઈને મોઢે રોદણાં રડવા ન બેસતા. એમાં કશો જ સાર નથી. ચોક્કસ માનજો કે તમારી મુશ્કેલીઓ કે આફતો તમારા વિના બીજા કોઈ ટાળી શકવા સમર્થ નથી. માટે હસો, અને હસીને કમર કસી તેની સામે ધસો. રોદણાં રડ્યે તમારૂં કંઈ વળવાનું નથી. અંગ્રેજીમાં એક કહેવત છે કે તમે હસશો તો દુનીઆ તમારી જોડે હસવા લાગશે; પણ રોશો તો તો તમારે એકલાને જ રડવું પડશે.

દુનીઆ એ મુશ્કેલીઓનો મહા-સાગર છે. તેમાં ડગલે ને પગલે અડચણો નડે છે, આફતો આવે છે, નિષ્ફળતાઓ મળે છે, નિરાશાઓ ઘેરી વળે છે, અકસ્માતો બને છે; પણ એ બધું નબળા મનવાળાને, જીવ બાળનારને, ચિંતા કરનારને અને રોદણાં રડનારને જ નડે છે. જેને વિનોદથી અંતર બહેલાવતાં આવડે છે, જેને નિર્મળ આનંદ લેતાં આવડે છે, જે ગમે તેવા કટોકટીના પ્રસંગે પણ ખુલ્લું ખડખડાટ હસી જાણે છે, તેને કશું નડતું નથી. સૌ મુશ્કેલીઓ, નિષ્ફળતાઓ ને અકસ્માતો તેની સાથે અથડાઈ ભોંઠાં પડી પાછાં વળે છે; અને તે તો અંતરમાં જોમ અને ઉત્સાહને ભરતો, અવિરત પરિશ્રમ ખેડતો, હસતો, હસતો એ સૌ પર વિજય મેળવે છે.

અથાણું

હકમચંદ શેઠ પેપર વાંચતા હતા, એટલામાં ટેલીફોનની ઘંટડી વાગી... ટ્રનનન... ટ્રનનન...

'એલાઉ, તમારૂં નંબર?' શેઠે રીસીવર લઈ પૂછ્યું.

'૨૩૯૭'

'હેં? કોણ ડેપ્યુટી મેજીસ્ટ્રેટ સાહેબ?... સાહેબ! જ-જરા થ-થોભો... જી..' કહી શેઠે રીસીવર પડતું મુકી માથે પાઘડી વીંટાળવા લાગ્યા.

પાસે જ તેમના એક મિત્ર બેઠા હતા તેમણે પૂછ્યું, 'અરે શેઠ, ત્યાં ટેલીફોન પડતો મૂકીને આ શું કરો છો?'

'અરે, સામે ડેપ્યુટી મેજીસ્ટ્રેટ સાહેબ બોલે છે. એમની સામે ઉઘાડે માથે વાત કરવાની બેઅદબી થાય કે?'

['કુમાર' અંક-૭, અષાડ-૧૯૮૦માંથી]

નેપાળપ્રવાસ

દેવો સદા સમીપે

પ્રીતિ સેનગુપ્તા

૯. પાટણની પ્રભુતા

કાઠમંડુથી પાંચેક કિ.મી. દક્ષિણ-પૂર્વ, બાઘમતી નદીને દક્ષિણ કિનારે પાટણ નામનું પ્રાચીન નગર આવેલું છે. એને લલિતપુર પણ કહે છે, ને નેપાળના અનેક કલાકારો- પાષાણ, ધાતુ, કાષ્ઠ વગેરે ક્ષેત્રે- આજે પણ ત્યાં વસી રહેલા છે. જર્જરિત બૌદ્ધ સ્મારકો તથા હિંદુ સ્થાનકોનું પ્રાચુર્ય નગરમાં જોવા મળે છે. સ્થાનિક લોકો તો ત્યાં ચાલતા પણ પહોંચી જાય છે, પણ હું બસ લઈને ગઈ. વારંવાર ગઈ. નગરને દરવાજે ઊતરી જવાનું, ને પછી ગલીકૂંચી, ચૉક ને ચૌટામાં થતાં થતાં, પૂછતાં પૂછતાં કેન્દ્ર આવી જાય!

કાલ અને આજની વચ્ચેનો તફાવત ઘણી રીતે મને દેખાતો રહ્યો. રસ્તે જતાં, જ્યાં લીલુડાં ખુલ્લાં ખેતર હશે ત્યાં મકાનો થયાં હતાં, જેમાંનાં કેટલાંયે એટલામાં તો તૂટ્યાં-ફૂટ્યાં જેવાં થઈ ગયાં હતાં. જ્યાં ધૂળ ભરેલી કેડીઓ પણ માંડ હશે ત્યાં એવાં ઘરની જેમ જ, ઉતાવળે કાચા-પાકા બાંધેલા રસ્તાઓ પર અનેક મોટરો અને બસો હરીફાઈમાં ઊતરી હોય તેમ દોડી રહી હતી. ગામની ગલીઓમાં જાઓ, ત્યાં નાનાં છોકરાંઓ ને કિશોરો માંડ થોડા અંગ્રેજી શબ્દો બોલતા હોય પણ ચાંપલાશ કરવા માંડે. યુવાનો ફિલ્મી ગીતો ગાવા કે ગણગણવાનું શરૂ કરી દે, ને ડહાપણ દેખાડવા માંડે. દૂરના, ઊંચા પર્વતોના અંચલમાંથી આવતાં લોકો હજી સુંદર, નિર્દોષ, સ્વાભાવિક દેખાય, પણ એમ જરૂર લાગે કે જ્યાં જ્યાં આધુનિક વિકાસ અને પશ્ચિમી સભાનતાનો સ્પર્શ લાગ્યો છે ત્યાં આચાર-વિચારની હૃદ્ય શુદ્ધતા હવે રહી નથી.

સદીઓથી જે નેપાળી કળા તથા કલાત્મક સ્થાપત્યોનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે તે પાટણ, છેલ્લાં થોડાં વર્ષ દરમિયાન, વિદેશી પ્રવાસીઓની આવન-જાવન વધતાં ઘણું બદલાઈ ગયું હશે તે તરત દેખાઈ આવે. જોવાનું તે હજી ઘણું છે, ને રસ કાંઈ ખૂટે તેમ નથી - નાની ગલીઓમાં જતાં હો ને એક ચૈત્ય અચાનક દેખાઈ જાય, જે મોટે રસ્તેથી નજરે પણ ન પડે, ને સાંકડી, અંધારી, ઈંટનાં જૂનાં ઘરોને ફરતે, અડીને જતી શેરીઓ હજી ખૂબ અચંબો પમાડી રહે છે, છતાં વધુ ભાગે પાટણ પોતાનું પ્રાચીન ગૌરવ-યુક્ત સ્વરૂપ ગુમાવી રહ્યું છે.

ધનિક નેપાળીઓ પોતાના જૂના, લાક્ષણિક નિવાસોમાં પાશ્ચાત્ય ઢબનાં સ્નાનગૃહો તથા અન્ય આધુનિક સુવિધાઓ ઉમેરી રહ્યા છે. ગરીબ લોકો એક કે બે ઓરડાવાળાં રહેઠાણો દ્વારા જીવન ચલાવી રહે છે. રાણાઓએ ફ્રેંચને ઈટાલિયન જેવી યુરોપી શૈલીમાં બંધાવેલા વિશાળ, બહુકક્ષ મહાવાસો આજે સ્વકેન્દ્રિત અને અહંકારી લાગે છે. એમની દીવાલો સફેદ અને બધી બારીઓ ઘેરી લીલી રંગેલી છે, તથા લગભગ બધા આજે તો સરકારી કાર્યાલયો તરીકે વપરાય છે.

જો પાટણમાં પ્રાચીન, પ્રમાણભૂત, લાક્ષણિક, કળા-ખચિત દર્શન ક્યાંય સૌથી વધારે પ્રમાણમાં અને સૌથી સરસ રીતે રહ્યું હોય તો તે દરબાર ચૉકમાં છે. શિવ, કૃષ્ણ અને ભીમસેન કે જે વેપારીઓના આરાધ્ય દેવ ગણાય છે તેમનાં મંદિરોનાં ઊંચાં, કલાત્મક, ઢળતાં છાપરાં આકાશને સુશોભિત કરતાં લાગે છે. ચૉતરફ લાકડાની કોતરણી, શિલ્પો, કોતરેલાં છજાં ને થાંભલા, છાપરાંના ઢાળે ઢાળે લટકાવેલી ઘંટડીઓ, ને સૌથી ઉપર ધાતુનાં સોનેરી જેવાં શિખર. ચૉકમાં આજુબાજુના માળે કેટલીક રેસ્ટોરાં થયેલી છે. એકાદની અગાશીમાં બેસીને શાકાહારી 'મોમો' ખાવાની, મંદિરોને નિહાળવાની અને નાગરિક જીવનને અવલોકવાની મઝા અનોખી.

ચૉકમાં જડેલા પથ્થરો પર કપડું પાથરીને જાત-જાતની વસ્તુ વેચવા બેઠેલા વેચનારાઓની આસપાસ સ્થાનિક લોકો ટોળે વળે. લાલ-ચટક ને ફૂલ-ગુલાબી જેવા ઘેરા ખૂલતા રંગોના શૉખવાળી સ્ત્રીઓનાં સેલાં ઊડીને આંખે વળગે. એમની સેંથીનું સિંદૂર, કપાળમાંનો મોટો ચાંદલો, ગળામાંની કીડિયાંની કંઠી અને હાથ પરની કાચની બંગડીઓ - એ બધું પણ લાલચટક જ હોય. ત્યાં જમીન પર લાગેલા હાટમાં વેચનારાઓની સામે સ્ત્રીઓ બેસી પડે. જૂની એકાદ-બે તૂટ્યા વગરની રહી ગયેલી બંગડીઓ તોડાવી નવી વ્હોરવા માગતી નેપાળી સ્ત્રીઓના શ્યામરંગી હાથ દબાવી-દબાવી વેચનારો કે વેચનારી જ સાચવીને સરસ રીતે લાલ અને સોનેરી નવી, ખણખણતી બંગડીઓ ચડાવી આપે. વાળમાં નાખવાનાં ફૂમતાં ય વળી લાલ જ. શું દૃશ્યનું જીવતું જાગતું સૌંદર્ય!



નેપાળી સ્ત્રી

રાજમહેલની અંદર વળી ત્રણ આંગણ અને દીવાનેઆમ વગેરે. એમાંના સુંદરી ચૉકમાં વચ્ચોવચ રાણીઓને માટેનો સ્નાનકુંડ છે. કાળા પ્રાચીન પથ્થરોની અંદરની દીવાલો પર અદ્‌ભુત કોતરણીથી ઉપસાવેલી આકૃતિઓ છે. ચૉકના પ્રવેશમાં રિદ્ધિથી સોહતી, ગણેશની અત્યંત સુંદર પ્રતિમા છે.

દરબાર ચૉકમાં સર્વત્ર અપૂર્વ કળા પ્રદર્શિત છે. જેમ કે, કૃષ્ણ-મંદિરને ફરતે રામાયણનાં કાષ્ઠ-શિલ્પ છે. સળંગ વાર્તા જતી દેખાય, પાત્રો ઓળખાય અને કૌશલ્ય તો અપાર. દરેક ગવાક્ષ પણ વિશિષ્ટ કોતરણી-કામથી શોભે. વળી, તાલેજુ ભવાનીના મંદિરના ત્રણ છત્રધારી, અષ્ટકોણી શિખર-સ્થાપત્યની તો શી વાત!

આ અતિઆકર્ષક સ્થાન છોડીને જો જઈ શકો, તો બરફથી ઢંકાયેલાં શૃંગોની દિશામાં જતાં એક અગત્યનું, કુંભેશ્વર નામનું શિવમંદિર આવે. શિવપુરી ગિરિ-પંક્તિ પર પ્રકૃતિના મુકુટ-મણિ સમાં ઘણાં હિમ-શૃંગો છે, પણ હંમેશાં બધાં દેખાય નહીં. મને એક લાન્ગતાન્ગ જ દેખાયું. મંદિરના ચૉગાનમાં 'અસંભવ-સુંદર' કહી શકાય તેવી પ્રાચીન પાષાણ-પ્રતિમાઓ જોઈને થાય છે, 'અરે ધિક્, સુંદર માટેનો આ તીવ્ર પ્રેમ તથા એ સિદ્ધહસ્ત નૈપુણ્ય હવે ક્યાં ગયાં?'

રાજા જયસ્થિતિ મલ્લાના રાજ્યકાળ દરમ્યાન, પંદરમી સદીની શરૂઆતનાં વર્ષોમાં એ બંધાયેલું. મોટેથી નાનાં થતાં જતાં પાંચ ઢળતાં ચોરસ છાપરાંવાળું એનું શિખર અપવાદરૂપ છે. આખા નેપાળમાં આવાં બે જ શિખર છે - એક પાટણમાં કુંભેશ્વર પર ને બીજું ભક્તાપુરના ન્યાતપોલ પૅગોડા પર. મંદિર લગભગ બંધ જ હોય, પણ ચૉગાનમાં નારાયણ, ગણેશ, શીતળામાતા, વાસુકિ, ગૌરી, અગમ દેવતા વગેરેનાં પ્રશસ્ય શિલ્પ છે. વળી, ત્યાં એક કુંડ છે જેનું પાણી ૪,૩૬૦ મીટર ઊંચે આવેલાં ગોસાઈકુંડ નામના પવિત્ર તળાવમાંથી આવતું હોવાનું મનાય છે, ને તેથી એ પણ ઘણું પવિત્ર ગણાય છે. ઑગસ્ટમાં આવતી 'જનોઈ પૂર્ણિમા' - અથવા 'ઋષિતર્પણી' તિથિ કુંભેશ્વરના સ્નાન માટે અગત્યની છે.

આમ તો દરરોજ ત્યાં લોકો નહાય છે, સ્ત્રીઓ કપડાં ધુએ છે, ઘડા ભરીને એની ધારામાંથી નીકળતું પાણી ઘર માટે કે અન્ય મંદિરો માટે લઈ જવામાં આવે છે, પણ એ તિથિ પર તો દશ્ય જોવા જેવું હોય છે. મારું પ્રવાસીનું ભાગ્ય એક વાર મને એ તિથિ પર જ ત્યાં લઈ ગયું હતું. કુંડની વચ્ચે આવેલું શિવલિંગ સોનેરી પત્ર, ફૂલો ને કંકુથી શણગારાયેલું હતું. ત્યાં સુધી જતા સાંકડા, ભીના, લપસણા ચલન-પથ પર પૂજાપો લઈને સ્ત્રીઓ હાર-બદ્ધ ઊભી હતી - શિવની ખાસ પૂજા કરવા માટે પોતાના વારાની રાહ જોતી. કિશોરો કશા ભય કે સંકોચ વગર, મહા આનંદ સાથે ડહોળાં, લીલવાળાં પાણીમાં ધુબાકા મારતા હતા. અમુક પુરુષો જનોઈ બદલવાની વાર્ષિક વિધિ કરાવી રહ્યા હતા.

કુંડની ચૉતરફ ઊભાં ઊભાં અસંખ્ય લોકો બધી પ્રક્રિયા જોઈ રહ્યાં હતાં. માથાં પર મોરપીંછ બાંધેલા કેટલાક પુરુષો ઘપલી વગાડતા હતા. રસ્તાઓમાં પણ આવાં બીજાં જૂથ જોયાં, ને સાંભળ્યાં હતાં. ઉપરાંત એ દિવસે કેવળ પાટણમાં જ નહીં, પણ નેપાળના ગામેગામ સ્ત્રી-પુરુષો તેમજ બાળકો રક્ષાબંધન-નો વિધિ પણ પાળે છે. નાનાં ગ્રામ્ય-સ્થાનકોના ઓટલા પર લાક્ષણિક નેપાળી પોષાક - સફેદ ચૂડીદાર, શર્ટ, જૅકેટ ટોપી - પહેરેલા નેપાળી બ્રાહ્મણ પૂજારીઓ બેસે છે, ને આખો દિવસ લોકોનાં કાંડાં પર લાલ કે પીળા રંગનો સાદો દોરો બાંધી આપતા રહે છે. આ પૂજારીઓ લોકોને ઘેર પણ જાય - જો એ માટે આમંત્રણ મળે તો. ક્યાંયે મેં કોઈને પૈસા આપતાં જોયાં નહીં. જાણે સમાજનાં સદસ્યોનાં મંગળ માટે એ બ્રાહ્મણો સેવા આપતા હતા.

પાટણ નગરની અંદર ને આસપાસ બૌદ્ધ વિહારો ઘણા છે. એમાંનો એક તે બારમી સદીમાં રાજા ભાસ્કર વર્માએ બંધાવેલો 'લોકેશ્વર' બુદ્ધ માટેનો ત્રિ-છત્ર સુવર્ણ-શિખરવાળો 'હિરણ્ય વર્ણ વિહાર'. એને જોતાં જ અભિભૂત થઈ જવાય. પ્રવેશ દ્વારની બે બાજુ, રસ્તા પર જ, બે સિંહ-શિલ્પ છે. નાના પ્રાંગણનો પાછલો દરવાજો બીજા રસ્તા ને લત્તાને જોડે છે. ચાર ખૂણે લાક્ષણિક લલિત ભંગિમાં અવલોકિતેશ્વરની ચાર મૂર્તિઓ છે. પૅગોડાની આસપાસની હવા પણ જાણે સોનેરી બનેલી છે. ઉપર એક ઓરડામાં બુદ્ધની સુવર્ણ-પ્રતિમા, તેમજ મોટું પ્રાર્થના-ચક્ર પધરાવેલાં છે. એ તિબેટી શૈલીનું દેવધામ હતું. ભિખ્ખુઓ સમ-સ્વરે મંત્રોચ્ચાર કરી રહ્યા હતા.

મહાબૌદ્ધ મંદિર ચૌદમી સદીમાં બનેલું અને માટીની ઈંટોમાં કોતરાયેલી હજારો બુદ્ધ-પ્રતિકૃતિઓને કારણે એ અદ્વિતીય છે. એનું શિખર હિંદુ મંદિરની જેમ લાંબું, ઊંચું અને અલંકૃત છે. જગન્નારાયણ વિષ્ણુનું મંદિર પણ ઊંચું અને અગત્યનું છે. એની અંદર પથ્થરમાંથી એક સ્તંભ પર ગરુડજીની સુંદર ભાવવાહી પ્રતિમા છે.

પાટણમાં ઘણું જોવાનું છે - ધર્મસંબંધીય. મને સૌથી વધારે ગમે એની અંદર-અંદરની ગલીઓમાં ઘૂમવાનું. ત્યારે એ નિત્ય-જીવન છતું કરતું ગામ લાગે! ત્યાં નાનાં સ્થાનક હોય, જૂનાં ને ભુલાયેલાં-તૂટતાં જતાં એ બધાં બહારથી લાગે, પણ એમાં હાજર રહેલાં દેવ-દેવીઓની અવગણના થયેલી ના લાગે. બલકે એ મૂર્તિઓ કંકુથી રંગાયેલી હોય, ને એમની સામે એક પાન પર થોડો ભાત, ચપટી ખાંડ, ફળનો ટુકડો વગેરે ધરાવેલું હોય. કદાચ એમ બને કે દરરોજ આ ભોગ ધરાવાતો ન પણ હોય.

નેપાળની બૌદ્ધ પ્રજા તો દેવોપસ્થિતિને પોતાની સાથે જ રાખે છે. બારીક કોતરણીવાળાં, પંચધાતુ જેવાં, ને પીરોજા નંગ જડેલાં, છ થી આઠ ઈંચનાં સ્થાનક એ લોકો ગળામાં પહેરીને, અથવા કમરપટ્ટામાં લગાવીને, ફરતાં હોય છે. એટલો જીવંત છે એ ધર્મ! આ અંગત સ્થાનકોમાં નાનકડી મૂર્તિ હોય જ, એવું નથી હોતું. એ સાવ ખાલી હોઈ શકે છે - ક્યાંક તો અંદર દલાઈ લામાનો ફોટો ચોંટાડેલો હોય. તિબેટમાં રહેનારાઓને આવી કશી છૂટ નથી. એમને તો દેવ-ભાવ હૃદયમાં સંતાડેલો રાખવો પડે છે. (ક્રમશઃ)

બોઝ–આઈન્સ્ટાઈન સંઘનિત દ્રવ્ય

પ્રહ્‌લાદ છ. પટેલ

૨૦૦૧ના વર્ષનો ભૌતિકશાસ્ત્રનો નોબલ પુરસ્કાર કંઈક અંશે આપણી ભાવનાઓને સ્પર્શે છે, આપણા દિલ-દિમાગને પ્રોત્સાહિત કરે છે. ૭૭ વર્ષ પહેલાં સૈદ્ધાંતિક રીતે જે ગણતરી બોઝે કરી આપી હતી તેનું પ્રાયોગિક નિદર્શન અને સમર્થન મળતાં વિભાવના પ્રમાણિત કરી.

પ્લાન્કનો નિયમ જ્યારે બોઝે પોતાની રીતે તારવ્યો ત્યારે તેમણે વિકિરણને વાયુના કણોને અવિભેદ્ય ગણ્યા હતા. આ કણો આજે ફોટોન તરીકે ઓળખાય છે. આઈન્સ્ટાઈને કણોને અવિભેદ્ય ગણીને વિતરણનો સિદ્ધાંત તૈયાર કર્યો ત્યારે બોઝ-સૂચિત વિતરણનો નિયમ જ લાગુ પાડ્યો હતો. પરમાણુ-ઓનું સર્જન કે વિલોચન થતું નથી જ્યારે ફોટોનનું થાય છે. આઈન્સ્ટાઈને પરમાણુઓને સંપૂર્ણપણે મુક્ત સ્વીકાર્યા હતા એટલે કે તેમની વચ્ચે આંતર-કણ આકર્ષણ કે અપાકર્ષણ બળ લાગતાં નથી. આવા કણો ધરાવતા વાયુના તંત્રને હવે આદર્શ બોઝ વાયુ તરીકે લેવામાં આવે છે. બોઝના સંશોધન-લેખથી પ્રોત્સાહિત થઈ આઈન્સ્ટાઈને જે શોધ કરી તેને આજે બોઝ-સંઘનન કહે છે.

આપણે આપણી આસપાસ જે દ્રવ્ય જોઈએ છીએ તે મુખ્યત્વે ત્રણ સ્વરૂપે પ્રવર્તે છે : ઘન, પ્રવાહી અને વાયુ. પદાર્થના કણો વચ્ચે પ્રવર્તતા અંતર-બળો, તેનું તાપમાન અને તેના ઉપર લાગતું દબાણ પદાર્થનું સ્વરૂપ નક્કી કરવામાં મોટો ભાગ ભજવે છે. ઘન પદાર્થમાં પરમાણુઓ કણો આસક્તિ કે સંસક્તિ બળ વડે જકડાયેલા રહે છે અને પરમાણુઓ પોતાના નિયત સ્થાનની આસપાસ દોલનો કરતા હોય છે. વાયુના અણુ-પરમાણુઓ વચ્ચે મધપુડાની માખીઓના ટોળાની જેમ ગતિ કરે છે આથી અંદર અંદર અથડામણો પણ કરતા હોય છે.

જેમ જેમ તાપમાન નીચું જાય છે તેમ તેમ પરમાણુ-ઓની ગતિ ધીમી પડે છે. આ રીતે તાપમાન ઘટતાં ઘટતાં નિરપેક્ષ શૂન્ય (-273^0C) તાપમાને પહોંચતા કેવી સ્થિતિ પેદા થતી હશે? નિરપેક્ષ શૂન્ય તાપમાને પરમાણુઓની ગતિ શૂન્ય બને છે એટલું જ નહીં, પણ કોઈ વિશેષ ઘટના બને છે. નિરપેક્ષ શૂન્ય તાપમાનવાળું દ્રવ્ય અન્ય દ્રવ્ય કરતાં સાવ જુદી જ રીતે વર્તે છે. આ નવા પ્રકારના દ્રવ્યને બૉઝ-આઈન્સ્ટાઈન સંઘનિત (B.E.Condensate) કહે છે.

અલ્કલાઈન (ક્ષારીય) લક્ષણ ધરાવતા મંદ વાયુમાં બૉઝ-આઈન્સ્ટાઈન સંઘનનની સિદ્ધિ અને સંઘનિત દ્રવ્યના મૂળભૂત ગુણધર્મોના અભ્યાસ માટે ૨૦૦૧નો ભૌતિક વિજ્ઞાનનો નોબલ પુરસ્કાર અમેરિકા (યુ.એસ.)ના એરિક એ. કૉર્નેલ (૩૯ વર્ષ; નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑવ સ્ટાન્ડર્ડ્ઝ અને ટેક્નોલૉજી, બોલ્ડર, કોલોરાડો, યુ.એસ.) તથા કાર્લ ઈ. વાયમેન (૫૦ વર્ષ; યુનિવર્સિટી ઑવ કોલોરાડો, બોલ્ડર, કોલોરાડો) અને જર્મનીના વુલ્હગેંગ કેટર્લે (૪૫ વર્ષ; એમ.આઈ.ટી., કૅમ્બ્રિજ, મેસેચ્યુસેટ્સ, યુ.એસ.) ને એનાયત કરવામાં આવ્યો.

બોઝ-આઈન્સ્ટાઈને તૈયાર કરેલા પાયા ઉપર આ ત્રણે ભૌતિકવિજ્ઞાનીઓએ તાજમહાલ તૈયાર કર્યો.

બોઝ-આઈન્સ્ટાઈન સંઘનન શું છે? આવા સંઘનનનો વિચાર ક્યાંથી અને કેવી રીતે પ્રગટ થયો?

૧૯૨૪માં ભારતના ભૌતિકવિજ્ઞાની સત્યેન્દ્રનાથ બોઝે પ્રકાશના કણ ફોટોન વિશે અભ્યાસ શરૂ કર્યો. ફોટોન ઊર્જાના પૃથક્ પૃથક્ ક્વોન્ટમ (જથ્થો) છે. સાંખ્યિકીય ગણતરીને આધારે બોઝે નિયમોની પૂર્વધારણા કરી, જેને આધારે બે ફોટોનને ક્યારે એકસરખા ગણવા કે ક્યારે તેમને ભિન્ન ભિન્ન ગણવા – આ નિયમો બોઝ-આઈન્સ્ટાઈન સાંખ્યિકી તરીકે જાણીતા થયા. બોઝે પોતાનો આ સંશોધન-લેખ આઈન્સ્ટાઈનને મોકલી આપ્યો. આઈન્સ્ટાઈન આ લેખનું મહત્ત્વ તરત જ પામી ગયા. તેમણે બુદ્ધિ દોડાવી કે જે નિયમો બોઝ ફોટોનને લાગુ પાડે છે તે નિયમ પરમાણુઓને પણ લાગુ પાડી શકાય. આ નિયમો વાયુના પરમાણુઓને લાગુ પાડતા પરમાણુઓ કેવી વર્તણૂક દાખવશે તેને લગતો સિદ્ધાંત આઈન્સ્ટાઈને તૈયાર કર્યો. આ સાથે તેમણે આગાહી કરી કે સામાન્ય તાપમાને પરમાણુઓ જુદા જુદા ઊર્જા-સ્તરોમાં હોય છે. પણ વધુ નીચા તાપમાને તમામ પરમાણુઓ ન્યૂનતમ ઊર્જા-સ્તર તરફ ધસી જાય છે. બધા જ પરમાણુઓ આવા એક જ ઊર્જા-સ્તરમાં ભેગા થાય ત્યારે કેવી અદ્‌ભુત ઘટના બને તેનો આઈન્સ્ટાઈનને ખયાલ આવ્યો નહીં. નવી પરિસ્થિતિ આત્મસાત્ થઈ નહીં.

આ નવી અવસ્થા ધરાવતા દ્રવ્યને બૉઝ-આઈન્સ્ટાઈન સંઘનિન દ્રવ્ય કહે છે. આ અવસ્થામાં બધા જ પરમાણુઓ પોતપોતાની ઓળખ (અસ્મિતા) ગુમાવી દે છે. બધા જ કણો સંયુક્ત રીતે એક ગોળો (લોંદો) બનાવે છે. કેટલાક વિજ્ઞાનીઓ તેને 'સુપર ઍટમ' કહે છે.

બોઝ-આઈન્સ્ટાઈન સંઘનનના ખયાલને મૂર્તિમંત થતાં ૭૦ વર્ષ લાગ્યાં. કૉર્નેલ અને વાઈમેને રૂબિડિયમ (R_b^{87}) પરમાણુઓને નિરપેક્ષ શૂન્ય તાપમાન કરતાં નાનો (10^{-9})

કેલ્વિન તાપમાને સંઘનિન કરી શકાય. આવો સુપરઍટમ એક જ અસ્તિત્વ (Entity) હોય તે રીતે વર્તે છે. એટલે કે એક જ વસ્તુ-તત્ત્વ તરીકે જોવા મળે છે. વાયમેન તો તેને દ્રવ્યની કોઈ નવી અવસ્થા (સ્વરૂપ) ગણાવે છે. કૉર્નેલ કહે છે કે આવું સ્વરૂપ કુદરતી રીતે કદાપિ અસ્તિત્વ ધરાવી શક્યું હોત.

બોઝ-આઈન્સ્ટાઈન સંઘનિત દ્રવ્ય પ્રાપ્ત કરવા માટેની ખાસ યુક્તિ અત્યંત નીચું તાપમાન મેળવવાની છે. આવું તાપમાન બે તબક્કામાં ઉપલબ્ધ કરી શકાય છે. પ્રથમ તો પરમાણુઓને ઠંડા પાડવા માટે લેસર-પ્રકાશનો ઉપયોગ કરવામાં આવે છે. આના વડે 10^{-7} ^{0}C સુધી ઠંડા પાડી શકાય છે. વાસ્તવમાં બોઝ-આઈન્સ્ટાઈન સંઘનન માટે આ તો ઘણું ઊંચું તાપમાન ગણાય. બીજા તબક્કામાં બાષ્પનિક શીતનનો ઉપયોગ કરવામાં આવે છે. કૉર્નેલ અને વાયમેને સામાન્ય તાપમાને રૂબિડિયમ પરમાણુઓથી પ્રારંભ કર્યો. તેમણે પહેલાં તો પરમાણુઓ ઉપર બધી બાજુએથી લેસરનો મારો કરીને પાશમાં લીધા. કરાનું (એટલે ઓલનું) વર્ષણ થાય ત્યારે માણસ ગમે તે બાજુ દોડાદોડ કરે તો પણ ટીચાય છે. તે જ રીતે લેસર કિરણો બધી બાજુએથી પરમાણુઓ સાથે અથડાય છે અને સામસામી દિશામાં બળો લાગતાં પરમાણુઓ સ્થગિત થાય છે. આવા પરમાણુઓ પાશમાં આવી જાય પછી લેસર પ્રકાશ દૂર કરવામાં આવે છે. આ પરમાણુઓને ચુંબકીય ક્ષેત્ર વડે સ્થિર રાખવામાં આવે છે. પ્રત્યેક પરમાણુ સૂક્ષ્મ ચુંબકની જેમ વર્તે છે; કારણ કે તેની અંદર વિદ્યુતભારિત કણો (ઇલેક્ટ્રોન) પ્રચક્રણ કરતા હોય છે. યોગ્ય રીતે પરમાણુઓની આસપાસ ચુંબકીય ક્ષેત્ર આપવામાં આવે તો પરમાણુઓ પાશમાં રહે છે.

પાશમાં આવેલા પરમાણુઓને બાષ્પનિક શીતનથી ઠંડા પાડવામાં આવે છે. કપમાં લીધેલ ગરમ ચા/કૉફીમાંથી વધુ ગરમ અને ગતિશીલ કણો કપમાંથી છટકી જાય છે. આથી શેષ ચા/કૉફીની ગરમી ઓછી થતાં તાપમાન ઘટે છે. તે જ રીતે ખૂબ ઊંચી ઊર્જા ધરાવતા પરમાણુઓને ચુંબકીય ક્ષેત્રમાંથી છટકવા દેવામાં આવે છે.

એકલદોકલ અથવા ગણ્યાગાંઠ્યા પરમાણુઓને પાશમાં લઈ ઠંડા પાડવાનું કંઈક અંશે સરળ છે પણ પરમાણુઓના વધુ જથ્થાને આ સ્થિતિ (સ્વરૂપ)માં લાવવો મુશ્કેલ છે. તેને માટે ખાસ યુક્તિ લડાવવી પડે છે. કૉર્નેલે ગોળગોળ ફેરવી શકાય તેવી ફનેલનો ઉપયોગ કર્યો. અતિઠંડા પરમાણુઓ કેન્દ્રથી દૂર જવાનું વલણ ધરાવે છે એટલે ફનેલમાંથી ટપ દઈને પડી જાય છે. આ રીતે રૂબિડિયમના ૨૦૦૦ પરમાણુંઓનું ૧૫-૨૦ સેકન્ડ માટે બોઝ-આઈન્સ્ટાઈન સંઘનન શક્ય બન્યું. ચુંબકીય પિંજરાના તળિયે સંઘનિત દ્રવ્ય ઘટ લોંદા જેવું દેખાય છે. આ દ્રવ્ય જ્યારે વાયુના સામાન્ય પરમાણુઓથી ઘેરાયેલું હોય છે ત્યારે તે ચેરીની અંદરના ઠળિયા જેવું લાગે છે. આ ઘટના સૂક્ષ્મ સુપરનોવા વિસ્ફોટ જેવી છે. તેને 'બોઝનોવા' તરીકે ઓળખી શકાય.

વિશ્વભરની પ્રયોગશાળાઓમાં પ્રયત્નો થઈ રહ્યા છે, જેને લીધે વધુ જથ્થામાં આવું દ્રવ્ય ૧૮૦ સેકન્ડ માટે મેળવવાનું શક્ય બન્યું છે.

કિટર્લેએ આ બધું જ પણ સ્વતંત્ર રીતે કર્યું. તેણે આવા જ પ્રયોગો સોડિયમ-પરમાણુઓ સાથે કર્યા. કિટર્લેએ તૈયાર કરેલા સંઘનિત દ્રવ્યમાં વધારે પરમાણુઓનો સમાવેશ થાય છે. તેથી સંઘનનની ઘટના સમજવામાં કિટર્લેના પ્રયાસો વધુ ઉપકારક નીવડ્યા છે. વધુમાં તેણે 'સંઘનિત-ટીપાં' મેળવ્યાં. ગુરુત્વની અસર હેઠળ તે નીચે પડે છે. આ રીતે સંઘનિન દ્રવ્યને લેસરનું પારમાણ્વિક પ્રતિરૂપ ગણી શકાય, કારણ કે તે ઘણી સંખ્યામાં પરમાણુઓને એક જ ઊર્જા અવસ્થામાં રાખે છે. વિદ્યુત-ગોળામાંથી આવતા પ્રકાશ માટે જેમ લેસર છે તેમ સામાન્ય દ્રવ્ય માટે સંઘનિત દ્રવ્ય છે.

આ શોધથી ક્રાંતિકારી અનુપ્રયોગો ક્ષિતિજે દેખાય છે. ચોકસાઈપૂર્વકના માપનો અને નેનોટેક્નોલૉજી (અતિસૂક્ષ્મ ટેક્નોલૉજી)ના ક્ષેત્રે સમૂળી ક્રાંતિ નજરે પડે છે.

કણોને મુક્ત ગણ્યા છે; એટલે કે આંતર-કણ પ્રક્રિયા થતી નથી તો પછી સંઘનન કેવી રીતે સંભવી શકે? તરંગ-વિધેયના સંમિતિય ગુણધર્મને આધારે બોઝે સંઘનન થતું હોય છે. ફર્મિયોન કણોની બોઝેન કણો શરમાળ પ્રકૃતિ ધરાવતા નથી. એટલે કે તે એક જૂથ (સમૂહ)માં ખુશીથી રહે છે. પરિણામે બોઝોન-કણો એક જ અવસ્થામાં એકત્રિત થઈ શકે છે. આમ તો, બોઝોન કણો પોતાની રીતે રહેવાનું પસંદ કરતા હોય છે; પણ જ્યારે સરેરાશ આંતરકણ અંતર ઉષ્મીય તરંગ લંબાઈ કરતાં ઓછું થાય છે ત્યારે તરંગ વિધેયનો સંમિતિય ગુણધર્મ કણોને નિમ્ન અવસ્થામાં જવા માટે પ્રોત્સાહિત કરે છે. અર્થાત્, ક્વૉન્ટમ યાંગિકીય અસ્પષ્ટતા એની અભેદ્યતા મહત્ત્વનાં અને તાપમાન આધારિત વિચ્છેદન દૂર થતાં સંઘનન શક્ય બને છે. તરંગ વિધેયની સંમિતિ એ પ્રસ્તુત કણની બોઝ- લાક્ષણિકતાનો ખુલ્લમ ખુલ્લો સંકેત છે. ❐

હિમાચલ પ્રદેશ

ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતમાં હિમાચલ પ્રદેશ ઉત્તરમાં આવેલું રાજ્ય છે. તેની પૂર્વમાં તિબેટની આંતરરાષ્ટ્રિય સરહદ, ઉત્તરે જમ્મુ અને કાશ્મીર રાજ્ય, અગ્નિ ખૂણે ઉત્તરપ્રદેશ, દક્ષિણે હરિયાણા તથા પશ્ચિમે અને નૈર્ઋત્યે પંજાબ આવેલાં છે. હિમાચલ પ્રદેશના વાયવ્યમાં હિમાલય પર્વત આવેલો છે. તે રાજ્ય પર્વતાળ પ્રદેશ છે અને સમુદ્રની સપાટીથી ૪૬૦ થી ૬૬૦૦ મીટર જેટલી ઊંચાઈના પ્રદેશો ત્યાં આવેલા છે. હિમાચલ પ્રદેશની વાયવ્યમાં પીરપંજાબ અને ધોલાધારની ટેકરીઓ ફેલાયેલી છે. તેના અગ્નિ ખૂણે શિવાલિકની ટેકરીઓ આવેલી છે. હિમાલયમાં થઈને પસાર થતા રોહતંગ, બારલેચા, કુન્ઝુમ, શિપકી, મણિરંગ વગેરે મહત્ત્વના માર્ગો ત્યાં આવેલા છે.

આ રાજ્યનો વિસ્તાર ૫૫, ૬૭૩ ચોરસ કિ.મી. છે. તેમાં ૩૭,૫૯૭ ચોરસ કિ.મી. વિસ્તારમાં જંગલો પથરાયેલાં છે, એટલે રાજ્યના ૬૪ ટકા જેટલા પ્રદેશમાં જંગલો છે. તેની માન્ય સત્તાવાર ભાષા હિંદી છે. ઈ.સ. ૧૯૯૧ની ગણતરી અનુસાર રાજ્યની વસ્તી ૫૧,૭૦,૮૭૭ છે. તેમાં શહેરોમાં વસતાં લોકો ૮.૭ ટકા છે. રાજ્યમાં ૨૫.૩૪ ટકા લોકો શિડ્યુલ કાસ્ટ તથા ૪.૨૨ ટકા લોકો શિડ્યુલ ટ્રાઈબનાં છે. રાજ્યમાં પ્રતિ ચોરસ કિલોમીટરમાં વસ્તીની ઘનતા ૯૩ માણસોની છે. રાજ્યના ૬૪ ટકા લોકો શિક્ષિત છે. હિમાચલ પ્રદેશની વસ્તીનાં ૯૬ ટકા લોકો હિંદુ, ૧.૭ ટકા મુસલમાન, ૧ ટકો શીખ તથા ૧.૨૪ ટકા બૌદ્ધો છે. ત્યાં ખેતમજૂરોને લઘુતમ દૈનિક વેતન રૂ. ૪૫.૭૫ ચૂકવવાનો નિયમ છે.

સરકાર : હિમાચલ પ્રદેશમાં ૧૨ જિલ્લા છે. તેમાં બિલાસપુર, ચમ્બા, હમીરપુર, કાંગડા, કુલુ, સિમલા, મંડી, સોલાન, ઉના વગેરેનો સમાવેશ થાય છે. આ રાજ્યમાં એકગૃહી ધારાસભા છે. તેની વિધાનસભાની સભ્યસંખ્યા ૬૮ની છે. ત્યાંથી ૪ સભ્યોને ચૂંટીને લોકસભામાં તથા ૩ સભ્યો ચૂંટીને રાજ્યસભામાં મોકલવામાં આવે છે.

પંજાબની પાંચ નદીઓમાંની ચાર, રાવિ, બિયાસ, સતલજ અને ચિનાબ હિમાચલમાં થઈને વહે છે. રાજ્યમાં રેવાલસર, ગોવિંદસાગર, ખજ્જર, ચન્દ્રતાલ, રેણુકા વગેરે સરોવરો આવેલાં છે. હિમાચલ પ્રદેશનું પાટનગર સિમલા દેશનું જાણીતું હવાખાવાનું સ્થળ છે. અંગ્રેજો ભારતના ઉનાળાની સખત ગરમીથી બચવા, ઉનાળાનું પાટનગર સિમલામાં રાખતા હતા. આ રાજ્યમાં સિમલા, કુલુ અને ગગ્ગલમાં ઍરપોર્ટ આવેલાં છે.



ઈતિહાસ : આ પ્રદેશમાં અતિપ્રાચીન સમયમાં આદિવાસી દાસ (દસ્યુ) લોકો વસતાં હતાં. તેઓ ગંગાના મેદાનોમાંથી આ વિસ્તારમાં ઈ.સ. પૂર્વેની ત્રીજી અને બીજી સહસ્રાબ્દીમાં પ્રવેશ્યાં હતાં. ઈ.સ. પૂર્વે ૨૦૦૦ના અરસામાં આર્યોએ હુમલા કર્યા, તેમના પ્રદેશો કબજે કર્યા અને જનપદો (ગણતંત્રો) સ્થાપ્યાં. ત્યાર બાદ તે જનપદો મૌર્યો, ગુપ્તો વગેરેના આધિપત્ય હેઠળ આવ્યાં. દસમી સદીના અંતથી મુસલમાનોનાં આક્રમણો વાયવ્યના માર્ગે થયાં. મુઘલો, મહારાજા રણજિતસિંહ તથા અંગ્રેજોએ આદિવાસી રાજ્યો જીતી લઈને ખાલસા કર્યાં. અંગ્રેજો આ પ્રદેશના પ્રાકૃતિક સૌંદર્યથી આકર્ષાયા અને તેમણે ઉનાળાની સખત ગરમીથી બચવા માટે બ્રિટિશ વાઈસરૉયનું પાટનગર ઉનાળામાં સિમલામાં રાખ્યું. દેશને સ્વતંત્રતા મળ્યા બાદ, ૧૫ એપ્રિલ, ૧૯૪૮ના રોજ પશ્ચિમ હિમાલયનાં આશરે ૩૦ આદિવાસી રાજ્યોનું વિલીનીકરણ કરીને અલગ પ્રદેશની રચના કરવામાં આવી. ત્યાર બાદ ૨૫ જાન્યુઆરી ૧૯૭૧ના રોજ હિમાચલ પ્રદેશના અલગ રાજ્યની રચના કરવામાં આવી.

લોકો : આ વિસ્તારમાં પ્રાચીન સમયમાં કિન્નર, કિરાત, નાગ, યક્ષ અને દસ્યુ લોકો રહેતાં હતાં. ત્યાર બાદ ત્યાં આર્યોના હુમલા થયા. તેમણે ત્યાં વસવાટ કર્યો, તેથી હિમાચલ પ્રદેશમાં મોંગોલૉઈડ, તિબેટન તથા ઈન્ડો-આર્યન જૂથનાં લોકો સાથે રહેવા લાગ્યાં. ત્યાં વસતાં મોટા ભાગનાં લોકો ઊજળાં અને તેમના ચહેરા આર્યો જેવા છે. આ બધાં લોકો રંગબેરંગી આકર્ષક કપડાં પહેરવાનું પસંદ કરે છે. ત્યાં પુરુષો અને સ્ત્રીઓ માથે ખાસ પ્રકારની ટોપી પહેરે છે.

મુખ્ય તહેવારો : ભારતમાં અન્યત્ર વિજયાદશમીના દિવસે તહેવારો પૂરા થાય છે. પરંતુ કુલુમાં વિજયાદશમીથી દશેરાનો તહેવાર શરૂ થાય છે. ત્યાંનો પ્રાચીન કાળનો એક રાજા રઘુનાથજીની મૂર્તિ અયોધ્યાથી કુલુમાં તે દિવસે લાવ્યો હતો. તેથી આસપાસનાં ગામોમાંથી રંગીન સરઘસોમાં દેવીઓને ભગવાન રઘુનાથજીનાં દર્શન કરવા વાસ્તે લાવવામાં આવે છે. આ પ્રસંગે લોકનૃત્યનો ઉત્સવ ઊજવવામાં આવે છે. દેશવિદેશનાં લોકો તે પ્રસંગ જાતે નિહાળવા માટે ત્યાં ઉપસ્થિત

રહે છે. શિવરાત્રિના તહેવારે લગભગ સો દેવતાઓને પાલખીઓમાં બેસાડીને, મંડીમાં આવેલા પ્રસિદ્ધ ભૂતનાથ મંદિરે, ભગવાન શિવનાં દર્શન કરવા લાવવામાં આવે છે. ચમ્બામાં મિંજર તહેવાર (ઑગસ્ટ-સપ્ટેમ્બર)ના પ્રસંગે એક સપ્તાહ સુધી મેળો ભરાય છે. તે દરમિયાન પુરુષો મકાઈનાં ફૂલ પહેરણ/ખમીસના ગાજમાં ખોસે છે. નવેમ્બરમાં આવતો લવીનો મેળો રામપુરમાં છેલ્લાં ૫૦૦ વર્ષથી ઊજવવામાં આવે છે. આ ઉપરાંત રેણુકાનો મેળો ઑગસ્ટમાં આવે છે. હિમાચલ પ્રદેશમાં આશરે બસો મંદિરો, શિવ, દુર્ગા તથા બુદ્ધનાં છે. મંદિરોનું સ્થાપત્ય પણ વિવિધ શૈલીનું છે.

નૃત્ય : હિમાચલ પ્રદેશનાં લોકપ્રિય નૃત્યો ત્યાંના ધાર્મિક તહેવારો સાથે જોડાયેલાં છે. ઉદાહરણ તરીકે, દશેરાના તહેવારની ઉજવણી દરમિયાન થતાં નટી નૃત્યો. આ પ્રસંગે સમગ્ર રાજ્યમાં પુરુષો તથા સ્ત્રીઓ ભેગાં થઈને ગીતો ગાવા સાથે નૃત્ય પણ કરે છે.

મુખ્ય પાક : રાજ્યના ૭૫ ટકા લોકો ગોપાલકના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ત્યાંનું હવામાન રોકડિયા પાક તથા ફળોના બગીચા માટે ઘણું અનુકૂળ છે. ત્યાં ડાંગર, ઘઉં, મકાઈ, આદુ, ચા, બટાટા, સફરજન, નારંગી, પીચ, દાડમ વગેરે સારા પ્રમાણમાં પાકે છે. ત્યાંનાં જંગલોમાં ઇમારતી લાકડાનાં અસંખ્ય વૃક્ષો ઊગે છે. રાજ્યમાં ૧૭ લાખ ટન અનાજ, ૫ લાખ ટન શાકભાજી તથા ૮૫ હજાર ટન ફળોનું ઉત્પાદન થાય છે. મશરૂમની ખેતી ત્યાં મોટા પાયા પર થાય છે.

ખનીજ : આ રાજ્યમાંથી મળતી ખનીજોમાં ખાણનું મીઠું (સિંધાલૂણ), સ્લેટ, જિપ્સમ, ચૂનાનો પથ્થર, બેરાઇટ, ડૉલોમાઈટ અને પાયરાઇટનો સમાવેશ થાય છે.

ઉદ્યોગો : રાજ્યમાં ખેતી અને બાગકામને લગતા ઉદ્યોગો ફ્રુટ પ્રોસેસિંગ, રેશમ-કીટપાલન, મત્સ્યપાલન, પુષ્પોત્પાદન, ઊન, ઇલેક્ટ્રોનિક્સ ઍસેમ્બલિંગ, ખાતરોનું ઉત્પાદન વગેરે વિકસ્યા છે. ફળો ઉપરની પ્રક્રિયા માટેનો સૌથી મોટો પ્લાન્ટ હિમાચલમાં છે. ખેતી અને બાગકામ પર આધારિત ઉદ્યોગોને અગ્રતાક્રમ આપવામાં આવે છે. ત્યાં ૧૭૯ મોટા અને મધ્યમ તથા આશરે ૨૮,૦૦૦ નાના ઔદ્યોગિક એકમો છે. આ ઉદ્યોગોમાં આશરે એક લાખ સુડતાલીસ હજાર માણસોને રોજગારી મળે છે. રાજ્યમાં ૩૦ ઔદ્યોગિક વિસ્તારો અને ૧૦ ઔદ્યોગિક વસાહતો વિકસાવવામાં આવી છે. ત્યાં ૧૦ હૅન્ડલૂમ વિકાસ કેન્દ્રો, ૨૫૦૦ લૂમ્સ સહિતનાં, કેન્દ્ર સરકારની યોજના હેઠળ શરૂ કરવામાં આવ્યાં છે. રેશમકીટ પાલનનો ઉદ્યોગ આશરે ૭૦૦ કુટુંબોને રોજગારી પૂરી પાડે છે. ૧૯૯૯ના વર્ષમાં ૧.૧ લાખ કિલોગ્રામ કોશેટા ઉત્પન્ન કરવામાં આવ્યા હતા.

આ રાજ્યમાં ખનીજો પર આધારિત ૩૦૦ જેટલાં કારખાનાં આવેલાં છે. ઉ.ત. સિમેન્ટ પ્લાન્ટ, હાઈડ્રેટેડ લાઈમ યુનિટ્સ, કૅલ્શિયમ કાર્બોનેટ યુનિટ્સ વગેરે.

પ્રાણીજીવન : હિમાચલ પ્રદેશમાં જંગલી પ્રાણીઓનાં ૨૯ અભયારણ્યો આવેલાં છે. તેમાં મસ્કડીઅર, સ્નો લૅપર્ડ, બ્રાઉન બૅર જેવાં જવલ્લે જોવા મળતાં પ્રાણીઓનો સમાવેશ થાય છે.

પ્રવાસન : સૃષ્ટિસૌંદર્યની જાહોજલાલી માણવી હોય તો આ રાજ્યનો પ્રવાસ એપ્રિલથી ઑક્ટોબર દરમિયાન કરવો જોઈએ. આ પર્વતાળ રાજ્યનો ઉનાળો આનંદદાયક છે. તેથી ઉનાળાની રજાઓમાં પ્રવાસીઓ મોટી સંખ્યામાં આ પ્રદેશના પ્રવાસે આવે છે. પર્વતારોહણ કરવા માટે આ આદર્શ વિસ્તાર છે. સિમલા, કુલુ, મનાલી હવાખાવા માટેનાં પ્રસિદ્ધ સ્થળો ત્યાં આવેલાં છે. આ ઉપરાંત મશોબ્રા, કુફરી, નાલદેહરા, મણિકરન, નગ્ગર વગેરે પણ પર્વતો ઉપર આવલાં સુંદર સ્થળો છે. હિમાચલમાં પર્વતારોહણ, ખડકારોહણ, જલવિહાર, સ્કેટિંગ, ગ્લાઈડિંગ, માછલાં પકડવાં, વગેરેની મઝા માણવા હજારો પ્રવાસીઓ આવે છે. હિમાચલ ટૂરિઝમ કૉર્પોરેશન દ્વારા પણ કેટલાક પ્રવાસો ગોઠવવામાં આવે છે.

પશ્મીના, મધ, સૂકો મેવો, લાકડા પરનું કોતરકામ, શેતરંજીઓ, શાલ, ટોપી, ચાંદીના દાગીના વગેરેની ખરીદી માટે આ રાજ્ય પ્રખ્યાત છે.

વિશિષ્ટતાઓ : ચૈલની ક્રિકેટની પીચ વિશ્વમાં સૌથી વધુ ઊંચાઈએ એટલે કે ૭૩૮૦ ફુટની ઊંચાઈ પર આવેલી એકમાત્ર ક્રિકેટ પીચ છે. તે પતિયાળા રાજ્યના મહારાજાનું ઉનાળાનું પાટનગર હતું. પર્વતોમાં આવેલ આ સ્વર્ગસમાન લીલોતરીમાં અનેક પ્રકારનાં, જવલ્લે જોવા મળતાં પક્ષીઓ તથા હરણો વસે છે. ત્યાં આવેલ મહારાજાના મહેલમાં હવે આધુનિક હોટેલ ખૂલી હોવાથી પ્રવાસીઓ ત્યાં રહી શકે છે.

જ્વાળામુખી મંદિરમાં ભૂરા રંગની જ્યોત, ઘણાં વરસોથી સતત બળતી રહે છે. ખડકોમાંથી સતત નીકળતા કુદરતી ગૅસને કારણે ત્યાં જ્યોત બળતી રહે છે.

શહેરના મૅકલીઓડ ગંજમાં તિબેટથી નાસી આવેલા ધર્મગુરુ દલાઈલામા તથા તેમના અનેક અનુયાયીઓ ૧૯૬૦થી રહે છે. હિમાચલ પ્રદેશમાં આવેલ કિબર ગામ આશરે ૧૨,૬૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલું વિશ્વનું સૌથી ઊંચું ગામ છે.

જૂન ૧૯૮૮ સુધીમાં આ રાજ્યનાં બધાં ગામોમાં વીજળીની સુવિધા પહોંચાડવામાં આવી છે.

સિંચાઈ : રાજ્યની ૧૫૦ હૅક્ટર જમીન સિંચાઈ હેઠળ લાવવા માટે રૂપિયા ૧૭ કરોડ ખર્ચવામાં આવ્યા છે.

રાજ્યમાં ૨૦,૨૭૬ કિ.મી. લંબાઈના માર્ગો આવેલા છે. રાજ્યનાં કુલ ૧૭,૦૦૦ ગામોમાંથી ૭,૬૫૨ ગામો મોટરો જઈ શકે એવા માર્ગોથી જોડાયેલાં છે. ❐

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

દ ક્વીન્સી

ટૉમસ દ ક્વીન્સી (૧૭૮૫-૧૮૫૯), અંગ્રેજીના અભ્યાસીઓને એણે સાહિત્યના જે બે પ્રકાર પાડી આપ્યા છે તે કારણે, વિશેષ જાણીતા છે. જો કે એ સિવાય પણ અનેક વિશિષ્ટ પ્રકારનાં પુસ્તકો દ્વારા પોતાની વિલક્ષણ પ્રતિભાનો એક અંદાજ એમણે આપ્યો છે.



દ ક્વીન્સીનો ઑગસ્ટ, ૧૭૮૫માં શ્રીમંત વેપારીને ત્યાં માન્ચેસ્ટરમાં જન્મ. એની શરમાળ અને લાગણીશીલ પ્રકૃતિ. કોઈ પણ ભાવ-વિચાર ત્વરિત ગ્રહણ કરવાની તેનાંમાં નૈસર્ગિક શક્તિ હતી. બાથ ગ્રામર સ્કૂલમાં અભ્યાસ દરમિયાન આશ્ચર્ય ઊપજે તેવી ગ્રહણશક્તિથી તેણે ગ્રીક ભાષા પર કાબૂ મેળવી લીધો. એણે નોંધ્યું કે તેર વર્ષની વયે તો હું આસાનીથી ગ્રીકભાષા લખી શકતો.

ઈ. ૧૮૦૨માં એણે સ્કૂલ છોડી, કેટલાક મહિના રઝળપાટ કર્યો અને લંડનમાં એકલવાયી જિંદગી વિતાવવા માંડી. થોડો સમય એમ વીત્યા પછી, એ કંઈક ઠરીઠામ થયો. કેટલોક સમય ઑક્સફર્ડમાં વિતાવ્યો. એ પછી 'લેક પોએટ્સ'ના સંપર્કમાં રહ્યો. ઈ. ૧૮૦૪થી એ કશીક માનસિક બીમારીમાં અફીણની લતે ચડ્યો અને ભાગ્યે જ એમાંથી સંપૂર્ણરીતે છૂટી શક્યો.

લેક પોએટ્સનો સંસર્ગ તેને ફળદાયી નીવડ્યો. તેણે એડિનબર્ગમાં 'લિટરરી સોસાયટી'માં ભળીને લંડન અને સ્કોટલૅન્ડનાં સામયિકોમાં કલમ ચલાવવા માંડી. ઈ. ૧૮૧૬માં ક્રમશઃ કૌટુંબિક જવાબદારી વધવા માંડી અને એ નિભાવવા માટે તેણે વાર્તા, નિબંધ તેમજ લેખો લખીને આમદની મેળવવાની ફરજ પડી. કેટલાંક અગ્રણી પત્રોમાં તેનાં લખાણો પ્રકટ થવા માંડ્યાં. 'ધ કન્ફેસન્સ ઑવ્ ઍન ઈંગ્લિશ ઓપિયમ ઈટર' તેણે લંડન મૅગેઝીનમાં પ્રકટ કરી-ઈ. ૧૮૨૧. તે બે ખંડમાં વિભક્ત છે. એની સુધારેલી-વધારેલી આવૃત્તિ ઈ. ૧૮૫૬માં પ્રકાશિત થઈ. એ કૃતિ આત્મકથનાત્મક છે. દ ક્વીન્સીએ પોતાના જ જીવનની ઘટનાઓમાંથી, ઊર્મિઓમાંથી સાહિત્ય કાંતી કાઢ્યું છે. એમાં લૅમ્બની કૃતિઓમાં વરતાતી થોડી વિચિત્રતાઓ પણ છે અને હૅઝલિટના લેખોમાં પ્રગટતી તોફાની શક્તિય છે. ઉપર્યુક્ત કૃતિઓમાં તેણે પોતાની વિલક્ષણ જિંદગીનો હેવાલ આલેખ્યો છે. એમાં કેટલાંક ભવ્ય તો કેટલાંક ભયાનક સ્વર-અફીણની અસરને કારણે-ની રહસ્યમયતા વિશે વાત માંડી છે. એના કેટલાક અંશો ઈરાદાપૂર્વક સનસનાટી પ્રેરે તે રીતે લખાયા છે.

એનાં બીજાં બે આત્મકથનાત્મક પુસ્તકોમાં 'ઑટો-બાયોગ્રાફી-૧૮૩૪-૫૩' અને 'સસ્પિરિયા દ્ પ્રોફન્ડીઝ'-૧૮૪૫નો સમાવેશ થાય છે.

આ પ્રકારનાં પુસ્તકોમાં તેણે પોતાની આગવી માનસ-શાસ્ત્રીય શક્તિનો પરચો આપ્યો છે. સ્વપ્ન, ભ્રમણા, આંતરચેતનાના વિધવિધ સ્તરો, સ્વપ્ન વિશેની તેની મીમાંસા - આ સર્વ વિશે તેનાં મંતવ્યો અપૂર્વ અને વર્ષો પછી આવનારા ફ્રૉઈડના આગમનની આગાહીરૂપ છે. ગૂઢ અથવા તો અનુભવાતીત વિષયો પ્રત્યેનું તેનું વલણ અથવા તો તેનું આકર્ષણ જર્મન ચિંતકોની તત્ત્વમીમાંસામાંથી વિસ્તર્યું છે. જો કે જર્મનીના ફિલસૂફ કાન્ટનો અંગ્રેજી પ્રજાને પરિચય કરાવવા માટેનો તેમનો દાવો ભલે તે કરતા હોય, પણ કાન્ટની ફિલસૂફી વિશેની ઊંડી સમજ તે દાખવી શક્યા નથી. પણ જ્યાં પૉલ રિશરની અસર હેઠળ તેમના આત્મતત્ત્વ કે આંતરચેતના વિશેનો તથા એકાકી અવસ્થામાં દિવાસ્વપ્ન-તરંગ ઈત્યાદિમાં રસ વિકસ્યો હતો એ હકીકત છે. એમણે નોંધ્યું છેઃ **'No man ever will unfold the eapacities of his own intellect who does not atleast checker his life with solitude. (A Critical History of English Literature - By David Daiches P. 940).**

એ વિશેષપણે નોંધે છે કે **'God reveals his truths not by Perishable words, but by signs in heaven, by changes on earth, by pulses in secret rivers heral dries painted on darkness and hieroglyphics writ-ten on the tablets of hear.'** (એજન)

ઈશ્વરના અસ્તિત્વનો આવિષ્કાર નશ્વર શબ્દો દ્વારા થતો નથી. સ્વર્ગમાં તેના અણસારા, ધરતી પરનાં પરિવર્તનો, વહેતી નદીઓમાં ચૈતન્યની સ્ફુરણા, અંધકાર પર ચિત્રિત સંકેતચિહ્નો તેમજ મનુષ્યહૃદયની પોથી પર અંકિત ચિત્રલિપિઓ દ્વારા તેનું સત્ય પામી શકાય છે.

દ ક્વીન્સીનો એક ટૂંકો વિવેચનાત્મક લેખ 'ઑન ધ નૉકિંગ ઍટ ધ ગેટ્સ ઈન મૅકબેથ'-ઈ. ૧૮૨૩ એની તર્કશક્તિની પ્રતીતિ કરાવે છે. એના અંગત માનસશાસ્ત્રીય સંશોધનોમાં જેનો અભાવ હતો એ તત્ત્વ અહીં અનુભવી શકાય છે. એના આ પ્રકારના લેખોમાં તર્ક સાથે તરંગનો સહયોગ બનતો

હોવાથી વિવેચન રોચક બની રહે છે. એનામાં વિવેચકીય તેજસ્વિતા છે ખરી, પણ એ કઠોર વિવેચક છે. હૅઝલિટમાં રુચિઔદાર્ય હતું તે દ ક્વીન્સીમાં અલ્પ જ છે. એના લેખોમાં ત્રણ બાબત ધ્યાન-પાત્ર છે - ચિંતનાત્મકતા, પૃથક્કરણતા અને વર્ણનાત્મકતા. એની શક્તિનો વિકાસ થતાં ક્યારેક એક તો ક્યારે બીજી બાબત પ્રધાનતા ભોગવે છે. પણ ત્રણે બાબતનો અભાવ ક્યારેય હોતો નથી. એકંદરે એનાં પુસ્તકોમાં કે લેખોમાં તાર્કિક દ ક્વીન્સી ઉપર મરમી દ ક્વીન્સી વિજય મેળવે છે.

એનાં લખાણોમાં વિચારોના, શૈલીના એટલા બધા વિરોધાભાસ આવે છે કે શૈલીમાં એનું વ્યક્તિત્વ પકડાતું નથી. **Style is the man**—નું વિધાન એની બાબતમાં ખોટું ઠરે છે.

દ ક્વીન્સી વડ્ઝ્ર્વર્થ, કોલરિજ, સધે વગેરેના ગાઢ સંપર્કમાં રહ્યો હતો. તેના ફળરૂપે તે 'રિકલેક્શન્સ ઑવ્ ધ લેક્સ ઍન્ડ લેક પોએટ્સ'-૧૮૩૪-૩૯ પ્રસ્તુત કરે છે.

એનું પત્રકારત્વ વારંવાર વિકૃત હાસ્યમાં ઝબકોળાયેલું જોવા મળશે. એ ક્યારેક 'ઑન મર્ડર કન્સિડર્ડ ઍઝ વન ઓવ્ ધ ફાઈન આર્ટ્સ (૧૮૨૭)' જેવી બ્લૅક કૉમેડિ આપી બેસે છે. તો ક્યારેક વિશિષ્ટ પ્રકારના તરંગોથી સભર સ્વપ્નોની મીમાંસા કરતી 'સસ્પિરિઆ દ પ્રોફન્ડિઝ'-૧૮૪૫ પણ રચી શકે છે. એનો 'ધ ઈંગ્લિશ મેલ કોચ' (૧૮૪૯) પણ એવો જ લાક્ષણિક નિબંધ છે.

દ ક્વીન્સીના નિબંધોમાં કેટલાંક ઐતિહાસિક દૃશ્યો કે પ્રસંગોનું ઉચ્ચ કલ્પનાયુક્ત અનુસર્જન જોવા મળે છે. 'ફ્લાઈટ ઑવ્ અ તાર્તાર ટ્રાઈબ' એનું એક દૃષ્ટાન્ત છે. 'જોન ઑવ્ આર્ક' વિશેના નિબંધમાં ભરપૂર વાગ્મિતાયુક્ત નિર્મલતા છે જે આજના વાચકને ભાગ્યે જ રુચિકર બની શકે. જોન ઑવ્ આર્કના ચરિત્ર કરતાં તો તેણે કોલરિજ, વડ્ઝ્ર્વર્થ, વડ્ઝ્ર્વર્થની બહેન દોરોથીનાં જે અભ્યાસપૂર્ણ પાત્રચિત્રણો કર્યાં છે તે વિશેષ આનંદપ્રદ છે.

દ ક્વીન્સીના ઘણાખરા નિબંધો ટેઈટના તેમજ બ્લૅકવૂડના લંડન મૅગેઝીનમાં પ્રકટ થતા હતા. એના આ તેમજ અન્ય મૅગેઝીનોમાં પ્રકટ થયેલા લેખો-નિબંધોમાં સહુથી રસપ્રદ બાબત તો તેણે રોમૅન્ટિક કવિઓની માનસશાસ્ત્રીની હેસિયતથી જે ચિકિત્સા કરી છે તે છે. તદુપરાંત ચિત્તના વિવિધ સ્તરોમાં તેની ઊંડી તપાસ, ચેતના-આંતરચેતનામાં તેના અભ્યાસની ગતિ વગેરે બાબતો પણ વિશિષ્ટ, અપૂર્વ છે. જો કે ફ્રૉઈડના યુગમાં થઈ ગયેલાને આ બધી નાદાનિયત લાગે.

દ ક્વીન્સીનો અંગ્રેજી સાહિત્યના વિદ્યાર્થીઓને તેમજ અભ્યાસીઓને જે મહિમા છે તે તેણે સાહિત્યના જે બે પ્રકાર પાડીને તેની વિવેચના કરી તેને કારણે છે.

એનો નિબંધ 'ધ લિટરેચર ઑવ્ નૉલેજ ઍન્ડ ધ લિટરેચર ઑવ્ પાવર' સારી પ્રસિદ્ધિ પામ્યો છે. સ્કૉટ જેમ્સે પણ તેના 'મેકિંગ ઑવ્ લિટરેચર'માં તેનો નિર્દેશ કર્યો છે.

દ ક્વીન્સી પ્રમાણે જે માહિતીપ્રદ કે જ્ઞાનલક્ષી સાહિત્ય છે તે લિટરેચર ઑવ્ નૉલેજ ગણાય અને જે આનંદપ્રદ, કલ્પનાને અપીલ કરીને સમગ્ર વ્યક્તિત્વને સ્પર્શે તે લિટરેચર ઑવ્ પાવરની કક્ષામાં આવે. એ પ્રશ્ન કરે છે-મિલ્ટનની 'પૅરેડાઈસ લૉસ્ટ' જેવા મહાકાવ્યમાંથી તમને શી માહિતી મળી? શું જ્ઞાન મળ્યું? કશું જ નહિ. પાકશાસ્ત્રના પુસ્તકમાંથી તમે શું પામ્યા? દરેક પરિચ્છેદમાં વાનગીની બનાવટની નવીનતા. પણ શું એટલા જ કારણે પાકશાસ્ત્રના તુચ્છ પુસ્તકને મિલ્ટનના મહાકાવ્ય કરતાં ઊંચા સ્તર પર મૂકી શકાય? મિલ્ટનના મહાકાવ્યમાંથી તો એની કલ્પનાશક્તિ દ્વારા આનંદલોકનો અનુભવ પામ્યા, અનંત સાથે એકાગ્રતા સાધી શક્યા. આનંદલક્ષી સાહિત્યની આ જ વિશેષતા છે.

'What you owe to Milton is not any knowledge, of which a million separate items are still but a million of advancing steps on the same earthly levels; what you owe is power,-that is exercise and expansion to your own latent capacity of sympathy with the infinite, where every pulse and each separate influse is a step upwards, a step ascending as upon Jacob's ladder from earth to mysterious attitudes above the earth.'

દ ક્વીન્સીનો 'લિટરેચર ઑવ્ નોલેજ' અને 'લિટરેચર ઑવ્ પાવર' વચ્ચેનો ભેદ પ્રગટ કરતો પ્રસિદ્ધ પરિચ્છેદ અહીં ઉતારીએ.

The function of the first is to teach; the function of the second is to move; the first is a rudder, the second an our or a sail. The first speaks to the mere discursive understandig; the second speaks ultimately, it may happen, to the higher understanding or reason, but always through affection of pleasure and sympathy. Remotely it may travel towards an object seated in what Lord Becon Calls 'dry light', but approximately it does and must operate elre it creases to be a literature of power, in and through that humid light which clothes itself in the mists and glittering iris of human passions, desires and genial emotions.'

(ક્રમશઃ)

હું અને કાગડો

પ્રફુલ્લ રાવલ

થોડું અડવું લાગે તો કહું કે કાગડો... ના, નથી કહેવું. સ્પષ્ટ તો નથી જ કહેવું. જેટલું છાનું એટલું છબીલું; એટલું સોનાનું. પણ એમ કંઈ કાગડો થોડો સોનાનો થઈ જાય! વળી, સોનું તો હોય પીળું. કાગડો તો કાળો. હા, તદ્દન કાળો. અને એનો અવાજ... તે ય કાળાશને અભિવ્યક્ત કરે એવો કર્કશ. એના ગુણ ગાઉં તો કેવો લાગું! વરવોસ્તો. કાગડો એટલે વળી કાગડો. એની વળી વિશેષ ઓળખ શી! એના નામ સાથે એક આગવી છાપ અંકિત થઈ ગઈ છે. તે લુચ્ચાઈની, દોંગાઈની. કોઈ ઇતર અર્થને અવકાશ રહેતો જ નથી. કાગડાની નજર તો સઘળે ફર્યા કરે. એની નજર બહાર કશું જ ન હોય! અલબત્ત, જોવાનું ખોટું. શોધવાનાં માત્ર છિદ્ર. માટે જ 'કાગદષ્ટિ' જેવો સમાસ પ્રચલિત થયો હશે. કાગડાને કોઈ પાળે નહીં. એ પીંજરામાં પણ ન શોભે! કાળો કોકિલ પ્રીતિનો ભાજન બને પણ કાગડાને કોણ ચાહે? ન એના અવાજનું આકર્ષણ કે ન એના રૂપનું. કોઈ દષ્ટિએ કાગડો કોઈને ન ગમે. એ તો જાણે તિરસ્કૃત પક્ષી! છતાં ય મારે મન કાગડો નથી તિરસ્કૃત કે નથી પરિસ્કૃત. ઈશ્વરે આવું સર્જન કેમ કર્યું હશે! આંધળી ધર્મશ્રદ્ધા પાપ-પુણ્યનું ગણિત માંડે છે. પણ હું એને માત્ર વગોવી ન શકું. જે પહેલાં થોડાં પક્ષીઓની પહેચાન મને થઈ તેમાં કાબર સાથે કાગડો હતો.

મારી વય માંડ પાંચ વર્ષની હશે. હું ઓસરીમાં બેઠો બેઠો એકડો ઘૂંટતો'તો. ત્યાં કાબરનો અવાજ સાંભળ્યો. મેં નજર કરી તો સામે છાપરે કાબર સાથે કાગડો મસ્તી કરતો હતો. એને પજવતો હતો. માટીની પેન હાથમાં રહી ગઈ. હું એકડો ઘૂંટવાનું ભૂલી ગયો. કાબર-કાગડાની મસ્તી જોવામાં તલ્લીન થઈ ગયો. હું કાબરને ઓળખું, પણ કાગડાને નહીં. બાને બૂમ પાડીને બોલાવીને પૂછેલું કે આ કાળું પક્ષી ક્યું? બાએ કહેલું કે એ કાગડો કહેવાય. મેં એ કાગડાને ધારીને જોયો. એનો રંગ, એની ચાંચ, એની પાંખ અને સાંભળ્યો એનો કર્કશ અવાજ, જે માત્ર અસુખ આપતો હતો. થોડી વારમાં કાબર-કાગડા વચ્ચે સુલેહ થઈ ગઈ. કાબર ખુશ તો કાગડો ય ખુશ. સાથે હું ય ખુશ. અલબત્ત, ત્યારે નમી હતી તો કાબર જ.

કાબરના અનુષંગે થયેલી કાગડાની ઓળખ સ્મરણમાં જડાઈ ગઈ. પછી ગમે ત્યાં, ગમે ત્યારે કાગડો જોઉં કે તરત જ પ્રથમ વાર જોયેલી કાગડાની સ્મૃતિ સતેજ બની જાય. પછી તો કાગડાને અનેક પક્ષી સાથે જોયો છે. કબૂતરની છેડતી કરતો, ચકલીને ચાંચ મારતો, પોપટને ગેલ કરતો, કોયલને નમતો. એક વાર વાંદરાને ચીડવતો જોયો હતો. ખીજમાં વાંદરો ઝાવું મારે પણ કાગડો છટકી જાય. વળી, માથે ચાંચ મારે. વાંદરો પકડવા મથે પણ કાગડો પકડાય નહીં. કાગડાને બધા સાથે મેળ અને પાછો બધા સાથે કમેળ. આમ તો એ ભારે અડપલો, અવળચંડો. મેં એને શાંત બેઠેલો જોયો જ નથી. એની ચકળવકળ ફરતી આંખમાં દુનિયાને પામી લેવાની વૃત્તિ દેખાય. એ આંખ શાતા ન આપે. ન એમાં સંતોષનાં દર્શન થાય. આવી આંખે એ પ્રણય કેવો કરતો હશે! એની આંખ એટલે અજંપાનું ઘર. એમાં અનેક પ્રશ્નોનો સરવાળો અને 'આ જોઉં કે પેલું જોઉં'ની હોડ.

બીજા ધોરણમાં ભણતો હતો ત્યારે કાગડાની એક વાર્તા ભણવામાં આવતી. એમાં કાગડાને ભોળવીને શિયાળ એની પૂરી લઈ જાય છે એવી વાત હતી. એ કાગડો ચતુર નહોતો. ફૂલણજી હતો અને બિચારો એટલે જ તો છેતરાયો. આમ તો ભોળવાયો. બસ, મારા મન પર એ કાગડાનું અંકન છે જે ભોળપણમાં પૂરી ગુમાવી બેઠો હતો. માટે કાગડો ભોળો જ હોય એવું માનતો થયો છું. વળી, સંસ્કૃત ભણતી વેળાએ 'પરભૃત્તિકા'નો અર્થ જાણ્યો ત્યારે પેલી ભોળપણની છાપ દઢ થઈ, પણ વ્યવહાર-જગતે કાગડાની અલગ ઓળખ આપી. છતાં ય મન પર પેલો ભોળો કાગડો જ છવાયેલો રહ્યો છે. એમાં વળી જ્યારે ક્યાંકથી સાંભળ્યું કે આપણા પૂર્વજ કે મૃત આત્મા કાગડા બનીને પૃથ્વીલોક પર આવે છે ત્યારે તો કાગડો માનનો અધિકારી બની ગયો. થોડોક સમય તો કાગડામાં પૂર્વજની શોધ આદરી હતી. વારંવાર મૃત ભગિની મહાશ્વેતાને શોધતો રહેતો હતો. શ્રાદ્ધના દિવસોમાં વાશ નાખવા જતો અને કાગડામાં પૂર્વજને જોવા મથતો. બા જાડી ભાખરીના ટુકડા, ભાત, દૂધ અને ખાંડ ભેગાં કરીને આપતી. હું છાપરે વાશ નાખવા જતો. પાંચ-સાત કાગડાઓ આવી જતા. મારું કિશોરમાનસ પૂર્વજને ખાતા જોઈ આનંદ પામતું. હરખથી હું બાને કહેતો. પિતાના મૃત્યુ પછી વાશ નાખવાની આવી ત્યારે કાગડામાં પિતાનું દર્શન કરવા મન તૈયાર નહોતું. બુદ્ધિએ શ્રદ્ધાનો છેદ ઉડાડી દીધો. કાગડો વળી પૂર્વજ હોય! ના... ન જ હોય. બસ, કાગડાની એક ઓળખ પૂરી થઈ.

કાગડો બોલે તો મહેમાન આવે એવી રૂપાળી માન્યતા મેં વર્ષોથી પંપાળી રાખી છે. સાથે 'સિદ્ધહેમ'ના દુહાના સંદર્ભે સ્મરણમાં ઝબકે છે પ્રતીક્ષાથી થાકેલી, બોલતા કાગડાને ઉડાડતી પ્રેયસી. પિયુનું દર્શન અને કંકણનું સરી જઈને તડ્ તૂટવું. કાગડા માટે ત્યાં તો શબ્દ છે વાયસુ. અતિથિના આગમનનું એંધાણ આપતા વાયસના બોલ પછી ફૈબાનું આગમન થતું. બાપા આનંદમાં આવી જતા. લાપસી થતી. નિશાળે જવાનું મુલતવી રહેતું. મહોલ્લામાં રમવા જવાની છૂટ મળી રહેતી, પરંતુ પછીનું

અઠવાડિયું તાણમાં જતું. સમજણે છાપરે બોલતા કાગડાને અણગમતો કરી નાખ્યો. હા, આજે વળી કાગડો બોલે એવી અપેક્ષા જાગે છે. કદાચ રિસાયેલી સખી પાછી આવી ચડે, અતિથિ બનીને! પણ હવે કાગડો બોલતો નથી. એવું યે બને કે એ બોલે ને હું ના હોઉં, હું ના સાંભળું. યાદ આવે છે એક સાંજ. રમતાં રમતાં સખી દોડતી ઘરે પહોંચી ગઈ. હું તેની પાછળ પાછળ. એણે ગોળામાંથી પાણીનું પ્યાલું ભર્યું. મેં ઝૂંટવી લઈને એ પાણી પી લીધું. એ ચિડાઈને બોલી-'કાગડો'.

'કોણ?' મેં પૂછ્યું.

'તું' એની આંખમાં ગુસ્સો હતો.

'હું?' મેં રૂઆબથી પૂછ્યું.

'હા... તું... કાગડો... કાગડો... કાગડો... સાડી સત્તરવાર કાગડો.'

'તું કાગડી'

પણ ન તો હું કાગડો બની શક્યો કે ન તો એ કાગડી. એની આંખમાં શાંત નદી વહેતી રહી. આજે કાગડાને બોલતો સાંભળું છું ત્યારે નિરાશ મન અર્થ તારવે છે કે હવે કોઈ આવવાનું નથી. છતાં ય થોડી વાર પછી બારણે નજર ખોડાઈ જાય છે.

ક્યારેક કાગડો મને વિદૂષક જેવો લાગ્યો છે. ખુરશીની ટોચ પર બેઠેલા કાગડાનું એક કાર્ટૂન મન પર સ્થિત થઈ ગયું છે. ખુરશી સાચવવા કાગ જ બનવું રહ્યું! કાગડાનાં અનેક ચિત્રો જોયાં છે. પણ એક ચિત્રમાં કાગડાની આંખમાં ભોળપણ સહજ કુતૂહલ દેખાયું. એ બાળપણમાં જોયેલા પેલા કાગડાની યાદ આપી ગયું. એ આંખમાં પ્રતીક્ષાનો લય મંદ ગતિએ ધબકતો જોવા મળ્યો. કોની પ્રતીક્ષા કરતો હશે એ કાગ! ઘેલું મન કાગડાના સઘળા અવગુણ ભૂલીને માયાળું બને છે. ક્યારેક એના અવાજમાં ઈશ્વર પ્રત્યેની રાવ સંભળાય છે, તો ક્યારેક કરુણતાનું ગાન, જે સ્વર્ગીય નહીં પણ દુન્વયી છે. મારે મન તો કાગડો વર્તમાનકાળનો સાચો પ્રતિનિધિ છે. ❐

ગિરા ગુર્જરી પારિતોષિક સ્પર્ધા-૨૦૦૨


કલાગુર્જરી (સ્થાપક સંસ્થા) દ્વારા આયોજિત શ્રી દ્વિરેકભાઈ રાજ દ્વારા પુરસ્કૃત સ્વ. વિરેનભાઈ કલ્યાણજીભાઈ રાજપોપટ સ્મારક ગિરા ગુર્જરી પારિતોષિક સ્પર્ધા-૨૦૦૨નું આયોજન કરવામાં આવ્યું છે.

નવલકથા, નવલિકા, નિબંધ, કાવ્ય, નાટક એવા પાંચ વિભાગમાં દરેક વિભાગની પ્રથમ પુરસ્કૃત મૌલિક કૃતિના સર્જકને રૂ. ૫૦૦૦ તથા સ્મૃતિપદક, દ્વિતીય પુરસ્કૃત કૃતિના સર્જકને રૂ. ૩૦૦૦ તથા સ્મૃતિપદકથી સન્માનિત કરવામાં આવશે.

પ્રવેશપત્ર તથા વધુ માહિતી માટે લખો : સંસ્થા કાર્યાલય
શ્રી દશરથલાલ જોશી પુસ્તકાલય બિલ્ડિંગ,
ડી.જે.રોડ, વિલેપારલે (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬.

ચેસ-કૉર્નર : કોયડો-૧૯

કાળું



સફેદ

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. **(White to play and mate in two).**

મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kh8, Qe8, Rc7, Be5, Bc6, P-a4, a3.**

કાળાં : **Kb6, Qa7, Ba6, P-a5.**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ અપાર્ટમેન્ટ, બીમા નગર પાસે, સેટેલાઈટ રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫ (**e-mail - shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ સપ્ટેમ્બર ૨૦૦૨ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના મે ૨૦૦૨ના અંકમાં આવેલા કોયડા નં. ૧૭નો ઉકેલ :

સફેદ	કાળું	સફેદ	કાળું
(૧) **Rf4**	....	(૨) **Rxe4 #**	
જો....	**Kxrf4**	જો....	**Nc6**
(૨) **Qf6 #**		(૨) **Re4 #**	
જો....	**Nxf4**	જો....	**b4**
(૨) **d4 #**		(૨) **Qd4 #**	
જો....	**Bd6**	જો....	**Nc8**
(૨) **Qf6 #**		(૨) **Qd4 #**	
જો....	**Bd5**	જો....	**Nd3-f4**
(૨) **Qb8 #**			સિવાય ગમે ત્યાં
જો....	**Be4**	(૨) **Qd4 #**	

ઉપરોક્ત કોયડાનો સાચો ઉકેલ મોકલનાર વાચકમિત્રોનાં નામ : (૧) ડૉ. છત્રસિંહ બારડ (ધોળકા), (૨) ઝેડ. એલ. ઝાલાવાડિયા (અમદાવાદ), (૩) કે. એમ. મુલિયા (સુરેન્દ્રનગર), (૪) જિગર સોલંકી (સુરેન્દ્રનગર), (૫) સુજલ કલોલીઆ (અમદાવાદ), (૬) ડૉ. દિલીપ અહલપરા (અમદાવાદ), (૭) પ્રો. એ. આર. રાવ (અમદાવાદ) -અર્પી શાહ

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

ગુરુવાર, ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૪૪
પ્રિયતમ કિટી,

આજે મારે તને બે વાત કહેવી છે. તેમ કરતાં થોડી વાર લાગશે પણ આજે તો મારે એ વાત કોકને કરવી જ પડશે. અને એ માટે તું જ યોગ્ય છે કારણ કે મને ખાત્રી છે કે તું એ વાત મનમાં જ સમાવી શકીશ. અને ગમે તે થાય તો પણ કોઈને કહીશ નહીં.

પહેલી વાત મમ્મીની છે. તું તો જાણે છે કે ઘણી વાર મેં એમની ફરિયાદ કરી છે અને પછી બધું ભૂલીને સંબંધો મીઠા રાખવાનો પ્રયત્ન પણ કર્યો છે. પરંતુ અચાનક મારા ધ્યાનમાં એક વાત આવી કે મૂળ મમ્મીમાં વાંધો શું છે? મમ્મીના કહેવા પ્રમાણે અમને એ દીકરીઓ કરતાં બહેનપણી તરીકે જુએ છે. એ તો ઘણી સારી વાત છે પણ ગમે તેમ તોય એક બહેનપણી માનું સ્થાન લઈ શકે નહિ. હું તો એવી માને ઇચ્છું છું જે મારી સામે સારો દાખલો બેસાડે અને જેને માટે મને માન થાય. પણ ઘણાખરા પ્રસંગે મમ્મી ઊંધો જ દાખલો બેસાડે છે. મારા માનવા પ્રમાણે આ વિષયમાં માર્ગટના વિચારો ઘણા જુદા છે. અને એટલે કદાચ મેં હમણાં જે કાંઈ કહ્યું એ બધું માર્ગટની સમજણની બહાર છે. અને પપ્પા તો મમ્મીની બાબતમાં મારી સાથે કોઈ પ્રકારની વાત કરવાનું ટાળે છે.

મારી દૃષ્ટિએ મમ્મી સર્વપ્રથમ એક ચાલાક બાઈ છે, જેને ખાસ કરીને એનાં કિશોરવયનાં છોકરાં સાથે કુનેહથી કામ લેતાં ઘણું સરસ આવડે છે. એટલે નહિ કે મમ્મી જેવી, જે હું રડું ત્યારે કેટલાંક બીજાં કારણોને લઈને મારી મશ્કરી કરે. મારા દુ:ખની મશ્કરી નથી કરતાં.

તને કદાચ આ વાતમાં ખાસ કંઈ ધ્યાન આપવા જેવું ન પણ લાગે પરંતુ આ એક પ્રસંગ માટે હું એમને ક્યારેય માફ કરી શકી નથી. એ દિવસે મારે દાંતના ડૉક્ટર પાસે જવાનું હતું. મમ્મી અને માર્ગટ પણ મારી સાથે આવવા તૈયાર થયાં. મને ત્યારે સાયકલ પર જવાનું મન હતું અને એ માટે બંને સંમત થયાં. જ્યારે દવાખાનામાંથી કામ પતાવી બહાર આવ્યાં ત્યારે મીઠાશથી એમણે મને કહ્યું કે એ લોકો તો બજારમાં કશુંક લેવા કે જોવા જવાનાં છે, હવે શું તે મને યાદ નથી. મેં પણ સાથે જવાની ઇચ્છા દર્શાવી. ત્યારે એમણે કહ્યું કે એ તો હવે શક્ય નથી કારણ કે હું તો સાયકલ લઈને આવી છું. હું એટલી તો ધૂંધવાઈ ગઈ કે મારી આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. અને એ જોઈને માર્ગટ અને મમ્મી હસવા માંડ્યાં. મને ત્યારે એટલો તો ગુસ્સો ચડ્યો હતો કે ત્યાં ને ત્યાં રસ્તા ઉપર મેં એમની સામે જીભ કાઢી. રસ્તા પરથી જતી એક ઘરડી બાઈ અમને જોઈ જ રહી. હું સાયકલ પર ઘેર પાછી આવી અને કલાકો સુધી રડી. મને આશ્ચર્ય એ વાતનું થાય છે કે મમ્મીએ આ પછી હજારો ઘા કર્યા છે પણ જ્યારે મને ચડેલા ગુસ્સાનો વિચાર આવે છે ત્યારે એ ઘા હજી પણ તાજો થાય છે.

બીજી વાત કરવી જરા અઘરી છે, કારણ કે એ મારી પોતાની છે. હું મારી જાતને શિષ્ટ વ્યક્તિઓમાં ગણાવતી નથી. પણ હા, જ્યારે લોકો સંડાસ-યાત્રાનું વિગતવાર વર્ણન કરવા માંડે છે ત્યારે મારું મન વિદ્રોહ કરી ઊઠે છે.

ગઈકાલે મેં હેસ્ટરદીદીએ લખેલો શરમાળપણા વિશેનો લેખ વાંચ્યો. લેખ જાણે મારા માટે જ લખાયો હોય એવું મને લાગ્યું. મારો કહેવાનો અર્થ એવો નથી કે હું બહુ શરમાળ છું પણ એ સિવાયની વાત સાથે મેળ બેસતો હતો. મૂળ એમના કહેવા પ્રમાણે યૌવનના આરંભકાળે છોકરીઓ ગુમસુમ બની જાય છે અને પોતાનામાં થઈ રહેલા સુંદર ફેરફારોમાં જ મગ્ન થઈ જાય છે. મને પણ એવું થાય છે અને સંભવ છે કે એને લીધે જ ઘણી વાર મને માર્ગટ, મમ્મી અને પપ્પાથી પણ સંકોચ થાય છે. જ્યારે માર્ગટ તો મારા પ્રમાણમાં ઘણી જ શરમાળ છે પણ એને કાંઈ જ થતું નથી.

મારી દૃષ્ટિએ મારામાં થઈ રહેલા ફેરફાર, ફક્ત બાહ્ય ફેરફાર જ નહિ પણ આંતરિક ફેરફાર પણ અદ્ભુત છે. મેં મારા વિષેની આ વાત કોઈને કરી નથી અને એટલે જ એ મારે મારી સાથે કરવી પડે છે. મને જ્યારે જ્યારે માસિક આવે છે (અને અત્યાર સુધી ત્રણ જ વાર આવ્યું છે) ત્યારે એની સાથેના દુ:ખાવા અને ઝંઝટ છતાં પણ હું એક મીઠું મજાનું રહસ્ય સાથે લઈને ફરતી હોઉં એવું મને લાગે છે. અને એટલે એની સાથે સંકળાયેલી માથાકૂટ છતાં, એક રીતે જોતાં દર વખતે હું એની રાહ જોઉં છું. જ્યારે મારું આંતરિક રહસ્ય હું અનુભવી શકું.

હેસ્ટરદીદી એમ પણ લખે છે કે મારી ઉંમરની છોકરીઓ એક પ્રકારની અસુરક્ષિતતા અનુભવે છે. ધીમે ધીમે એમને જાણ થાય છે કે પોતે પણ પોતાના આગવા વિચારો, માન્યતા અને ટેવો ધરાવતી એક સ્વતંત્ર વ્યક્તિ છે. મને તેર પૂરાં થયાં અને તરત હું અહીં રહેવા આવી. હું મારા વિશે વિચાર કરવા માંડી. એથી મારી ઉંમરના પ્રમાણમાં જરા વહેલાં જ મને ભાન થયું કે હું પણ એક સ્વતંત્ર વ્યક્તિ છું. કોઈ કોઈ વાર રાત્રે પથારીમાં પડ્યાં પડ્યાં મને મારાં સ્તનોને અડવાનું અને હળવા એકધારા થતા હૃદયના ધબકાર સાંભળવાનું જોરદાર મન થાય છે.

અજાણતાં આ ભાવના મારામાં અહીં આવ્યાં પહેલાં પણ હતી. એક વાર હું જેકીને ત્યાં રાત રોકાઈ હતી અને એના શરીર વિશેની મારી જિજ્ઞાસા દાબી દબાઈ નહિ. એ શરીર એણે કાયમ મારાથી છુપાવ્યું હતું, મેં ક્યારેય જોયું નહોતું. મેં એને ત્યારે પૂછ્યું કે આપણી મૈત્રીની સાબિતી રૂપે આપણે એકબીજાંનાં સ્તનોને સ્પર્શી શકીએ? જેકીએ એની તો ના પાડી. મને એને ચુંબન કરવાનું પણ મન થયું હતું જે મેં કર્યું. જ્યારે હું કોઈ નગ્ન સ્ત્રીનું ચિત્ર જોઉં છું, જેમ કે કલાના ઈતિહાસના પુસ્તકમાં વિનસનું ચિત્ર ત્યારે હું એકદમ ભાવવિભોર થઈ જાઉં છું. કોઈ વાર એ ચિત્રોનાં સૌંદર્યથી મારી આંખો છલકાઈ જાય છે. મને એક બહેનપણી હોત તો કેવું સારું થાત?

લિ. ઍન

ગુરુવાર, ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૪૪

પ્રિયતમ કિટી,

કોઈની સાથે વાત કરવાની ઇચ્છા એટલી તો પ્રબળ થઈ ગઈ કે એ માટે પીટરની વરણી કરવાનો વિચાર ક્યાંકથી મારા મનમાં ઘર કરી ગયો. બે ત્રણ વાર જ્યારે પીટરના રૂમમાં જવાનો પ્રસંગ ઊભો થયો હતો ત્યારે મને એ રૂમ સુંદર હૂંફ-ભર્યો લાગ્યો હતો. પણ પીટર એટલો તો સારો છે કે એને ત્રાસ આપતી વ્યક્તિને પણ એ જાકારો આપવાનું એને માટે શક્ય નથી. એટલે ત્યાં લાંબો વખત બેસી રહેવાનું સાહસ હું કરી શકતી નહોતી. મને હંમેશાં ડર લાગતો કે એ મને ગુંદર સમજશે. એને ખબર ન પડે એમ ત્યાં જઈને થોડો સમય લઈને એને બોલતો કરવાની તક શોધતી હતી ત્યાં એ તક મને ગઈ કાલે મળી ગઈ. આજકાલ પીટરને શબ્દ-કોયડા (Cross-word Puzzle)નું ઘેલું લાગ્યું છે. અને આખો દિવસ એ સિવાય કાંઈ જ કરતો નથી. હું ત્યારે એને મદદ કરતી હતી અને એમ કરતાં અમે ટેબલ પર સામસામે બેસી ગયાં, એ એની ખુરશી પર અને હું દીવાન પર.

એની ભૂરી ભૂરી આંખોના ઊંડાણમાં જોઈને અને મારા આવા અચાનક આવી ચડવાથી એને થતી મૂંઝવણ જોઈને હું રોમાંચિત થઈ ગઈ. એના મનમાં ઊંડે ઊંડે ચાલતા વિચારો હું જોઈ શકતી હતી. એના ચહેરા પર અકળામણ અને 'હવે શું કરવું' એની અનિશ્ચિતતા તરવરતી હતી, અને એ જ વખતે એને થયેલું પોતાના પૌરુષત્વનું ભાન પણ ડોકાતું હતું. એનું આ શરમાળપણું જોઈને હું પલળી, મારે એને કહવું હતું, 'અરે, બોલને તારા મનની વાત. મારા આ વાચાળ કવચ પાછળ મને જોવાનો પ્રયત્ન તો કર.' પણ આ પ્રશ્નો વિચારવા જેટલા સહેલા છે એટલા જ પૂછવા અઘરા છે.

એમ ને એમ સાંજ પડી ગઈ અને ખાસ કંઈ જ બન્યું નહિ. સિવાય કે મેં એને પેલા શરમાવા વિશેના લેખની વાત કરી. અલબત્ત, તને કરી એ બધી જ વાત કાંઈ ન કરી, ફક્ત એટલું જ કહ્યું કે ઉંમર વધશે એમ અસુરક્ષિતપણાની ભાવના ઓછી થતી જશે.

એ રાત્રે પથારીમાં પડીને હું ખૂબ રડી, પણ કોઈને ખબર ન પડે એમ. મૈત્રી માટે પીટર સામે આમ હાથ લંબાવવો પડે છે એ વિચારે મારું મન જાણે બળવો પોકારતું હતું, પણ ઇચ્છાપૂર્તિ માટે વ્યક્તિ કાંઈ પણ કરવા તૈયાર થાય છે; હવે મારો જ દાખલો લે, મેં હવે નક્કી કર્યું છે કે પીટરને મળવા વધારે વાર જઈશ અને ગમે તેમ કરીને એને બોલતો કરીશ.

તું એમ ન માનતી કે હું પીટરના પ્રેમમાં પડી છું. કારણ કે એવું નથી. જો વૅનડાનને દીકરાની જગ્યાએ દીકરી હોત તો હું એની સાથે મૈત્રી બાંધવા પ્રયત્ન કરત.

આજે સવારે સાત વાગવાને થોડી વાર હતી ત્યાં જ હું જાગી ગઈ. અને હું જોતી હતી એ સપનુ મને યાદ આવ્યું. હું એક ખુરશી પર બેઠી હતી અને મારી સામે પીટર બેઠો હતો-પીટર સ્કીફ. અમે મેરી બોસનાં ચિત્રો જોતાં હતાં. સપનુ પણ એટલું સ્પષ્ટ હતું કે એમાંનાં ચિત્રો પણ મને યાદ છે. પણ વાત ત્યાં જ પૂરી થતી નથી. સપનામાં તો ઘણું બધું આવ્યું. પીટરની અને મારી નજર અચાનક મળી. અને એ મખમલી કથ્થાઈ આંખોમાં હું ઘણી વાર સુધી જોતી જ રહી. પછી એ હળવેથી બોલ્યો, 'મને આની ખબર હોત તો આ પહેલાં જ હું તારી પાસે આવ્યો હોત.' ભાવનાવિવશ થઈને મેં એકદમ મોં ફેરવી લીધું અને પછી મારા ગાલ ઉપર એના ગાલનો શીતળ સ્પર્શ અનુભવ્યો...

ત્યારે જ હું જાગી ગઈ. પણ એ સ્પર્શાનુભવ તૂટ્યો નહોતો. મારા હૃદયના ઊંડાણને નીરખતી એ કથ્થઈ આંખો પણ હું જોઈ શકતી હતી. આ અનુભવ હજી પણ એટલો જ ઉત્કટ હતો કે એની આંખો વાંચી શકે કે મેં એને કેટલો ચાહ્યો છે અને હજી પણ કેટલો ચાહું છું. ફરી મારી આંખો ભરાઈ આવી. એને ફરી એક વાર ખોઈ દેવાનું મને દુઃખ થયું અને પીટરનું સ્થાન

(અનુસંધાન પૃ. ૪૬૨ પર)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

વિચારવંચિત સંસ્થા

તા. ૭-૧-૯૬ : ગુજરાતી સાહિત્ય પરિષદ ૯૦ વર્ષ જૂની છે. તેનાં શરૂઆતનાં વર્ષોમાં પરિષદ ઉપર ક.મા.મુનશીનું વર્ચસ્વ હતું. પચાસેક વર્ષ પહેલાં ઉમાશંકર જોશીએ મુનશીની દાદાગીરી સામે માથુ ઊંચક્યું અને પરિણામે મુનશીની જગ્યાએ ઉમાશંકર જોશીનું વર્ચસ્વ જામ્યું. ઉમાશંકર ગુજરી ગયા પછી પણ એ વર્ચસ્વ ચાલુ તો રહ્યું પણ ધીરે ધીરે યુવાનોએ પરિષદમાં અડ્ડો જમાવવા માંડ્યો. આ વર્ષે નવા યુવાનો અને ઉમાશંકરની જમાતવાળાઓ વચ્ચેનો સંઘર્ષ પરિષદના પ્રમુખની ચૂંટણીએ પરાકાષ્ઠાએ પહોંચ્યો. યુવાન સાહિત્યકારો તરફથી હાસ્યલેખક વિનોદ ભટ્ટ ચૂંટણીમાં ઊભા હતા જ્યારે ઉમાશંકર જોશી તરફી જૂથ તરફથી રમણલાલ જોશી ઊભા હતા. ચૂંટણી થશે તો વિનોદ ચૂંટાઈ જ આવશે એવું લાગવાથી રમણલાલ જોશી હરીફાઈમાંથી નીકળી ગયા.

હવે રમણલાલ જોશી સંપાદિત સાહિત્યિક માસિક 'ઉદ્દેશ'ની વાત કરીએ. ડિસેમ્બરના અંકને પહેલે પાને ૭-૮ લીટીની એક કવિતા જ છાપી છે. જ્યોર્જ સાન્તાયનાની કવિતાનો હરિવલ્લભ ભાયાણીએ કરેલો તે અનુવાદ છે. બીજે પાને 'સાંપ્રત પ્રવાહો' નીચે આ પેરા છાપ્યો છે : 'ગુજરાત સાહિત્ય પરિષદનું અધિવેશન તા. ૨૪,૨૫ ડિસેમ્બરના રોજ જામનગર ખાતે યોજાશે. પરિષદ અને તેના પ્રમુખ વિનોદ ભટ્ટને અભિનંદન. શ્રી હરિવલ્લભ ભાયાણીની અંજલિ આ અંકને પહેલે પાને.' અને પહેલે પાને નીચે કવિતા છાપી છે :

'વિચાર વંચિત સંસ્થાઓ.'

બડી બડી સંસ્થાઓ જે રીતે ચાલતી હોય છે તે મોટે ભાગે તો
ઘરેડબંધ ચાલતા અઢળક રોજિંદા કામનું
ક્ષુલ્લક દ્વેષભાવનું
નર્યા સ્વાર્થ અને બેદરકારીનું અને કેવળ
ગલતીઓનું જ
પરિણામ હોય છે, તેમાં વિચાર તો માત્ર બાકી
બચેલો નજીવો અંશ હોય છે.

(જ્યોર્જ સાન્તાયના - અનુ. હરિવલ્લભ ભાયાણી)

તો સાહિત્ય પરિષદના પ્રમુખ તો થવું હતું પણ ચૂંટણીમાં થવાયું નહિ એટલે તે સાહિત્ય પરિષદ 'વિચારવંચિત સંસ્થા' થઈ ગઈ!

ગુજરાત સાહિત્ય પરિષદમાં પ્રમુખની ચૂંટણી અગાઉ પણ થઈ છે. જ્યોતિન્દ્ર દવે અને ડોલરરાય માંકડ એક વાર ચૂંટણીમાં હતા. જ્યોતિન્દ્ર દવે ચૂંટાયા. ડોલરરાય માંકડે ચૂંટણી પરિણામ વધાવી લીધું અને જ્યોતિન્દ્રભાઈના પ્રમુખપણા નીચેના અધિવેશનમાં ભાગ લીધો. રમણલાલ જોશી જામનગર અધિવેશનમાં તો ન ગયા પણ એ જ પરિષદને 'વિચાર-વંચિત સંસ્થા' કહી!

હવાલા કૌભાંડ

તા. ૨૪-૧-૯૬ : આજે વસંતપંચમી છે એટલે આજથી ઑફિશિયલી વસંત શરૂ થઈ. ઉત્તર ભારતમાં વસંતપંચમીના દિવસે, શહેરના ચાર-રસ્તા ઉપર ઝાડ-ઝાંખરાં ગોઠવી રાખે અને ઠેઠ હોળીના દિવસે તેને બાળે. આમ, વસંત-પંચમી એ હોળીની પૂર્વતૈયારી ગણાય. બસ, તો આજકાલ અમારા રાજકારણમાં પણ મોટી હોળી સળગવાની પૂર્વતૈયારી થઈ ચૂકી છે. ૧૯૮૯થી એક કેસ શરૂ થયો છે. બે કાશ્મીરી ત્રાસવાદી પકડાયા. તેમની પોલીસ તપાસમાં એવું બહાર આવ્યું કે વિદેશી હૂંડિયામણનો ગેરકાયદે વેપાર કરતી જૈન બ્રધર્સની પેઢી તરફથી તેમને દારૂગોળા ખરીદવા ડૉલર મળ્યા હતા. આ જૈન બંધુઓની તપાસમાં તો છૂપી પોલીસ (**CBI**) ને દેશના ઘણાખરા રાજકીય નેતાઓ અને પક્ષો સંડોવાયા હોવાનું દેખાયું. એટલે સરકારે તે તપાસ ધીમી પાડી દીધી. પણ બે વર્ષ પહેલાં એક પત્રકારને આ વાતની ગંધ આવી અને તેણે સુપ્રિમ કોર્ટમાં પબ્લિક કેસ દાખલ કરી આ જૈન બંધુઓની તપાસ પૂરી કરાવવા દાદ માગી. સુપ્રિમ કોર્ટે પોતાની સીધી દેખરેખ નીચે **CBI** ને તપાસ પૂરી કરવા હુકમ કર્યો અને તેથી હવે કેટલાક પ્રધાનો અને રાજકીય નેતાઓ ઉપર કેસ મંડાયો છે અને રાજકીય હોળીની શરૂઆત થઈ છે. આ છે આપણું હવાલા કૌભાંડ. ગેરકાયદે ડૉલરનો વેપાર હવાલા (**Draft**) મારફત થાય છે એટલે આ હવાલા કૌભાંડ કહેવાયું.

નાના ગામની કૉલેજ

તા. ૮-૨-૯૬ : હું બે દિવસ પહેલાં સાવલી જઈ આવ્યો. સાવલી વડોદરાથી ૩૨ કિલોમીટરને અંતરે આવેલું ગામ છે. આમ તો નાનું ગામ છે. પણ હાલના ગુજરાતમાં 'નાનું ગામ' એટલે અંગ્રેજીમાં **small town** કહેવાય તેવું. ગામમાં એક આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ છે અને તેમાં ૬૫૦ વિદ્યાર્થીઓ ભણે છે અને આ આર્ટ્સ-કૉમર્સ કૉલેજમાં ગણિત શીખવાતું નથી, ગામમાં સુગણિતમ્ કોઈ વાંચતું નથી તો પછી ત્યાં મારું ભાષણ અને તે પણ '૨+૨ = કેટલા? આઈન્સ્ટાઈનને પૂછો' તે વિષય પર! મને પણ અચરજ થયું હતું અને ત્યાં ગયા પછી

કાંઈક સમજ પડી. વાત કાંઈક આવી છે—

પહેલું તો જાણીતા કવિ ઉશનસ્ આ ગામના છે. તેમણે આપેલ દાનમાંથી તેમના પિતાના નામ પરથી કુબેરદાસ પંડ્યા વ્યાખ્યાનમાળા યોજાય છે અને જ્ઞાન-વિજ્ઞાનના જુદા જુદા વિષયો પર વ્યાખ્યાન યોજાય છે એટલે આ વર્ષે મારો વારો આવ્યો! પણ અહીં મારી ઓળખાણ જુદી. અંગ્રેજીનું આપણું શિક્ષણ બહુ બગડી ગયું છે એવો એક લેખ ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્રમાં છપાયો હતો. એટલે મેં સાહિત્ય પરિષદના મંત્રીને ત્રણ પત્રો લખ્યા હતા. ગુજરાતીના શિક્ષણનાં ઠેકાણાં નથી અને અંગ્રેજી શિક્ષણની ચિંતા શાની? ઊલટું માતૃભાષાનું શિક્ષણ સારું થાય તો જ અન્ય વિષયોનું શિક્ષણ સુધરે. જે સમાજમાં પોતાની ભાષા માટે 'શું શાં પૈસા ચાર' જેટલી જ કિંમત હોય તે સમાજમાં અંગ્રેજી માટે 'યસ સર, યસ મેડમ'ની કિંમત પૈસા સાડાત્રણ તેની શી નવાઈ? આ મારા પત્રોની ગુજરાતના સાહિત્યકારોમાં અસર થઈ હશે અને કદાચ તેથી ઉસનશે શરૂ કરેલી વ્યાખ્યાનમાળામાં મારો વારો આવ્યો હશે!

એક બીજી વાત છે. અમદાવાદની ટીવી ઉપર 'હળવે હૈયે' નામની એક શ્રેણી આવે છે. તે શ્રેણીમાં મારી બે મુલાકાત પ્રસારિત થઈ હતી. હું તો આ મુલાકાતની વિગતો ભૂલી ગયો હતો, પણ સાવલી કૉલેજની વ્યવસ્થાપક સમિતિના પ્રમુખ અને ગાયનેકોલૉજિસ્ટ ડૉ. મહેશ ભટ્ટે વાત કરી ત્યારે યાદ આવ્યું. એક સવાલના જવાબમાં મેં કહ્યું હતું કે, મારા વ્યવહારમાં કે વર્તનમાં બીજા માણસની લાગણીનો હું અનાયાસે ખ્યાલ રાખું છું. જમવા બેઠો હોઉં અને દાળ મોળી લાગે તો ફરિયાદ કરતો નથી. વળી બાજુમાં મીઠાની ડબરી પડી હોય તો પણ તેમાંથી ચપટી મીઠું મોળી દાળમાં નાખતો નથી; કારણ કે પ્રેમ અને લાગણીથી તમારાં માતા કે પત્ની રસોઈ કરે તેમાં તમે અજાણતાં પણ એક ખોડ કાઢો તે તો અપમાન બરાબર ગણાય. આ વાત ડૉ. મહેશ ભટ્ટ અને તેમનાં પત્નીને બરાબર યાદ હતી! હવે સમજાશે કે જે કૉલેજમાં ગણિતનો ગ પણ ભણાવાતો નથી ત્યાં ભાષણ કરવાનો મને કેમ મોકો મળ્યો! (ક્રમશઃ)

સ્પોર્ટ્સ ક્વીઝ - ૧ના સાચા ઉત્તરો

૧. બૅડમિન્ટન, ૨. વાલ્ટર ડૅવિસ, ૩. અશોકા મટ્ટુ, ૪. વિશ્વનાથન આનંદ, ૫. બેરન ડી. કુબરટિન, ૬. ૧૯૩૦માં, ૭. ભારતમાં દિલ્હી મુકામે, ૮. દોહા (કતાર), ૯. સિડની, ૧૦. ન્યૂઝીલૅન્ડના નથાન એસલે.

સ્પોર્ટ્સ ક્વીઝ - ૨

ડૉ. પી. ડી. શર્મા

(૧) ટેસ્ટમૅચોમાં સૌપ્રથમ સદી ક્યા ભારતીય ખેલાડીએ બનાવી હતી ?
(અ) લાલા અમરનાથ (બ) સી.કે.નાયડુ
(ક) પોલી ઉમરીગર (ઇ) વિજય હજારે

(૨) ઑલિમ્પિક્સમાં કુસ્તીમાં ભારતને કાંસ્યચંદ્રક અપાવનાર ક્યો ખેલાડી છે ?
(અ) દારાસિંહ (બ) સતપાલ
(ક) કરતારસિંહ (ઇ) કે.એમ. જાદવ

(૩) એવો ક્યો ખેલાડી છે જેમણે 'ઑલિમ્પિક રેકોર્ડ' તો તોડ્યો પણ કોઈ ચંદ્રક મેળવી શક્યો નહિ?
(અ) રામસિંહ (બ) અજમેરસિંહ
(ક) મિલ્ખાસિંહ (ઇ) ગુરુબચનસિંહ

(૪) એટલાન્ટા મુકામે સતત ચાર ઑલિમ્પિક્સમાં કોણે લાંબીકૂદમાં 'સુવર્ણચંદ્રક' જાળવી રાખ્યો હતો ?
(અ) માઈકલ જ્હોનસન (બ) કાર્લ લૂઈસ
(ક) લીન ફોર્ડ ક્રિસ્ટી (ડ) એડવિન મોસિસ

(૫) ઓસ્ટ્રેલિયાના ઍલન બોર્ડર કુલ કેટલી ટેસ્ટમૅચોમાં કમાન રહ્યા હતા ?
(અ) ૯૨ (બ) ૯૬
(ક) ૯૩ (ડ) ૯૮

(૬) ભારતના ક્રિકેટ ઈતિહાસમાં 'ગ્રાન્ડ ઓલ્ડમૅન ઑફ ધ ક્રિકેટ હિસ્ટ્રી' તરીકે કોણ પ્રખ્યાત છે?
(અ) પ્રો. બી. દેવધર (બ) લાલા અમરનાથ
(ક) સી. કે. નાયડુ (ડ) વિજય હજારે

(૭) ક્યા ભારતીય હોકી ખેલાડીએ પ્રથમ વાર બે ઑલિમ્પિક સ્પર્ધામાં કૅપ્ટન રહેવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે ?
(અ) મેજર ધ્યાનચંદ (બ) કિશનલાલ
(ક) પરગરસિંહ (ડ) બલબીરસિંહ

(૮) ભારતના ક્યા ખેલાડીએ ક્રિકેટમાં કૅપ્ટન, મૅનેજર, રેફરી અને અમ્પાયર તરીકેની સેવાઓ આપી છે ?
(અ) રવિ શાસ્ત્રી (બ) એસ. વેંકટરાઘવન
(ક) કપિલ દેવ (ડ) સુનિલ ગાવસ્કર

(૯) ભારતના ક્યા બૉડીબિલ્ડરને સૌપ્રથમ 'પદ્મશ્રી' એનાયત થઈ હતો ?
(અ) પ્રેમચંદ (બ) કમલ ભંડારી
(ક) સુનિલકુમાર પત્રા (ડ) બિરેન્દ્રસિંહ થાપા

(૧૦) પ્રાચીન ઑલિમ્પિક રમતોત્સવની શરૂઆત ક્યારે કરવામાં આવી હતી?
(અ) ઈ.સ.પૂ. ૭૭૦માં (બ) ઈ.સ.પૂ. ૭૭૨માં
(ક) ઈ.સ.પૂ. ૭૭૪માં (ડ) ઈ.સ.પૂ. ૭૭૬માં

(આના સાચા ઉત્તરો આવતા અંકે આપવામાં આવશે.)

धारावाही बंगाळी नवलकथा

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

મારી નજર ત્યાં ખોડાઈ ગઈ. મને એકએક કરતાં બધું યાદ આવ્યું. તે વખતે ગ્રીઅરસનસાહેબ દેશમાં પાછા ફરતા હતા. સાહેબનો વિદાયસમારંભ ગોઠવવાની તૈયારી થતી હતી. ગ્રીઅરસન કંપનીના બધા કર્મચારીઓ તે દિવસે સમારંભના કામમાં લાગી ગયા હતા. ખાવાપીવાની, ફૂલહારની કે મનોરંજનના કાર્યક્રમની વ્યવસ્થામાં બધા રોકાયેલા હતા. લોકોની ભીડ હતી. ઑફિસમાં હો-હા થઈ રહી હતી. સાહેબ ભાષણ આપવા ઊભા થયા હતા. હું મંચ પર એક બાજુ બેઠો બેઠો સમારંભનું સંચાલન કરતો હતો. એ વખતે ગોદામનો ઑફિસર અટલ દે મારી પાસે આવ્યો. એણે કહ્યું : 'તમને મળવા કોઈ આવ્યાં છે.'

મેં પૂછ્યું : 'કોણ છે?'

એણે કહ્યું : 'એક સ્ત્રી છે અને એની છોકરી છે.'

મેં ધાર્યું કે કોઈ આમંત્રિત અતિથિ હશે. ઝટપટ હું બહાર જઈને જોઉં છું તો મેલાં કપડાં પહેરીને દરવાજાની પાસે ભૂતિની મા ઊભી હતી. એની પાસે નિર્મળા હતી.

મેં જોતાં જ કહ્યું : 'અરે તમે છો? આવે અટાણે? જાઓ, જાઓ, હમણાં જાઓ. હું ઘણા કામમાં છું. જુઓ છો ને કે આજે ગ્રીઅરસનસાહેબનો વિદાયસમારંભ છે? બધા મોટા મોટા સાહેબ અને મેમસાહેબ આવ્યાં છે, અને તમે મેલાં કપડાં પહેરીને અહીં આવ્યાં છો? કોણે તમને અંદર આવવા દીધાં?'

ભૂતિની માએ કહ્યું : 'તમે ખોટું ન લગાડતા. અમે ભારે મુસીબતમાં પડ્યાં છીએ એટલે તમારી પાસે આવ્યાં છીએ. આ મારી છોકરી, તમારી નિર્મળા! બળ્યા મોઢાનીએ સત્યાનાશ વાળ્યું છે. એ તો ફાંસો ખાવા જતી હતી. ત્યાં હું એને પકડીને તમારી પાસે લઈ આવી. ફક્ત તમે જ એને ઉગારી શકો એમ છો. એટલે બીજો કશો રસ્તો ન હોવાથી તમારી પાસે એને મૂકી જવા હું આવી છું. હવે, તમે એને તમારી પાસે રાખો, ભાઈ! તમે એનું ખૂન કરો કે ઘરમાં નોકરાણી તરીકે રાખો. તે જોવા હું આવવાની નથી.'

હું પગથી માથા સુધી જાણે આગમાં ફસડાઈ પડ્યો.

મેં કહ્યું : 'જુઓ, ભૂતિની મા! એ બધી વાત સાંભળવાનો મારી પાસે વખત નથી. તમે હમણાં જાઓ. આ એક સો રૂપિયા લો. નહિ તો બસો રૂપિયા લો અને હૉસ્પિટલમાં જઈને ગર્ભપાત કરાવો. પૈસા આપીએ તો કલકત્તામાં શું ન થઈ શકે?'

ભૂતિની માએ કહ્યું, 'અમારી બૈરાંની જાત. અમને કલકત્તાની શી ખબર? આ રહી નાદાન. કંઈ કરતાં કંઈ થઈ જાય. સારું કરતાં ખરાબ થઈ જાય તો? એના કરતાં તમે જ એને તમારી પાસે રાખો ભાઈ, એટલે હું નચિંત થાઉં.'

મેં કહ્યું : 'ભૂતિની મા, તમે શું ગાંડાં થઈ ગયાં છો. ગમે તેમ કેમ બોલે જાઓ છો? તો શું મારી પાસે એ બધું સાંભળવાનો વખત છે? તમે કોઈ બીજા સમયે આવો, નહિ તો હું કાલે તમારે ત્યાં આવીશ.'

પછી ચોકીદારને બોલાવી મેં બન્નેને ટૅક્ષીમાં ખિદિરપુર લઈ જવા કહ્યું. ટૅક્ષીના દસ રૂપિયા મેં ભૂતિની માના હાથમાં મૂક્યા.

તે પછી કેટલાય દિવસો વીત્યા. કેટલાંય વર્ષો વીત્યાં, પણ ક્યારેય એ લોકો મારે ત્યાં આવ્યાં નહીં, કે હું પણ એ લોકોને ત્યાં ગયો નહિ. એ પ્રસંગ આટલાં વર્ષો પછી કોઈ ઘટનાચક્રમાં થઈને એ લોકો મારો ભરડો લેશે એવું મેં સ્વપ્નમાં પણ ધાર્યું નહોતું.

એ વખતે પણ મને સમજાયું નહિ. હું ભૂતકાળના ચક્રમાં જ પરિક્રમા કરતો હતો. એકાએક ઘરમાં બૂમાબૂમ અને હો-હા ના અવાજથી હું પાછો વર્તમાનમાં આવી ગયો.

મારા નોકરો, આયા બધાં જ બૂમાબૂમ અને જોરજોરથી હાહાકાર કરવા લાગ્યાં.

એક રસોઈ કરતો મહારાજ દોડતો મારી પાસે આવ્યો. એણે કહ્યું : 'હજૂર! મેમસાહેબે ઘરને આગ લગાડી છે.'

આગ! આગની વાત સાંભળી હું ચમક્યો. સાચેસાચ? મને ખયાલ ન આવ્યો કે કશું બળવાની વાસ આવે છે! રીટાના ખંડ પાસે ગયો, ને બારીના બાકોરામાંથી જોયું કે અંદર બધું ભડકે બળતું હતું.

તો પણ મેં બારણાં ઠોક્યાં. બારણાં ઊઘડ્યાં નહિ. બારણાં અંદરથી બંધ હતાં. બધાંને કહ્યું : 'બારણાં તોડો.'

એ કામ તો એક ક્ષણમાં પતે એવું હતું છતાં મને લાગ્યું કે બારણાં તોડતાં એક યુગ વહી ગયો. બારણાં તૂટ્યાં તેવો જ હું રીટા પર પડ્યો ને ચીસ પાડતો બોલ્યો : 'રીટા! આ તેં શું કર્યું? આ તેં કર્યું શું?'

પણ ત્યારે બધું ભસ્મીભૂત થઈ ગયું હતું. એની જોડે મારું પણ સર્વસ્વ આગમાં ભરખાઈ ગયું હતું. પણ હું મર્યો નહિ. જ્યારે ભાન આવ્યું ત્યારે મેં જોયું કે હું તમારા નર્સિંગહોમમાં હતો.

'ડૉક્ટર! એક સિગારેટ પી શકું?'

ડૉક્ટરે કહ્યું : 'ના, હું તમને બધું ખાવા-પીવા આપી શકું, પણ સિગારેટ તો હરગીઝ નહીં. તમારા દાઝ્યાના બધા ઘા

સૂકાયા નથી, એથી સિગારેટ પીવાથી નુકસાન થશે.'

પલટુ સેને કહ્યું : 'તમે ના પાડો છો તો નહિ પીઉં.'

ડૉક્ટરે કહ્યું : 'સિગારેટનું પૅકેટ અને દીવાસળીની પેટી તો તમારી સામે રાખી જ છે. તેમાંથી તમે એક લઈ શકો, પણ દીવાસળી સળગાવી ધુમાડો બહાર કાઢવાથી જે ટાંકા માર્યા છે તે તૂટી જશે. હજી ઘા રુઝાયા નથી.'

પલટુ સેને કહ્યું : 'ઠીક છે. તો હું સિગારેટ નહિ પીઉં. મારી કથા તો બધી સાંભળીને? રીટા આગમાં ભરખાઈ ગઈ, ને હું કેમ જીવી રહ્યો છું? કેમ મરી ન ગયો?'

ત્યાર પછી જરા વાર રહીને પલટુએ કહ્યું : 'ડૉક્ટર! તમને મેં જે વાત કરી, તે તમારો ઓળખીતો કોઈ લેખક છે ને, તેને મારી પાસે લઈ આવો તો એને હું મારી જીવનકથા સંભળાવું.'

ડૉક્ટરે કહ્યું : 'હા, મારા એ મિત્રને તમારી પાસે લઈ આવીશ.'

* * *

હવે મારા ડૉક્ટરમિત્રે વાત પૂરી કરી. એણે કહ્યું : 'ભાઈ, આજે તમે એક વાર નર્સિંગહોમમાં આવો ને જુઓ કે મારો દર્દી કેવી અદ્‌ભુત વ્યક્તિ છે. તમને લઈ જવા જ આજે હું બધાં કામ છોડીને અહીં આવ્યો છું.'

હું રાજી થયો. મે કહ્યું : 'ચાલો.'

કહીને કપડાં બદલી, તૈયાર થઈ જવા માટે નીકળ્યો ત્યારે હૉસ્પિટલમાંથી ફોન આવ્યો. નર્સિંગહોમમાંથી મારા ડૉક્ટરે મારા મિત્રને ફોન કર્યો હતો.

નર્સિંગહોમમાં શું થયું તે કોણ જાણે, રીસિવર મૂકીને ડૉક્ટરમિત્રે કહ્યું : 'ભાઈ, બહુ માઠા સમાચાર છે. પલટુ સેનની હાલત બહુ ગંભીર છે. મારે હમણાં જ જવું પડશે.'

મેં કહ્યું : 'શું થયું? થોડા વખત પહેલાં તો પલટુ સેનને ઠીક હતું, એટલામાં પાછું શું થઈ ગયું?'

ડૉક્ટરમિત્રે કહ્યું : 'મને જેનો ડર હતો તે જ થયું. ઘણા દિવસ મેં એમને સિગારેટ પીવા દીધી નહિ. હવે તે તલપ ખાળી શક્યા નહિ. સિગારેટ પીધી અને તે સાથે જ ઢળી પડ્યા. હું હવે જાઉં છું.'

ડૉક્ટર મિત્રની ગાડીમાં સીધા એના નર્સિંગહોમમાં ગયા. બન્ને બાજુ કૅબિનની હાર હતી. બધી કૅબિનોમાંથી પસાર થઈ અમે લિફ્ટમાં બીજે માળ પહોંચ્યા. ડૉક્ટરમિત્ર નર્સિંગહોમના માલિક હતા. એમને જોઈને નર્સિંગહોમના બધા ઝડપથી આવી પહોંચ્યા.

ડૉક્ટરમિત્રે કહ્યું : 'ઇન્જેક્શન આપવું પડશે. બધું તૈયાર કરો.'

કૅબિનનું બારણું ઉઘાડી જોયું તો બીજો એક ડૉક્ટર પલટુ સેનને કોરોમીનનું ઇન્જેક્શન આપતો હતો. મિસ્ટર સેનને થોડું ભાન આવ્યું. એ આંખો ફેરવી કોઈને ખોળતા હોય એવું લાગ્યું. જોયું તો એક સ્ત્રી ઊભી રહેલી હતી. તેની પાસે તેનો છોકરો બાબલો હતો.

બહુ ધીમે સાદે એમણે કહ્યું : 'બાબલા?'

બાબલો પાસે આવ્યો. એણે કહ્યું : 'મારી માસી કેમ રડે છે?'

મિસ્ટર સેને કહ્યું : 'હવે માસી નહિ, એને મા, મા કહીને બોલાવ.'

મિસ્ટર સેને નિર્મળાને પણ પાસે બોલાવી કહ્યું : 'મારી પાસે કંકુ નથી. કેવી રીતે તારી સેંથીમાં કંકુ ભરું?'

એ વધારે બોલી શક્યા નહિ. એ ખાંસવા લાગ્યા. અને ખાંસતા ખાંસતા જ શાંત થઈ ગયા.

મારા મિત્રે બીજું એક ઇન્જેક્શન આપ્યું પણ એની કશી અસર થઈ નહિ. મિસ્ટર સેનને એમની જીવનકથા કોઈ લેખકને સંભળાવવાની ઘણી ઇચ્છા હતી, પણ એ શક્ય બન્યું નહિ. એ અવસર એમને મળ્યો નહિ. થોડી ક્ષણોમાં એમના જીવનની પૂર્ણાહુતિ થઈ.

* * *

એથી જ હું કહેતો હતો કે દુઃખની વેદના તો બધા જ જાણતા હોય છે. દુઃખના અભિશાપને જાણવાનું બાકી નથી. પણ સુખની વેદના? સુખનો અભિશાપ? સુખનું અસુખ? આ નર્સિંગહોમમાં આવીને મેં એ સુખના અસુખને જોયું! (સંપૂર્ણ)

અનુસંધાન] એન ફ્રેન્કની રોજનીશી [પૃ. ૪૫૮ થી

મારા દિલમાં બીજું કોઈ જ લઈ શક્યું નહોતું, એ વિચારે હું સુખ પામી રહી.

જરા આશ્ચર્ય થશે પણ ખરે જ સપનામાં પણ હું કોઈને પણ સ્પષ્ટ રીતે જોઈ શકું છું. એક રાત્રે સપનામાં દાદીમા આવ્યાં અને એ પણ એટલાં તો સ્પષ્ટ કે એમની નાજુક સુંવાળી ચામડીમાં પડેલી કરચલીઓ પણ જોઈ શકતી હતી. એક વાર વળી દૂત સમાં નાનીમા દેખાયાં. પછી લીઝ સપનામાં આવી, એ તો મારા માટે મિત્રો અને બીજાં યહૂદીઓની યાતનાઓનું પ્રતીક સમી બની ગઈ છે. એટલે હું જ્યારે એને માટે પ્રાર્થના કરું છું ત્યારે હકીકતમાં તો આખા યહૂદી સમાજ માટે પ્રાર્થના કરું છું.

અને હવે પીટર. મને સહુથી વહાલો પીટર. આટલી સ્પષ્ટતાથી મેં કોઈને ય જોયાં નથી. મને એના ફોટાની પણ જરૂર નથી. એ સિવાય જ હું એને જોઈ શકું છું. લિ. ઍન

(ક્રમશઃ)

સાહિત્યસંપર્ક

હર્મન હેસની ૧૨૫મી જન્મજયન્તી

ગઈ સદીના સૌથી વિશેષ વાચક-વર્ગ ધરાવનાર અને વિશ્વની લગભગ ૫૪ જેટલી ભાષાઓમાં અનૂદિત થનાર જર્મન સાહિત્યકાર અને ૧૯૪૬ના નોબેલ પુરસ્કાર વિજેતા હર્મન હેસનો જન્મ સ્વૅબિઅન ગ્રામ કાલ્વમાં ૨જી જુલાઈ ૧૮૭૭ના રોજ થયો હતો.



તેમના પિતા જૉહાન્સ એસ્ટોનિયાના બાલ્ટિક જર્મન હતા અને ભારતમાં મલબારકાંઠે ચારેક વર્ષ માટે મિશનરી તરીકે કામ કર્યા પછી નાદુરસ્ત તબિયતને લીધે યુરોપ પાછા ફરેલા અને ત્યાં 'કાલ્વ મિશનરી પ્રેસ'ના નિયામક-પદે નિયુક્ત થયા પછી ત્યાં મેરિ આઈઝનબર્ગ નામની વિધવાના પરિચયમાં આવ્યા અને લગ્નગ્રંથિથી જોડાયા. એમનાં ચાર સંતાનોમાં હર્મન



હર્મન હેસનું જન્મસ્થળ

દ્વિતીય સંતાન. માતા મેરિનો જન્મ ભારતમાં તેલિચેરીમાં થયેલો. હર્મનના નાના ગુન્ડર્ટ મલબારકાંઠે વીસ વર્ષ રહ્યા હતા અને મલયાલમ-અંગ્રેજી શબ્દકોશ તૈયાર કર્યો હતો. સંન્નિષ્ઠ મઠસાધુ અને કર્મઠ કાર્યકર એવા નાના પાસેથી હેસને ધાર્મિક, સાહિત્યિક એ તત્ત્વજ્ઞાનિકે સંસ્કાર સાંપડેલા. ખ્રિસ્તી ધર્મ ઉપરાંત બૌદ્ધધર્મની પણ એમના ઉપર ઊંડી અસર થયેલી. વળી, કાલ્વમાં વીતાવેલા શીશુકાળનાં પ્રાકૃતિક સંસ્મરણો અને શૈક્ષણિક વાતાવરણ પણ એમની અનુભવ-મંજૂષામાં સંગ્રહાયેલું હતું. નાનાના વખતના ભારતીય સંસ્કારો અને પૈતૃકકાલીન પાશ્ચાત્ય સંસ્કારોથી એમની ચેતના રસાઈ હતી.

આવા સંવેદનશીલ અને મૌલિક વિચારશીલ હર્મન હેસને શાળામાં દાખલ કરવામાં તો આવ્યા, પરંતુ એ ઔપચારિક શિક્ષણ એમની પ્રકૃતિને માફક આવ્યું નહિ. સમજણા થયા ત્યારથી જ આ છિન્નવિચ્છિન્ન જગત અને જીવનના હેતુ વિશે તેઓ વિચારતા થઈ ગયા હતા. એમની વિખ્યાત નવલકથા 'સિદ્ધાર્થ'માં જીવન શું છે તેનો તાગ મેળવવાનો એમનો વૈચારિક અને સર્જનાત્મક પુરુષાર્થ છતો થાય છે. ટૉમસ માન હેસના સમર્થ પ્રશંસક હતા અને ૧૯૩૧માં એમણે જ હર્મન હેસના નામની નોબેલ પારિતોષિક માટે ભલામણ કરી હતી. અલબત્ત, એ પારિતોષિક એમને એનાયત થયું ૧૯૪૬માં.

એમની કારકિર્દી જોઈએ તો ૧૮૯૧-૯૨ તેમને મૉલબ્રોન ખાતે પ્રોટેસ્ટન્ટ ધાર્મિકશાળામાં દાખલ કરાયા પણ ત્યાં ટક્યા નહિ. ૧૮૯૫થી ૯૮ પુસ્તકવિક્રેતાને ત્યાં કામધંધો શીખવા રહ્યા. ત્યાં પણ સ્થિર થયા નહિ.



તેલિચેરી-કેરાલા-ભારતમાંનું માતા મેરિનું જન્મસ્થળ

૧૯૦૪માં એમણે પ્રથમ પ્રકાશન કર્યું તે 'પીટર કામેન્ઝિન્ડ'નું. એ જ વર્ષે મારિયા બર્નોલી સાથે લગ્ન કર્યું અને લેક કૉન્સ્ટન્સ પાસે ગેન્હોફેનમાં રહેવા ગયા. ૧૯૦૫થી ૧૯૧૧ દરમિયાન તે ત્રણ પુત્રોના પિતા બન્યા અને ૧૯૦૬માં 'બીનીથ ધ વ્હીલ' રચનાનું પ્રકાશન કર્યું. વળી, ૧૯૧૧માં એમણે ભારતપ્રવાસ પણ કર્યો, પરંતુ ૧૯૧૨માં જર્મનીને કાયમ માટે અલવિદા કરી સ્વિટ્ઝર્લૅન્ડમાં બર્ન ખાતે નિવાસ કરવા ગયા. ૧૯૧૬માં માનસિક તનાવનો ભોગ બન્યા અને માનસશાસ્ત્રીય સારવાર મેળવી. ૧૯૧૯માં એમની પ્રસિદ્ધ કથા 'ડિમેન' પ્રકટ થઈ અને એ જ વર્ષે પત્ની મારિયાથી લગ્નવિચ્છેદ થયો અને ટિસિનોમાં મૉન્ટેઝોલા ખાતે રહેવા ગયા, જ્યાં ૧૯૨૧માં સી. જી. યુન્ગ સાથે એમણે માનસવિશ્લેષણ કર્યું. ૧૯૨૨માં એમની 'સિદ્ધાર્થ' નવલકથા પ્રકટ થઈ. ૧૯૨૪માં એમણે સ્વિસ નાગરિકત્વ સ્વીકાર્યું અને એ જ વર્ષે રુથ વૅગનર સાથે લગ્ન કર્યું. ૧૯૨૭માં 'ધ સ્ટેપનવુલ્ફ' પ્રકટ કરી. ૧૯૩૦માં 'નાર્સિસસ ઍન્ડ ગોલ્ડમંડ' પ્રકટ કરી તથા રુથ સાથે છૂટાછેડા લીધા. ૧૯૩૧માં નિનોન ડૉલ્બિન સાથે લગ્ન કર્યાં. ૧૯૩૯ થી ૧૯૪૫ દરમિયાન 'નૅશનલ સોશ્યલિસ્ટ ઈન જર્મની'એ હેસની કૃતિઓને અનિચ્છનીય અને અનાદરણીય ગણાવી. જો કે આની અસર

હેસ પર બહુ થઈ નહિ, અને ૧૯૩૨માં શરૂ કરેલી નવલકથા 'ધ ગ્લાસ બીડ ગેમ' ૧૯૪૫માં પ્રકાશિત કરી. ૧૯૪૬માં નોબેલ પુરસ્કાર પ્રાપ્ત થયા પછી ૧૯૬૨માં એમને ગથે પારિતોષિક એનાયત થયું અને એ જ વર્ષે ૯મી ઑગસ્ટે તેમનું નિધન મૉન્ટેગ્નોલામાં થયું.

એમનાં લખાણોમાં વિચારોની પારદર્શકતા, શૈલીની પ્રૌઢિ, સંવેદનાનો ઊંચો સ્તર અને માનવજીવનનાં સનાતન મૂલ્યોની માવજત કરનારી વૈશ્વિકતા છે. એમણે ઊર્મિપ્રવણ અને વિચારઘન કાવ્યો પણ આપ્યાં છે. આ વર્ષે એમના વતનગામ કાલ્વમાં અને જર્મનીમાં પણ ૨૯ જૂનથી ૩૧ ઑગસ્ટ ૨૦૦૨ સુધી હર્મન હેસની ૧૨૫મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. એમના વતનગૃહને 'આંતરાષ્ટ્રિય હર્મન હેસ કેન્દ્ર' તરીકે વિકસાવવાનું પણ આયોજન થયું છે. આ વર્ષે આપણા ગુજરાતી મહાન ઊર્મિકવિ નાનાલાલની પણ ૧૨૫મી જન્મજયન્તી છે. આપણે પણ આવું કંઈક કરી શકીએ તો!

- *ધીરુ પરીખ.*

સપ્તભાષી આત્મસિદ્ધિ

શ્રીમદ્ રાજચંદ્ર રચિત ગુજરાતી 'આત્મસિદ્ધિ' પરથી અન્ય છ ભાષાઓમાં - સંસ્કૃત, હિન્દી, મરાઠી, બંગાળી, કન્નડ અને અંગ્રેજીમાં અનુવાદ તેના શ્રદ્ધેય અનુવાદકો પાસે કરાવીને અત્રે આ ગ્રંથમાં રજૂ કર્યા છે. પ્રથમ શ્રીમદ્ રાજચંદ્રજીના મૂળ હસ્તાક્ષર અને પછી સાત ભાષાઓમાં એક જ પૃષ્ઠમાં સાથે સાથે રજૂઆત કરીને સંપાદકે મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે. એ સાથે શ્રીમદ્જીની વિવિધ છબીઓ પણ પ્રકટ કરી છે. એ માટે સંપાદકને અભિનંદન. *સપ્તભાષી આત્મસિદ્ધિ:* સંપાદક : પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા, પ્રકાશક : જીવનભારતી, વર્ધમાન ભારતી ઈન્ટરનૅશનલ ફાઉન્ડેશન, પ્રભાત કોમ્પલેક્ષ, કે. જી. રોડ, બેંગલોર-૫૦૦૦૦૯. ડબલ ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૦૨, રૂ. ૩૦૧.

- *કા.વ.રામી.*

<u>પ્રાપ્ત પ્રકાશનો</u>

ગુજરાત સાહિત્ય અકાદમી (જૂનું વિધાનસભા ભવન, ટાઉન હૉલ પાસે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭)નાં પ્રકાશનો : *મ.ન.દ્વિવેદી સાહિત્ય શ્રેણી-૪ : આત્મવૃત્તાંત-ગુલાબસિંહ :* સંપાદક : ધીરુભાઈ ઠાકર, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૩૯૨, રૂ. ૨૨૦. *મ.ન.દ્વિવેદી સાહિત્યશ્રેણી-૫ : સુદર્શન ગદ્યગુચ્છ-૧:* સંપાદક : ધીરુભાઈ ઠાકર, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૫૧૦, રૂ. ૧૭૫. *પુસ્તક-રત્ન-કોશ* (સંસ્કૃત-પાકૃત-અપભ્રંશ મુક્તકોના અનુવાદ), ચયન અને અનુવાદ : ડૉ. હરિવલ્લભ ભાયાણી,ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૪૦૦, રૂ. ૧૮૫. *આવ, ગિરા ગુજરાતી* (સાહિત્યિક લેખો) : લેખક : ભોળાભાઈ પટેલ, ડિમાઈ સાઈઝ, પાકું પૂંઠું. પૃ. ૩૦૪, રૂ. ૧૪૦. *જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા :*સંપાદક : ભરત મહેતા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૭૬, રૂ. ૮૫. *ચુનીલાલ મડિયાની વાર્તાઓ* (શિષ્ટ પુસ્તક-પ્રકાશન શ્રેણી-૧૧) સંપાદક : અમિતાભ મડિયા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૫૨, રૂ. ૫૦. *વિશ્વનાથ મ. ભટ્ટનો પ્રતિનિધિ વિવેચન સંગ્રહ :* સંપાદકો : યશવંત શુક્લ, સાવિત્રી ભટ્ટ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૮૮, રૂ. ૧૧૦. *ઉમાશંકર જોશી* ('વિશ્વશાંતિ'થી 'સપ્તપદી' સુધીની 'સમગ્ર કવિતા'માંથી) ચયન : ભોળાભાઈ પટેલ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૫૦. *શબ્દ સમીપ* (વિવેચનસંગ્રહ) લે. કુમારપાળ દેસાઈ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૩૦૦, રૂ. ૧૩૦. *દલપત પિંગળ :* લે. કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ, સંપાદક : ચીમનલાલ ત્રિવેદી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૪૫. *આધ્યાત્મિક ક્રાંતિનાં ફૂલ* (મધ્યકાલીન કન્નડ વીરશૈવોનાં વચનોનો અનુવાદ) અનુવાદ : પ્રદીપ ખાંડવાળા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૫૬, રૂ. ૮૦. *બારોટ અને બારોટી સાહિત્ય :*સંપાદક : નરોત્તમ પલાણ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૬૮, રૂા. ૬૫. *Now Horizons in women's Writing* (ટૂંકી વાર્તાસંગ્રહ) અનુવાદ : અમીના અમીન અને મંજુ વર્મા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૧૦૦. *Celebration of Divinity* (નરસિંહ મહેતાનો કાવ્યસંગ્રહ) અનુવાદ : દર્શના ત્રિવેદી અને રૂપાલી બર્કે, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૫૫.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય (રતનપોળ નાકા સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧)નાં પ્રકાશનો : *હિમાલયના ખોળે* (પ્રવાસલેખો) લેખક : પ્રવીણ દરજી, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૭૨, રૂ. ૭૦. *મા-બાપ બનતાં શીખીએ :* (બાળવિષયક લેખસંગ્રહ) લેખક : ડૉ. ઊર્મિલા શાહ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૬૪, રૂ. ૧૦૦. *કવિકાલસર્વજ્ઞ* (ઐતિહાસિક નવલકથા), લેખક : જશવંત મહેતા, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૯૦. *લઘુકથાઓ* (૯૯ લઘુકથા સંગ્રહ) : લેખક : મોહનભાઈ પટેલ, ક્રાઉન સાઈઝ, પાકું પૂંઠું. પૃ ૨૩૬, રૂ. ૧૧૦. *ગુજરાતી અધ્યાત્મ કવિતા* (સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેની અધ્યાત્મ કવિતાના પરિપ્રેક્ષ્યમાં) લેખક : ડૉ. મોહિની આચાર્ય, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૫૪૦, રૂ. ૨૦૦. *ગ્રીક શોધકથાઓ :* લેખક : સ્વ. સુરેશ મથુરે, અનુવાદ : નંદિતા જોશી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૬૫.


ઈમેજ પબ્લિકેશન્સ પ્રા.લિ. (૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ અને ૧-૨, અપર લેવલ, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦૦૦૬)નાં પ્રકાશનો. *કાવ્યવિશેષ : નિરંજન ભગત* (નિરંજન ભગતનાં ચૂંટેલાં કાવ્યો) સંપાદક : સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૬૦. *મધરાતે સૂર્ય* (કાવ્યસંગ્રહ) લે. સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૧૦૦. *ઝલક દશેરા* (લેખસંગ્રહ) લે.

સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



ધરતીના ખાંડણિયે નભની નાર ક્યું આ ધાન છડે છે!
ઝીંકાતા આ સાંબેલાનું જોર અને છે જળબિલ્લોરી.
- ઉષા ઉપાધ્યાય



અનાદિ આકાશે અભિનવ-નવોન્મેષ-સવિતાઃ
વહે તાજી તાજી પૃથિવી - પટપે આદિ કવિતા.
- પ્રજારામ રાવળ

સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૭૦. *આપણા રમણલાલ* (રમણલાલ વ. દેસાઈ-યુગમૂર્તિ-વિશેષ) સંપાદન : સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૫૪૪, રૂ. ૩૦૦.

અરુણોદય પ્રકાશન (૨૦૨, હર્ષ કૉમ્પલેક્ષ, ખત્રીપોળ, પાડાપોળની સામે, ગાંધીરોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧)નાં પ્રકાશનો. *સાંજનો સમય* (ટૂંકી વાર્તાસંગ્રહ) લે. હિમાંશી શેલત, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૪૮, રૂા. ૫૫. *અંધારી રાતે આફત* (બંગાળી નવલકથા) લે. પ્રેમેન્દ્ર મિત્ર અનુવાદ : શ્રીકાન્ત ત્રિવેદી, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૫૦. *૧૯ બંગાળી વાર્તાઓ* (બંગાળી ટૂંકી વાર્તાઓ) લે. રજનીકાન્ત રાવળ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૨૦૫, રૂ. ૮૫. *પદ્દચિહ્ન* (અંગ્રેજી-ગુજરાતી અવતરણો) સંપાદક : મૌલિક શાહ, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૩૨, રૂ. ૩૦. *ગન્થ : આત્માની ઔષધિ* (પુસ્તકો પરનાં અવતરણો) સંપાદક : ડૉ. રમેશ આ. ઓઝા, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું. પૃ. ૮૦, રૂ. ૩૦. *વસંત આવી* (ઋતુઓની સમજ આપતી પર્યાવરણ કથા) લે. હરીશ નાયક, ડબલ ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું. પૃ. ૧૨, રૂ. ૩૦. *હાથીને સૂંઢ મળી કે સૂંઢને હાથી મળ્યો* (રંગીન બાળવાર્તાઓ) લે. હરીશ નાયક, ડબલ ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું. પૃ. ૮, રૂ. ૩૦.

અન્ય પ્રકાશકોનાં

ચરિત્ર સૌરભ (જીવનચરિત્ર સંગ્રહ) લે. કમલા પરીખ, પ્રકાશક : દક્ષા રાવલ, કૃતિ પ્રકાશન, વી.પી. રોડ, વીરમગામ-૩૮૨૧૫૦. ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૧૨૦.

ભાયાણીસાહેબના પત્રોનું સંપાદન

સદ્‌ગત વિદ્યાપુરુષ હરિવલ્લભ ભાયાણી ઉપર આવેલા અને તેમના અન્યને લખેલા પત્રોનું સંપાદન હાથ ધરવામાં આવ્યું છે. સદ્‌ગત ભાયાણીસાહેબને ત્યાં પડેલી સાહિત્યસામગ્રીમાંથી તેમના ઉપર આવેલા અસંખ્ય પત્રો મળ્યા છે, પણ તેમને અન્ય વિદ્વદ્‌જનો પર લખેલા પત્રો જે તે વિદ્વદ્‌જન પાસે જ હોય તે સમજી શકાય તેવું છે. ભાયાણીસાહેબનો આવા પત્ર કે તેમના પર તમે લખેલા કોઈ પત્રની નકલ આપની પાસે હોય તો મૂળ પત્ર તમારી પાસે રાખી, તેની ઝેરોક્ષ નકલ નીચેના સરનામે પંદરમી ઑગસ્ટ પહેલાં મોકલવી આપવા વિનંતી છે. આ કાર્યમાં આપ મદદરૂપ થશો જ એવી શ્રદ્ધા છે.

ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.

<u>અમદાવાદ</u> : ૧-૨, અપર લેવલ, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૬ તથા <u>મુંબઈ</u> : ૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨.

કંકાવટી

વિક્રમસર્જક એદલજી બહેનો

ભારતીય મહિલા ક્રિકેટનો ઇતિહાસ ઉથલાવીએ તો જણાશે કે આંગળીના વેઢે ગણી શકાય એટલી જ મહિલા ક્રિકેટરોએ આંતરરાષ્ટ્રિય ખ્યાતિ મેળવી છે. આ શ્રેણીમાં આપણે મુંબઈનાં ડાયના ફરામરોજ એદલજીનું નામ અગ્રસ્થાને મૂકી શકીએ - જેઓએ ૧૯૭૫થી ૧૯૯૪ના સમયગાળામાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે રમેલી કુલ ૩૪ ટેસ્ટોમાંથી ૩૩ ટેસ્ટોમાં ભાગ લીધો હતો.(૧૯૮૬માં ઇંગ્લન્ડ સામે ઇજાને કારણે તેઓ એક ટેસ્ટ રમી નહોતાં શક્યાં.)

ડાયનાનાં બહેન બેરોઝે ૧૯૭૬થી ૧૯૮૧ દરમિયાન ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને તે સમયે બંને બહેનોએ એકસાથે ટેસ્ટ મૅચો તેમજ વન-ડે મૅચોમાં રમીને અનેરો વિશ્વવિક્રમ સર્જ્યો હતો.

૨૦૦૧-૦૨ની સીઝન દરમિયાન ભારત પ્રવાસે આવેલી ઇંગ્લન્ડની મહિલા ટીમ સામેની વન-ડે શ્રેણી દરમિયાન એદલજી બહેનો-ડાયના અને બેરોઝે-પૂના ખાતેની વન-ડે મૅચોમાં એકસાથે કૉમેન્ટ્રેટરની ભૂમિકા ભજવીને એક અસાધારણ વિશ્વવિક્રમ સર્જેલો.

૧૯૭૧થી લગાતાર ૨૦ વર્ષ સુધી રાષ્ટ્રિય તેમજ આંતરરાષ્ટ્રિય ક્રિકેટ રમનાર ડાબોડી ઑલરાઉન્ડર ડાયના ૧૯૭૫માં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે રમેલી સર્વપ્રથમ ટેસ્ટમાં (ઑસ્ટ્રેલિયા સામે પૂના ખાતે) પણ ભાગ લીધો હતો. ભારતીય મહિલા ક્રિકેટ ટીમે કરેલા સર્વપ્રથમ વિદેશી પ્રવાસમાં પણ રમનાર ડાયનાએ ૧૯૭૮માં મહિલાઓની સર્વપ્રથમ વિશ્વકપ સ્પર્ધામાં ભારતીય ટીમનું નેતૃત્વ સંભાળેલું. ટેસ્ટક્ષેત્રે ભારતીય મહિલા ક્રિકેટના ઇતિહાસમાં સર્વપ્રથમ વિકેટ તથા સર્વપ્રથમ કૅચ ઝડપવાની બેવડી સિદ્ધિ નોંધાવનાર ડાયના એદલજી મહિલા ટેસ્ટ ક્રિકેટ વિશ્વમાં વિકેટોની સદી પૂર્ણ કરનાર વિશ્વનાં એકમાત્ર ક્રિકેટર છે. ૧૯૭૮ અને ૧૯૯૩ની વિશ્વકપ સ્પર્ધાઓમાં સુકાનીરૂપે અને ૧૯૮૨ની વિશ્વકપ સ્પર્ધામાં ખેલાડીરૂપે ભાગ લેનાર ડાયનાએ ચુસ્ત ગોલંદાજીના સથવારે મહિલા ક્રિકેટના બિશન બેદીનું હુલામણું નામ મેળવેલું. અનેક વેળા તો પુરુષ ક્રિકેટરોના પ્રૅક્ટિશ સેશન દરમિયાન ડાયનાએ સ્પિન દડાઓ ફેંકી ભારતીય પુરુષ ક્રિકેટરોને પારંગત બનાવવાનું સૌજન્ય પણ દાખવ્યું છે.

શિવાજી છત્રપતિ ઍવૉર્ડ (૧૯૭૮), અર્જુન ઍવૉર્ડ (૧૯૮૩), મહારાષ્ટ્ર ગૌરવ ઍવૉર્ડ (૧૯૯૧) મેળવનાર ડાયનાને ભારત સરકારે ૨૦૦૨ દરમિયાન પ્રતિષ્ઠિત પદ્મશ્રી ઍવૉર્ડથી નવાજીને તેઓની યોગ્ય કદર કરી છે. ભારતીય ટીમે જીતેલી એકમાત્ર ટેસ્ટમાં વિજયી ફટકો ડાયનાએ જ માર્યો હતો. ડાયનાના પ્રમાણમાં તેઓની બહેન બેરોઝ ઓછા પ્રમાણમાં અને ઓછો સમય આંતરાષ્ટ્રિય ક્રિકેટ રમ્યાં હોઈ તેઓ ડાયના જેટલી ખ્યાતિ મેળવી ન શક્યાં એ સ્વાભાવિક છે.

બેરોઝ અદલજીએ ડાબોડી મધ્યમ ઝડપી ગોલંદાજ તરીકે ૧૯૭૧માં ઑલબ્લેસ ક્રિકેટ ક્લબ વતી ક્રિકેટ ક્લબ ઑફ ઇન્ડિયાના નયનરમ્ય મેદાન પર ક્રિકેટજીવનની શરૂઆત કરેલી. ભારતીય મહિલા ક્રિકેટના ઉત્થાન અને વિકાસમાં સિંહફાળો આપનાર મીસીસ આલુ બામજી દ્વારા પ્રોત્સાહિત બેરોઝે ૧૯૭૩માં પ્રથમવાર પૂના ખાતે મુંબઈની રાષ્ટ્રિય ટીમનું પ્રતિનિધિત્વ કરેલું. ૧૯૭૩થી ૧૯૮૧ સુધી મુંબઈ વતી અને ૧૯૭૫ થી ૧૯૮૧ દરમિયાન વેસ્ટ ઝોન વતી રમનાર બેરોઝે ૧૯૭૬માં ભારત વતી ટેસ્ટજીવન શરૂ કરેલું. ૧૯૭૬થી ૧૯૮૧ના સમયગાળામાં બેરોઝે ભારત વતી ઇંગ્લન્ડ, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ તેમજ વેસ્ટ ઇન્ડિઝ સામે દેશ-વિદેશમાં ૧૧ ટેસ્ટો અને પાંચ વન-ડે મૅચોમાં ભાગ લીધેલો. આ બધી જ મૅચોમાં બેરોઝ અને ડાયના સાથે રમ્યાં હતાં - વિશ્વવિક્રમ કદીયે ખંડિત થઈ શકે એમ નથી.

ક્રિકેટને તિલાંજલિ આપ્યા બાદ બેરોઝે શેરેટોન હોટેલની દેશ-વિદેશની શાખાઓમાં ઉચ્ચ અધિકારીરૂપે પ્રશંસનીય કામગીરી બજાવી છે. હાલમાં તેઓ બ્રિટિશ એરવેઝમાં સેલ્સ મૅનેજરપદ શોભાવી રહ્યાં છે. તેઓના બહેન ડાયનાએ નિવૃત્તિ બાદ પશ્ચિમ રેલવેના અધિકારીરૂપે રેલવેની મહિલા તેમજ પુરુષ ક્રિકેટ ટીમનું સ્તર સુધારવામાં સિંહફાળો આપ્યો છે. રેલવેની પુરુષની ટીમનાં પસંદગીકાર બની મહિલા ડાયનાએ અનેરો વિશ્વવિક્રમ નોંધાવ્યો છે. ભારતીય મહિલા ક્રિકેટના વિકાસ માટે એદલજી બહેનો - ડાયના અને બેરોઝ - હંમેશાં તત્પર રહે છે.

('સમાંતર ન્યૂઝ'માંથી સાભાર)

• જંગલી આસોપાલવની છાલ ખાંડીને તેમાં સમાનભાગે રસાંજન મિશ્રણ કરવું. અડધી ચમચી જેટલું આ મિશ્રણ બે ચમચી મધ અથવા એક કપ જેટલા ચોખાના ઓસામણ સાથે સવાર-સાંજ પીવાથી સ્ત્રીઓના સર્વ પ્રકારના પ્રદર મટે છે.

• બાળકને જુલાબ આપવો હોય તો અડધી ચમચી ગોળ પાણીમાં ઓગાળીને પીવરાવવો. સરળતાથી મળ ઊતરશે.


• પોલીસે પોતાના ખિસ્સામાંથી પત્નીને રૂપિયા લેતી જોઈને કહ્યું: 'ભૂલતી નહિ, હું એક પોલીસ છું. આ ચોરી બદલ તારી ધરપકડ કરી શકું છું.' પત્નીએ ચોરેલા રૂપિયામાંથી દસની નોટ પોલીસને પાછી આપી એટલે પોલીસે રાજી થઈને જોયું-ન જોયું કર્યું.

કલાસ્મૃતિ

બાંસુરીવાદક પંડિત હરિપ્રસાદ ચૌરસિયા

બાંસુરી એ દુનિયાનું અતિપુરાણું તંતુવાદ્ય છે. ભારતની ઉત્તરે આ વાદ્ય, વેનુ, વામસી, બંસી, બંસરી, મુરલી જેવાં નામથી ઓળખાય છે, જ્યારે દક્ષિણ ભારતમાં પીલાનકુઝુલ, પીલ્લાના પ્રુવી અને કોલાલું તરીકે જાણીતી છે. ગુજરાતનાં ગ્રામીણ લોકો પાવા તરીકે પણ એને ઓળખે છે. સહેજ મોટી ગોળ અને લંબાઈવાળી બાંસરી શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો માટે ઉપયોગમાં લેવામાં આવે છે. કહેવાય છે કે શ્રીકૃષ્ણ બાંસુરીના નાદથી ગોપીઓને ઘેલી કરતા હતા. આજે પણ ભારતના ગ્રામીણ લોકો નદી, દરિયા કિનારે ગાય, ભેંસ, ઘેટાં, બકરાં ચરાવતા લોકોનું બાંસુરી-પાવો પ્રિય વાદ્ય છે.

આવા નાના સુંદર વાદ્યને ભારતના બે મહાન સંગીતકારોએ પોતાના કલાકૌશલથી જાણીતાં મુખ્ય વાદ્યોની સમકક્ષ લાવીને મૂકેલ છે. જેમાં સન ૧૯૧૧માં બંગાળમાં જન્મેલા શ્રી પન્નાલાલ ઘોષે, તે જમાનાની બંગાળી ફિલ્મો, તેમજ ધાર્મિક મહોત્સવોમાં બાંસુરીનો જાદુ રેલાવ્યો હતો. જ્યારે છેલ્લાં વીસેક વર્ષથી ભારતભરમાં બાંસુરીવાદનના સુંદર કાર્યક્રમો પ્રસ્તુત કરીને પંડિત હરિપ્રસાદ ચૌરસિયાએ સંગીતના રસિયાઓને ડોલાવી દીધાં છે.



પંડિત હરિપ્રસાદનો જન્મ આજથી પાંસઠ વર્ષ પૂર્વે અલ્હાબાદના એક જાણીતા પહેલવાનને ત્યાં થયો હતો. પાંચ વર્ષની ઉંમરે હરિપ્રસાદે પોતાની શેરીમાં કોઈ છોકરાને વાંસળી વગાડતો જોયો ત્યારથી તે આકર્ષાયા અને વાંસળી પકડી તે આજ દિન પર્યન્ત તેમની સાથીદાર છે. તેમણે પંદર વર્ષની ઉંમરથી પંડિત રાજારામ પાસે શાસ્ત્રીય સંગીત શીખવાનું શરૂ કર્યું. ત્યાર બાદ બનારસમાં પંડિત ભોલાનાથ પાસે આઠ વર્ષ સુધી બાંસુરીની તાલીમ લીધી અને કટક શહેરમાં ઑલ ઇન્ડિયા રેડીઓના સ્ટાફ કલાકાર તરીકે જોડાયા. થોડાંક વર્ષો બાદ તેમની બદલી મુંબઈ રેડીઓ સ્ટેશન પર થઈ અને તેમનું કિસ્મત ફર્યું. અહીં તેમને પૂજનીય ગુરુમા અન્નપૂર્ણાદેવી મળ્યાં, જેમની પાસેના જ્ઞાનથી પંડિતજીના વાદનમાં પ્રમુખતાનો આવિષ્કાર થયો. સન ૧૯૬૨માં ઓરિસ્સાના સાથી કલાકાર અનુરાધા સાથે તેઓ લગ્નથી જોડાયા.

શ્રી ચૌરસિયા છેલ્લાં ૧૬ વર્ષથી જન્માષ્ટમીને દિવસે લગભગ ૨૪ કલાક સતત બાંસુરી વગાડીને પોતાની કૃષ્ણ-ભક્તિ અને બાંસુરીભક્તિની પૂજા અર્પણ કરે છે. પરદેશમાં કોઈ પણ સ્થળે ગયા હોય પણ જન્માષ્ટમીના તહેવારોમાં મુંબઈ પહોંચી જાય છે અને ઈસ્કોનના હરેકૃષ્ણ મંદિરમાં તેમનો કાર્યક્રમ આપતા હોય છે. શ્રી ચૌરસિયા વર્ષના છ મહિના હૉલેન્ડમાં રહે છે. બાકીના મહિનાઓમાં જગતભરમાં કાર્યક્રમો આપતા હોય છે. પણ કૃષ્ણજન્મના તહેવારે મુંબઈ પહોંચી જતા હોય છે. ક્યારેક મુંબઈના બાણગંગાના કાર્યક્રમમાં પણ બાંસુરી- વાદન કરતા હોય છે. તેઓ મહીપર ઘરાનાના વાદક છે. છતાં તેમણે પોતાની કલામાં ઘણા નવા રંગોની શોધ કરી છે. તેમના પરમ મિત્ર શિવકુમાર શર્મા સાથે તેમણે શિવ-હરિ નામે ઘણી ફિલ્મોમાં સંગીત પીરસ્યું છે. તે ઘણું જ લોકપ્રિય થયેલું છે. પણ તેમની 'કૉલ ઑફ ધ વેલી' જે ૩૦ વર્ષ પૂર્વે રેકોર્ડ થયેલી રચના આજે પણ સાંભળવી ગમે છે અને શ્રોતાને ઘેરબેઠાં કાશ્મીરની સફર કરાવી શકે છે. પંડિતજીએ પરદેશના ઘણા મહાન વાદકો-ગાયકો સાથે સંગત કરેલી છે. તેઓ કહે છે કે પરદેશમાં વિવિધ ધાતુની બાંસુરી બનતી હોય છે. પણ આપણા દેશની વાંસમાંથી બનેલી વાંસળી જેવી મીઠાશ બીજા કશામાં નથી હોતી. તેઓ ગુરુશિષ્ય પરંપરામાં માને છે. અંધેરી પાસેના વરસોવામાં સંગીતનું એક ગુરુકુળ સ્થાપી રહ્યા છે. અમેરિકામાં પણ તેમના ગુરુકુળની શાખાઓ આવેલી છે. તેઓ ડિગ્રી કે પ્રમાણપત્રમાં શ્રદ્ધા ધરાવતા નથી. તેઓ કહે છે કોણે બિસ્મિલ્લાખાનને તેમના અભ્યાસ માટે પૂછ્યું? કોણે ભીમસેન જોશીની માર્કશીટ જોઈ? કલાકારની કલા જ તેનાં પ્રમાણ-પત્રો છે. પંડિતજી પોતાના શિષ્યોને પોતાનાં બાળકો સમજે છે. પંડિતજી પોતાની સંગતમાં તબલાવાદક સાથે પખવાજ વાદક પણ બેસાડે છે અને બીજા સહાયક કલાકારોને સરખું માન મળે તે માટે આજે ૬૫ વર્ષની ઉંમરે પણ તેઓ રિયાઝમાં મસ્ત રહે છે.

- ગજેન્દ્ર શાહ

આ અંકમાં મુખચિત્ર તરીકે પ્રકટ કરેલા કનુ દેસાઈનાં આવાં બીજાં અપ્રકટ મૂળ ચિત્રોમાં જેમને રસ હોય તેમણે સંપર્ક કરવો : હરીશ રાવત, ૧૨-બી, હરિનગર સોસાયટી, જૂના ઢોરબજાર સામે, કાંકરિયા, અમદાવાદ-૩૮૦ ૦૨૮.

કલાવાર્તા

વિશ્વના મહાન ચિત્રકારો-૭

રુબેન્સ



મારિયા રુબેન્સે એના છઠ્ઠા બાળકને ૨૮ જૂન ૧૫૭૭ના રોજ જન્મ આપ્યો. એના બીજા દિવસે સેન્ટ પીટર અને સેન્ટ પોલનો ઉત્સવ હતો, એ કારણે એ બાળકનું નામ એનાં માતા અને એના પિતાએ પીટર પોલ રુબેન્સ રાખ્યું. રુબેન્સ મૂળ તો નેધરલૅન્ડના એન્ટવર્પ નગરનો વતની, પણ એનો જન્મ જર્મનીના વેસ્ટફેલિયા પરગણાના સીગન નગરમાં થયેલો. પીટરનો પિતા જાન રુબેન્સ વ્યવસાયે વકીલ હતો એટલે એનાં અન્ય ભાઈ-બહેનોની જેમ એનેય પિતા તરફથી સારું શિક્ષણ મળેલું.

રુબેન્સની દસ વર્ષની વયે એના પિતા સ્વર્ગવાસી થયા. એ પછી એની માતા સંતાનો સાથે વતન પાછી ફરી અને ત્યાં જ ઠરીઠામ થઈ.

રુબેન્સની તેર વર્ષની વયે એની બહેનનાં લગ્ન લેવાયાં. લગ્નના ખર્ચને પહોંચી વળવા એને અભ્યાસને તિલાંજલિ આપવી પડી ને એ લેલેઈંગની કાઉન્ટેસને ત્યાં નોકર તરીકે રહી ગયો. આ નોકરી દરમિયાન એને દરબારી રીતરસમો જાણવા-જોવાની સારી તક સાંપડી. આ નોકરીથી એને જો કે સંતોષ નહોતો. એ તો ચિત્રકાર બનવાનાં સ્વપ્નાં સેવતો હતો. એટલે નોકરી છોડીને એ ચિત્રકલા શીખવા ચિત્રકાર ટોબિયાસને ત્યાં પહોંચી ગયો. ટોબિયાસને ત્યાં એ ઝાઝું ટક્યો નહીં. એનો બીજો ગુરુ આદમ વાન નૂર્ટ હતો. એણે ઓટો વાન વીન પાસે પણ ચિત્રકલાની તાલીમ લીધેલી. એના ત્રણ ગુરુઓ સામાન્ય કોટિના ચિત્રકારો હતા. ચિત્રકલાની તાલીમ મેળવ્યા પછી એ એન્ટવર્પની કલા-મંડળીમાં માસ્ટર તરીકે નિયુક્ત થયો.

બાવીસ વર્ષની વયે રુબેન્સ ઇટાલી ગયો, ને માન્ટુઆના ડ્યૂકની નોકરીમાં જોડાઈ ગયો. ડ્યૂક કલાનો ભારે શૉખીન હતો. એની પાસે કલાના ઉત્કૃષ્ટ નમૂનાઓનો સારો સંગ્રહ હતો. રુબેન્સને ડ્યૂક સાથે યુરોપના ઉત્તમ કલાસંગ્રહોની મુલાકાત લેવાની તક મળી. આ કલા-સંગ્રહોમાંની બેનમૂન કલાકૃતિઓની અનુકૃતિઓ કરીને ડ્યૂકના સંગ્રહને સમૃદ્ધ કરવાનું કામ એને સોંપાયેલું. આ અરસામાં એણે રોમ અને ફ્લોરેન્સની મુલાકાતો લીધેલી અને ત્યાંની કલાકૃતિઓ નિહાળેલી. માન્ટુઆમાં હતો એ દરમિયાન રુબેન્સને યેરુસાલેમના સાંતાક્રોસ દેવળની વેદિ માટે ત્રણ ચિત્રો દોરવાનું કામ મળેલું.

એક વાર મોન્ટુઆના ડ્યૂક રુબેન્સને સ્પેનના રાજા માટે ભેટસોગાદો લઈને મોકલ્યો. ભેટ માટેનાં ચિત્રોમાંથી બે વરસાદમાં ભીંજાઈ ગયાં. હવે? પણ રુબેન્સ એમ ગભરાઈ જાય એવો નહીં. એણે તો ત્યાં ને ત્યાં જ એવાં ને એવાં બે ચિત્રો દોરીને રાજાને ભેટ ધરી દીધાં. સ્પેનના રાજાના સંગ્રહમાંની કેટલીક કૃતિઓની અનુકૃતિઓ પણ એણે કરી લીધેલી.

ડ્યૂક આ મહાન કલાકારને અન્ય કલાકૃતિઓની નકલો કરવા સિવાય બીજું કશું કામ સોંપતો નહીં. એટલે રુબેન્સ એ કામથી વાજ આવી ગયો હતો. આખરે ડ્યૂકની નોકરી છોડીને એ ૧૬૦૭માં એ રોમ ચાલ્યો ગયો.

ત્યાં, એન્ટવર્પથી માની માંદગીના સમાચાર આવ્યા. રુબેન્સ બધું કામ પડતું મૂકીને માની પાસે દોડી ગયો. પણ એ એન્ટવર્પ પહોંચે તે પહેલાં જ મા સ્વર્ગે સીધાવી ગઈ હતી.

નેધરલૅન્ડના ડ્યૂક આલ્બર્ટને કાને રુબેન્સની કીર્તિગાથા પહોંચી ચૂકી હતી. અગાઉ આલ્બર્ટે રુબેન્સને નોકરીમાંથી મુક્ત કરી એન્ટવર્પ મોકલી આપવા માન્ટુઆના ડ્યૂકને વિનંતી કરેલી, પણ રુબેન્સ જેવા કલાકારને એમ કોઈ જતો કરે! પણ માની માંદગીના કારણે રુબેન્સને એન્ટવર્પ આવવાનું થયું ત્યારે ડ્યૂક આલ્બર્ટે તક ઝડપી લીધી. એણે રુબેન્સને પાછો જવા દીધો નહીં, ને એને રાજદરબારના ચિત્રકાર તરીકે નિયુક્ત કરી દીધો.

રુબેન્સ હવે યુરોપનો ખ્યાતનામ કલાકાર બની ચૂક્યો હતો. એની બે કલાકૃતિઓ 'The Raising of the Cross' અને 'The Descent from the Cross' જગમશહૂર બની ચૂકી હતી. આ બન્ને ચિત્રો ઈટાલીઅન શૈલીનાં હતાં. આ ચિત્રોમાં રુબેન્સનું કલાકાર તરીકેનું કૌવત પૂર્ણપણે પ્રગટ્યું છે.

૧૬૨૧માં ડ્યૂક આલ્બર્ટનું



હંસ સ્વરૂપે આવેલા પોતાના પ્રેમી જૂપિટરને સત્કારતી લીડા



• ધ ડિસેન્ટ ફ્રોમ ધ ક્રોસ

અવસાન થતાં રુબેન્સ રાણી ઈન્ફન્ટા ઈઝાબેલા (ડ્યૂકની પત્ની)નો પરમ વિશ્વાસુ દરબારી બની ગયો ને રાણીના દૂત તરીકે ઈંગ્લન્ડ, સ્પેન તથા ફ્રાન્સ જવાનો સુયોગ એને સાંપડ્યો. આ ગાળામાં, યુરોપમાં પ્રોટેસ્ટંટો તથા કૅથોલિકો વચ્ચેના સંઘર્ષનો અંત આવતાં ઘણાં નવાં દેવળો નિર્માણ પામ્યાં. એ કારણે રુબેન્સને ઘણું કામ મળ્યું. કામના ભારણને પહોંચી વળવા એ એના શિષ્યોની સહાય લેતો. ચિત્રોનું પ્રારંભિક કામ સહાયકો કરતા. કૃતિને આખરી ઓપ આપવાનું કામ એનું.

એન્ટવર્પમાં જેસ્યુઇટ દેવળને શણગારવા ૩૯ ચિત્રો તૈયાર કરવાનું કામ રાણી ઈઝાબેલાએ રુબેન્સને સોંપ્યું. આ ભગીરથ કામ એણે એના શિષ્યોની મદદથી ફક્ત ૯ મહિનામાં જ પૂરું કર્યું. નવા દેવળના સ્થાપત્યની રૂપરેખા તૈયાર કરવામાંય એનો અગ્રગણ્ય ફાળો હતો. દેવળમાં કમભાગ્યે આગ લાગી અને એનાં બધાં જ ચિત્રો ભસ્મીભૂત થઈ ગયાં, બચી ગયાં માત્ર થોડાંક ઉત્તમ કોટિનાં રેખાંકનો.

ફ્રાન્સના રાજા હેન્રી ચોથાએ રુબેન્સ પાસે ૧૨ ટૅપેસ્ટ્રી તથા ૨૫ મોટાં ચિત્રો દોરાવ્યાં. આ ચિત્રો રુબેન્સની ઉત્કૃષ્ટ કલાકૃતિઓ ગણાય છે. આ ચિત્રોમાંનાં કેટલાંક વ્યક્તિચિત્રો છે, કેટલાંક ઇતિહાસ પર આધારિત છે, કેટલાંકમાં પ્રસંગોનું નિરૂપણ રૂપકો દ્વારા થયું છે.

૧૬૨૯માં રુબેન્સને ઈંગ્લન્ડ જવાનું થયું. ઈંગ્લન્ડના રાજા ચાર્લ્સ પહેલાએ પોતાના બેન્કવેટ હૉલ માટે આ કલાકાર પાસે ૯ ચિત્રો કરાવ્યાં. રુબેન્સનું કામ જોઈને રાજા એના પર આફરીન થઇ ગયેલો ને એના કામની કદર રૂપે એને 'સર'ના ઇલ્કાબથી નવાજેલો. રાણી ઈઝાબેલાના દૂત તરીકે એણે ફરી સ્પેનની મુલાકાત લીધેલી. સ્પેનના રાજા ફિલિપ માટે ૧૨૦ ચિત્રો એણે કરેલાં.

રુબેન્સનું પ્રથમ લગ્ન ૧૬૦૯માં ઈઝાબેલા બ્રાન્ટ સાથે થયેલું. ૧૬૨૬માં ઈઝાબેલાનું મૃત્યું થયું. પત્નીના મૃત્યુથી રુબેન્સે ભારે આઘાત અનુભવ્યો. પણ એણે એનું સર્જનકાર્ય જારી રાખ્યું. ૧૬૩૦માં ૫૩ વર્ષની વયે એ હેલેના નામની સુંદરી સાથે ફરી પરણી ગયો. રુબેન્સ પોતે દેખાવડો હતો. એની બન્ને પત્નીઓ પણ રૂપાળી હતી અને એનો એને ગર્વ હતો. એનું પારિવારિક જીવન સુખ-સમૃદ્ધિથી છલકતું હતું. એણે એની બન્ને પત્નીઓનાં બાળકોનાં વ્યક્તિચિત્રો ભારે ઊલટથી કર્યાં છે. પોતાનાં ચિત્રોમાં સ્ત્રી-પાત્રોનું ચિત્રણ કરતી વખતે મોડેલ તરીકે એ એની પત્નીઓની સહાય લેતો.

રુબેન્સ એક પ્રતિભાશાળી કલાકાર હતો. પિસારોને બાદ કરતાં એના જેટલું કોઈએ ચીતર્યું નથી. એણે સ્કેચો, ડ્રૉઈંગ, ટૅપેસ્ટ્રી, ચિત્રો, વ્યક્તિચિત્રો તથા પુસ્તકોની કવર ડિઝાઈનો વગેરે કરી છે. એની કલાકૃતિઓ અન્ય ચિત્રકારો, શિલ્પીઓ, સ્થપતિઓ તથા ધાતુકામ કરનારાઓ માટે માર્ગદર્શક બની રહેતી.



નાના બાળકનું પોર્ટ્રેટ

રુબેન્સમાં અપાર શક્તિ હતી. વિરમ્યા વિના એ કલાકો સુધી કામ કરી શકતો. એ રોજ સવારના ચાર વાગે તો ઊઠી જતો. ભાષા પર એ સારું પ્રભુત્વ ધરાવતો હતો. એની માતૃભાષા ફ્લેમિશ હતી. ફ્લેમિશ ઉપરાંત એ ઇટાલીઅન, ફ્રેન્ચ, સ્પેનિશ તથા લૅટિન ભાષાઓય જાણતો.

રુબેન્સ પહેલાં ચિત્રનું રંગીન રેખાંકન તૈયાર કરતો. એને આધારે એના શિષ્યો એ ચિત્રને કૅનવાસ પર ચીતરતા. જરૂર જણાય ત્યાં રુબેન્સ એ ચિત્રમાં સુધારા-વધારા કરતો રહેતો. એની વ્યવસ્થાશક્તિ પ્રશંસનીય હતી. એ જ કારણે એની કાર્યશાળા હંમેશાં પ્રવૃત્તિથી ધમધમતી રહેતી.

રુબેન્સે નારીનાં મોહક ચિત્તાકર્ષક નગ્ન ચિત્રો સર્જ્યાં છે. એ રેનેસાંના મહાન કલાકારોની શૈલીમાં ચીતરતો. કૅનવાસ કરતાં પેનલ પર ચીતરવાનું એ વધારે પસંદ કરતો. કૅનવાસ કે પેનલ પર એનું બ્રશ પાણીના રેલાની જેમ સરકતું. એ કારણે એનાં ચિત્રોમાં ગતિનો આભાસ અનુભવાય છે. એનાં ચિત્રોમાં રંગોનું આવરણ પાતળું હોય. માનવ-દેહની ત્વચાનું ચિત્રણ એણે અદ્‌ભુત રીતે કર્યું છે. એ લાલ, ભૂરો, પીળો અને સફેદ રંગોને જરૂર પ્રમાણે ભેળવીને ચિત્ર સર્જન કરતો.

એની વિશ્વવિખ્યાત કલાકૃતિ 'The Three Graces' એણે એની ૬૧ વર્ષની વયે સર્જેલી. આ ચિત્રમાં નારીના દેહના સૌંદર્ય વિશેની એની વિભાવના નિરૂપાઈ છે. ચિત્રમાંનાં સ્ત્રીપાત્રોનાં દેહોની માંસલતા જોનારને રોમાંચિત

કરી મૂકે તેવી છે. બારીક ચિત્રશૈલીનો એ જનક લેખાય છે.

સત્તરમી સદીનો ભાગ્યે જ કોઈ કલાકાર રુબેન્સના પ્રભાવથી મુક્ત રહી શક્યો છે. ફ્રાન્સના દાલાકોવા તથા રેન્વાર ચિત્રસર્જકો પર એનો પ્રભાવ વિશેષ વરતાય છે.

રુબેન્સનાં ભૂમિચિત્રોમાં પણ એનું કૌશલ્ય સુપેરે પ્રગટ થાય છે. રાજ-દરબારના ધમાલિયા જીવનમાંથી રાહત મેળવવા એ ભૂમિચિત્રો દોરતો.

'The Feast of Venus' ચિત્રમાં રુબેન્સે જીવનના આનંદને મુક્ત મને ચિત્રાંકિત કર્યો છે.

અચ્છો કલાકાર હોવા ઉપરાંત રુબેન્સ કુશળ રાજનીતિજ્ઞ પણ હતો. એ નામ સાથે દામ પણ અઢળક કમાયેલો.

પોતાને માટે એણે મહેલ જેવો આલિશાન આવાસ બનાવેલો. ઉત્તરા-વસ્થામાં એના જમણા હાથે વા થઈ ગયેલો. ૬૨ વર્ષની વયે, ૧૬૪૦ના મેની ત્રીસમી તારીખે આ મહાન સર્જક અનંતની યાત્રાએ ચાલી નીકળ્યો.

-નટુ પરીખ / હરિત પંડ્યા

કલાવૃત્ત

તમાકુ-ગુટખા વિષયક પોસ્ટરોનું પ્રદર્શન

૧૯૯૦માં શરૂ થયેલી ડેન્ટલ હેલ્થ ફાઉન્ડેશન નામની સંસ્થા દંત-આરોગ્ય પ્રચારાર્થે રાજ્યકક્ષાએ અત્યંત સક્રિય રહી છે. તે ધંધાદારી દંત-ચિકિત્સકોના વિષય અંગેનાં જ્ઞાનને તાજું તથા અદ્યતન રાખવાનો સતત પ્રયત્ન કરે છે. તેણે હાથ ધરેલી પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર છે સ્કૂલ ડેન્ટલ ચેક-અપ અને શિબિરો, દંત-આરોગ્ય પ્રદર્શનો, દાંત અંગેની સભાનતા માટેનાં પ્રકાશનો, ગુજરાત રાજ્ય ડેન્ટલ ડિરેક્ટરીનું પ્રકાશન, તમાકુ તથા ગુટખા વિરુદ્ધ અભિયાન તથા સીનિઅર ડેન્ટલ સર્જનોનું બહુમાન. અમદાવાદની સેતુ ડેન્ટલ સેન્ટરના ડૉક્ટર માણેકભાઈ પટેલ વર્ષોથી સંસ્થાના સક્રિય અને પ્રતિબદ્ધ ચૅરમેન રહ્યા છે. બી.ડી.એસ. પાસ કરેલા નવા દંતચિકિત્સકો માટે તેમની ખાનગી પ્રૅક્ટિસ સહાયરૂપ પ્રકાશન 'હિન્ટ્સ ઍન્ડ ટિપ્સ ટુ ન્યૂ ડેન્ટલ સર્જિયન્સ'ને ગુજરાતે તથા ગુજરાતની બહાર સુંદર પ્રતિભાવ સાંપડ્યો છે. વિવિધ પ્રવૃત્તિઓ ચલાવવા માટે સંસ્થાને આર્થિક જરૂરિયાત રહેતી હોવા છતાં સંસ્થા સભ્ય ફી ઉઘરાવતી નથી. વળી, દંતવિદ્યાની વિવિધ શાખાઓ ઉપર આઠ જેટલાં 'જીવંત નિદર્શન કોર્સિસ' સંસ્થાએ યોજ્યા હતા, જેમાં પરદેશના તથા ભારતના દંતતબીબોએ સેવાઓ આપી હતી.




સંસ્થાએ જનસમાજમાં દંત-આરોગ્ય જાગૃતિ લાવવા 'તમાકુ, ધુમ્રપાન અને ગુટખા-વ્યસન' જેવા મોટા, જીવંત પ્રશ્ન અંગે અત્યંત ચિંતિત બની 'ઍન્ટિ ટૉબેકો આર્ટ શો' નામના ભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યું. આ તમાકુ અને ગુટખા વિરુદ્ધ પોસ્ટરચિત્રોની સ્પર્ધાનું આયોજન રાજ્યકક્ષાએ તથા રાષ્ટ્રિય કક્ષાએ કરવામાં આવ્યું. તે માટે દંત-ચિકિત્સકો, ચિત્રકારો, કલાવિદ્યાર્થીઓ તથા ડેન્ટલ કૉલેજોના વિદ્યાર્થીઓ પાસે તેમણે સર્જેલાં પોસ્ટરચિત્રો મંગાવવામાં આવ્યાં. સ્પર્ધકોના પ્રોત્સાહન માટે પ્રથમ ઇનામ દસ હજાર રોકડા તથા ડીએચએફ આર્ટ ઍવૉર્ડ જાહેર કરવામાં આવ્યાં. તદુપરાંત આશરે ત્રીસેક હજાર રૂપિયાનાં ઈનામ અન્ય વિજેતાઓને આપવાનું જાહેર કર્યું. ફલસ્વરૂપ ભારતભરમાંથી પ્રતિભાવરૂપે ૨૩૨ જેટલાં પોસ્ટરચિત્રો સંસ્થાને મળ્યાં. તેમાં ઇનામપાત્ર તથા ઉચ્ચ ગુણવત્તા ધરાવતી પોસ્ટર-કૃતિઓની પસંદગી માટે અમદાવાદના જાણીતા કલાકારો તથા કલાસમીક્ષકોની એક જ્યુરી પૅનલ રચવામાં આવી.

પોસ્ટરકૃતિઓ માટે ઇનામો નક્કી કરવામાં ખાસ તો તેમાં કલાત્મકતા, સચોટ રીતે રજૂ થતો સંદેશ, તેની ગ્રાફિક તથા દૃશ્ય ગુણવત્તા, આકર્ષક તથા ધ્યાનપાત્ર સંરચના અને અક્ષરલેખન તથા રંગરૂપોને ધ્યાનમાં રાખવામાં આવ્યાં હતાં. સર્વાનુમતે પ્રથમ ચાર અને અન્ય છ કૃતિઓને ઇનામપાત્ર ઠેરવવામાં આવી. મોટા ભાગનાં ચિત્રો ઊભા ફૉર્મેટમાં હતાં અને એક માપતાલનાં હતાં.

ગુટખા અને તમાકુના સેવનથી પેઢાના રોગો તથા મોંમાં કૅન્સર જેવા જીવલેણ રોગ થવાની શક્યતા ઊભી થાય છે. આ ખાસ મુદ્દાને ધ્યાનમાં લઈ પ્રથમ ચાર ઈનામી વિજેતાઓએ આકર્ષક અને સચોટ પોસ્ટરકૃતિઓ સર્જી હતી.

પ્રથમ ઇનામી વિજેતા પોસ્ટર-કૃતિના સર્જક પટેલ ચિરાગ દીપકભાઈએ આકર્ષક સફેદ રંગની પશ્ચાદ્ભૂમાં ત્રણ ભાગમાં વિભાજિત સંરરચનામાં 'તમાકુ મોત આમંત્રે છે' શીર્ષક નીચે મધ્યભાગમાં લોહી નિર્દેશતા લાલ રંગમાં ઉપસાવેલ પેપરકટ જેવા ગ્રાફપેપર પર ઘેરા તપખીરિયા રંગમાં 'ગુટખા' શબ્દનું આલેખન કર્યું છે. તેના પર મૃતદેહને મૂકવા માટેની સોનેરી પીળા રંગની બે નનામી અને બે વિશાળ રક્તરંજિત પગની છાપ આલેખી છે. મધ્યભાગના ઊપસેલા કાગળ નીચેથી









હાડકાં તથા ખોપરીઓને એક પછી એક નીચે પડતાં તથા તેનો ઢગલો થતો દર્શાવ્યો છે. ડીએચએફ સંસ્થાનો સિમ્બોલ નીચેના ખૂણામાં યોગ્ય સ્થાને મૂક્યો છે. સમગ્ર રીતે જોતાં આ પોસ્ટર ખરેખર પ્રથમ ઈનામ પ્રાપ્ત કરવાનું અધિકારી બન્યું છે.

દ્વિતીય ઈનામવિજેતા પોસ્ટરના સર્જક પટેલ રોહિતકુમાર જયંતીલાલે કાળા રંગની પશ્ચાદ્‌ભૂ સામે ઉપરના ભાગમાં હિંદીમાં બે પંક્તિઓ 'જૈસે સિગારેટ જલે, વૈસે જિંદગી જલે'નું આલેખન કર્યું છે. મોટા ભાગના ચિત્રાવકાશને છોડી દઈ કલાકારે સંરચનાના નીચેના ભાગમાં સળગતી સિગારેટ તથા તેના ઉપરની પંક્તિઓ સુધી વાંકોચૂકો પહોંચતો ધુમાડો સુંદર રીતે દર્શાવ્યો છે. સૌથી નીચે 'વ્યસન મુક્તિ અભિયાન' વિષય આલેખ્યો છે.

તૃતીય ઈનામી પોસ્ટરકૃતિના સર્જક છે અનિલ જી. ગજ્જર. તેમણે ભૂરા રંગની પશ્ચાદ્‌ભૂની સામે ઉપરના ભાગમાં મોટી રેખાઓમાં સિગારેટ પીતા માનવમસ્તકના ઉપરના ભાગને દર્શાવ્યો છે અને નીચે ઊપસી આવેલી અગ્નિમાં લાલ રંગે તપેલી ખોપરી અને તેના દાંત આગળ સિગારેટને દર્શાવ્યાં છે. નીચે 'ધૂમ્રપાન તમને બાળી નાખે તે પૂર્વે તે બંધ કરો' વિષયને આલેખ્યો છે.

ચોથી ઈનામી પોસ્ટરકૃતિની સર્જક છે દેસાઈ તૃષા દીપકભાઈ. તેમણે સફેદ રંગની પશ્ચાદ્‌ભૂની સામે ચિત્રાવકાશના મધ્યભાગે બૂટ પહેરેલા પગના નીચેના ભાગને સૂચનાત્મક રીતે દર્શાવી છે. તે દ્વારા સિગારેટ અને ગુટખાને કચડી નાખતા દર્શાવ્યા છે. આછા-ઘેરા કાળા રંગની કક્ષાઓથી સર્જાયેલો આ બૂટધારી પગનું રૂપ ખરેખર અવકાશમાંથી સચોટ રીતે બહાર ઊપસી આવે છે. કાળા રંગમાં આલેખાયેલા શબ્દોવાળો વિષય 'તમને તે કચડી નાખે તે પૂર્વે તમે કચડી નાખો' ગ્રાફિક ગુણવત્તા ધારણ કરે છે. નીચે 'એન્ટી ટોબેકો મૂવમેન્ટ ડેન્ટલ હેલ્થ ફાઉન્ડેશન' વિષય શબ્દાંકિત થયો છે.

- બંસીલાલ દલાલ

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૪૧૮ થી

સ્પર્ધામાં વિશ્વવિજેતા બનેલ. તેની પહેલાં ૧૯૭૦માં. આ બે સાલનો સરવાળો ૩૯૬૪.

• આર્જેન્ટિના છેલ્લી વાર ૧૯૮૬માં અને તેની પહેલાં ૧૯૭૮માં વર્લ્ડ કપ વિજેતા થયેલા. આ બે સાલનો સરવાળો ય ૩૯૬૪.

• જર્મની છેલ્લે ૧૯૯૦માં અને તે પહેલાં ૧૯૭૪માં વર્લ્ડકપ વિજેતા થઈ શકેલ. આ બે સાલનો સરવાળો અલબત્ત ૩૯૬૪!

• આ તર્ક પ્રમાણે જોઈએ તો હાલની વર્લ્ડકપ સ્પર્ધામાં વિજેતા થતા દેશ : ૩૯૬૪-૨૦૦૨= ૧૯૬૨, આથી ૧૯૬૨માં વર્લ્ડકપ વિજેતા દેશ જ હોઈ શકે. ૧૯૬૨માં વિજેતા દેશ હતો બ્રાઝિલ.

આ તર્કના આધારે ભારત પણ વર્લ્ડકપ વિજેતા બનશે જ એમ અનુમાન કરી શકીએ. ભારત પહેલાં ક્યારેય ફૂટબોલની રમતમાં વિશ્વવિજેતા થયું નથી. ૩૯૬૪-૦=૩૯૬૪. હા! આ ગણિત પ્રમાણે ઈ.સ. ૩૯૬૪માં વર્લ્ડકપ વિજેતા ભારત બને એવી પૂરેપૂરી સંભાવના છે!

- જ્યોતિ ભટ્ટ (વડોદરા)

(આ વિશ્વકપમાં ૩૦ જૂનની અંતિમ સ્પર્ધામાં બ્રાઝિલ જર્મનીને હરાવી વિજેતા થયું છે તે આ અનોખી ગણિતગમ્મતને પુરવાર કરે છે. - તંત્રી)

•

'કુમાર'માં આવતી પ્રત્યેક લેખન સામગ્રી, પછી ભલે તે લેખ, વાર્તા, પ્રસંગ, કાવ્ય કે જે કોઈ હોય, અત્યંત હૃદયસ્પર્શી હોઈ મન-હૃદયને સંતોષ અને પ્રસન્નતાથી ભરી દે છે. રજનીકુમાર પંડ્યાની કૉલમ 'ન્યૂ થીએટર્સ'ના જમાનાની જેને આજે સાઠ ઉપર વર્ષો વીતી ગયાં છે તેની રજેરજ માહિતી અદ્‌ભુત છે.

જૂનના અંકમાં 'કબીરસાહિત્ય અને સંગીત'નો લેખ પણ ખૂબ ગમ્યો.

દરેક ક્ષેત્રે અવનતિ તરફ ઝડપથી ધકેલાતા આ યુગમાં 'કુમાર' જેવું માસિક પણ હજુ આટલી હિંમત અને નિષ્ઠાથી આવું સુંદર સાહિત્ય પીરસી શકે છે તે અત્યંત ગર્વની વાત છે.

- ડૉ. કિશોર જી. ઠક્કર (વડોદરા)


યાના-કર્ણાટક
(દેશાટન-૪૨)



યાના કર્ણાટકમાં કારવારથી ૬૦ કિ.મી. અને કુમઠાથી ૨૪ કિ.મી દૂર આવેલું એક સુંદર સ્થાન છે. અગાઉ યાના વૈભવીય સજાવટથી આબાદ હતું, પણ તેનો વૈભવ નષ્ટપ્રાય થતાં અત્યારે તે સામાન્ય બની ગયું છે. આ સ્થળ મનોરમ્ય અને અદ્‌ભુત ખડકોથી ભરપૂર છે. ખડકો જુદા જુદા આકારના, ઊંચા અને વિવિધ રંગના છે, એથી પર્વતારોહણ કરનારાઓ માટે આ એક મનપસંદ અને સુંદર સ્થાન છે. કુમઠા-સિર્સના રસ્તે કટમલ-હરિતાના પહાડી માર્ગ પર ૯ કિ.મી. ચાલીને યાના પહોંચી શકાય છે. આ પહાડી રસ્તો ફક્ત ઉનાળામાં જ ખુલ્લો હોય છે. મોટી ઊંડી ખાઈ ઓળંગીને 'બડ્ડી પાસ' થઈ આ સ્થાન પર પહોંચાય છે. અહીં મોટરગાડી જઈ શકતી નથી.

પૌરાણિક કૃતિઓમાં 'યાના'નું વર્ણન મળે છે. સ્કન્દપુરાણમાં આ સ્થાનને 'યેના' કહ્યું છે અને વાદિરાજ સ્વામીએ આ સ્થાનને 'યેનભૈરવ' કહ્યું છે. આ પર્વતીય પ્રદેશની તળેટીમાંથી એક ૯૦ મીટર ઊંચો અને બીજો ૧૨૦ મીટર ઊંચો પથ્થરનો ખડક નજરે પડે છે, જેમનાં નામ છે મોહિની શિખર અને ભૈરવેશ્વર શિખર. ખડકના નીચલા ભાગે ગુફા છે, જેમાં ૨ મીટર ઊંચાઈનું શિવલિંગ છે તે ભૈરવેશ્વર મહાદેવ કહેવાય છે. ખડકની તિરાડોમાંથી સતત પાણીના શીકર શિવલિંગ પર પડતા હોય છે, જેને ગંગોદ્‌ભવ કહે છે. પૌરાણિક કથા એવી છે કે ભસ્માસુર રાક્ષસ શિવજીના મસ્તકે હાથ મૂકીને તેમને ભસ્મ કરવા ઇચ્છતો હતો, એથી ભગવાન શિવે આ ગુફામાં આશ્રય લીધો હતો અને ભગવાન વિષ્ણુએ મોહિની રૂપ ધારણ કરી ભસ્માસુરનો નાશ કર્યો હતો. એવું મનાય છે કે ભસ્માસુરની ભસ્મથી એ બધો પ્રદેશ રાખના જેવો બની ગયો.

('યોગક્ષેમ'ને આધારે)



રે આજ આષાઢ આયો
મેં નેણના નીરમાં મનનો તે માઢ ગાયો!
દૂરને દખ્ખણ મીટ માંડીને,
મોરલે નાખી ટ્હેલ,
વાદળી સાગરસેજ છાંડીને
વરસી હેતની હેલ,
એમાં મનભરીને મતવાલો મોર ન્હાયો!
રે આજ આષાઢ આયો.

('કાવ્યવિશેષ નિરંજન ભગત'માંથી) *-નિરંજન ભગત*

સન્નિષ્ઠ ગાંધીવાદી અને સમર્થ કોશકર પાંડુરંગ દેશપાંડેનું નિધન

સુપ્રસિદ્ધ કોશકાર પાંડુરંગ ગણેશ દેશપાંડેનું ૧૫મી જૂનના રોજ ગોવા ખાતે ૧૦૨ વર્ષની વયે નિધન થયું તે ગુજરાતી કોશસાહિત્યને મોટી ખોટ છે. એમનો જન્મ પુણે જિલ્લાના નારાયણ ગામમાં પિતા ગણેશરાવ અને માતા સરસ્વતીબાઈને ત્યાં ઈ.સ. ૧૯૦૦ની ૧૯મી ડિસેમ્બરે થયો હતો. તેઓ તેમના વડદાદા રામચંદ્ર માધવ દેશપાંડે પાસેથી પરંપરિત રીતે શિક્ષણના પ્રાથમિક પાઠો શીખ્યા હતા. તેમણે ઔપચારિક પ્રાથમિક શિક્ષણ મહારાષ્ટ્રના ચિંચોડી અને વડગામમાં લીધું હતું. ૧૯૧૨માં અમદાવાદ આવી ૧૯૧૭ સુધી ત્યારની પ્રોપ્રાયટરી હાઈ સ્કૂલમાં અભ્યાસ કર્યો અને પછી મૅટ્રિક સુધીનું શાલેય શિક્ષણ વલસાડ ખાતે પૂરું કર્યું ને મુંબઈ યુનિવર્સિટી દ્વારા લેવાતી એ પરીક્ષામાં ઇલાકામાં ચોથા ક્રમે ઉત્તીર્ણ થયા. સંસ્કૃત પાઠશાળામાં સંસ્કૃતનો સઘન અભ્યાસ પણ કર્યો.

કૉલેજના શિક્ષણનો પ્રારંભ એમણે મુંબઈનાં એલફિન્સ્ટન કૉલેજથી કર્યો અને ત્યાંનાં હવા-પાણી પ્રતિકૂળ જણાતાં આગળ અભ્યાસ માટે અમદાવાદમાં ગુજરાત કૉલેજમાં જોડાયા. પરન્તુ ૧૯૨૦માં આઝાદીની ચળવળના રંગે રંગાઈ ગુજરાત કૉલેજને અલવિદા કરી ગૂજરાત વિદ્યાપીઠમાં દાખલ થયા. ૧૯૨૪ સુધીમાં ગૂજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક સુધીનો અભ્યાસ પૂરો કર્યો.

૧૯૨૫થી ૧૯૩૦ સુધી તેઓ મહારાષ્ટ્રમાં ચિંચોડીમાં સ્થિર થયા અને ખેતીવાડી, શાહુકારી તથા કોર્ટકચેરીની વ્યાવસાયિક કારકિર્દી આરંભી. પરન્તુ ૧૯૩૦માં અમદાવાદ પાછા ફર્યા અને ગૂજરાત વિદ્યાપીઠમાં કાકાસાહેબ કાલેલકરના



અંગત સચિવ તથા વિદ્યાપીઠમાં ગ્રંથપાલ તરીકે સેવાઓ આપવા લાગ્યા. તેમણે આઝાદીની લડત દરમિયાન ત્રણેક વાર જેલવાસ પણ ભોગવેલો. આ ચળવળમાં ૧૯૩૪ સુધી ભૂગર્ભ કાર્યકર તરીકે સક્રિય રહ્યા હતા. ૧૯૩૨માં તેઓ લગ્નગ્રંથિથી જોડાયા. ૧૯૩૫ થી ૧૯૪૯ સુધી ગૂજરાત વિદ્યાપીઠમાં શિક્ષક તેમજ ગ્રંથપાલ તરીકે સેવાઓ આપ્યા

બાદ ૧૯૫૧ સુધી નવજીવન પ્રેસમાં લેખક, અનુવાદક તથા પ્રૂફરીડર તરીકે કામગીરી બજાવી. ૧૯૫૧થી ૧૯૫૫ સુધી દિલ્હીના 'ગાંધી સ્મારક સંગ્રહાલય'માં વ્યવસ્થાપક તરીકેની જવાબદારી નિભાવી. ત્યાર બાદ ૧૯૬૭ સુધી ભારત સરકારના પ્રકલ્પ 'સંપૂર્ણ ગાંધી વાઙ્મય' વિભાગમાં ભાષાંતરકાર, પત્રસંગ્રાહક તથા સંપાદક તરીકે સેવાઓ આપી. ૧૯૬૭થી અંગ્રેજી-ગુજરાતી અને ગુજરાતી-અંગ્રેજી શબ્દકોશો તૈયાર કર્યા.

'લોકમાન્ય ટિળક' (૧૯૫૬), 'ગાંધીસાહિત્યસૂચિ' (૧૯૪૫), 'આધુનિક ભારત' (૧૯૪૬), 'હિન્દુસ્તાનની જાતિ સંસ્થા' (૧૯૬૦), 'અંગ્રેજી-ગુજરાતી કોશ' (૧૯૭૦) અને 'ગુજરાતી-અંગ્રેજી કોશ' (૧૯૭૪) એમનાં ગણનાપાત્ર યશોદાયી પ્રકાશનો છે. ૧૯૫૬માં બાળકોને માટે એમણે ખાસ ચિત્રમય શબ્દકોશ પણ તૈયાર કર્યો હતો. જ્યારે ૧૯૯૬માં ઈંગ્લન્ડના ઑક્સફર્ડ પ્રેસે તેમનો 'અંગ્રેજી-ગુજરાતી શબ્દકોશ' પ્રકાશિત કર્યો હતો તે તેમની કોશકાર તરીકેની અને તેમના કોશની શ્રદ્ધેયતા દર્શાવે છે. આવી વિરલ વ્યક્તિને શ્રદ્ધાંજલિ અર્પણ હો! - *ધીરુ પરીખ*

ભમરીયુદ્ધનો અડીખમ યોદ્ધો

ભમરી ડંખીલી જાત છે. રંગે પીળી તેમજ કાળી હોય છે. મોટા ઝાડ પર કે ઊંચા મકાનની ટાંકીના અવાવરા ભાગોમાં પોતાનો જંગી મધપૂડો બાંધે છે.

મહારાષ્ટ્રના નંદરબાર જિલ્લાના તળોદા તાલુકાના સાતપુડા પહાડની તળેટીના ચિનોદા ગામનો આ પ્રસંગ છે. રાજાભાઈ વાની પોતાની ખેતી જોવા જઈ રહ્યા હતા. રસ્તામાં એક જંગી મધપૂડાની છંછેડાયેલી ભમરીઓએ તેમના પર હુમલો કર્યો. હુમલાનો ભોગ બનેલા રાજાભાઈએ પોતાની જાતને બચાવવા માટે મોટરસાઈકલ છોડી દોડવા તો માંડ્યું, પણ ભમરીના લશ્કરે તેમનો બરાબર પીછો પકડ્યો. આમતેમ સીધા, વાંકા અને ગોળ દોડતા જાય અને બે હાથ વડે ભમરીઓને માથા પરથી, મોઢા પરથી ઉડાડતા જાય તેમતેમ ભમરીઓ પણ ખીજાયેલી હોઈ જથ્થાબંધ ટોળું તેમના માથાને, મોઢાને ઢાંકી દે એટલા પ્રમાણમાં તેમને ભરડો લેવા લાગી. રાજાભાઈ પણ બહાદુરીથી ટી શર્ટ કાઢી તેનાથી માથા અને મોઢા પરથી ભમરીઓ ઉડાવવા લાગ્યા. રસ્તા પરથી ખેતરોમાં દોડતા જાય અને ખેતરમાં આળોટતા જાય તો પણ ભમરીઓ તેમને છોડતી નહિ. આ તુમુલ યુદ્ધ પાંચ મિનિટ, દસ મિનિટ, પંદર મિનિટ, ત્રીસ મિનિટ, પિસ્તાલીસ મિનિટ સતત ચાલતું રહ્યું. બંને પક્ષે યોદ્ધાઓ હાર સ્વીકાર્યા સિવાય લડતા રહ્યા.

એટલામાં એક રિક્ષા ત્યાંથી પસાર થતી હતી. તેને રાજાભાઈએ ઊભી રહેવા વિનંતી કરી. રિક્ષાચાલક પણ આ તુમુલ યુદ્ધ જોઈને ગભરાયો તેમ છતાં એક માનવને બચાવવાની હિમ્મત કરીને રાજાભાઈને બેસાડ્યા. ભમરીઓએ તેમનો પીછો ન છોડ્યો. રસ્તામાં એક ઢોરનો પાણી ભરેલો હવાડો આવ્યો. રાજાભાઈ તેમાં કૂદી પડ્યા અને પાણીમાં ડૂબકી મારી સૂઈ ગયા.

ભમરીઓને પણ હવાડામાં આત્માઘાત કરવાનો સમય આવ્યો. તેથી રાજાભાઈનો પીછો છોડી જીવ બચાવવા ઊડી ગઈ. ડૂબકી મારતાં હાશ થઈ, પણ આ દરમ્યાન સેંકડો હજારો ભમરીઓએ ડંખ મારી તેમનું મોઢું, માથું, આંખો વગેરે આખા શરીરને સૂજવી નાખ્યું હતું. તેમ છતાં હિમ્મત કરીને હવાડામાંથી બહાર નીકળ્યા. સદ્ભાગ્યે ત્યાંથી પસાર થતી બીજી એક રિક્ષામાં બેઠા અને ડૉ. કાકોડેને ત્યાં જવા કહ્યું.

રાજાભાઈ અને ભમરીઓના તુમુલ યુદ્ધની વાત વાયુવેગે ચિનોદા, તળોદામાં પ્રસરી જતાં તેમના ભાઈઓ, મિત્રો વગેરે બચાવવા ધસી આવ્યા. એટલામાં રસ્તામાં રિક્ષામાં ઘવાયેલા રાજાભાઈ જોયા અને તેમની વિનંતી સાંભળી બધા ડૉ. કાકોડેને ત્યાં ભેગા થયા. ડૉ. કાકોડેએ પોતાના સ્વજનને ઘવાયેલા જોઈ તરત જ સારવાર આપી, ઇન્જેક્શન આપ્યાં. એટલામાં રેફરલ હૉસ્પિટલના ડૉક્ટર કાકોડે મદદે આવ્યા અને તેમની હૉસ્પિટલમાં ઈમર્જન્સી યૂનિટમાં દાખલ કરવા તેમને ત્યાંથી ખસેડ્યા. મિત્રો, કુટુંબીજનો તથા ટોળે વળેલાં ભાઈ-બહેનો ત્યાં પહોંચી ગયાં.

ડૉક્ટરે ભાઈઓને અને ખાસ મિત્રોને ચીપિયા આપ્યા અને શરીરમાંથી ડંખ ખેંચી કાઢવા જણાવ્યું. ખૂબ જ કાળજીથી બધાંએ સેંકડોની સંખ્યામાં મોઢા, માથા, ખભા અને છાતી પરથી ડંખ કાઢ્યા. ડૉક્ટરે રાજાભાઈને ઈન્જેક્શન આપી ઘેનમાં મૂકી દીધા. કઢાય એટલા કાંટા-ડંખ કાઢીને હાશ અનુભવીને રાજાભાઈને ઘેર મોકલ્યા. ઘરનાં કુટુંબીજનો અને ગ્રામજનો આ બનાવથી અચંબો પામવા લાગ્યા.

ભમરીઓ અને માનવના આ તુમુલ યુદ્ધનો આ પહેલ-વહેલો બનાવ બન્યો. ઘેર બે-ત્રણ દિવસ આરામ કર્યો પણ મોઢા, માથા અને આંખની ચારે બાજુનો દુઃખાવો તેમજ સોજો ઓછો ન થયો. કાનમાં પણ સળવળાટ કાયમ રહ્યો. હૉસ્પિટલમાં કાનમાંથી ૫-૭ ભમરીઓ કાઢેલી. રાજાભાઈને વધુ સારવાર માટે નંદરબાર લઈ જવામાં આવ્યા.

નંદરબારમાં આંખ-કાનના નિષ્ણાત ડૉક્ટરે કાનમાંથી મરેલી ગંધાતી ૩-૪ ભમરીઓ કાઢી ત્યારે કાનમાં જરાક સારું લાગ્યું. જો કાનમાં આ મરેલી, સડેલી અને ફૂગવાળી ભમરીઓ

વધુ સમય રહી હોત તો કાનને ભારે નુકસાન થાત. તેવી જ રીતે આંખોની પાંપણ-પોપચાંની આસપાસમાંથી, માથામાંથી, કપાળ અને મોઢા પરથી સોજો ઊતરતાં જે ડંખ દેખાયા તે બધા કાઢવામાં આવ્યા અને દર્દશામક ઈન્જેક્શનો તેમજ ટીકડીઓ દ્વારા રાજાભાઈનું દુઃખ ઓછું કરવામાં આવ્યું.

બે-ત્રણ અઠવાડિયાંનો આ દ્વંદ્વયુદ્ધનો ખાટલો રાજાભાઈએ ભોગવ્યો તેમ છતાં માથું ખાલી થઈ ગયું હોય, આંખો નબળી પડી ગઈ હોય, પગ પણ નકામા થઈ ગયા હોય એમ લાગતું રહ્યું. ભમરીઓના ઝેરી ડંખની શરીરમાં ભારે અસર રહી.

એક મહિના પછી આંખમાં ખૂંચવા લાગ્યું. તેઓ વ્યારા આવ્યા. ત્યાં આંખની અસહ્ય પીડા થતાં આંખની હૉસ્પિટલમાં લઈ જવાયા. આંખના ડૉક્ટરે તરત જ ઑપરેશન થીએટરમાં લઈ જઈને આંખોમાં રહી ગયેલા ૩-૪ ડંખના કાંટા કાઢી આપ્યા અને જરૂરી દવા ઇન્જેક્શન આપી આરામ આપ્યો.

લાંબાગાળે આ સશક્ત મજબૂત રાજાભાઈને ભમરીના યુદ્ધમાંથી પુનર્જીવન મળ્યું અને હાશ થઈ. આવો બનાવ બનવો એ પણ એક અજાયબી ભરેલો કિસ્સો છે. - *રાજુભાઈ જંત્રાણિયા*

ગોકુલ તેજપાલનું વસિયતનામું

તા. ૧૯મી નવેમ્બર, ૧૮૬૭ અને સંવત ૧૯૨૪ના કારતક વદ આઠમના દિવસે મરણ પામનાર મુંબઈના શ્રીમંત શેઠિયા ઠાકર ગોકુલદાસ તેજપાલનું વસિયતનામું એક નિરાળો ઇતિહાસ ધરાવે છે. આ ઠાકર ગોકુલદાસ તેજપાલ તે જ મુંબઈની જાણીતી હૉસ્પિટલ 'જી.ટી.હૉસ્પિટલ' માટે ગંજાવર દાન આપનાર.

શ્રી ગોકુલદાસ તેજપાલે ૪૬ વર્ષની વયે જ પોતાના ધારાશાસ્ત્રીઓ પાસે વસિયતનામું તૈયાર કરાવ્યું હતું. એમને પોતાના મૃત્યુની આગળથી આગાહી થઈ ગઈ હોય તેમ એક વર્ષ પહેલાં જ તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૮૬૬ના દિવસે વસિયતનામું તૈયાર કરાવ્યું હતું. શેઠ ગોકુલદાસ કચ્છી ભાટિયા હોવાથી એમણે કચ્છ અને ભાટિયા જ્ઞાતિ માટે પણ વસિયતમાં વિશેષ ધ્યાન રાખ્યું છે. તે વખતે પણ શેઠિયાઓ પોતાની કેટલીક ચોક્કસ મિલકતો સગાં-સંબંધીના નામે રાખતા હતા. આથી જ વસિયતનામામાં શ્રી ગોકુલદાસ જણાવે છે કે, 'કેટલીએક માહારી મિલકત વૈકુંઠવાસી મારા કાકા ઠક્કર નાનજી ખટાઉના નામ ઉપર છે તે, માહારા મરણ પછી તે સર્વે પ્રકારની સર્વે મિલકતની વ્યવસ્થા લખ્યા પ્રમાણે માહારા વારસ વકીલોએ કરવી.

તે જમાનામાં એટલે કે ઓગણીસમી સદીમાં ધાર્મિક રૂઢિઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવતું હતું. વસિયતનામાની ચોથી કલમમાં જણાવવામાં આવ્યું છે કે, 'માહારા મરણ પછી માહારી ઉત્તરક્રિયાનું ખર્ચ માહારી નાતની રીત પ્રમાણે માહારી મિલકતમાંથી માહારી વરશી સુધી રૂપિયા પચ્ચીસ હજારને ખર્ચે આશરે કરવું.' એ ઉત્તરક્રિયાની વિગત પણ આપી છે.

'બારમાની થાનશુદ્ધ એક પુશ્કરણા બ્રાહ્મણોની કરવી. તેમને જમાડીને દર બ્રાહ્મણને એક એક રૂપિયો દક્ષિણા આપવી. ચોરાશી એક અત્રેના બ્રાહ્મણોની કરવી. તેમને ઇચ્છાભોજન આપવું. થાનશુદ્ધ છમાશીની કરવી. તે વારે પણ દર બ્રાહ્મણને એક એક રૂપિયો દક્ષિણા આપવી. વરશી ઉપર થાનશુદ્ધ એક પોકરણાની કરવી તે વારે પણ દર બ્રાહ્મણને એક એક રૂપિયો દક્ષિણા આપવી. તેરમાના દિવસે સમગ્ર નાત જમાડવી. વરશી વાળીને નાતખરચ કરવું. મોજે કોઠારામાં નજરમાં આવે તે રીતે ખરચવું. માહારા ગુરૂ કનૈયાલાલજી મહારાજ કોટાવાળાને રૂપિયા પાંચ હજાર આપવા, કુલ રૂપિયા ૨૫ હજાર ખરચવા.'

મોટા કુટુંબમાં મતભેદો થવા પામે એ સ્વાભાવિક છે; પણ એ સમયે ક્ષમા પણ એટલા જ ઉદાર હૃદયથી કરવામાં આવતી હતી. ૬ઠ્ઠી કલમમાં લખાવવામાં આવ્યું કે ભાઈ મૂળજી ધરમશી ઉપર જે અમારું જૂનું લેણું હમણાં રૂ. ૧૦ હજારનું છે સર્વે માંડી વાળવું તથા માફ કરવું અને તે સિવાય રૂપિયા દશ હજાર રોકડા લેગેસીના આપવા.

ઘરના અને પેઢીના નોકરોને પણ ભૂલવામાં આવ્યા નથી અને ઘરના ઘાટીને પણ રૂપિયા એક હજાર આપવામાં આવ્યા છે. આ રકમ રૂ. ૫ હજારથી માંડી રૂ. ૨૦૦ સુધીની છે. સાથે-સાથે જણાવ્યું છે કે ભાઈ 'ગોધુ અંદરજી' માહારી ઉત્તરક્રિયા વરશી સુધી કરશે તેને રૂ. ૫ હજાર રોકડા આપવા.

સંસ્કૃત પાઠશાળા માટે રૂ. ૪૦ હજાર આપવા જણાવ્યું છે અને તેમાં સંસ્કૃત વિદ્યા શીખવવી. એ પાઠશાળાને 'ગોકુલદાસ તેજપાલ સંસ્કૃત વિદ્યાલય' એવું નામ આપવું. કચ્છ માંડવીમાં પણ સંસ્કૃત પાઠશાળા માટે ૧૫ હજાર આપવા જણાવ્યું હતું.

કચ્છ ખાતે મોજે કોઠારામાં એક તળાવ બંધાવવું અને રૂ. ૧૦ હજાર ખરચવા 'તે જો મોજે મજકુરના ગરાશિયાઓ ખુશી થઈને રજા આપે તો...' મોજે કોઠારામાં એક ધર્મશાળા અને શ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિ બેસાડી મંદિર બાંધવા રૂ. ૧૦ હજાર ખર્ચવા.

શેઠ ગોકુલદાસે આ સંસ્થાઓ માટે ભવિષ્યની પણ ચિન્તા કરી છે અને એટલે જણાવ્યું છે કે માહારી મિલકતમાંથી રૂ. ૭,૯૨,૦૦૦ની ગવર્નમેન્ટ પ્રોમિસરી નોટો લેવી અને તેના વ્યાજમાંથી ધર્મના કામો 'યાવચ્ચન્દ્ર દિવાકરો' ચલાવવાં. એ

નાણાંનું વ્યાજ કોઈ બીજે રસ્તે વાપરવું નહિ. એ ઉપરાંત રૂ. ૧,૬૦,૦૦૦માંથી અત્રે (મુંબઈમાં) એક બોર્ડિંગ સ્કૂલ માહારા નામની સ્થાપવી. તેમાં બ્રાહ્મણ, વાણીયા, ભાટિયા, લુવાણા, વગેરે ઊચ્ચ વર્ણના ગરીબ હિન્દું છોકરાઓને રાખવા અને તેઓને ગુજરાતી તથા અંગ્રેજી વિદ્યા બીજી સ્કૂલોમાં મોકલીને શીખવવી. કૉલેજમાં પણ મોકલવા અને પાસ થાય ત્યાં સુધી મદદ કરવી. બોર્ડિંગમાં રહેવા, જમવાની સગવડ ઉપરાંત વસ્ત્રો, અભ્યાસનાં પુસ્તકો પણ આપવાં.'

'માહારી નાતની વિધવા સ્ત્રીઓ જેઓ નિરાશ્રિત હોય તે દરેકને દર મહિને રા. ૮ લેખે પગાર આપવો. રૂ. ૨૫,૦૦૦માંથી માહારી નાતની મા-બાપ વિનાની છોકરી નિરાશ્રિત હોય અથવા તેનાં મા-બાપ શક્તિમાન નહિ હોય તો દરેક છોકરી પરણાવી આપવી. દરેક છોકરીના લગ્ન પાછળ રૂ. ૨૫૦ સુધી ખર્ચવા.

શેઠ ગોકુલદાસ કન્યા કેળવણીના પણ મોટા હિમાયતી હતા. કોટમાં કન્યાઓ માટે ગુજરાતી કન્યાશાળા શોધી કાઢવા રૂ. ૪૦ હજાર આપવાનું જણાવ્યું છે. આ ઉપરાંત કચ્છ માંડવીમાં અંગ્રેજી શાળા માટે રૂ. ૫૦ હજાર અને જખાઉમાં ગુજરાતી શાળા માટે રૂ. ૧૦ હજાર આપવા જણાવ્યું છે. કોઠારામાં, નલીઆમાં અને વીઝાણામાં ગુજરાતી શાળા માટે રૂપિયા દશ-દશ હજાર આપવા જણાવ્યું છે.

શેઠ ગોકુલદાસની પુત્રી જમના અને બહેન માણેકબાઈ બાળવિધવા હતાં અને તે દરેક માટે રૂ. ૨૦ હજાર અલગ આપવા જણાવ્યું છે.

રૂ. ૫૦ હજાર એમણે ભાટિયાના કોઈ પણ છોકરાને વકીલ, બૅરિસ્ટર, ડૉક્ટર વગેરે માટેની ઉચ્ચ કેળવણી મળી શકે તે માટે અલગ કાઢવા જણાવ્યું હતું. એ રકમમાંથી 'યાવચ્ચન્દ્ર દિવાકરૌ' મદદ કરવી. જો કોઈ ભાટિયાનો છોકરો ઉમેદવાર નહિ હોય તો ઉચ્ચ વર્ણના હિન્દુને મદદ કરવી.

એમણે આ વસિયતની વહીવટી કમિટીમાં સભ્ય બનાવવા જે નામો સૂચવ્યાં હતાં તેમાં હિંદુ, પારસી, મુસલમાન, ગુજરાતી, મરાઠી વગેરેનો સમાવેશ થાય છે. કેટલાંક નામોમાં સર જમશેદજી જીજીભાઈ, ફરામજી નસરવાનજી પટેલ, બેરામજી જીજીભાઈ, ખરશેદજી નસરવાનજી કામા, અસલામ હબીબ, બાલાજી પાંડુરંગ, ડૉ. ભાઉદાજી, ડૉ. આત્મારામ પાંડુરંગ, વરજીવનદાસ માધવદાસ, મોરારજી ગોકુલદાસ વગેરેનો સમાવેશ થાય છે.

અગિયારમી કલમમાં જણાવ્યું છે કે, 'હાલ હું માહારી વાલકેશ્વરવાળી વાડીમાં રહું છું પણ માહારા મરણ પછી એ માહારી વાડી-બંગલો ભાડે આપી દેવાં. અને માહારી સ્ત્રીએ મારા કોટવાળા ઘરમાં જઈને રહેવું. તે સિવાય બીજી કોઈ જગાએ રહેવું નહિ. તથા મોહોટી યાત્રાએ જવું નહિ. સબબ કે તે એક વેળા યાત્રા કરી આવેલ છે માટે મોહોટી યાત્રાએ જવાની માહારી સ્ત્રીને સાફ મના કરું છું.

માહારી સ્ત્રી શામાવહુ તથા માહારી માતાજી ગંગાબાઈએ ઘરમાં ભેગાં રહેવું.

માહારી માતાજી ગંગાબાઈની ઉત્તરક્રિયા માટે રૂ. ૨૫ હજાર અને માહારી સ્ત્રી શમાવહુની ઉત્તરક્રિયામાં રૂ. ૧૦ હજાર ખર્ચવા.

૨૫મી કલમમાં જણાવવામાં આવ્યું છે કે માહારા નામની એક હૉસ્પિટલ અત્રેના મેદાનમાં કરવી તે એવી રીતે જે જમીન સરકાર મફત આપે અને તે જમીન ઉપર હૉસ્પિટલ વાસ્તે ઈમારત બાંધવા સારુ માહારી મિલકતમાંથી રૂપિયા એક લાખ પચાસ હજાર આપવા. આજે પણ એમના નામની યાદ અપાવતી જી.ટી. હૉસ્પિટલ અડીખમ ઊભી છે.

(સૌજન્ય : 'ગોકુલ તેજપાલનું વસિયતનામું' પુસ્તક 'નરીમાન પૉઈન્ટની પાળ પરથી'. લેખક-સંપાદક : શ્રી મૂળચંદ વર્મા)

તણાવ - એક આધુનિક યમદૂત

તણાવની વ્યાખ્યા વિવિધ રીતે કરવામાં આવે છે. આપણી જીવનશૈલી આપણા ઉપર જે પડકારો કે ભય ઊભા કરે છે એને પહોંચી વળવા માટે આપણું શરીર અને મગજ જે પ્રતિક્રિયાઓ ઉત્પન્ન કરે છે તેને તણાવ કહે છે.

આપણી સમક્ષ જ્યારે કોઈ પડકાર કે ભય ઊભો થાય ત્યારે એને પહોંચી વળવા માટે આપણી પાસે બે વિકલ્પ હોય છે : (૧) આપણી સમગ્ર શક્તિથી એ પરિસ્થિતિ સામે લડી લેવું, અથવા (૨) જો એની સામે લડી શકાય તેવી આપણી ક્ષમતા ન જણાય તો એનાથી ભાગી છૂટવું. તણાવની પ્રતિક્રિયા દરમિયાન આપણા શરીરમાં અમુક પ્રકારનાં રસાયણો પેદા થાય છે, જે તણાવ-રસાયણો (**stress hormons**) તરીકે ઓળખાય છે. આ રસાયણો શરીરમાં એવા ફેરફારો પેદા કરે છે જે આપણને બાહ્ય પડકાર કે ભય સામે લડવા અથવા તો ઓનાથી ભાગી છૂટવામાં મદદરૂપ થાય છે.

તણાવની પ્રતિક્રિયાઓ : શ્વાસોચ્છ્વાસ ઝડપી બને છે, જેથી શરીરને વધારે માત્રામાં પ્રાણવાયુ મળી રહે છે. હૃદયની ગતિ અને લોહીના દબાણમાં વધારો થાય છે, જેનાથી સ્નાયુઓ, મગજ અને હૃદયને મળતા લોહીનો પુરવઠો વધે છે; શરીરના સ્નાયુઓ તંગ બને છે, જેનાથી તણાવ પેદા કરનારી પરિસ્થિતિ સામે લડવા કે તેનાથી ભાગી છૂટવા માટે સ્નાયુઓ કાર્યરત બને છે. આંખની કીકીઓ પહોળી થાય છે. ઈન્દ્રિયો સતેજ બને છે.

સાંભળવાની, જોવાની અને સૂંઘવાની તીક્ષ્ણતા વધે છે; મગજની વિચાર કરવાની શક્તિ ઝડપી બને છે. બુદ્ધિ તીક્ષ્ણ બને છે, ત્વરિત નિર્ણય કરવાની શક્તિ વધે છે. આનાથી પરિસ્થિતિને પારખવાની વેધકતા અને ત્વરિત કાર્યશક્તિ વધે છે; હૃદય, મગજ અને શરીરના સ્નાયુઓ તણાવનો સામનો કરવા માટેના ઉપયોગી અવયવો છે. તેથી તેમને મળતા રક્ત-પુરવઠામાં વધારો થાય છે. આની સામે ચામડી, પેટની અંદર આવેલાં પાચનતંત્રનાં અવયવો, મૂત્રપિંડો અને યકૃતને મળતા લોહીના જથ્થામાં ઘટાડો થાય છે. તેથી શરીરે પરસેવો વળવા માંડે છે અને હાથપગ ઠંડા પડી જાય છે.

તણાવ આપણામાં જીવવાનું બળ ઉમેરે છે. જો જીવનમાં તણાવ હોય જ નહીં તો આપણું જીવન સાવ શુષ્ક જ બની જાય. જીવતાં રહેવા માટે પણ આપણને સતત પડકારોની જરૂર પડે છે.

તણાવની માઠી અસરથી– આપણું પાચનતંત્ર નબળું પડે છે; પ્રજનન કાર્ય ખોરવાય છે; શરીરના કોષો અને પેશીઓને વૃદ્ધિ અને ઘસારો પૂરવાનું કાર્ય અટકે છે; શરીરના રોગપ્રતિકાર તંત્રની કાર્યક્ષમતા ઘટે છે; શરીરની પેશીઓની દાહ પ્રતિક્રિયા (inflammatory repsonse) પેદા કરવાની શક્તિ ઘટે છે.

તણાવથી અનેક રોગો જેવા કે તણાવજન્ય શિરદર્દ, આધાશીશી, દમ (અસ્થમા), ઊંચું રક્તદાબ, હૃદયરોગ, જઠર અને પકવાશયની ચાંદી, વાઈ, કમરનો દુઃખાવો, સંગ્રહિણી, સંધિવા, ચામડીની બીમારીઓ, જાતીય જીવનને લગતી સમસ્યાઓ, અનિદ્રા, મનોખિન્નતા.

તણાવ પેદા કરનારી પરિસ્થિતિઓને તણાવશાસ્ત્રની પરિભાષામાં Stressors તરીકે ઓળખવામાં આવે છે. તણાવ પેદા કરનારી પરિસ્થિતિઓ વ્યક્તિએ-વ્યક્તિએ ભિન્ન હોય છે. વળી, એકસમાન પરિસ્થિતિમાં બે વ્યક્તિઓ તણાવ પેદા થતો હોય તો પણ બન્નેમાં તણાવની માત્રા ભિન્ન હોય છે.

જીવનમાં તણાવની માત્રા વધી જાય ત્યારે આપણા મગજ અને શરીરમાંથી ચોક્કસ સંકેતો કે ચિહ્નો (stress signals) પેદા થાય છે. આ ચિહ્નો આપણા માટે લાલબત્તીનું કાર્ય કરે છે. તે આપણા ઉપર તણાવનો ભાર વધુ પડતો છે એવી સાવચેતી કે સંકેત આપે છે.

તણાવને હલ કરવા શું કરશો? : જીવનમાં શું મેળવવા માગો છો એ નક્કી કરો. જે કંઈ કરવા કે મેળવવા માગતા હો એનો અગ્રતાક્રમ તૈયાર કરો. મહત્ત્વાકાંક્ષાઓ ઓછી કરો અને જીવનની દોડને ધીમી કરો. તમારાં જીવનમૂલ્યોને વધારે સ્પષ્ટ અને ઉન્નત બનાવો. જીવનમાં આધ્યાત્મિકતાને સ્થાન આપો. જગતનિયંતામાં શ્રદ્ધા કેળવો. જગતમાં જે કંઈ થાય છે તેમાં ઈશ્વરનો શુભ સંકેત છે એમાં વિશ્વાસ રાખો. ઈશ્વરીય વ્યવસ્થા અને ન્યાયને આદર આપો. તમારા જીવનમાં મુશ્કેલ સમય આવે ત્યારે ઈશ્વર પ્રત્યેની અડગ શ્રદ્ધા તમને અપાર સલામતી બક્ષશે. ઉમદા ગુણો કેળવો. પોતાની રુચિ અને શક્તિ અનુસારનું કાર્ય સ્વીકારો. ખોટાં દબાણોને વશ થશો નહીં. અનેક કામો એકસાથે પૂરાં કરવાની સમયમર્યાદા ભેગી ન થઈ જાય તેની ખાસ કાળજી રાખો. દરરોજ પૂરતી ઊંઘ મેળવો. તણાવમુક્ત રહેવા માટે ૭ થી ૮ કલાક ઊંઘવું જરૂરી છે. નિયમિત વ્યાયમ કરો. ફાલતુ ખોરાક ન લેશો. કૅફીન (ચા, કૉફી, ચૉકલેટ, પેપ્સી, કોલા)નું સેવન ટાળો. શરાબ અને તમાકુનો નશો ન કરશો. અઠવાડિયે, મહિને, દર ૬ મહિને કે વર્ષે તમારી જરૂરિયાત પ્રમાણે નાનું-મોટું વૅકેશન લો. પ્રવાસ-પર્યટનનો આનંદ લો. સકુટુંબ મજા કરો. તમારા કપરા સમયમાં કામ આવે એવા, એક કે બે પણ સંબંધ કેળવો. કોઈની આગળ પોતાના હૈયાની મૂંઝવણ કહી નાખો. મિત્રતા કેળવો. કુટુંબના સંબંધોને ઘનિષ્ઠ બનાવો. અન્યને મદદરૂપ થતાં શીખો. દરરોજ પ્રાર્થના, ધ્યાન અને સ્વાધ્યાય (સત્-શાસ્ત્રોના અભ્યાસ) માટે જુદો સમય ફાળવો. પરમાત્મામાં અડગ શ્રદ્ધા રાખી પોતાનું સમર્પણ કરો. એની ઇચ્છાને અનુસરો.

(ટૂંકાવીને) -ડૉ. કિરણ ન. સીંગ્લોત

મુખ મીઠી બાતો કરે, અંત કટારી પેટ;
તુલસી તહાં ન જાઈએ, જહાં કપટ કો હેત.
—તુલસીદાસ

એક વાર લાલબહાદુર શાસ્ત્રી શહેરથી આગળ ગામડાંઓ તરફ જીપમાં જઈ રહ્યાં હતા. બંને બાજુ હર્યાભર્યાં ખેતરોમાં ચણાના છોડ ઝૂમી રહ્યા હતા. શાસ્ત્રીજીને ચણા ખૂબ ભાવે. જીપ ઊભી રખાવીને ખેડૂતને થોડા ચણા લાવી આપવા કહ્યું. ખેડૂત આ નાનકડા નેતાને ઓળખી ગયો. એ તો ઉમંગથી ચણાનો છોડ ખેંચવા જતો હતો ત્યાં શાસ્ત્રીજીએ બૂમ પાડી: 'અરે! છોડ ન તોડશો, ડાળીય ન તોડશો, માત્ર ચણાના પોપટા જ ચૂંટી આપો.' પેલા ખેડૂતને પોતાના ખેતરમાં પોતે જ ચોર હોય એવું લાગ્યું. એણે સાચવીને ચણાના પોપટા ચૂંટીને શાસ્ત્રીજીને આપ્યા અને નાનકડા નેતાએ એ ભાવથી ખાધા.


*

'સોમ ઔષધિ' નામના એક છોડ ઉપર સુદ બીજની ચાંદનીથી પૂનમની ચાંદની સુધીમાં પંદર પાંદડાં ઊગે છે અને અમાસની રાત આવતાં તે બધાં ખરી પડે છે અને છોડ સુકાઈને હીરાની જેમ ચમકે છે.

*

બ્રિટનમાં પોસ્ટમાં કારકુની કરતા 'મેકરે'એ અનેક નવલકથાઓ લખેલી છે.

*


માછલી આકારમાં માછલી શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

यत्कर्म कुर्वेतोऽस्य स्यात्परितोषोऽन्तरात्मनः।
तत्प्रयत्नेन कुर्वीत विपरीतं तु वर्जयेत् ॥
જે કર્મ કરતાં માણસના અંતરાત્માને સર્વ રીતે સંતોષ થાય તે પ્રયત્નપૂર્વક કરતાં રહેવું જોઈએ અને એથી વિપરીત કર્મ છોડી દેવું જોઈએ.

બેલ્જિયમના સંસ્કૃત ભાષાના બે વિદ્વાનોએ શ્રીમદ્ ભગવત્ ગીતાનો ડચ ભાષામાં શબ્દશઃ અનુવાદ કર્યો છે અને તેનો મુખ્ય ભાવ અને આશય ડચ લોકોને સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

*

જાયફળ, ગંઠોડા અને સાકર દૂધમાં નાખી ગરમ કરી સૂતી વખતે પીવાથી સરસ ઊંઘ આવે છે.

*

જપાનના ૪ ફૂટ ૧ ઈંચ ઊંચાઈના મોસ નામના પહેલવાને ઈંટને પોતાની હથેળીમાં દબાવીને ભૂકો કરી નાખ્યો હતો અને આખલાને મુક્કો મારી મારી નાંખેલો.

*

ગણિતગમ્મત : ૩૭ના આંકડાની ખૂબી

૩૭x૩=૧૧૧ : ૧+૧+૧=૩
૩૭x૭=૨૫૯ : ૨+૫+૯+૧૬ :
૧+૬=૭
૩૭x૧૧=૪૦૭ : ૪+૦+૭=૧૧
૩૭x૧૩=૪૮૧ : ૪+૮+૧=૧૩
૩૭x૯૧ : (૯+૧=૧૦)=૩૩૬૭ :
૩+૩+૬+૭=૧૯ : ૯+૧=૧૦

ખૂબી એ છે કે ૩૭ને જે સંખ્યા વડે ગુણે તેથી મળતા આંકડાનું અંતિમ યોગફળ તે ગુણક જેટલું જ અગર તો ગુણકના આંકડાના અંતિમ યોગફળ જેટલું જ થશે. -લલિત શાહ



પૂતળું ગાયબ! (રેખાંકન : ઈન્દ્ર આચાર્ય)

'મારી દીકરીને મેં બે લાખ રૂપિયા ખર્ચીને ભણાવી છે અને તમે કહો છો કે બે હજાર પગાર મેળવતા નોકરિયાત સાથે એને પરણાવી દઉં?'

'સાહેબ, દીકરી તો પારકી થાપણ કહેવાય. વળી, આજકાલ થાપણ ઉપર વર્ષે બાર ટકા વ્યાજ કોણ આપે છે?'

*

દક્ષિણ અમેરિકાના પેરુમાં રાક્ષસી કરોળિયાં એટલાં મજબૂત જાળાં બાંધે છે કે માણસ તે જાળાં પર બેસે, ઝૂલે કે કૂદે તો પણ તેના તાંતણાંઓ તૂટતા નથી.

*

કલાકણિકા : ૧૫મી સદીની એક ચીની ધૂપદાની, જે ભૂરી અને શ્વેત ચિનાઈ માટી પર સુશોભનયુક્ત તૈયાર કરાઈ છે.

